

# શ્રીજી પ્રસાદ

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા - ૨૯

સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

અમદાવાદ-૧૩

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં
સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે:

## જમણા ચરણકમળમાં નવ ચિહ્નો

**સ્વસ્તિક:** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણ:** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઇશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખા:** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશ:** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજ:** અથવા **કેતુ** સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર :** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મ:** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

**જાંબુફળ:** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

**જવ:** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

## ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો

**મીન:** સામા પ્રવાહે વહી ઉદ્‌ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્‌ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

**ત્રિકોણ:** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

**ધનુષ:** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

**ગોપદ:** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

**વ્યોમ:** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

**અર્ધચંદ્ર:** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

**કળશ:** ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિ:સ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

સહજાનંદ મન ભાઈ સદાઈ, સહજાનંદ મન ભાઈ;
સહજાનંદ મનોહર મૂરતિ, પ્રીત કરી ઉર લાઈ.

બ્રહ્મમહોલ વાસી અવિનાશી, મનુષ્ય દેહ ધરી આઈ;
જે જન આઈ રહે ઇન શરને, ભુક્તિ મુક્તિ સબ પાઈ.

કાલ કર્મ કો દુઃખ અતિ ભારી, સો સબ દેવે છોરાઈ;
સુખકારી ઘનશ્યામ ભજનસે, ભવ ભટકન મીટ જાઈ.

અંતર પ્રીત રીતસું કરી કે, મૂરતિ મન ઠહરાઈ;
કામ ક્રોધ મદ લોભ સહજમેં, અવધપ્રસાદ હઠાઈ.



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

|| સહજાનંદ સુખદાઈ ભજ મન, સહજાનંદ સુખદાઈ. ||

|| શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ, ધ્યાન ધરો ઉર લાઈ. ||

|| સુંદર બોલની સુંદર હસની, મુશકની બરની ન જાઈ. ||

|| શોભા ધામ સુખ સૂરત, સંત મુક્ત  સંગત આઈ. ||

|| અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરમેં  ઠહરાઈ. ||




જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(ભાઈઓ)

સુંદર શ્રી ઘનશ્યામ સદાઇ, શરનાગત સુખકારી રે;
એહી છબી અંતરમેં ધરી લેં, દેત ગર્ભ દુઃખ ટારી રે.

અધમ ઉધાર પતિત કે પાવન, ભક્ત વત્સલ ભયહારી રે;
એસેં હરિ સુખકારી વિસારત, સો નર હોત ખુવારી રે.

જેહી જન આઇ રહે ઇન શરને, હો ગયે ભવજલ પારી રે;
અવધપ્રસાદ થાનકી છબીપેં, વાર વાર બલિહારી રે.



જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(બહેનો)

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી

અને સદા સાકાર

દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ

**શ્રી સ્વામિનારાયણ ભગવાન**ના

ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા,

એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું

સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિમુક્તની

સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા

- આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ

પર મહદ્ ઉપકાર કરનારા પરમ દયાળુ

**અનાદિ મહામુક્તરાજ**

**પ. પૂ. શ્રી અબજીબાપાશ્રી**ના

ચરણકમળોમાં સાદર સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા

# અર્ઘ્ય

શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના
સર્વોપરી તત્ત્વજ્ઞાનને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત
કરી આધ્યાત્મિક, સામાજિક તેમ જ શૈક્ષણિક ક્ષેત્રે,
અદ્વિતીય યોગદાન આપનાર, ધર્મશુદ્ધિ, વહીવટશુદ્ધિ ને
ચારિત્ર્યશુદ્ધિના પ્રખર હિમાયતી તથા ચૈતન્યનું ઊર્ધ્વીકરણ
કરવારૂપ બ્રહ્મયજ્ઞની આહલેક જગાડવા સર્વજીવહિતાવહ
સંસ્થા **'શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન'**નું
સ્થાપન કરનાર કરુણામૂર્તિ સદ્‌ગુરુવર્ય
**અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈ**ના
ચરણકમળમાં શતકોટિ વંદન!

સંસ્થાપક



અનાદિ મુક્તરાજ

પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

## સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઉઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માવનજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ

પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઇ દૂર થઇ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ
**નારાયણભાઈ ગી. ઠક્કર**
સ્થાપક પ્રમુખ
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સં. ૨૦૪૨, શ્રીહરિજયંતી
એપ્રિલ ૧૮, ૧૯૮૬
અમદાવાદ

श्री स्वामिनारायण डिवाइन मिशन

सर्वजीवहितावह

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# શ્રીજી-પ્રસાદ


લેખક

**રમણલાલ પી. સોની**

સંપાદક

**અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર**



**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**

**૨૯**

**સંસ્થાપકઃ અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર**

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

**અમદાવાદ-૩૮૦૦૧૩**

**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**

**● પ્રકાશન સમિતિ ●**

*: પ્રેરક - માર્ગદર્શક:*

**● અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર ●**


© શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન, અમદાવાદ


(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ: ૧૯૮૧)

ઈન્કમટેક્સ એક્ઝેમ્પશન u/s 80(G)5

***દ્વિતીય આવૃત્તિ***

પ્રત: ૧૦૦૦

૨૦૨૩, ૧૬, ફેબ્રુઆરી

સં. ૨૦૭૯, મહા વદ અગિયારસ

***સેવા મૂલ્ય:*** રૂ. ૪૦/-

***પ્રકાશક***

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

૮, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ

નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩. ✆ 079-27682120

E-mail: info@shriswaminarayandivinemission.com

Website: www.shriswaminarayandivinemission.org

***: મુદ્રક:***

મુદ્રણ સંસ્કાર;

મુદ્રેશ પુરોહિત, સૂર્યા ઓફસેટ,

આંબલી ગામ, અમદાવાદ.

# દ્વિતીય આવૃત્તિનું નિવેદન

સમગ્ર સત્સંગ અને માનવ સમાજને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વાવતારી, પરાત્પર પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણે સર્વજીવહિતાવહ 'શિક્ષાપત્રી'ની રચના સ્વહસ્તે કરી છે. એ માત્ર આચાર સંહિતા (Code of moral conduct) નથી; એમાં તત્ત્વજ્ઞાનનાં ઉત્તમ રહસ્યો પણ ગૂંથાયેલાં છે. શિક્ષાપત્રી એ શ્રીહરિનું વાઙ્મય સ્વરૂપ હોઈ, સ્વાશ્રિતોને તેમજ ભાવથી એને ઝીલનાર સૌને આશીર્વાદરૂપ નીવડશે.

સામાન્ય રીતે ખરો ધર્મ એ જ છે, જેના વડે સાચી ઉન્નતિ સધાય ને અંતે મુક્તિ મળે. મનુષ્ય જીવનને સર્વ પ્રકારે ઉર્ધ્વગામી બનાવી, આત્યંતિક મોક્ષ ભણી લઈ જતો માર્ગ શ્રીજીમહારાજે બતાવ્યો છે, જેની ઝાંખી આ પુસ્તકમાં થશે.

ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય સાક્ષર ને લેખક શ્રીયુત રમણભાઈ પી. સોનીએ 'શિક્ષાપત્રી'ના કલ્યાણપ્રદ સુક્તોને સંવાદ સ્વરૂપે વ્યવહારુ જીવનના વિવિધ પ્રસંગોમાં વણી લઈ, એક સુંદર કૃતિ 'શ્રીજી-પ્રસાદ' તૈયાર કરી, સત્સંગની અનન્ય સેવા કરી છે. જીવન ઘડતરમાં ઉપયોગી એવા ઉત્તમ સાહિત્યના વિશેષ સર્જન માટે, પરમ કૃપાળુ શ્રીજીમહારાજ તેઓશ્રીને તંદુરસ્ત શતાયુજીવન બક્ષી, ખરી પળે તેમનું દિવ્ય

સુખ પ્રદાન કરે એવી શ્રીહરિને હાર્દિક પ્રાર્થના.

શ્રીજીમહારાજની દિવ્ય પ્રેરણાથી પ્રસ્તુત ગ્રંથ પ્રકાશનના સર્વે હક્કો આપણા આદરણીય લેખક શ્રી રમણભાઈ તરફથી સહર્ષ પ્રાપ્ત થતાં શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશને, સંસ્થાના પ્રમુખ અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈના માર્ગદર્શન હેઠળ આ સર્વોપયોગી લઘુ પુસ્તકનું પ્રકાશન હાથ ધરી, તેને સત્સંગ તેમ જ માનવ સમાજની સેવામાં અર્પણ કરેલ છે, જે સૌને ખૂબ જ આવકાર્ય બનશે.

આ પુસ્તકની પ્રથમ આવૃત્તિની પ્રતો ખલાસ થતાં અને તેની ઉપયોગિતાને લઈને આ દ્વિતીય આવૃત્તિ પ્રકાશિત કરતા આનંદની લાગણી અનુભવીએ છીએ.

આ લઘુ કૃતિના પ્રકાશન કાર્યમાં એક યા બીજી રીતે સેવારૂપ થનાર સર્વે પર શ્રીજીમહારાજની પ્રસન્નતા સદાય રહે એ જ અભ્યર્થના.

ઈ.સ. ૨૦૨૩, ૧૬ ફેબ્રુઆરી **પ્રકાશન સમિતિ**

સં. ૨૦૭૯, મહા વદ અગિયારસ **શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

## લેખક તરફથી...

નાનપણથી જ મને શ્રી સ્વામિનારાયણના સંતોનું આકર્ષણ રહ્યું છે. મારા ઘડતરમાં શ્રી સ્વામિનારાયણી સાહિત્યનો અને મંદિરનો ફાળો છે. મારા ઘરની પડખે જ શ્રી સ્વામિનારાયણનું મંદિર છે. ત્યાં સાધુ-સંતો આવ્યા કરે અને મારા પિતાશ્રીનું વલણ સાધુ-સંતોનો સત્સંગ કરવા તરફ વિશેષ, એટલે તેમની સાથે ફરતાં મને આ સાધુ-સંતોના નિકટ પરિચયમાં આવવાનો લાભ મળ્યો. આ એક મોટી લબ્ધિ છે. તેનાથી ત્યાગની ભાવના જાગૃત થઈ, બળવત્તર બની, સર્વજીવહિતાવહ પ્રવૃત્તિ મારું જીવન ધ્યેય બની ગઈ. સંત-સાધુઓ પ્રત્યેની મારી આસ્થા સમય જતાં ઢીલી ન પડી, વધારે દૃઢ બનતી રહી.

સંતચરિત્રો અને સંતવાણીનો સમાગમ ચાલુ જ હતો. અને તે આજ પર્યંત ચાલુ છે. એમાં શ્રીજીમહારાજના ચરિત્રનો વિશેષ મહત્ત્વનો ફાળો છે. આમ મારું મન એ સત્સંગમાં રમતું થયું. સ્વભાવે જીવ શિક્ષકનો અને લેખકનો, એટલે જે જાણ્યું, જે દિલને સ્પર્શ્યું તે બીજા અનેકની જાણમાં લાવવાનું મન થાય. એ ભાવોર્મિને ટેકો સાંપડતો ગયો અને કેટલાંક પુસ્તકો લખાયાં, કાવ્યો પણ લખાયાં.

હું શિક્ષક હતો ત્યારે શાળાના પ્રવેશદ્વાર આગળ મેં એક કાળું પાટિયું મુકાવેલું. દ્વારમાં પેસતાં જ હું દરરોજ એ પાટિયા

પર કવિતાની બે લીટીઓ નવી જ બનાવી કાઢીને લખતો– *થૉટ ફોર ધ ડે* જેવું! ઘણી વાર એવું બન્યું છે કે હું ખિસ્સામાંથી ચાક કાઢીને પાટિયા પર લખવા જાઉં ત્યાં સુધી શું લખવું છે તેની મને ખબર ન હોય અને પછી ચાકની અણી જ્યાં પાટિયાને અડે ત્યાં પ્રવાહની પેઠે કવિતા લખાવા માંડે– બે લીટીથી ચાર લીટી સુધી. એક જ કડી, વધારે નહિ! આવી જાતનો અનુભવ મને બીજાં પણ કેટલાંક લખાણો લખતાં થયો છે. ઘણાઓને થતો હશે.

આ દિવ્ય કૃતિ પણ તેવો જ એક અનુભવ છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની પાયાની ચીજ છે સત્સંગ અને સત્સંગની પાયાની ચીજ છે શ્રીજીમહારાજનું સ્વરૂપ – શ્રીજીમહારાજની પરાવાણી શિક્ષાપત્રી. જગતભરમાં અવતારી પુરુષે સ્વહસ્તે લખેલો કોઈ ગ્રંથ હોય તો તે આ 'શિક્ષાપત્રી' છે. ગુજરાતનું અને ગુજરાતી ભાષાનું એ સદ્ભાગ્ય છે. રોજબરોજના વ્યવહારમાં 'શિક્ષાપત્રી'નું માર્ગદર્શન તરુણોને કેવું ઉપયોગી થઈ પડે, બાળ સાહિત્યના લેખક તરીકે અને શિક્ષક તરીકે હું એ વિચારતો હતો, પણ કંઈ ગડ બેસતી નહોતી. અચાનક એક વાર એક સંત પુરુષ સાથે વાત કરતાં મને દિશા દેખાઈ. આ પ્રેરણા એવી જોરદાર હતી કે કલમ ચાલી. ચાલી નહિ, વહી. ગ્રંથ પૂરો કરીને જ એ અટકી.

તરુણ વિદ્યાર્થી જીવનના પ્રશ્નો પણ માનવજીવનના જ પ્રશ્નો છે. 'શિક્ષાપત્રી' એ પ્રશ્નોનો ઉકેલ દેખાડે છે, સંતો હરિભક્તોનાં દૃષ્ટાંતો એની પુષ્ટિ કરે છે. ગ્રંથમાં છેલ્લે મહાન હરિભક્ત જોબન ભગતનું ચરિત્ર જરા વિસ્તારથી આપ્યું છે તે

એટલા માટે કે જીવન પરની શ્રદ્ધા કદી ખોવી નહિ એ વાત સૌ નાનપણથી જ શીખે. ગમે તેવો પાપનો પહાડ, ગમે તેવો દુરાચારી પણ પ્રભુની કૃપાનો અધિકારી છે. સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપામાત્રથી જોબન સંત બની ગયો.

આ 'શ્રીજી-પ્રસાદ' ગ્રંથ લખાયા પછી તે વહેલો છપાય તેવી મેં ઘણી કોશિશ કરી, પણ હું ફાવ્યો નહિ. ત્યારે 'હરીચ્છા' સમજી મેં વાતને વિસારે પાડી. અચાનક એક દિવસ 'શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન' દ્વારા પ્રકાશિત કેટલાક પુસ્તકો જોવા મળ્યા. એ જોઈને મેં આ પુસ્તકની હસ્તપ્રત 'શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન'ના પ્રમુખ અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ઠક્કરને મોકલી. તેમને એ ગમી. આ લઘુ ગ્રંથ સંપૂર્ણ સ્વરૂપે 'શ્રીજી પ્રસાદ' બની રહે એને અનુલક્ષીને તેમણે કેટલાંક સૂચનો કર્યાં જે આવશ્યક જણાતાં એમાં સમાવિષ્ટ કરી દીધા. આમ શ્રીજીકૃપાથી આજે તે છપાઈને પ્રગટ થવા પામે છે. તે માટે પૂ. શ્રી નારાયણભાઈનો અને શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન સંસ્થાનો હું જાહેર આભાર માનું છું અને પરમ કૃપાળુ શ્રીજીમહારાજની પ્રસન્નતા સદાય વાંચ્છુ છું.

**- રમણલાલ સોની**

સુતરિયા હાઉસ, ત્રીજો માળ
ભાઈકાકા હૉલ પાસે
અમદાવાદ-૬
તા.૧-૭-૯૭

# અનુક્રમણિકા


| નં. | વિગત | પાન |
|---|---|---|
| ૧. | પરાગની પરીક્ષા | ૧ |
| ૨. | વેરો મટી વેરોભાઈ થયા | ૧૫ |
| ૩. | સત્સંગ સાથે જેના પ્રાણ જડાયેલા છે એવા ભક્તની કથા | ૧૯ |
| ૪. | વિદ્યા અને વિદ્યાભ્યાસ | ૨૯ |
| ૫. | તુલસીની કંઠી | ૩૬ |
| ૬. | જીભને તો જીતવી જ | ૪૨ |
| ૭. | સાક્ષીએ સહિત વ્યવહાર | ૫૦ |
| ૮. | શ્રીજીમહારાજ પ્રત્યે સમર્પણભાવ | ૫૭ |
| ૯. | પાખંડ ધર્મનો વિરોધ | ૬૭ |
| ૧૦. | પોતે પોતાનાં વખાણ કરવાં નહિ | ૭૬ |
| ૧૧. | આત્મનિવેદી ભક્તની શ્રદ્ધા | ૮૫ |
| ૧૨. | વહેલા પરોઢિયે જાગવું | ૯૩ |
| ૧૩. | અવતાર વિરુદ્ધ સાંભળવું નહિ | ૧૦૧ |
| ૧૪. | રૂડા અક્ષરે નામું લખવું અને કરજ કદી કરવું નહિ | ૧૧૨ |
| ૧૫. | ઘરનાં પશુડાં અને ઘરનું મનેખ | ૧૨૦ |
| ૧૬. | અહિંસક યજ્ઞ | ૧૨૬ |
| ૧૭. | સાધુની સાધુતા | ૧૩૪ |

| | | |
|---|---|---|
| ૧૮. | યાત્રા અવશ્ય કરવી, પણ કેવી રીતે? | ૧૪૧ |
| ૧૯. | ક્ષુદ્ર દેવોનો આશ્રય લેવો નહિ | ૧૪૮ |
| ૨૦. | સાધુએ કિંમતી વસ્ત્ર ઓઢવું-પહેરવું નહિ | ૧૫૪ |
| ૨૧. | ફળના લોભે ધર્મ તજવો નહિ | ૧૬૦ |
| ૨૨. | સાધુએ દ્રવ્ય સંઘરવું-સંઘરાવવું નહિ | ૧૭૦ |
| ૨૩. | મંદિરનું કરજ કરવું નહિ | ૧૭૩ |
| ૨૪. | માતાપિતા, ગુરુ, બીમારની સેવા કરવી | ૧૭૮ |
| ૨૫. | આત્મહત્યા ન કરવી | ૧૮૪ |
| ૨૬. | સદાચારે વર્તવું | ૧૯૩ |
| ૨૭. | પતિત પાવન શ્રીજી નામ (૧) | ૧૯૭ |
| ૨૮. | પતિત પાવન શ્રીજી નામ (૨) | ૨૦૬ |
| ૨૯. | શ્રીજીની સર્વોપરીતા | ૨૧૮ |

# શ્રીજી-પ્રસાદ

# પરાગની પરીક્ષા ૧

બે ભાઈ હતા.

મોટાનું નામ પરાગ, નાનાનું નામ વિપુલ.

પરાગ નવમા ધોરણમાં ભણતો હતો, વિપુલ આઠમામાં.

ભણવામાં બેઉ હોંશિયાર, પણ પરાગને ભણવા સાથે રમતગમત પણ ગમે. શાળામાં જેટલી રમતો રમાતી તે બધીમાં તે આગળ પડતો ભાગ લેતો. તેથી વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં તે ખૂબ માનીતો હતો. બધા કહેતા કે પરાગ આપણી શાળાની શોભા છે.

ફરી ફરી આવાં વખાણ સાંભળી પરાગને થયું કે હું કંઈ સાધારણ ખેલાડી નથી. હું ધારું તો મારી રમતગમતથી આખા દેશમાં મારું નામ રોશન કરું.

આ વિચારે એણે રમતગમતમાં વધારે ધ્યાન આપવા માંડ્યું અને શાળાના અભ્યાસમાં ઓછું.

એમ કરતાં વાર્ષિક પરીક્ષાનો સમય આવ્યો.

પરાગને બીક લાગી કે હું નાપાસ થઈશ તો? તો તો મારાં બારે વહાણ ડૂબી જાય. મારે પાસ તો થવું જ જોઈએ અને તે ય બને એટલા સારા ગુણે.

ભટો એનો ખાસ દોસ્ત હતો. એનું નામ તો હતું સુભટ, પણ બધા એને ભટ કે ભટો કહેતા.

પરાગે ભટાને કહ્યું: 'ભટા, વાર્ષિક પરીક્ષા તો આવી! આ વખતે મારાથી વંચાયું નથી, કેમ થશે?'

ભટાએ કહ્યું: ‘થવાનું વળી શું? પાસ થવાનું– સારા નંબરે જ તો!’

પરાગે કહ્યું: ‘પણ કેવી રીતે? વાંચ્યા વિના? પ્રશ્નોના જવાબ તો લખવા પડે ને!’

‘તે લખવાના! એમાં તકલીફ શી છે?’

પરાગ વિચારમાં પડી ગયો.

ભટાએ ધીમું ધીમું હસતાં કહ્યું: ‘હું તને ફક્કડ કીમિયો દેખાડું. તારી આગળની પાટલી પર કો’ક તો બેઠો હશે ને! એ જે લખે તે એનામાં જોઈ જોઈને તારે તારી ઉત્તરવહીમાં લખવાનું! આમે તારી આંખો ખૂબ સારી છે. તું ચૌદ હાથ છેટેથી ઝીણા અક્ષરે લખેલું ટાઈમટેબલ વાંચી શકે છે, અને તારી આગળની પાટલી પર બેઠેલાની ઉત્તરવહી નહિ વાંચી શકે? બસ, એ લખે એ જોઈ જોઈને તારે લખવાનું.’

પરાગ વિચારમાં પડી ગયો. પછી કહે: ‘ભટા, આ તો ચોરી કરી કહેવાય! છેતરપિંડી કહેવાય!’

ભટાએ કહ્યું: ‘ચોરી-છેતરપિંડી વળી શાની? કોઈનો ધનમાલ કે સોનું-રૂપું ઉપાડી જઈએ તો ચોરી કરી કહેવાય. આ તો વિદ્યા છે, વિદ્યા કંઈ સોનું-રૂપું નથી. આપણા સાહેબે જ આપણને શીખવ્યું છે કે વિદ્યાની ચોરી થઈ જ શકતી નથી અને વિદ્યા એવી ચીજ છે જે બીજાને દેવાથી ઘટતી નથી, ઊલટી વધે છે. માટે આને ચોરી કહેવી એ ભૂલ છે. આમાં છેતરપિંડી પણ ક્યાં છે? તું કોઈની ઉત્તરવહીમાંથી જોઈને લખે તેમાં કોઈને એક કાણી કોડીનું પણ નુકસાન થવાનું નથી, તારા આ કૃત્યની તો એને ખબર પણ પડવાની નથી. કીમિયો કોનું નામ!’

વાત એકદમ પરાગને ગળે ઊતરી તો નહિ, પણ તે સમજી ગયો કે પાસ થવા માટે આ સિવાય બીજો ઉપાય નથી. તેણે પરીક્ષાની તૈયારી લેખે વાંચવાનું સાવ માંડી વાળ્યું. ચોપડી ઉઘાડવાનું એને મન જ થયું નહિ.

બીજાને આ ન દેખાયું, પણ વિપુલને દેખાયું. એ પોતે પરીક્ષાની પાકી તૈયારી કરતો હતો ખરો ને!

તેણે એક દિવસ પરાગને કહ્યું: ‘ભાઈ, પરીક્ષા તો આવી, તું કેમ કંઈ તૈયારી કરતો નથી?’

પરાગે હસીને કહ્યું: ‘કોણે કહ્યું નથી કરતો? પરીક્ષાનું પરિણામ આવે ત્યારે જોજે!’

હવે વિપુલ કંઈ બોલ્યો નહિ. મોટા ભાઈની સાથે વાદ કરવો શોભે નહિ, એની એને ખબર હતી.

***

પરીક્ષાઓ થઈ ગઈ.

પરાગે ભટાની સલાહ પ્રમાણે જ કર્યું. એની આગળની પાટલી પર એના વર્ગનો હોંશિયારમાં હોંશિયાર વિદ્યાર્થી હર્ષદ બેઠો હતો. તેની ટેવ પ્રમાણે એ ધીરે ધીરે અને સારા અક્ષરે પ્રશ્નોના જવાબ લખતો હતો, અને એક પ્રશ્નનો જવાબ લખી રહ્યા પછી ફરી ચીવટથી તે વાંચી જતો હતો. તેથી તેની પાછળ બેઠેલા પરાગને તેની નકલ કરવાનું બરાબર ફાવ્યું. આમ એનાં બધાં જ પેપરો લખાઈ ગયાં.

સમય જતાં પરીક્ષાનું પરિણામ જાહેર થયું.

પરાગ એના વર્ગમાં સૌથી પહેલા નંબરે પાસ થયો!

બધાએ એને ધન્યવાદ આપ્યા. તેમાં ભટો સૌથી મોખરે હતો.

તેણે કહ્યું: ‘દોસ્ત, કમાલ કરી તેં! તેં ખુદ હર્ષદને પાછળ પાડી દીધો!’

પરાગ પોતે વિચારમાં પડી ગયો હતો કે આ કેવી રીતે બન્યું! એની ઇચ્છા માત્ર પાસ થવાની હતી, પહેલો નંબર લેવાની નહિ! હવે એને લાગ્યું કે મેં હર્ષદના હકનું કંઈક ખૂંચવી લીધું છે. મેં તેનું કંઈક ચોર્યું છે, તેની સાથે છેતરપિંડી કરી છે!

તેણે ભટાને કહ્યું: ‘ભટા, મને આ ન ગમ્યું! મને લાગે છે કે મારા હાથે કંઈક ખોટું થયું છે!’

ભટાએ હસીને કહ્યું: ‘કશું જ ખોટું નથી થયું. દીવા જેવી વાત છે કે તું પહેલે નંબરે પાસ થયો છે, ને હર્ષદ બીજા! હા હા હા હા!’

પણ આ વખતે પરાગમાં પહેલાંના જેવો ઉત્સાહ દેખાયો નહિ.

મોટા ભાઈનો પહેલો નંબર આવ્યો તેથી વિપુલ ખુશ થયો હતો, પણ તેને નવાઈ લાગી કે આ બન્યું કેમ કરીને?

તેણે પરાગને જ કહ્યું: ‘ભાઈ, વગર વાંચ્યે પહેલો નંબર લાવવાની તારી આ વિદ્યા મારે શીખવી છે.’

પરાગે બોલી નાખ્યું: ‘એમાં અઘરું કશું નથી. બીજાની ઉત્તરવહીમાં જોઈ જોઈને લખવાનું!’

વિપુલ ચોંક્યો. તેણે કહ્યું: ‘એટલે તેં બીજામાં જોઈને લખેલું? એની સંમતિથી?’

પરાગે કહ્યું: ‘ના, એને– હર્ષદને તો ખબરે નહિ હોય!’

વિપુલ વિચારમાં પડી ગયો. તેણે કહ્યું: ‘એટલે હર્ષદને ખબર ન પડે તેમ તેં એનો પહેલો નંબર ઝૂંટવી લીધો! એના

હકનો યશ તેં પડાવી લીધો!'

પરાગે બચાવ કરતો હોય તેમ કહ્યું: 'પણ મારો ઉદ્દેશ એવો હતો નહિ!'

વિપુલે કહ્યું: 'તેથી શું? માણસ દારૂ પીએ ને કહે કે છાકટા થવાનો મારો હેતુ હતો નહિ! પંખી પર પથરો ફેંકે ને કહે કે એને મારવાનો મારો હેતુ હતો નહિ, તો એને તું શું કહેશે? માણસ જે કાર્ય કરે તેની જવાબદારી તો તે માણસની જ ગણાય ને? ઢેખાળો નાખ્યો અને રસ્તે જનારને વાગ્યો તો એમાં ઢેખાળો નાખનારનો કોઈ દોષ નહિ એમ તારું કહેવું છે? હું શું કરું છું તે શું માણસે જાણવું નહિ જોઈએ?'

વિપુલ શાળાની ચર્ચા-પરિષદોમાં ઉત્સાહથી ભાગ લેતો હતો. અત્યારે પણ જાણે કોઈ ચર્ચા-પરિષદમાં દલીલ કરતો હોય તેમ બોલતો હતો.

એના શબ્દોની પરાગ પર અસર થઈ. તે વિચારમાં પડી ગયો.

તેણે કહ્યું: 'મને આમાં કંઈ સમજ પડતી નથી. હું મૂંઝાઉં છું.'

વિપુલે કહ્યું: 'તો આપણે કોઈ સમજદાર માણસને પૂછીએ. બાજુના મંદિરમાં એક નવા સાધુજી આવ્યા છે, તેમને પૂછીશું?'

પરાગે કહ્યું: 'ભલે, ચાલ!'

બેઉ ભાઈ સાધુજી પાસે ગયા.

સાધુજી તે વખતે એક ગ્રંથ વાંચતા હતા.

તેમને પ્રણામ કરી બેઉ ભાઈ વિનયપૂર્વક તેમની સામે બેઠા.

વિપુલે ધીરેથી બધી વાત કરી કહ્યું: 'મહારાજ, આવી રીતે પાસ થવામાં પરાગે સારું કર્યું છે કે ખોટું?'

સાધુએ કહ્યું: 'ખોટું. આ કંઈ ભણ્યા ન કહેવાય!'

હવે પરાગે કહ્યું: 'મહારાજ, આજના ભણતરમાં ભણવાનું હોય છે જ ક્યાં? એ ભણેલું જીવનમાં કંઈ કામ આવતું નથી અને ભણેલું ભૂલી જઈએ ત્યારે જ કંઈ કામધંધો સૂઝે છે!'

નવાઈ પામી સાધુ તેની સામે જોઈ રહ્યા. પછી કહે: 'આ તમે કહો છો?'

પરાગે દૃઢ સ્વરે કહ્યું: 'મારો મિત્ર ભટો કહે છે.'

'ભટો? કોણ છે એ?'

'મારો ખાસ મિત્ર છે. એ ઘણી ઘણી બાબતોમાં ઘણો હોંશિયાર છે.'

સાધુએ કહ્યું: 'ત્યારે તો પરીક્ષામાં પાસ થવાની આ વિદ્યા પણ કદાચ એણે જ દેખાડી હશે!'

'હા, એણે જ દેખાડેલી. મેં કહ્યું ને કે એ ઘણું જાણે છે.'

સાધુએ કહ્યું: 'જરૂર એ ઘણું જાણે છે, પણ જે જાણવું જોઈએ એ નથી જાણતો.'

પરાગ ભોંઠો પડ્યો. તે બોલ્યો: 'મહારાજ, શું જાણવા જેવું એ નથી જાણતો?'

સાધુએ પોતાના હાથમાં રહેલો ગ્રંથ ઉઘાડી તેના એક પાના પર આંગળી મૂકી કહ્યું: 'આ સત્તરમો શ્લોક વાંચ!'

પરાગે મોટેથી વાંચ્યું. તેમાં લખ્યું હતું:

**ધર્માર્થે પણ ચોરી કરવી નહિ! (૧૭)**

સાધુએ કહ્યું: 'તેં હર્ષદની ઉત્તરવહીમાં જોઈ જોઈને લખ્યું

તે એક પ્રકારની ચોરી જ છે. તેં એનો નંબર ચોર્યો એ તો ઠીક, પણ બીજા કેટલાયે વિદ્યાર્થીઓને પાછળ પાડી તેં તેમના નંબર ચોરી લીધા છે. તેં એ સૌના હકના યશની ચોરી કરી છે. કેટલાક ચોર-લૂંટારાઓની વાતો તેં સાંભળી હશે. એ લોકો શ્રીમંતને લૂંટી ગરીબોને ધન આપતા અને સમજતા કે અમે ધર્મકાર્ય કરીએ છીએ, પુણ્યકર્મ કરીએ છીએ. પરંતુ ચોરી એટલે ચોરી! ધર્મના નામે કે પુણ્યના નામે ચોરી કરવાથી પણ ચોરી તો ચોરી જ રહે છે. દુષ્કૃત્ય એ દુષ્કૃત્ય જ રહે છે. તારી ચોરી પણ એવી છે.'

પરાગે કહ્યુંઃ 'મેં હર્ષદની સંમતિથી આ કર્યું હોત તો?'

સાધુએ કહ્યુંઃ 'તો પણ એ ચોરી જ હોત. હર્ષદ એ ચોરીનો ભાગીદાર ગણાત એ વધારામાં! લે, હવે આ સાડત્રીસમો શ્લોક વાંચ!'

આમ કહી સાધુએ ગ્રંથનું બીજું પાનું ઉઘાડી પરાગની સામે ધર્યુંઃ

પરાગે મોટેથી વાંચ્યુંઃ **'કોઈનો વિશ્વાસઘાત કરવો નહિ!'** (૩૭)

વાંચ્યા પછી પરાગે કહ્યુંઃ 'આ મને લાગુ પડતું નથી. મેં કોઈનો વિશ્વાસઘાત કર્યો નથી.'

સાધુએ હસીને કહ્યુંઃ 'નથી કર્યો? તારા શિક્ષકોએ અને ગુરુજનોએ શું એવી અપેક્ષા નહિ રાખેલી કે તેમના બધા વિદ્યાર્થીઓ પ્રામાણિકપણે પરીક્ષામાં પાસ થવાનો પ્રયત્ન કરશે? તારાં માતા-પિતાએ પણ શું એવી અપેક્ષા નહિ રાખેલી? એ સૌને તેં હતાશ કર્યાં છે, એ સૌનો તેં વિશ્વાસઘાત કર્યો છે.'

પરાગના મુખમાંથી 'ઓહ' નીકળી ગયું.

સાધુએ આગળ કહ્યું: 'એ બધાં તને સાચો વિદ્યાર્થી–વિદ્યાનો અર્થી માનતાં હતાં. તેં પારકાની ઉત્તરવહીના જોરે પાસ થઈ તેમના એ વિશ્વાસનો ભંગ કર્યો છે. તેમની નજરે તું હવે ખૂબ નીચો ઊતરી ગયો છે. આ શું સારું કહેવાય?'

પરાગ ગળગળો થઈ ગયો. તેણે નીચું મોં કર્યું.

સાધુએ ગ્રંથનું બીજું પાનું ઉઘાડી કહ્યું: 'હવે આ સત્તાવીસમો શ્લોક વાંચ!'

પરાગે વાંચ્યું: **'ચોર, પાપી, વ્યસની, પાખંડી, કામી અને કીમિયો કરી ઠગનારાનો કદી સંગ કરવો નહિ.'** (૨૭)

સાધુએ કહ્યું: 'તારો દોસ્ત ભટો આમાં કયા વર્ગમાં આવે છે એ તું જ કહે!

હવે પરાગને ભટાના પેલા શબ્દો યાદ આવ્યા કે 'હું તને પાસ થવાનો ફક્કડ કીમિયો દેખાડું.'

તેણે કહ્યું: 'કીમિયો કરી ઠગનારો!'

સાધુએ કહ્યું: 'ખરું કહ્યું! હવે સાંભળ, એવાનો સંગ ન કરવાની શાસ્ત્રની આજ્ઞા છે. તેં એ આજ્ઞાનો ભંગ કર્યો અને એનું ફળ ભોગવ્યું. કહે, હવે શું કરવું છે?'

'શું કરું? આપ જ કહો!' પરાગે શરણભાવથી કહ્યું.

સાધુએ કહ્યું: 'પહેલું તો એ કે એવા કીમિયાગરનો સંગ કાપી નાખવો અને બીજું એ કે કર્યા કર્મનું પ્રાયશ્ચિત્ત કરવું.

આમ કહી ગ્રંથનું નવું પાનું ઉઘાડી કહ્યું: 'આ બાણુંમો શ્લોક વાંચ!'

પરાગે વાંચ્યું:

**'ક્યારેક જાણ્યે-અજાણ્યે નાનું-મોટું પાપ થઈ જાય તો**

**શક્તિ પ્રમાણે તેનું પ્રાયશ્ચિત્ત કરવું.' (૯૨)**

પરાગ વિચારમાં પડી ગયો. તેણે કહ્યું: 'મહારાજ, આ સમજાયું નહિ! શું મેં કર્યું એ પાપ છે? મેં કોઈને માર્યો નથી, હણ્યો નથી, કોઈની ધનદોલત લૂંટી નથી, કોઈનું કંઈ લીધું-દીધું નથી!'

સાધુએ હસીને કહ્યું: 'તું કહે છે તે સાચું છે. તેં કોઈની હત્યા કરી નથી કે તેં કોઈનું કંઈ લીધું-દીધું નથી– પણ કોઈને છરી ભોંકીએ તો જ હત્યા કરી કહેવાય? કોઈની ધનદોલત પડાવી લઈએ તો જ લીધું-દીધું કહેવાય? ના, એવું નથી. તું જ વિચાર કર. તારા આ કૃત્યથી હર્ષદની કેવી હાલત થઈ હશે? તેને લૂંટાઈ ગયા જેવું લાગતું હશે કે નહિ? તેનાં મા-બાપ, તેના ગુરુજનો તેને જે યશ આપતાં હતાં તે તેનો યશ એકદમ ધૂળભેગો થઈ ગયો કે નહિ? તેને કેવું હીણું લાગતું હશે! તેને થતું હશે કે હું ખાલી મહેનત કરી મર્યો. તું કેવી રીતે પાસ થયો છે એ વાત પણ વહેલી મોડી બહાર આવ્યા વિના નહિ રહે. તે વખતે બીજા વિદ્યાર્થીઓ તારો દાખલો લેશે અને પ્રામાણિકપણે વિદ્યાભ્યાસ કરવાનું કોઈ નામ નહિ લે! હોંશિયાર વિદ્યાર્થી બીશે કે મને મારી મહેનતનું મળવું જોઈતું ફળ નહિ મળે અને દુષ્ટ આળસુ વિદ્યાર્થી એના પ્રપંચોમાં ગળાડૂબ રહેશે. તારા એક નાનકડા અપકૃત્યથી વિદ્યાના કેવા ભૂંડા હાલ થશે એનો તને કંઈ ખ્યાલ આવે છે?'

પરાગની આંખોના ખૂણામાં અશ્રુબિંદુ ચમક્યાં.

તે ભયભીત સ્વરે બોલ્યો: 'મહારાજ, બચાવો!'

સાધુએ કહ્યું: 'ભાઈ, તું તારી ભૂલ સમજે છે, તેથી જરૂર બચી જશે; અને બીજાઓને પણ બચાવી શકશે. તું તારા આ

અપકૃત્યનું પ્રાયશ્ચિત્ત કર. તું ખેલાડી છે, રમતવીર છે, તો તારી ખેલદિલી દેખાડ, તારી સચ્ચાઈ દેખાડ! એ જ સાચું શૌર્ય છે.'

પરાગે દૃઢ સ્વરે કહ્યું: 'કહો, શું કરું?'

સાધુએ કહ્યું: 'હિંમતથી જાહેર કર કે મેં આ ભૂલ કરી છે અને એની સજા ભોગવવા હું તૈયાર છું.'

'ક્યાં જાહેર કરું? કોની આગળ?'

'તારી શાળાના આચાર્યશ્રી આગળ!'

***

સાધુની રજા લઈ પરાગ સીધો શાળાના આચાર્યશ્રી પાસે ગયો. વિપુલે તેની સાથે રહેવાનું કહ્યું, તો એણે કહ્યું: 'ના, હું એકલો જ જઈશ.'

આચાર્યશ્રી તે વખતે કેટલાક શિક્ષકોની સાથે શાળાનાં વાર્ષિક પરિણામોની ચર્ચા કરતા પોતાના ખાસ કમરામાં બેઠા હતા.

પરાગે અંદર આવવાની રજા માગી. એ એવો આકુળ-વ્યાકુળ દેખાતો હતો કે આચાર્યે તેને તરત અંદર બોલાવ્યો ને કહ્યું: 'તું બહુ ગભરાટમાં લાગે છે. શાંતિથી બેસ, પછી જે કહેવું હોય તે કહે.'

પરાગ એક બાંકડા પર બેઠો. હવે તેનો શ્વાસ હેઠો બેઠો.

તે બોલ્યો: 'સાહેબ, હું એક અરજ કરવા આવ્યો છું.'

આચાર્યે કહ્યું: 'ભલે, કહો!'

પરાગે ઝટઝટ બોલી નાખ્યું: 'હું મારા વર્ગમાં પહેલે નંબરે પાસ થયાનું જાહેર થયું છે તે ખોટું છે.'

નવાઈ પામી આચાર્યે કહ્યું: 'એટલે?'

પરાગે એ જ આવેગમાં કહ્યુંઃ ‘સાહેબ, હું પાસ થતો જ નથી. હું નાપાસ છું. મેં કશું વાંચ્યું નથી, મેં કશું લખ્યું નથી!’

બીજા શિક્ષકો પણ હવે આશ્ચર્યથી પરાગને જોઈ રહ્યા!

આચાર્યે કહ્યુંઃ ‘આમ કહી તું કહેવા શું માગે છે?’

ધડ દઈને પરાગે બોલી નાખ્યુંઃ ‘સાહેબ, મેં હર્ષદની ઉત્તરવહીમાંથી તેને ખબર ન પડે તેમ જોઈ જોઈને બધું લખ્યું છે.’

આચાર્યે કહ્યુંઃ ‘તો હર્ષદ કરતાં તારા ગુણ વધારે કેવી રીતે આવે?’

પરાગે કહ્યુંઃ ‘રમતગમતમાં મને હર્ષદ કરતાં વધારે ગુણ મળ્યા છે, એટલે!’

આ સાંભળી આચાર્યશ્રીએ પ્રત્યક્ષ પુરાવા માટે પરાગ અને હર્ષદ બંનેની બધા જ વિષયોની ઉત્તરવહીઓ મગાવી જે તે વિષયોના શિક્ષકોને ફેરતપાસ કરવા કહ્યું. ઝીણવટપૂર્વક ફરી તપાસતા શિક્ષકોને પૂરેપૂરો ખ્યાલ આવી ગયો કે પરાગે હર્ષદના લખાણમાં થોડા ઘણા શબ્દો ફેરવીને જ લખી કાઢ્યું હતું, પણ શબ્દોની ફેરવણીને લીધે કોઈ પણ શિક્ષકનું ધ્યાન આ બાબત પર ગયું નહોતું.

હવે આચાર્યશ્રીનો કંઠસ્વર કડક થયો.

તેમણે કહ્યુંઃ ‘પરાગ, તું ગુનો કબૂલ કરે છે? આનું શું પરિણામ આવશે તે જાણે છે?’

પરાગે નમ્રતાપૂર્વક કહ્યુંઃ ‘જી, મેં નિર્ણય કર્યો છે કે જે સાચેસાચું હોય તે કહી દેવું અને અપરાધની જે સજા થાય તે ભોગવવી.’

આચાર્યે કહ્યુંઃ ‘શાળાની પ્રતિષ્ઠાનો આ પ્રશ્ન છે. તને

કદાચ શાળામાંથી કાઢી મૂકવામાં આવે.'

પરાગમાં હવે સંત સાધુના સત્સંગથી હિંમત આવી હતી.

તેણે કહ્યું: 'જે સજા થશે તે હું રાજીખુશીથી માથે ચડાવીશ, અને એથી મોટી સજા ન થઈ તે માટે આપનો અને પ્રભુનો આભાર માનીશ.'

આ શબ્દોએ આચાર્યશ્રી અને બીજા શિક્ષકોનાં દિલ પર અસર કરી.

આચાર્યે કહ્યું: 'ઠીક, તો હવે તું જઈ શકે છે.'

સૌને નમસ્કાર કરી પરાગ હવે પાછો ફરી ગયો.

***

શાળાના આચાર્યશ્રીની આગળ પોતાના અપરાધની કબૂલાત કર્યા પછી પરાગ સીધો વિદ્યાર્થી હર્ષદને મળવા ગયો. હર્ષદ તે વખતે શાળાના મેદાનમાં એક ઝાડ હેઠળ ઉદાસ ચહેરે બેઠો હતો.

પરાગે તેને બોલાવ્યો: 'ભાઈ હર્ષદ!'

હર્ષદે ઊંચે જોયું. પરાગને જોઈ તેણે તેના સ્વાભાવિક સ્વરે કહ્યું: 'અભિનંદન! પરીક્ષામાં પહેલો નંબર મેળવવા માટે!'

આ સાંભળી પરાગનું મોં પડી ગયું. તેણે કહ્યું: 'એ અભિનંદનનો અધિકારી હું નહિ, તું છે.'

હર્ષદ નવાઈ પામી પરાગની સામે જોઈ રહ્યો.

પરાગે ખુલાસો કર્યો: 'ભાઈ હર્ષદ, તું ઉત્તરવહી લખતો હતો, ત્યારે તારી પાછળ બેઠેલો હું એમાં જોઈ જોઈને મારી ઉત્તરવહી લખતો હતો, અને એ રીતે જ મેં પહેલો નંબર મેળવેલો છે. ખરેખર તો હું નાપાસ છું. હમણાં જ હું આચાર્યશ્રીને આ કહી આવ્યો!'

હર્ષદે નવાઈ પામી કહ્યુંઃ 'શું તેં મારી ઉત્તરવહીમાં જોઈ જોઈને બધું લખેલું? મને તો આ વિશે કશી ખબર નથી. આચાર્યશ્રી કદાચ એવું સમજશે કે આ રીતે ચોરી કરી પરીક્ષકોને છેતરવામાં મેં તને મદદ કરી છે!'

પરાગે કહ્યુંઃ 'મેં એમને સ્પષ્ટ કહ્યું છે કે તું આમાં કંઈ જ જાણતો નથી, અને મારા અપરાધની મેં સજા પણ માગી લીધી છે. કદાચ મને શાળામાંથી કાઢી મૂકવામાં આવશે.'

હર્ષદે કહ્યુંઃ 'તો તો બહુ ખરાબ!'

આ વાત આટલેથી અટકી.

ઘરે જઈ વિપુલને સાથે લઈ તે ફરી પેલા સાધુ મહારાજ પાસે ગયો. તેમને બધી બિના કહી, છેલ્લે તેણે કહ્યુંઃ 'મહારાજ, મારી એક વિનંતી છે.'

'બોલો.'

'આપે જે ગ્રંથ મને વંચાવ્યો તેનું નામ શું? એ ક્યાં મળશે?'

સાધુજીએ પ્રસન્ન હાસ્ય કરી કહ્યુંઃ 'એ ગ્રંથનું નામ 'શિક્ષાપત્રી'. કોઈપણ સ્વામિનારાયણ મંદિરમાં એ મળશે, પણ અત્યારે તો હું જ તને એ ગ્રંથ મારા તરફથી ભેટ આપું છું. રોજ સવારે નાહીધોઈ ભગવાનનું નામ લઈ એ વાંચવાનું રાખશો તો તમારું જીવન આખું ઉજ્જવળ બની જશે. આ કોઈ સાધારણ ગ્રંથ નથી, પણ ભગવાન સ્વામિનારાયણની— સહજાનંદ સ્વામીની પોતાની દિવ્ય વાણી છે. ભગવાનની વાણી એટલે ભગવાનનું જ સ્વરૂપ. અનંત કોટિ બ્રહ્માંડોના માલિક સર્વ કર્તાહર્તા એવા શ્રીહરિ પોતે આજથી બસોએક વર્ષ પર મનુષ્ય રૂપે પૃથ્વી પર વિચરતા હતા, ત્યારે પૃથ્વી

પરના મનુષ્ય માત્રને માર્ગદર્શક થાય એવો આ ગ્રંથ તેમણે સ્વહસ્તે લખ્યો હતો. આ ગ્રંથનો એક એક શબ્દ અનંત શક્તિનો ભંડાર છે. એની સામર્થીનો પાર નથી. 'શિક્ષાપત્રી' એ માનવકુળ માટે શ્રેષ્ઠ આચારસંહિતા છે.'

પરાગે કહ્યુંઃ 'એની સામર્થી મેં પ્રત્યક્ષ જોઈ! શબ્દો વાંચતાં જ મારા પર એની અસર થઈ હતી અને મારામાં નવું બળ પ્રગટ્યું હતું.'

સાધુએ કહ્યુંઃ 'એવું જ છે, ભાઈ! તું તો શાળામાં ભણતોગણતો યુવાન છે, પણ જેણે કદી શાળાનું પગથિયું જોયું નથી તેવા, જેને ગળથૂથીમાંથી જ ચોરી કરવાના, લૂંટફાટ કરવાના અને મારવા-હણવાના જ સંસ્કાર મળ્યા છે તેવા અશિક્ષિત, અસંસ્કારી કોળી, ભીલ કોમના માણસોનાં કઠોર દિલ પણ આ વાણી સાંભળી કરુણાળુ બની ગયાના અસંખ્ય દાખલા આપણા સત્સંગમાં છે. તારી ઇચ્છા હોય તો એવાં એક-બે દૃષ્ટાંત કહું.'

પરાગે કહ્યુંઃ 'ઘણી કૃપા આપની, મહારાજ!'

સાધુએ કથા માંડી.

## વેરો મટી વેરોભાઈ થયા ૨

વેરો કરીને એક ચોર-લૂંટારો હતો. કોઈ ચીજ પર એનું મન ઠર્યું, તો એ હાથ કર્યા વિના રહે જ નહિ. દારૂ, માંસ, હત્યા કશાનો એને બાધ નહિ. નર્યો કાળા કાળનો જ અવતાર જોઈ લ્યો!

આવા આ વેરાને એક વાર સ્વામિનારાયણના સાધુઓનાં દર્શન થયાં. આ પહેલાં એણે જે સાધુબાવાઓ જોયેલા એના કરતાં આ સાધુઓ સાવ જુદા હતા. પેલા તો આંખો કાઢી ચીપિયો પછાડી ગાળાગાળી કરી પાકાં ભોજન જમે, ગાંજો-ચલમ ફૂંકે અને મગરમચ્છની પેઠે પડ્યા રહે. આ સાધુઓને તો નહિ ચલમ, નહિ ગાંજો! ઉઘાડા પગે ફરે અને હર પળે ભગવાનનું નામ જપે! ભિક્ષામાં જે મળે તે પ્રેમથી સ્વીકારે અને બધું ભેગું કરી ગોળો કરી ખાય. ભિક્ષામાં કંઈ ન મળે તો ભૂખે પેટે પણ નામજપ કર્યા કરે —મોં પર એવી ને એવી શાંતિ!

વેરાને નવાઈ લાગી કે આ સાધુ કેવા?

એણે સાધુની વાણી સાંભળી. એમાંથી એને શ્રીજીમહારાજના પ્રાગટ્યની ખબર પડી. તેને થયું કે ભગવાન કરુણા કરી પૃથ્વી પર મનુષ્યરૂપે પ્રગટ પધાર્યા છે, તો હું એમનાં દર્શન કેમ ન કરું?

એણે દર્શન કર્યાં. દર્શન સાથે જ એની પાપગ્રંથિઓ છૂટી ગઈ. એણે ભગવાનની વાણી સાંભળીઃ 'ચોરી ન કરવી, હિંસા

ન કરવી, માંસ ભક્ષણ ન કરવું, ધણીની રજા વગર એના આંગણે પગ દેવો નહિ!'

ભણેલા માણસનું મન દલીલો કરતાં શીખ્યું હોય, એમાં કંઈ કંઈ આટાપાટા હોય; વેરો બાપડો અભણ ને ભોળો! એનું મન સીધું ને સટ! જે સાંભળ્યું તે સીધું જ એણે અંતરમાં ઉતારી દીધું- સંકલ્પ બંધાઈ ગયો.

એક વાર એ શ્રીજીમહારાજનાં દર્શને જતો હતો, ત્યાં એણે રસ્તામાં એક લીલુંછમ બાવળનું ઝાડ જોયું. એને થયું કે આનું દાતણ બહુ સારું થશે. તરત એણે તેમાંથી એક દાતણ કાપી લીધું.

દાતણ તો કાપ્યું, પણ તે જ ઘડીએ એને શ્રીજીમહારાજની આજ્ઞા યાદ આવી કે ધર્માર્થે પણ ચોરી કરવી નહિ, ફૂલ ઈંધણ પણ વગર રજાએ લેવાં નહિ, અને મેં તો ખેતરના ધણીને પૂછ્યા વિના એના ખેતરમાંથી આ દાતણ કાપ્યું! મેં શ્રીજીમહારાજની આજ્ઞાનો ભંગ કર્યો! મેં ભારે પાપ કર્યું!

એને એટલું દુઃખ થયું કે ગામમાં જઈ ખેતરના ધણીને શોધી કાઢી એણે હાથ જોડી એની માફી માગી. ખેડૂત પણ નવાઈ પામી ગયો કે હજારોને લૂંટી લેનારો આ અઠંગ ચોર આજે એક દાતણ સારુ મારી માફી માગે છે એ શું! આ જોઈ તેના મનમાં પણ શ્રીજીમહારાજનો મહિમા વસ્યો. તેણે કહ્યું: 'વેરાભાઈ, મને ય શ્રીજીમહારાજનાં દર્શન કરાવો! તમારો મનખો સુધર્યો એમ મારો ય સુધરે!'

એણે વેરાને વેરોભાઈ કહ્યો. તે પછી શ્રીજીમહારાજના પગમાં પડી રોઈને વેરાએ કહ્યું: 'મેં ધણીની રજા વગર દાતણ

લઈ આપની આજ્ઞાનો ભંગ કર્યો, મને એની સજા કરો!'

શ્રીજીમહારાજ તો સૌના મનની વાત જાણનારા. મહા ઉદાર. મહા કૃપાળુ. તેમણે વેરાભાઈની પીઠ થાબડી કહ્યું: 'વેરાભાઈ, ચિંતા ન કરો! તમારાં બધાં બંધન કપાઈ જશે!'

આ પછી વેરાભાઈની એવી વેળા આવી– જાણે માથે આભ તૂટી પડ્યું. એમનાં બધાં જ કુટુંબીજનો કોઈ ને કોઈ રોગમાં મરણ પામ્યાં. વેરાભાઈ એકલા રહ્યા. તેમણે આ સંકટને પણ ભગવાનની દયા માની. તારે તો યે ભગવાન અને મારે તો યે ભગવાન. હવે સાધુ બની તેઓ શ્રીજીમહારાજના સાન્નિધ્યમાં રહેવા લાગ્યા. રોજ રોજ આત્મનિરીક્ષણ કરે અને પોતાની નાની સરખી પણ ભૂલ થઈ હોય તો શ્રીજીમહારાજ આગળ એની કબૂલાત કરે અને શ્રીજીમહારાજની વાણીમાંથી નવું બળ મેળવે.

વેરાભાઈ જન્મે ક્ષત્રિય અને 'મરું કે મારું' એવા વાતાવરણમાં મોટા થયેલા. એટલે એક વાર ધિંગાણું જોઈને એમનો જુસ્સો ઊછળી આવ્યો અને એ લડવા ઊતરી પડ્યા. પણ પછી તરત તેમને શ્રીજીમહારાજના શબ્દો યાદ આવ્યા:

**અમારા સત્સંગીએ કોઈ જીવની હિંસા કરવી નહિ- જૂ, માંકડ, ચાંચડ જેવા જીવની પણ નહિ. (૧૧)**

**શસ્ત્રાદિકે કરીને કે ક્રોધે કરીને કોઈને ઈજા કરવી નહિ. (૧૬)**

**સ્ત્રી, ધન કે રાજ્યની પ્રાપ્તિ અર્થે પણ મનુષ્યની હિંસા તો કોઈ પ્રકારે ક્યારેય ન જ કરવી. (૧૩)**

ધિંગાણામાં એમનો કાન કપાઈ ગયો, પણ એમણે કોઈની ઉપર ઘા કર્યો નહિ. સાધુ થઈને તેમણે આટલોય ક્રોધ

કર્યો તેથી શ્રીજીમહારાજ તેમના પર અપ્રસન્ન થયા. વેરાભાઈનો સાધુવેશ ઉતારી લેવામાં આવ્યો. વેરાભાઈએ એ સજાને પણ પ્રભુની કૃપા માની.

આ બનાવ પછી વેરાભાઈમાં બહુ ઝડપથી પરિવર્તન થવા લાગ્યું.

અને પરિણામે તેમનામાં લોભ, ક્રોધ, મોહ વગેરે દોષોનો અંશ પણ રહેવા પામ્યો નહિ. તેમનો મનુષ્યજન્મ સાર્થક થઈ ગયો.

કથા પૂરી કરી સાધુએ કહ્યુંઃ 'આવો છે સત્સંગનો અને શ્રીજીમહારાજની વાણીના શ્રવણનો પ્રભાવ!'

પરાગ અને વિપુલ બંને ભાઈ એક ચિત્તે સાંભળી રહ્યા હતા.

પરાગે વિપુલના કાનમાં હળવેથી કહ્યુંઃ 'વાત સાચી છે. મને પણ સત્સંગનો અને શ્રીજીની વાણીનો પ્રભાવ દેખાયો છે.'

'મને પણ.' વિપુલે કહ્યું.

## સત્સંગ સાથે જેના પ્રાણ જડાયેલા છે એવા ભક્તની કથા 3

થોડી વાર શાંત રહી કિશોર શ્રોતાઓના મનોભાવનું બારીકાઈથી નિરીક્ષણ કરી સંતશ્રી બોલ્યાઃ 'હવે બીજું દૃષ્ટાંત કહું તે સાંભળો.'

શ્રીજીમહારાજ જ્યારે મનુષ્યરૂપે આ પૃથ્વી પર વિચરતા હતા, ત્યારે આપણા આ દેશની કેવી હાલત હતી એ જાણો છો? ચારે તરફ અંધાધૂંધી અને અરાજકતા! જેની લાઠી એની ભેંસ અને ગામ પણ એનું જ! ગામ ગામના ધણી જુદા અને એ ધણીઓ પણ કેવા? પોતે ચોર-લૂંટારા ભેગા ભળેલા. ધર્મગુરુઓ ધર્મની મર્યાદાનો લોપ કરી, કામ-ક્રોધ-લોભમાં ફસાયેલા. લોકો અજ્ઞાન, અંધશ્રદ્ધા અને વહેમોમાં ડૂબેલા! સજ્જનોની પીડાનો પાર નહિ અને એ પીડા સાંભળનારું કોઈ નહિ. બીજી બાજુ દુર્જનોના અત્યાચારનો અંત નહિ.

આવો વિષમ કાળ હતો. જ્યારે અનંતકોટિ બ્રહ્માંડોના અધિપતિ ભગવાન શ્રીજીમહારાજ, રામનવમીના (શ્રી હરિ-જયંતીના) પવિત્ર દિવસે પૃથ્વી પર પ્રગટ થયા હતા.

ભગવાનના પ્રાગટ્ય સાથે પૃથ્વી પર નવી આશાનો ઉદય થયો હતો, નવી જાગૃતિ આવી હતી, નવું ચેતન આવ્યું હતું.

શ્રીજીમહારાજ પોતાના સંતો-હરિભક્તો સાથે ગામડામાં ફરતા હતા. તે વખતે એ ગામડામાં મૂળજી નામના બહારવટિયાનો ભારે ત્રાસ હતો.

મૂળજી હતો સારા ઘરનો, એનામાં બુદ્ધિશક્તિ પણ હતી, પણ એની બુદ્ધિ અવળે માર્ગે ચડી ગઈ હતી. એણે લૂંટફાટનો ધંધો લીધો હતો. ટોળી લઈને એ ગામ પર ત્રાટકી લોકોની માલમિલકત લૂંટી લેતો. કોઈ સામો થાય તો ચીભડાની પેઠે એને ચીરી નાખતો. પરણવા જતી કે પરણીને આવતી જાનો એ લૂંટતો અને ગામનાં ગામ સળગાવી દેતો.

એક વાર આ મૂળજી બહારવટિયો કોઈ ગામ લૂંટીને પાછો ફરતો હતો, ત્યાં સામેથી એને શ્રીજીમહારાજની સવારી આવતી દેખાઈ. કોઈ સંતનું દર્શન થાય તો સમજવું કે આપણાં પુણ્યનો ઉદય થાય છે.

મૂળજીએ ભગવાન સ્વામિનારાયણ વિષે ઘણું સાંભળ્યું હતું; પણ તેની તેણે પરવા કરી નહોતી. પણ આજે તેને થયું કે ‘ચાલને, જરી જોઉં તો ખરો, આ ભગવાન કેવા છે!’

મૂળજી શ્રીજીમહારાજની સામે આવી ઊભો. મહારાજે કરુણાળુ નજરે તેની સામે જોયું. એ નજર એના હૃદય ઉપર ચડેલા કાળમીંઢ પડળને ભેદીને અંદર ઊતરી ગઈ.

અંદર ખળભળાટ મચી ગયો.

શ્રીજીમહારાજના શબ્દો મૂળજીના કાને પડ્યાઃ ‘મૂળજી, તું આ શું કરે છે? આવું ક્યાં લગી કરશે?’

પિતા પોતાના અવળે રસ્તે ચડેલા દીકરાને વહાલ કરી સમજાવતા હોય એમ શ્રીજીમહારાજ કહેતા હતાઃ ‘મૂળજી, તું આ શું કરે છે? આવું ક્યાં લગી કરશે? પેટ તો કાગડા-કૂતરાં યે ભરે છે, એ પેટ વાસ્તે અનેકનાં પેટનાં હાંલ્લાં ફોડવાં શું અનિવાર્ય છે? તું તો પાપ પુણ્યમાં સમજે છે, છતાં કેમ ભૂલે છે?

મૂળજીના અંતરમાં દેવ-દાનવનો સંગ્રામ જાગી ચૂક્યો હતો —દેવ કહેતો હતો કે પગે પડ, પાપનો એકરાર કર અને દયાની યાચના કર! દાનવ કહેતો હતો કે જોઈ શું રહ્યો છે? દે સામો લલકાર! તું કંઈ જે તે નથી! હજારોનાં માથાં ભાંગ્યાં છે —એક માથું વધારે! પાપ-પુણ્યની વાતો બધી ખોટી છે, નબળા માણસોને ફસાવવા માટે છે!'

દેવ-દાનવના આ સંગ્રામ વચ્ચે અચાનક મૂળજીની આંખો મીંચાઈ ગઈ. એણે આંખો ઉઘાડી રાખવાનો જોરદાર પ્રયત્ન કર્યો, પણ એકાએક એ એવો પરવશ બની ગયો હતો કે એનું કંઈ ચાલ્યું નહિ. એ આંખો મીંચી ઊંડા ધ્યાનમાં ઊતરી પડ્યો. ધીરે... ધીરે... ધીરે... મોટા ને મોટા અવકાશમાં તે તણાતો ગયો— એનાં સેંકડો પાપો ખાઉં ખાઉં કરતાં એને ચારે બાજુથી ઘેરી વળ્યાં! ચારે કોરથી ખાંડાની ધાર જેવા અવાજો આવતા હતા -'તને પીસી નાખું, છૂંદી નાખું, તારો બોરકૂટો કરું, ઘાણીએ ઘાલું, તારા રાઈ રાઈ જેવડા ટુકડા કરું.'

મૂળજી ફફડી ઊઠ્યો. તેના મોંમાંથી ચીસ નીકળી ગઈઃ 'બાપ રે! આ ભૂતાવળમાંથી મને કોઈ બચાવો, કોઈ બચાવો.'

એકાએક આખું દૃશ્ય બદલાઈ ગયું. તેણે જોયું તો ચારે બાજુ પ્રકાશનો મહાસાગર રેલાતો હતો, અને તેની વચમાં શ્રીજીમહારાજ પોતે બિરાજમાન હતા! તેમની ચારે બાજુ સંતોની મંડળી શોભી રહી હતી. આ જોઈ મૂળજીનો જીવ હેઠો બેઠો. તેના મુખમાંથી વેણ નીકળી પડ્યુંઃ 'હાશ, બચી ગયો!'

તે સાથે તેની આંખો ઊઘડી ગઈ.

તેણે જોયું તો શ્રીજીમહારાજ સ્મિતભરી કરુણાળુ મુખમુદ્રા સાથે તેની સામે જોઈ રહ્યા હતા!

એકદમ શ્રીજીમહારાજના પગમાં ઢળી પડી મૂળજી બોલ્યોઃ 'મહારાજ, દયા કરો! આજથી ચોરી-લૂંટફાટ બંધ, અનાચાર-દુરાચાર બંધ!'

બોલતાં બોલતાં તેની આંખોમાંથી વહેતો આંસુનો ધોધ શ્રીજીમહારાજના પગ પખાળતો હતો.

બસ, તે દિવસથી મૂળજી શ્રીજીમહારાજના પાર્ષદ તરીકે તેમની સાથે રહી ગયો.

પરાગ બોલી ઊઠ્યોઃ 'નસીબદાર! એક કૂદકે સાગર તરી ગયો!'

સંત આ સાંભળી હસ્યા- તેમણે કહ્યુંઃ 'ભાઈ, દુષ્કર્મ જીતવું એટલું સહેલું નથી. માણસનો સ્વભાવ અને પડેલી ટેવો એમ પલકવારમાં બદલાતાં નથી. એને ઘણી આકરી કસોટીઓમાંથી પસાર થવું પડે છે.' મૂળજીને માથે પણ એક વાર એવી કસોટીની પળ આવી.

એક વાર શ્રીજીમહારાજનો મુકામ એક ગામમાં હતો. ત્યાં બહારગામથી બે બાઈઓ તેમનાં દર્શન કરવા આવી. તેમણે સોનાના દાગીનાઓથી ભરેલો એક દાબડો મહારાજને અર્પણ કર્યો.

મૂળજી પાર્ષદ તે વખતે ત્યાં હાજર હતો.

મહારાજે દાબડો ખોલીને જોયો. પછી મૂળજીને કહ્યુંઃ 'બાઈઓને કહો કે હાલ દાબડો તમારી પાસે રાખો, જરૂર પડશે ત્યારે હું તે મંગાવી લઈશ.'

મૂળજીએ બાઈઓને એ પ્રમાણે કહ્યું અને એમનાં નામઠામ પૂછી લીધાં.

એક જ ઠેકાણે આટલું બધું સોનું જોઈ મૂળજીનું મન ચંચળ

બની ગયું હતું. તેને થયું કે આ બાઈઓને આ સોનાનું શું કામ? એમને કામ નથી, એટલે તો તેઓ તે મહારાજને દઈ દેવા આવી છે, અને મહારાજને ય તેનું કામ નથી. એટલે તો એમણે એ લીધું નથી. તો પછી હું જ શું કામ આ ધનનો માલિક ન થાઉં?

'અત્યારે હું સત્સંગી છું, મહારાજનો પાર્ષદ છું' એ વાત એ ભૂલી ગયો. લોભ એવી ચીજ છે. લોભ માણસને ભૂલાવામાં નાખી પોતાની સત્તા જમાવે છે.

મૂળજીને એ આખી રાત ઊંઘ આવી નહિ.

બીજે દિવસે એણે શ્રીજીમહારાજને કહ્યું: 'મહારાજ, મારું ગામ અહીં નજીકમાં છે, રજા આપો તો હું એક વાર ઘેર જઈ આવું.'

જેણે શ્રીજીમહારાજનો આશરો લીધો છે, એનું ઘર તો શ્રીજીમહારાજ પોતે! એને વળી બીજું ઘર કેવું? પણ મહારાજ મૂળજીના મનની ગતિવિધિ બધી સમજતા હતા. તેથી એ હસ્યા.

એમણે કહ્યું: 'ભલે, જા!'

ઝડપથી પગ ઉપાડી મૂળજી પેલી બાઈઓના ગામમાં પહોંચી ગયો અને એમને ઘેર જઈ ઊભો. શ્રીજીમહારાજના પાર્ષદને જોઈ બાઈઓએ ભાવથી તેનો સત્કાર કર્યો અને હોંશથી કંસાર કરી એને જમાડ્યો.

જમ્યા પછી મોડી રાત સુધી મૂળજીએ બાઈઓ આગળ શ્રીજીમહારાજના પ્રભાવની અને પ્રતાપની મોટી મોટી વાતો કરી– બાઈઓ એ સાંભળતી જાય અને મહારાજના પાર્ષદને મહારાજ તુલ્ય ગણી હાથ જોડી પગે લાગતી જાય.

આમ વાતોમાં મૂળજીએ સિફતપૂર્વક પૂછી લીધુંઃ 'પેલી મહારાજની થાપણ બરાબર સાચવી છે ને?'

બાઈઓએ ભોળા ભાવે કહી નાખ્યું કે, 'ચૂલાની આગમણમાં બરાબર સાચવી છે – કોઈ જાણે કે કરે!'

બસ, મૂળજીએ જે જાણવું હતું તે જાણી લીધું.

પાછલી રાતે બધાં ઊંઘી ગયાં એટલે મૂળજીએ ઊઠી ચૂલાની આગમણમાં ખાડો ખોદી દાબડો કાઢી લીધો ને પછી પોતાના ગામ તરફ પગ ઉપાડ્યો.

સવાર થતાં બાઈઓને ખબર પડી કે દાબડો ચોરાઈ ગયો છે, અને મૂળજી પાર્ષદનો પત્તો નથી. દાબડાનું શું થયું હશે તે બંનેને સમજાઈ ગયું, પણ તેમણે કશી હો-હા કરી નહિ. હો-હા કરે તો લોકો ભેગા થઈ જાય અને 'મહારાજના પાર્ષદ આવા કેવા?' કહી લોકો મહારાજની નિંદા કરે અને પાપમાં પડે એ બાઈઓને ગમ્યું નહિ. સાથે સાથે બાઈઓને મનમાં એવો દૃઢ વિશ્વાસ કે શ્રીજીમહારાજની ઈચ્છા વગર ઝાડનું પાંદડુંયે હાલતું નથી, તો આ ચોરી થઈ એ પણ એમની જ ઈચ્છા! એમનું ધન હતું અને એનું એમણે જે કરવું ઘટે તે કર્યું, તેમાં અમારે હર્ષ-શોક કરી લોકોને ભેગા કરવાનું શું કારણ?

રાતોરાત મૂળજી ગામ છોડી ભાગ્યો હતો અને ઘણે દૂર નીકળી ગયો હતો. દાબડો ખેસના છેડે બાંધી તેણે ખેસ ખભા પર નાખ્યો હતો. ઝડપથી પગ ઉપાડી એ ચાલતો જતો હતો, ત્યાં એકાએક એને શ્રીજીમહારાજ સામેથી આવતા દેખાયા!

એણે છટકવાનો પ્રયત્ન કર્યો, પણ જે લાખ લાખ આંખે દેખે છે તેની આંખમાંથી કેમ છટકાય? સીધો મહારાજે જ પ્રશ્ન કર્યોઃ 'મૂળજી? તું અત્યારે અહીં ક્યાંથી? અને શું

છે તારા આ ખડિયામાં?'

મૂળજીએ બીતાં-ફફડતાં કહ્યું: 'પૂ...જા છે!'

'જોઉં, કેવી પૂજા છે?' શ્રીજીમહારાજે સ્મિત કરી કહ્યું.

આ સ્મિતે મૂળજીના શરીરમનના અણુએ અણુને ઉપરનીચે કરી નાખ્યું. એ ચીસ પાડી મહારાજના પગમાં ઢગલો થઈને પડ્યો અને દાબડો મહારાજના ચરણમાં ધરી દઈ ચોધાર આંસુએ રોતો રોતો બોલ્યો: 'મને માફ કરો, મહારાજ!'

મહારાજે કહ્યું: 'જો, ભાઈ મૂળજી, તેં મારો અપરાધ કર્યો હોય તો હું તને માફ કરું, પણ તેં મારો નહિ, ભક્તોનો અપરાધ કર્યો છે, જે માફ કરવાનું મારા હાથમાં નથી. તેં ભક્તોનો દ્રોહ કર્યો છે, ભક્તોનો વિશ્વાસઘાત કર્યો છે. માટે તેં જેમનો અપરાધ કર્યો છે તેમની પાસે જા, અને તેમની દયા માગ!'

બીજો ઉપાય નહોતો. મૂળજી તે જ વખતે પાછો ફર્યો અને ભક્ત બાઈઓને ઘેર આવી તેમની સામે દાબડો ધરી રડતો રડતો બોલ્યો: 'મને માફ કરો, માતાજી! હું લોભમાં ભાન ભૂલ્યો હતો અને તમારો દાબડો ચોરી ગયો હતો. કૃપા કરી દાબડો ઉઘાડી મુદ્દામાલ બરાબર છે કે નહિ એ જોઈ લો!'

બાઈઓ તો પહેલા જેવી સ્વસ્થ હતી તેવી જ અત્યારે પણ હતી.

તેમણે કહ્યું: 'દાબડો ઉઘાડીને જોવાની અમારે જરૂર નથી. દાબડો મહારાજનો છે. મહારાજના ભક્ત એ લઈ જાય છે અને એ જ તે પાછો આપે છે– મહારાજના ભક્ત ઉપર અમને પૂરો વિશ્વાસ છે.'

હવે મૂળજી ચોંક્યો: 'ઓહોહોહો! આ અભણ

બાઈઓને શ્રીજીમહારાજ પર તો વિશ્વાસ હોય, પણ મહારાજના ભક્તો પર પણ આટલો બધો વિશ્વાસ છે! આ બધાં જ સિદ્ધ છે, હું જ કેવળ એક ગાંગડું છું. હવે આ બાઈઓ મારો અપરાધ માફ કરી મને આશીર્વાદ આપે તો હું ઊગરું!'

તેણે હાથ જોડી કહ્યું: 'માતાજી, મને માફ કરો!'

બાઈઓએ કહ્યું: 'શી બાબત? દાબડો અમારો નથી, શ્રીજીમહારાજનો છે; તમે એમનો અપરાધ કર્યો છે, અમારો તો કોઈ અપરાધ કર્યો નથી.'

મૂળજી વ્યાકુળ બની ગયો. તેણે કરગરીને કહ્યું: 'શ્રીજીમહારાજે પોતે મને તમારી માફી માગવાની આજ્ઞા કરી છે.'

બાઈઓ થોડીવાર વિચારમાં પડી ગઈ. પછી કહે: 'જેવી મહારાજની આજ્ઞા!'

આ પછી અપાર કરુણા કરી શ્રીજીમહારાજે મૂળજીને ફરી પોતાની સેવામાં લીધો.

આ પછી એક વાર એવું બન્યું કે શ્રીજીમહારાજ મેઘપુર નામે ગામમાં બિરાજતા હતા, ત્યાં કેટલાક દ્વેષીઓએ વાંકું બોલી તેમની નિંદા કરવા માંડી.

મૂળજી એમને સમજાવવા ગયો, ત્યારે એ લોકોએ એને કહ્યું: 'તું મોટો ભગત થઈને બેઠો છે તે જોયો તને! છોડ આ બધા ઢોંગધતૂરા! છોડ આ બાવાઓને અને પાછો અમારા ભેગો આવી જા!'

મૂળજીએ કહ્યું: 'તમે ભલે મારી નિંદા કરો, પણ સંતની, સત્સંગની અને શ્રીજીમહારાજની નિંદા ન કરો! તમે લોકો અજ્ઞાની છો. કશું સમજતા નથી. તમારા કહેવાથી હું સત્સંગ

છોડવાનો નથી, એ તો મારા પ્રાણ સાથે જડાયેલો છે.'

જવાબમાં એક જણે મૂળજીને ગાળ દીધી. મૂળજી કંઈ બોલ્યો નહિ.

પેલાને જોર ચડ્યું. એણે સત્સંગીઓને ગાળ દીધી.

તો ય મૂળજી મન મારી શાંત રહ્યો.

પેલાને વધારે જોર ચડ્યું. એણે શ્રીજીમહારાજ વિષે એલફેલ બોલવા માંડ્યું.

મૂળજીથી આ સહન થયું નહિ.

એણે એ બોલનારને બોચીમાંથી પકડી ભોંય પછાડ્યો.

ટોળું ઉશ્કેરાયું અને મૂળજીની પાછળ પડ્યું. મૂળજી તેમના હાથમાંથી છટકી ગયો હોત, પણ એ દુષ્ટોએ બૂમ પાડીઃ 'મૂળજી, તું ભાગે તો તને તારા સ્વામિનારાયણના સમ!'

મહારાજના સોગંદ પડ્યા એટલે મૂળજી ત્યાં જ ઊભો રહી ગયો– એકલો, નિઃશસ્ત્ર!

આખું ટોળું એના ઉપર તૂટી પડ્યું. મૂળજી મૃતપ્રાય થઈ પડ્યો.

મૂળજી મરી ગયો સમજી ટોળું ભાગી ગયું.

પણ મૂળજી મરી નહોતો ગયો. હજી તેનામાં થોડો જીવ હતો.

ઘટનાની ખબર પડતાં શ્રીજીમહારાજ પોતે ત્યાં આવ્યા. મૂળજીએ મહાપરાણે બે હાથ જોડી મહારાજને પ્રણામ કર્યા.

મહારાજે કહ્યુંઃ 'મૂળજી, શો વિચાર છે? સાજા થવું છે કે ધામમાં જવું છે?'

મૂળજીએ કહ્યુંઃ 'ધામમાં!'

તે જ ઘડીએ શ્રીજીમહારાજનાં દર્શન કરતાં કરતાં

મૂળજીએ દેહ છોડ્યો.

આમ એક વખતના ચોર-લૂંટારાએ સત્સંગ અને શ્રીજીમહારાજની સેવામાં પોતાના પ્રાણ આપ્યા. સત્સંગ મારા પ્રાણ સાથે જડાયેલો છે એ એનો બોલ સાચો ઠર્યો.

આ દૃષ્ટાંત કહી સંતે શિક્ષાપત્રીમાંથી એક પાનું ઉઘાડી પરાગને કહ્યું: 'આ ઓગણચાલીસમો શ્લોક વાંચ!'

પરાગે મોટેથી વાંચ્યું:

**'અજ્ઞાની એવા જે મનુષ્ય—તેમની નિંદાના ભય થકી ભગવાનની સેવાનો ત્યાગ કરવો જ નહિ.'** (૩૯)

# વિદ્યા અને વિદ્યાભ્યાસ ૪

બીજે દિવસે આચાર્યશ્રીએ જાહેર કર્યું કે, 'હર્ષદ પરીક્ષામાં પહેલે નંબરે પાસ થાય છે અને પરાગ નાપાસ થાય છે, પણ પરાગે સાફ દિલે ગુનાનો એકરાર કર્યો છે અને ફરી આવો ગુનો નહિ કરે તેવી તેણે ખાતરી આપી છે અને અમને વિશ્વાસ છે કે અમારો વિદ્યાર્થી અમારા વિશ્વાસને સાચો ઠેરવશે, તેથી અમે એને એક તક આપીએ છીએ– બે મહિના પછી તેની ફરી પરીક્ષા લેવામાં આવશે અને તેમાં જો એ પાસ થશે તો એને ઉપલા ધોરણમાં ચડાવવામાં આવશે.'

આ સાંભળી પરાગના માથેથી એક મોટો ભાર ઊતરી ગયો.

તે જ વખતે હર્ષદ દોડતો તેની પાસે આવ્યો ને બોલ્યોઃ 'દોસ્ત, બે મહિનાની મુદત મળી ગઈ! તું જરૂર પાસ થવાનો!'

પરાગે નીચું મોં કરી કહ્યુંઃ 'પણ મેં મહિનાઓ લગી અભ્યાસમાં ધ્યાન આપ્યું જ નથી! હું કેવી રીતે પાસ થવાનો?'

હર્ષદે કહ્યુંઃ 'ગભરા મા! તું કંઈ ઠોઠ નથી, અને હું તને મદદ કરીશ. હું રોજ તારે ઘેર આવીશ– તારા અભ્યાસનાં પુસ્તકો આપણે બે સાથે વાંચીશું.'

પરાગે કહ્યુંઃ 'ના, હું તારે ઘેર આવીશ.'

બસ, તે દિવસથી બંનેનો આ સહિયારો પુરુષાર્થ શરૂ થયો. બંને સાથે ફરવા જાય, સાથે સ્કૂલમાં જાય, જ્યારે પણ વખત મળે ત્યારે બંને જણ અભ્યાસનાં પુસ્તકો લઈને બેસે.

રસ્તે જતાં-આવતાં પણ બંને જણ પરીક્ષાના વિષયોની જ વાતો કરે. પરાગના ઉત્સાહનો પાર નહોતો.

એ ઉત્સાહનું ફળ પણ સારું આવ્યું. બે માસ પછી પરાગ ખૂબ સરળતાથી, સારા ગુણ મેળવી પાસ થયો અને તેને દશમા ધોરણમાં ચડાવવામાં આવ્યો.

તે સાંજે પરાગ સંતનાં દર્શન કરવા ગયો, ત્યારે તે ઉત્સાહથી થનગનતો હતોઃ 'હું પાસ થયો.' કહી તેણે સંતને પ્રણામ કર્યા.

સંતે કહ્યુંઃ 'કુસંગનો ત્યાગ અને સત્સંગના સેવનનું આ ફળ છે.'

આમ કહી તેમણે શિક્ષાપત્રીનું એક પાનું ઉઘાડી તેની સામે ધરી કહ્યુંઃ 'છત્રીસમો શ્લોક વાંચ.'

પરાગે વાંચ્યુંઃ **'પોતે જે વિદ્યા ભણ્યા હોઈએ તે બીજાને ભણાવવી અને નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો.'** (૩૬)

પછી સંતે કહ્યુંઃ 'હર્ષદે એનું કર્તવ્ય બજાવ્યું- એ ખરો વિદ્યા વ્યાસંગી છે. ભણીને ભૂલી જવા માટે વિદ્યા ભણવાની નથી, પણ વિદ્યાને આત્મસાત્ કરવાની છે. આવી આત્મસાત્ કરેલી વિદ્યા બીજાને ખોબલે ખોબલે દઈએ તો યે ઘટતી નથી, ઊલટી વધે છે. હર્ષદે તેની વિદ્યા તને દઈ તેની વિદ્યાને બલવતી અને ફલવતી કરી છે. શ્રીજીમહારાજના સંતોએ પણ આ જ કામ કર્યું છે.'

થોડી વાર અટકી તેમણે કહ્યુંઃ 'શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં સૌ ભક્તોને આજ્ઞા કરી છે કે જીવના કલ્યાણ માટે અહિંસા આદિક સદાચારનું જેમાં પ્રતિપાદન કરેલું હોય તેવા સત્શાસ્ત્રના ગ્રંથો જ વાંચવા. અને એ શાસ્ત્રોના

રહસ્યરૂપે ભગવાનની ભક્તિ કરવાનું કહ્યું છે.'

આમ કહી તેમણે શિક્ષાપત્રી ઉપાડી તેના ૯૫ થી ૧૦૨ સુધીના શ્લોકો પરાગની પાસે વંચાવ્યા. પછી તેમણે કહ્યું: 'શ્રીજીમહારાજે વિદ્યાકળાને ઉત્તેજન આપવા અથાક્ પ્રયત્નો કર્યા છે. શ્રીજીમહારાજની આજ્ઞા થતાં એકાવન વર્ષની પ્રૌઢ વયે મુક્તાનંદ સ્વામી સંસ્કૃત ભણવા બેઠા હતા અને તેમાં પાર ઊતર્યા હતા. વિદ્યાભ્યાસ કોઈ પણ ઉંમરે થઈ શકે છે, ઘણા વિદ્વાનો જીવનભર વિદ્યાની ઉપાસના કરે છે, પરંતુ કિશોરાવસ્થા એ વિદ્યાભ્યાસ માટે સારામાં સારી અવસ્થા છે, કારણ કે તે વખતે કોઈ પણ જાતની ચિંતા કે વિક્ષેપ વગર અભ્યાસ કરી શકાય છે. માટે નાની વયે જેને અભ્યાસની તક મળી છે તેણે પોતાને મહા ભાગ્યશાળી સમજવો.'

આટલું કહી તેમણે મુક્તાનંદ સ્વામીની કથા આગળ ચલાવી.

તેમણે કહ્યું: 'મુક્તાનંદ સ્વામી 'સત્સંગની માતા' કહેવાય છે. શ્રીજીમહારાજ કરતાં તેઓ ઉંમરમાં વીસ વર્ષ મોટા હતા. વળી રામાનંદ સ્વામીના તેઓ પટ્ટ શિષ્ય હતા, અને રામાનંદ સ્વામીની ગાદી પર તેમનો હક હતો. છતાં તેમણે શ્રીજીમહારાજને એ ગાદી પર પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યા હતા. કારણ, તેમને કલ્યાણનો ખપ હતો, માન કે મોટાઈનો નહિ.

વડોદરામાં એક શાસ્ત્રીબુવા હતા. તેઓ જ્યારે ત્યારે સ્વામિનારાયણ સંપ્રદાયની ટીકા કરતા ને કહેતા કે એ વેદવિરુદ્ધ છે એવું હું શાસ્ત્રોના આધારે સાબિત કરી આપું— તાકાત હોય તો સ્વામિનારાયણ ધર્મવાળાઓ મારી સાથે

વાદમાં ઊતરે.'

શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યુંઃ 'તમે વડોદરા જાઓ!'

મુક્તાનંદ સ્વામીએ કહ્યુંઃ 'મહારાજ, મારા જેવા સાધારણ સાધુનું આ કામ નહિ, શાસ્ત્રોની આંટીઘૂંટી હું જાણતો નથી.'

શ્રીજીમહારાજે કહ્યુંઃ 'જાણવાની જરૂર નથી. તમે જે જાણો છો તે પૂરતું છે. આપણું બળ આંટીઘૂંટીઓ જાણવામાં નથી, સત્ય અને સદાચારમાં છે. તમે બેધડક જાઓ– તમારી વાણીમાં તમારી સાધુતા બોલશે.'

શ્રીજીમહારાજના આશીર્વાદ લઈ સ્વામી વડોદરા ગયા.

વડોદરાના મહારાજાની હાજરીમાં શાસ્ત્રચર્ચા ગોઠવાઈ.

શાસ્ત્રીબુવા બનીઠનીને પાલખીએ ચડીને સભાગૃહમાં પધાર્યા. મુક્તાનંદ સ્વામી બીજા સંતોની સાથે ઉઘાડા પગે ચાલતા અને હરિગુણ ગાતા સભામાં આવ્યા. એક બાજુ સાક્ષાત્ ઘમંડ, બીજી બાજુ સાક્ષાત્ નમ્રતા!

શાસ્ત્રીબુવા ઘાંટા પાડીને, બરાડા પાડીને સામા પર છાપ પાડવાનો અને બિવડાવી આંજી દેવાનો પ્રયત્ન કરતા હતા. એમના મનથી કે સાધુ ગભરાઈ જશે અને વાદ છોડી ભાગી જશે, પણ સ્વામી અચલ-અક્ષુબ્ધ રહ્યા. તેમણે ખૂબ જ વિનયપૂર્વક શાસ્ત્રીબુવાની દલીલોનું ખંડન કર્યું અને પોતાના પક્ષનું મંડન કર્યું. સૌ પર તેની રૂડી અસર થઈ. શાસ્ત્રીબુવાની ઘાંટાઘાંટ નકામી ગઈ. સ્વામી વિજયી બની બહાર આવ્યા.

આ કેવળ વિદ્યાભ્યાસનો વિજય નહોતો. વિદ્યાભ્યાસ તો શાસ્ત્રીબુવાનો ઓછો નહોતો, પણ એમની વિદ્યામાં ઘમંડ ભળેલો હતો, મિથ્યાભિમાન ભળેલું હતું. સ્વામીની વિદ્યા

શુદ્ધ, નિષ્કપટ વિદ્યા હતી. વિદ્યા સાથે વિનય હતો, તપસ્યા હતી, શ્રીજીમહારાજ પ્રત્યેની અખંડ શ્રદ્ધા હતી. માણસમાં વિદ્યા સાથે વિનય હોય તો જરૂર જીતી જાય; ઉપરાંત જો એમાં તપોબળ ભળે, ભગવાન પ્રત્યેની શ્રદ્ધા ભળે, તો જંગ જિતાયો જ સમજો! જંગ જિતાય અને જગ પણ જિતાય!

શ્રીજીમહારાજના સંતોમાં કેટલાક મહાન કવિઓ હતા. બ્રહ્માનંદ, મુક્તાનંદ, નિષ્કુળાનંદ, પ્રેમાનંદ વગેરે સમર્થ સંત કવિઓનાં કાવ્યો આજે ગુજરાતમાં ઘેર ઘેર ગવાય છે. કેટલાક કવિઓએ હિન્દીમાં અને કેટલાકે સંસ્કૃતમાં પણ કાવ્યરચનાઓ કરી છે. ગોપાળાનંદ સ્વામીએ ગીતા, ઉપનિષદ અને ભાગવત ઉપર સંસ્કૃતમાં ભાષ્યો લખ્યાં છે. નિત્યાનંદ સ્વામીએ 'હરિદિગ્વિજય' નામે ગ્રંથ સંસ્કૃતમાં લખ્યો છે. શતાનંદ સ્વામીએ 'સત્સંગિજીવન' નામે ગ્રંથ સંસ્કૃતમાં લખ્યો છે. વાસુદેવાનંદ સ્વામીનો 'સત્સંગિભૂષણ' ગ્રંથ પણ એટલો જ પ્રખ્યાત છે. આમ આ 'નંદ' સંતોનો ઉચ્ચતમ અધ્યાત્મ સાહિત્ય વિકસાવવામાં મોટો ફાળો છે.

વાત આટલેથી અટકતી નથી.

શ્રીજીમહારાજે સંગીતકલા, ચિત્રકલા, શિલ્પસ્થાપત્યકલા જેવી ભુલાતી જતી કલાઓને ઉત્તેજન આપી સામાન્ય માણસના હૃદય સુધી તે કલાઓને પહોંચાડી છે. શ્રીજીમહારાજે સ્થાપેલાં મંદિરો, શિલ્પ સ્થાપત્યના સુંદર નમૂના જેવાં આજે ઊભાં છે– કાષ્ઠ, પાષાણમાં કંડારેલાં એ કાવ્યો છે! શ્રીજીમહારાજના સંતોની એ કૃતિઓ છે. ધોલેરા, મૂળી, વડતાલ કે અમદાવાદનું સ્વામિનારાયણ મંદિર જુઓ અને ચિત્ર-શિલ્પ-સ્થાપત્યનું સાક્ષાત્ સ્વરૂપ તમને દેખાશે.

ભગવાન જ્યારે અવતાર લઈને મનુષ્યરૂપે પૃથ્વી પર પધારે છે ત્યારે પોતાની સાથે દિવ્ય વિભૂતિઓને લઈને આવે છે. સંસારમાં જુઓ, મારા-તમારા કહેવાથી કોઈ પોતાના ખિસ્સામાંથી એક દોકડો જતો કરતું નથી, જ્યારે શ્રીજીમહારાજનો એક બોલ પડતાં સેંકડો માણસો ઘરબાર, માલમિલકતનો ત્યાગ કરી સાધુ બની નીકળી પડે છે અને શ્રીજીમહારાજ એક સાથે પાંચસો સાધુઓને પરમહંસપદની દીક્ષા આપે છે! જગતના ઈતિહાસમાં ક્યાંય આવો બનાવ જોવા જડતો નથી. દિવ્ય વિભૂતિનું આ દલબલ છે. આવી સેના વિના દુષ્ટોનું દમન અને ધર્મનું પુનઃસ્થાપન થાય કેવી રીતે?

અહીં પરાગે પ્રશ્ન કર્યોઃ 'મહારાજ, વિદ્યા કે કલા પ્રાપ્ત કરવાનો હેતુ શો? કેટલાક તો કહે છે કે શાળાઓનું આ ભણતર સાવ નકામું છે, નોકરી-ધંધામાં એ કંઈ કામ લાગતું નથી. ત્યાં તો ભણેલું ભૂલીને નવેસરથી ભણવું પડે છે.'

સંત હસ્યા. તેમણે કહ્યુંઃ 'એક રીતે એ સાચું છે. આજનો ભણેલો હતાશ થયેલો છે, તેનું કારણ એ છે કે તેને નાનપણથી એવું કહેવામાં આવ્યું છે કે શાળામાં જઈને પ્રાપ્ત કરેલી વિદ્યા એ એક ઓજાર છે અને એ ઓજારના જોરે તમારે કમાઈ ખાવાનું છે; પણ વિદ્યા જડ ઓજાર નથી. વિદ્યાને જડ ઓજારની પેઠે ધારણ કરી એને વટાવી ખાઈ કમાવા નીકળેલો હતાશ થવાનો, પણ વિદ્યાને ઓજાર ગણવાને બદલે જો માણસ પોતે વિદ્યાના હાથનું ઓજાર બની જાય તો વિદ્યા અપૂર્વ તેજે ઝળહળી ઊઠશે. વિદ્યા ઓજાર બને છે, ત્યારે એ માત્ર બાહ્ય દેખાવની વસ્તુ હોય છે, પણ આપણે વિદ્યાના

ઓજાર બનીએ છીએ ત્યારે વિદ્યા ચૈતન્યમયી શક્તિરૂપે દર્શન દે છે; આપણા સંસ્કારરૂપે એ પ્રગટ થાય છે. એમાં માન, દંભ કે અહંકાર નથી હોતો, વિનય, વિવેક ને સુશીલતા હોય છે. વિદ્યાર્થી વિદ્યાને કેદ કરી મગજની બરણીમાં પૂરી સીલ મારે એ વિદ્યોપાર્જન નથી, પણ વિદ્યાર્થી રોમે રોમે વિદ્યા-સમર્પિત થઈ જાય એ વિદ્યોપાર્જન છે. તમે એવું વિદ્યોપાર્જન કરો!'

'આપના આશીર્વાદ!' કહી પરાગે સંતના ચરણમાં માથું મૂક્યું.

---

## તુલસીની કંઠી

## ૫

પરાગ રોજ સંતનાં દર્શને જતો, એમની કથા-વાર્તા સાંભળતો, પણ સંતે કદી ઈશારે પણ એને કહ્યું નહોતું કે તું મારો ચેલો થા! પરાગે આ પહેલાં ઘણા સાધુઓને જોયા હતા. અંગ પર ચીંથરું વીંટવામાં યે જેને પરિગ્રહ લાગતો હતો, એવા નંગધડંગ બાવાઓને યે એણે જોયા હતા, અને એ બધાઓમાં એક વાત એણે ખાસ જોઈ હતી કે એ લોકોમાં બે વાનાં ખાસ હતાં— પોતાની પ્રશંસા સાંભળવાની ઝંખના અને ચેલો મૂંડવાની ચટપટી!

પરંતુ સ્વામિનારાયણના આ સંતમાં એ બે વાનાંનો પરાગે સદંતર અભાવ જોયો, ઉપરાંત બીજી પણ ઘણી ઘણી રીતે આ સંત તેને ચડિયાતા લાગ્યા. એમનામાં જેવી વિદ્યા હતી, જેવી આધ્યાત્મિક્તા હતી; તેવું જ નખશિખ નિર્મળ પારદર્શક ચારિત્ર્ય હતું. એવું કે ગમે તેટલી ખણખોદ કરે તો ય કોઈ દુશ્મનને ય તેમનામાં કોઈ દોષનું છિદ્ર શોધ્યું જડે નહિ!

આવા આ સંત પોતાના સાધુધર્મના કામકાજમાં જેવા દૃઢ અને અડગ હતા, બીજાઓની સાથેના વર્તાવમાં તેવા જ સુકોમળ હતા.

પરાગના મનમાં આની ઊંડી અસર થઈ હતી.

તેને ખાતરી થઈ હતી કે જીવનને પ્રભુપ્રેર્યા માર્ગે આગળ લઈ જવું હશે તો કોઈ સમર્થ સંતનું શરણું લીધા વિના ચાલવાનું નથી. એવા સંત મને આજે ઘેર બેઠાં આવી મળ્યા

છે, તો એમનો લાભ મારે કેમ ન લેવો?

આવો વિચાર કરી એક વાર તેણે સંતને પ્રણામ કરી કહ્યું: 'ગુરુદેવ!'

સંત ચોંક્યા. તેઓ વિસ્મયથી પરાગની સામે જોઈ રહ્યા. તેમના મનથી કે પોતાને ગુરુદેવ કહેવામાં પરાગની કંઈ ભૂલ થઈ લાગે છે, હમણાં તે સુધારશે.

પણ પરાગે તો ફરી કહ્યું: 'ગુરુદેવ, એક વિનંતી કરવાની છે.'

હવે સંતે સ્વસ્થ થઈ કહ્યું: 'બોલો, શું છે?'

પરાગે કહ્યું: 'ગુરુદેવ, મને આપના શિષ્ય તરીકે સ્વીકારો!'

સંતે પ્રસન્ન થવા જેવી વાત હતી, પણ સંત બિલકુલ સ્વસ્થ રહ્યા. તેમણે કહ્યું: 'પરાગ, તારાં માતાપિતાની રજા લીધી છે?'

પરાગે કહ્યું: 'સીધું પૂછ્યું નથી, પણ તેઓ અપ્રસન્ન નહિ થાય. પહેલેથી જ હું તેમને મારા નાનકડા જીવનની બધી જ વાતો કહેતો આવ્યો છું. પરીક્ષાના બનાવ પછી આપની પાસેથી મને જે માર્ગદર્શન મળ્યું તે તેઓ જાણે છે, હું આપને વખતોવખત મળા છું તે તેઓ જાણે છે અને આપ મને જે કંઈ કહો છો તે બધું જ હું તેમને કહું છું. મારાં માબાપની એવી ઈચ્છા છે કે હું સારો છોકરો બનું અને મને વિશ્વાસ છે કે આપના માર્ગદર્શન હેઠળ હું જરૂર સારો છોકરો બનીશ.'

આ સાંભળી સંત પ્રસન્ન થયા.

તેમણે કહ્યું: 'ઠીક છે, તો આજે ઘેર જઈ તારાં માતાપિતાને આ વાત પણ કરજે. તું આજે ઉપવાસ કરજે અને આવતી

કાલે સવારે સ્નાન કરી, માતાપિતાને પગે લાગી તેમના આશીર્વાદ લઈ અહીં આવજે. ગમે તે એક ફૂલ લેતો આવજે!'

ખુશ થઈ પરાગ ઘેર ગયો.

બીજે દિવસે પરાગ માતાપિતાને પગે લાગી, તેમના આશીર્વાદ લઈ હાથમાં મોગરાનું ફૂલ લઈ સંતની પાસે આવ્યો અને સંતના ચરણમાં ફૂલ ધરી તેમને પગે લાગ્યો.

સંતે ફૂલ હાથમાં લઈ કહ્યુંઃ 'પરાગ, આ શું છે, જાણે છે? આ મામૂલી ફૂલ નથી, તારા નિર્મળ જીવનનું, તારા અંતરાત્માનું પ્રતીક છે. તું એ મને સમર્પિત કરે છે અને હું એનો સ્વીકાર કરું છું. આજથી તારા જીવનનું સુકાન મારા હાથમાં આવે છે, મારી જવાબદારી વધે છે.'

પરાગે કહ્યુંઃ 'મારી પણ. હું એ સમજું છું, ગુરુદેવ!'

તે પછી સંતે તેને પંચવર્તમાન ધરાવ્યાં. બેવડી તુલસીની માળા એની ડોકમાં નાખી એને 'સ્વામિનારાયણ મંત્ર' આપ્યો અને કહ્યુંઃ 'આચારશુદ્ધ જીવન જીવી ત્યાગ, વૈરાગ્ય, જ્ઞાન અને ભક્તિની જ્યોત ઝળહળતી રાખજો!'

પરાગે નીચા નમી સંતચરણમાં પ્રણામ કર્યા.

પછી સંતે કહ્યુંઃ 'પરાગ, આ કંઠી ડોકમાં ધારણ કરવી એટલે શું તેનું એક દૃષ્ટાંત કહું તે સાંભળ!

સુંદરિયાણા કરીને એક ગામમાં હેમરાજશા કરીને એક વણિક રહેતા હતા. પ્રથમ દીકરાઓને અને પાછળથી તેમના પિતાશ્રી હેમરાજશાને સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી થકી સત્સંગ થયો અને સ્વામીના હસ્તે તેમણે ત્રણેયે ડોકમાં તુલસીની માળા ધારણ કરી. ડોકે તુલસીની માળા અને મુખે શ્રીજીમહારાજનું નામ!'

હેમરાજશાના નાતીલાઓને આ ગમ્યું નહિ. તેમણે કહ્યું: ‘હેમરાજશા, તમારી ને આ તમારા છોકરાઓની કંઠી તોડી નાખો!’

ઘુવડોની સભામાં કોઈ સૂરજના અજવાળાની વાત કરે તો ઘુવડો એને મારવા જ ઊઠશે! કહેશે કે ‘અમારે હજાર વર્ષ અંધારે ગયાં, તમે આવાં ડાહ્યાં ક્યાંથી થયાં? જગતમાં પ્રકાશ જેવી કોઈ ચીજ નથી. પ્રકાશ અસત્ય છે, અંધકાર જ એકમાત્ર સત્ય છે.’

પણ હેમરાજશાએ પ્રકાશ જોયો હતો. એટલે એણે કહ્યું: ‘કંઠી તો મારો દેહ છૂટ્યા પછી યે નહિ તૂટે. એ તો મારા સ્વામીની કંઠી છે, મારા અખંડ એવાતનની કંઠી છે.’

નાતીલાઓએ ઘણી ઘણી રીતે હેમરાજશાને દબાવ્યા, દબડાવ્યા, સતાવ્યા પણ હેમરાજશાએ મચક આપી નહિ.

હેમરાજશાને ત્રણ દીકરા હતા. ત્રણે દીકરાઓને બોલાવી હેમરાજશાએ કહ્યું: ‘હું તો સ્વામિનારાયણને વર્યો છું, પણ તમારું શું છે? મારે લીધે તમે હેરાન થાઓ એ ઠીક નહિ.’

ત્રણે દીકરાઓએ કહ્યું: ‘જ્યાં તમે, ત્યાં અમે!’

આમ આખા કુટુંબે મક્કમતાથી નાતનો સામનો કર્યો.

કેટલાક વરસ પછી હેમરાજશા ગુજરી ગયા અને તેમના કારજનો પ્રસંગ આવ્યો.

હવે નાતીલાઓએ હેમરાજશાના ત્રણે દીકરાઓને દમ દીધો: ‘સ્વામિનારાયણની કંઠી તોડી નાખો તો જ અમે તમારે ત્યાં જમશું, નહિ તો નહિ!’

દીકરાઓએ સામો જડબાતોડ જવાબ આપ્યો: ‘એમ મછરાંની બીકે શું અમે મહેલ છોડી દેશું?’

દીકરાઓની મક્કમતા જોઈ નાતીલા જરા ઢીલા પડ્યા. તેમણે કહ્યું: ‘તો એમ કરો! કારજ પતી જતાં સુધી તમે કંઠી ઉતારી મેલો! પછી પહેરી લેજો!’

હેમરાજશાના દીકરાઓએ કહ્યું: ‘એ તો ધર્મની મશ્કરી કરી કહેવાય! ખોળિયામાંથી જીવને કાઢીને ટોડલે મૂકીએ ને પાછો ટોડલેથી ઉતારી ખોળિયે મૂકીએ એવું કદાચ બને, પણ ડોકમાંથી કંઠી કાઢીને ટોડલે મૂકીએ અને પાછું મન થાય ત્યારે એને ટોડલેથી ઉતારી ડોકમાં નાખીએ એવું નહિ બને.’

નાતીલાઓ મૂંઝાયા. કોઈ રીતે ટંગડી ઊંચી રાખવા તેમણે કહ્યું: ‘તો એમ કરો, દેખ્યાનું ઝેર છે ને! કારજના દિવસોમાં તમારે કોઈએ ઘરમાંથી બહાર પગ દેવો નહિ! કોઈ દેખે કે કરે!’

દીકરાઓ આ સાંભળી છંછેડાયા. તેમણે કહ્યું: ‘ભલેને સૌ દેખે! અમે કોઈ ચોરી નથી કરી, સત્સંગ કર્યો છે! મોં સંતાડવા જેવું અમે કંઈ જ કર્યું નથી.’

હવે નાતીલાઓ ગુસ્સે થઈ ગયા. તેમણે તેમની નાતમાં ગામેગામ કાગળો લખી નાખ્યા કે હેમરાજશાના કારજમાં કોઈએ જમવા જવું નહિ. જશે એ નાતબહાર!

તો ય હેમરાજશાના દીકરાઓ ડગ્યા નહિ. તેમણે મસલત કરી નક્કી કર્યું કે આપણી ભેરે સત્સંગ અને સત્સંગની ભેરે શ્રીજીમહારાજ! સત્સંગ આપણી નાત!

તેમણે પત્ર લખી બધી બિના જાહેર કરી શ્રીજીમહારાજને વિનંતી કરી: ‘સંતો-હરિભક્તોને લઈને વહેલા પધારજો!’

શ્રીજીમહારાજે આ વિનંતીનો સ્વીકાર કર્યો. સંતો-હરિભક્તો સાથે તેઓ સુંદરિયાણા પધાર્યા અને પૂરા પાંચ

દિવસ રોકાયા. મહારાજે પોતે સંતોને પીરસ્યું અને આગ્રહ કરી કરીને સૌને જમાડ્યા. પ્રસંગ રંગેચંગે પાર પડ્યો. હેમરાજશાના દીકરાઓના સુખનો પાર ન રહ્યો.

આમ હેમરાજશાના દીકરાઓએ પિતાની પરંપરા જાળવી, નાતનો ગુસ્સો વહોરીને પણ તેમણે ગુરુદીધી કંઠીનું ગૌરવ જાળવ્યું; જાળવ્યું જ નહિ, વધાર્યું.

કથાનક પૂરું કરી સંતે શિક્ષાપત્રી ઉઘાડી પરાગની સામે ધરી કહ્યું: 'આ એકતાલીસમો શ્લોક વાંચ!'

પરાગે મોટેથી વાંચ્યું:

**'ધર્મવંશી ગુરુ થકી શ્રીકૃષ્ણની દીક્ષાને પામ્યા એવા જે અમારા સત્સંગી, તેમણે કંઠને વિષે તુલસીની બેવડી માળા નિત્ય ધારણ કરવી.'** (૪૧)

---

# જીભને તો જીતવી જ

## ૯

પરાગે એના જૂના દોસ્ત ભટાને મળવાનું બંધ કરી દીધું હતું, પણ ભટો એને ભૂલ્યો નહોતો.

ભટાનો એક સાથીદાર હતો. નામ એનું જટાશંકર, પણ બધા એને જટો કહેતા.

એક વાર ભટો અને જટો ભેગા થયા. અરસપરસ વિચાર કરી તેમણે નક્કી કર્યું કે પરાગ આપણી મંડળીમાંથી છૂટી જાય એ ન ચાલે. કોઈ રીતે એને પાછો આપણા ટોળામાં લેવો જોઈએ– સીધી રીતે ન આવે તો યુક્તિથી.

તે માટે તેમણે એક ઉજાણીની યોજના કરી.

પછી બંને જણા પરાગને મળવા ગયા અને એને ઉજાણીનું નિમંત્રણ આપતાં કહ્યું: 'ચાલ દોસ્ત, આજે નદી પર ફાફડા-ચટણીની ઉજાણી રાખી છે, મજા આવશે.'

પરાગે કહ્યું: 'હું લસણ-ડુંગળી ખાતો નથી, એટલે મારે માટે એ નકામી છે.'

હવે જટાએ કહ્યું: 'તે લસણ-ડુંગળીએ તારું શું બગાડ્યું છે, ભાઈ?'

પરાગે કહ્યું: 'મારા શરીરમાં એને ઘૂસવા દઉં તો બગાડે ને?'

હવે વાતનો દોર જટાએ હાથમાં લીધો. તેણે કહ્યું: 'લસણ-ડુંગળીને તું મામૂલી ચીજ સમજે છે એ તારી ભૂલ છે. એ મામૂલી ચીજ નથી. એ તો ભગવાનની પ્યારી ચીજ છે.

એક વાર વાંસળી અને ડુંગળી વચ્ચે વાદ થયો કે આપણા બેમાં ભગવાનને વધારે વહાલું કોણ? તે માટે તેમણે એવું નક્કી કર્યું કે આપણે બંને સાથે ભગવાનની પાસે જઈએ અને ભગવાન જેને પહેલું હાથમાં લે તે ભગવાનને વધારે વહાલું છે એમ સમજવું. ભગવાન તે વખતે ગોવાળિયાઓ સાથે વનભોજન માટે ગયા હતા. ત્યાં ભગવાનના ભાણામાં બે વાનાં મૂકવામાં આવ્યાં– એક વાંસળી અને બીજી ડુંગળી! ભગવાન જેવા ભાણા પર બેઠા એવા 'વાહ!' કહી એમણે ડુંગળીનો દડો હાથમાં લઈને રમાડવા માંડ્યો. પછી કહેઃ જો, હું દડો કેટલે દૂર ફેંકી શકું છું! આમ કહી એમણે ડુંગળીનો દડો ફેંક્યો તે જમનાજીમાં જઈને પડ્યો! બસ, સાબિત થઈ ગયું કે ભગવાનને ડુંગળી વધારે વહાલી છે. શરતમાં હારી ગઈ એટલે વાંસળી તો કાંઈ રડે, કાંઈ રડે! એને કોઈએ આશ્વાસન પણ આપ્યું નહિ. પણ પછી ભગવાનને દયા આવી. એટલે છેક મધરાતે, ગામ આખું ઊંઘતું હતું ત્યારે ભગવાને એને હાથમાં લઈ એના કાનમાં ફૂંક મારી– ત્યારે બાપડીના જીવમાં જીવ આવ્યો! આવું છે ડુંગળીનું માહાત્મ્ય! આપણા એક કવિએ તો 'ધન્ય ડુંગળી રાણી! રાજાની પટરાણી!' કહી ડુંગળીને બિરદાવતી કવિતા લખી છે. વાંચી છે તેં એ? ન વાંચી હોય તો કાલે હું તને વંચાવીશ.'

પરાગ માત્ર સાંભળી રહ્યો, એ કંઈ બોલ્યો નહિ.

એટલે ભટાએ હસીને કહ્યુંઃ 'આવે છે ને અમારી જોડે ઉજાણીમાં?'

પરાગે દૃઢ સ્વરે કહ્યુંઃ 'ના.'

જટાએ કહ્યુંઃ 'કેમ, ના?'

પરાગે કહ્યુંઃ 'ભગવાને લસણ-ડુંગળીને અભક્ષ્ય વસ્તુ ગણી ખાવાની ના કહી છે.'

જટાએ કહ્યુંઃ 'એવા કેવા ભગવાન છે તારા? નવાઈના આકાશમાંથી ઊતરી આવ્યા છે કે શું?'

પરાગે કહ્યુંઃ 'મારા ભગવાન છે શ્રીજીમહારાજ સહજાનંદ સ્વામી. સ્વામિનારાયણ નામે તેઓ જગપ્રસિદ્ધ છે. તેમણે 'શિક્ષાપત્રી' નામે એક ગ્રંથ સ્વહસ્તે લખ્યો છે. તેમાં સ્પષ્ટ આજ્ઞા કરી છે કે લસણ-ડુંગળી આદિ અભક્ષ્ય વસ્તુ ખાવી નહિ, બ્રાહ્મણે તો કદાપિ નહિ!'

આ સાંભળી જટો-ભટો જોરથી હસી પડ્યા. કહેઃ 'કાલે તો તારા ભગવાન કહેશે કે જન્માષ્ટમી પર જુગાર રમાય છે તે ન રમવો, શિવરાત્રિ પર ભાંગ પીવાય છે તે ન પીવી, પત્તાં રમવાં નહિ, બીડી-સિગરેટ પીવી નહિ, હોકો-તમાકુને અડવું નહિ! હા હા હા હા!'

પરાગે તરત કહ્યુંઃ 'કાલે કહેશે એમ નહિ, એ પણ કહેલું જ છે. ભગવાને સ્પષ્ટ આજ્ઞા કરી છે કે જુગટું તથા વ્યસન માત્રનો ત્યાગ કરવો. ભાંગ, માજમ, ગાંજો વગેરે કેફ કરનારી વસ્તુ ખાવી નહિ અને પીવી પણ નહિ. પત્તાં, પાન, બીડી, તમાકુ, હોકો— આ બધાં વ્યસનો છે. એક વાર એની લતમાં પડેલો માણસ સહેલાઈથી એમાંથી છૂટી શકતો નથી અને અંતે ખુવાર થાય છે.'

'ઓહોહો! તું તો જાણે મોટો પંડિત થઈ ગયો!'

પરાગે કહ્યુંઃ 'પંડિત શાનો વળી? હું તો માત્ર એક સાધારણ વિદ્યાર્થી છું. વિદ્યાર્થી તરીકે મને વિદ્યામાં રસ છે, સંસ્કારમાં રસ છે, તેથી જે કંઈ મારા જાણવામાં આવે છે તે

અનાયાસે તમને કહેવાઈ જાય છે.'

ભટા-જટાએ કહ્યું: 'તારું એ જ્ઞાન તારી પાસે રાખ, અમારે એની જરૂર નથી. અમને વિદ્યામાં રસ છે, તે કરતાં મોજથી જીવવામાં વધારે રસ છે. મોજથી જીવવું એ જ મહત્ત્વનું છે. વિદ્યા પણ મોજથી જીવવા માટે જ પ્રાપ્ત કરવાની છે. ખાવું-પીવું ને મોજ કરવી એ જીવનનો હેતુ છે અને વિદ્યાનો પણ એ જ હેતુ છે. આ તને કહી દીધું. સમજાય તો સમજ. મોટા મોટા માણસો પણ આ જ કહે છે. બસ, તબિયતથી ખાઓ, પીઓ ને મોજ કરો! માટે વેવલાવેડા છોડ અને અમારી સાથે ખાઈ-પી મોજ કર! આજનો લહાવો લીજિયે રે, કાલ કોણે દીઠી છે?'

પરાગે કહ્યું: 'જે માત્ર આજને જ જુએ છે તે ટૂંકી દૃષ્ટિવાળો છે. પગ નીચેની ભોંયને જરૂર જુઓ, પણ નવું ડગલું માંડવાનું છે તે ભોંય પણ જુઓ, નહિ તો કઈ ઘડીએ ખાડામાં જઈ પડશો તે કહેવાય નહિ.'

'વેદિયો! બોચિયો!' કહી ભટો-જટો ખી ખી ખી કરી હસતા હસતા ચાલી ગયા.

***

તે દિવસે સાંજે પરાગ સંતનાં દર્શન કરવા ગયો, ત્યારે તેની વાત સાંભળી સંતે કહ્યું: 'ભાઈ, જીભના સ્વાદે કરીને માણસે કેટકેટલું ગુમાવ્યું છે! શ્રીજીમહારાજે સાધુજીવન ઈચ્છનારાને ખાસ આજ્ઞા કરી છે કે **રસના ઈંદ્રિયને તો જીતવી જ. (શિક્ષાપત્રી, ૧૮૯)** શ્રીજીમહારાજે જ્યારે ધર્મ સ્થાપનની ઘોષણા કરી ત્યારે તેમણે સંતોને ખૂબ કડક નિયમો આપ્યા હતા અને ભિક્ષામાં જે કંઈ મળે તે બધું ભેગું કરી તેનો ગોળો વાળી

જમવાની આજ્ઞા કરી હતી. આજે પણ આપણા સંતો આવું નિઃસ્વાદ વ્રત પાળે છે. ઈશ્વરે મનુષ્યને જે અંગો આપ્યાં છે તેમાં જીભ અદ્‌ભુત અંગ છે. તે બેવડું કામ કરે છે– સ્વાદ લેવાનું અને બોલવાનું. એ બંને કામમાં વિવેકની જરૂર છે. બોલવામાં જો વિવેક ન રહે તો જીભ પાણીમાં આગ લગાડી દે અને સ્વાદ પર અંકુશ ન રહે તો શરીરને અનેક રોગદોગનું ઘર બનાવી દે!'

થોડી વાર અટકી તેમણે આગળ ચલાવ્યું:

'શ્રીજીમહારાજના સંતો ખૂબ ચીવટથી આ આજ્ઞા પાળતા. અજ્ઞાની લોકો આપણા સાધુઓને ખૂબ સતાવતા. સાધુઓ ભિક્ષા માગવા જાય ત્યારે અનાડી લોકો તેમની ઝોળીમાં ધૂળઢેફાં નાખે અને જે કંઈ થોડી ભિક્ષા મળી હોય તેને નકામી કરી નાખે. દુષ્ટો સાધુને મારેપીટે પણ ખરા, પણ સાધુ બચાવ માટે પણ હાથ ઊંચો ન કરે. અસહ્ય ત્રાસ પણ સહન કરી લે અને મોટેથી બોલે: 'મહારાજ, અમને હેરાન કરનારનું કલ્યાણ કરજો!'

'એવા પણ અનેક પ્રસંગો બન્યા છે જ્યારે મહારાજના સાધુઓને કોઈ દિવસ પાશેર અન્ન ખાવા મળ્યું, તો કોઈ વાર એટલું યે ન મળ્યું! એક વાર સાધુઓએ મહારાજને લખ્યું કે આના કરતાં તો સદંતર ઉપવાસ કરવા સારા! અમને ઉપવાસની રજા આપો!'

જવાબમાં શ્રીજીમહારાજે લખ્યું: 'અન્ન ત્યાગ કરતા નહિ, હતાશ થતા નહિ! હજી તો અમારે તમારી પાસે ઘણાં કામ કરાવવાં છે!'

સંતોને ખ્યાલ આવી ગયો કે જગતના કલ્યાણ અર્થે

ભગવાને અવતાર ધર્યો છે તેમાં અમારે ય કંઈ વિશિષ્ટ ભાગ ભજવવાનો છે. શું ભાગ ભજવવાનો છે તેની અમને ભલે ખબર ન હોય, પણ શ્રીજીમહારાજ એ જાણે છે અને એ પ્રમાણે અમને દોરે છે! માટે જેને કલ્યાણનો ખપ છે તેણે તો પ્રાણ હોડમાં મૂકીને પણ એમની આજ્ઞાને અનુસરવું.

આ વિષે શ્રીજીમહારાજે એક વાર સાધુઓને એક દૃષ્ટાંત કહ્યું હતું તે જાણવા જેવું છે.

એક સદ્‌ગુરુ હતા. તેમને રોજ મૂઠી ચોખા મળતા. તે ખાઈને એ રહેતા, અને ભગવાનનું ધ્યાન-ભજન કરતા.

એક વાર એક માણસ એમનો શિષ્ય થવા આવ્યો. કહેઃ 'મને આપની સેવામાં રાખો!'

ગુરુએ કહ્યુંઃ 'જો ભાઈ, મારું માંડ પૂરું થાય છે, તું અહીં શું ખાઈને રહેશે?'

શિષ્યે કહ્યુંઃ 'ભાતનું ઓસામણ પીને હું રહીશ.'

ગુરુએ કહ્યુંઃ 'ભલે, તો રહે!'

થોડા દિવસ પછી બીજો માણસ આવ્યો. કહેઃ 'મને આપની સેવામાં રાખો!'

ગુરુએ કહ્યુંઃ 'તું અહીં શું ખાઈને રહેશે?'

બીજા શિષ્યે કહ્યુંઃ 'રાંધતા પહેલાં જે પાણીથી ચોખા ધોવાય છે તે પાણી પીને હું રહીશ.'

ગુરુએ કહ્યુંઃ 'ભલે, તો રહે!'

થોડા વખત પછી ત્રીજો માણસ આવ્યો. કહેઃ 'મને આપની સેવામાં રાખો!'

ગુરુ કહેઃ 'તું અહીં શું ખાઈને રહેશે?'

ત્રીજો જણ કહેઃ 'આપ જમી રહેશો ત્યારે આપની

પતરાળી ધોઈ હું મારું પેટ ભરીશ. મારે તો કોઈ રીતે આપનો સત્સંગ જોઈએ છે.'

ગુરુ કહેઃ 'ઠીક, તો રહે!'

કથાનક પૂરું કરી શ્રીજીમહારાજ કહે છે કે સત્સંગનો ખપ હોય, જ્ઞાનનો ખપ હોય, જીવના ઉદ્ધારનો ખપ હોય તેનામાં આવી દૃઢતા જોઈએ.

શ્રીજીમહારાજની પ્રત્યેક આજ્ઞા સંતો જીવ સાટે પાળતા. આ સંતો નદી-તળાવમાં ધોવાતાં શાકભાજીનાં પાંદડાં વીણી લાવી ભિક્ષા ભેગાં ચોળીને ખાતા, કોઈ વાર નદી-તળાવની લીલી લીલી શેવાળ ખાઈ ચલાવ્યું છે. શ્રીજીમહારાજમાં તેમને એવી અચળ આસ્થા કે જેમ વધારે તકલીફો પડે, જેમ વધારે દુઃખ પડે તેમ તેમની દૃઢતા વધે. મહારાજની આજ્ઞા હતી કે અગવડો દેખો ત્યાં રહેજો! આવી આજ્ઞાનું તાત્પર્ય એ કે જ્યાં વધુ અગવડો ત્યાં સમજવું કે અજ્ઞાન વધારે છે અને જ્યાં અજ્ઞાન વધારે ત્યાં તમારી વધારે જરૂર છે એમ સમજવું. ઔષધની જરૂર માંદાને હોય છે, સાજાને નહિ, તેવી રીતે જ્યાં અજ્ઞાન છે, વહેમ છે, દુષ્ટતા છે, દુરાચાર છે ત્યાં સંતોની હાજરીની અને સત્સંગની વધારે જરૂર છે તેમ સમજવું. શ્રીજીમહારાજના સાધુ-સંતોનું આવું અનોખું વ્યક્તિત્વ હતું.

વાત પૂરી કરી સંતે શિક્ષાપત્રીનું એક પાનું ઉઘાડી પરાગને કહ્યું: 'આ વાંચ!'

પરાગે મોટેથી વાંચ્યું:

**જુગટું આદિક જે વ્યસન તેનો ત્યાગ કરવો અને ભાંગ, મફર, માજમ, ગાંજો આદિક જે જે કેફ કરનારી વસ્તુ તે ખાવી નહિ અને પીવી પણ નહિ! (૧૮)**

હવે સંતે બીજું પાનું બતાવી કહ્યું: 'હવે આ વાંચ!'

પરાગે મોટેથી વાંચ્યું:

**ડુંગળી અને લસણ આદિક જે અભક્ષ્ય વસ્તુ તે બ્રાહ્મણ જાતિ હોય તેણે કોઈ પ્રકારે ન ખાવું. (૧૮૬)**

**અંતઃ શત્રુ જે કામ, ક્રોધ, લોભ અને માન આદિક તેમને જીતવા, અને સર્વે જે ઈંદ્રિયો તે જીતવી અને રસના (જીભ) ઈંદ્રિયને તો વિશેષે કરીને જીતવી. (૧૮૮-૧૮૯)**

---

## સાક્ષીએ સહિત વ્યવહાર ૭

પરાગે રમતગમતમાં પોતાનું અને શાળાનું નામ રોશન કર્યું હતું. તેથી શાળામાં સૌ તેના પ્રત્યે માનની દૃષ્ટિથી જોતા. તેની સાથે ઊઠ-બેસ રાખવામાં વિદ્યાર્થીઓને પ્રતિષ્ઠા મળતી હતી. આ પ્રતિષ્ઠાના લોભે ભટો તેના પ્રત્યે આકર્ષાયો હતો અને તેની સાથેનો સંબંધ તેણે વધાર્યો હતો, પણ પરીક્ષાની ચોરીનો પેલો પ્રસંગ બન્યા પછી પરાગને લાગ્યું કે ભટો 'કીમિયાગર' છે અને એવાની દોસ્તી રાખવામાં જોખમ છે, તેથી તે તેનાથી બને એટલું દૂર રહેતો હતો.

ભટો પરાગની સાથે હરતો-ફરતો હતો ત્યાં લગી તેને પોતાના સ્વચ્છંદી આચારવિચારમાં મર્યાદા રાખવી પડતી હતી, પણ પરીક્ષાના બનાવ પછી પરાગે તેની સાથેનો સંબંધ કાપી નાખ્યો હતો, તેથી હવે ભટાએ પણ મર્યાદાને વહેતી મૂકી હતી, અને ફાવે તેમ વર્તવા માંડ્યું હતું.

બીડી-સિગરેટના શોખમાંથી તેને પત્તાબાજીનો શોખ જાગ્યો હતો અને પત્તામાંથી તે જુગારમાં ઊતરી પડ્યો હતો. જુગારની શરૂઆતમાં એને રમાડનારાઓએ એને જાણી જોઈને જીતવા દીધો હતો– એમ કરવામાં એમનો ઇરાદો એને ઊંડા પાણીમાં ખેંચવાનો હતો. ભટાને એનું ભાન નહોતું. એ સમજતો હતો કે હું મારી હોંશિયારીથી જીતું છું. આવી જીતને લીધે ભટાને થઈ ગયું કે આ તો ખૂબ સરસ! વગર મહેનતે પૈસા જ પૈસા!

પરિણામ એ આવ્યું કે એને જુગારનો બરાબર ચસકો લાગી ગયો. હવે એ જીતવા કરતાં વધારે હારતો હતો અને જેમ હારતો તેમ વધારે જુસ્સાથી રમતો અને વધારે હારતો. કોઈ વાર તો ઘણી મોટી રકમો હારી જતો. જુગારમાં એને દેવું પણ થઈ ગયું હતું. તે માટે તેને તત્કાળ પૈસાની જરૂર હતી. એ માટે એણે બરાબર મોકો જોઈને પરાગનો સંપર્ક સાધ્યો.

એણે કહ્યુંઃ 'દોસ્ત, ગમે તેમ કર, મને પચીસ રૂપિયા ઉછીના આપ!'

પરાગ તે વખતે શાળાના સ્ટોરમાં કેટલાંક પુસ્તકો ખરીદવા જતો હતો, એટલે તેની પાસે પૈસા હતા. તેણે કહ્યુંઃ 'લાચાર! આજે મારે કેટલાંક પુસ્તકો ખરીદ્યા વિના ચાલે તેમ નથી.'

ભટાએ કહ્યુંઃ 'હું એ સમજું છું, છતાં વિનંતી કરું છું– કાલે તો તને હું તારા પૈસા પાછા આપી જ દઈશ. મારી ખાતર પુસ્તકો એક દિવસ મોડાં ખરીદજે, એટલી મહેરબાની કર!'

કોઈ કરગરે તે પરાગને ગમતું નહિ. બીજાની તકલીફ જોઈ તેને લાગી આવતું. તેણે કહ્યુંઃ 'કાલે પૈસા ચોક્કસ પાછા આપશે?'

હસીને ભટાએ કહ્યુંઃ 'એક વાર મારા મોંમાંથી વચન નીકળી ગયું, પછી એમાં મીનમેખ નહિ!'

તે જ વખતે પરાગે ખિસ્સામાંથી પૈસા કાઢીને ભટાને દઈ દીધા.

'વાહ દોસ્ત!' કહી પરાગનો ખભો થાબડી ભટો ચાલતો થયો.

ક્યાં?

સીધો જુગારના અડ્ડામાં!

જુગારમાં જીતી એને પચીસના પાંચસો કરવા હતા.

પણ અડધા કલાકમાં જ એ પચીસે રૂપિયા જુગારમાં ખોઈ બેઠો.

બીજે દિવસે પરાગે ભટાને બહુ ખોળ્યો, પણ એ દેખાયો જ નહિ.

ત્રીજે દિવસે પણ દેખાયો નહિ.

તેણે જટાને પૂછ્યુંઃ ‘જટા, ભટો કેમ દેખાતો નથી?’

જટાએ કહ્યુંઃ ‘એનું કોઈ સગું અચાનક બીમાર થઈ ગયું છે, એટલે એ બહારગામ ગયો છે!’

પરાગે પૂછ્યુંઃ ‘ક્યારે આવશે?’

જટાએ કહ્યુંઃ ‘બીમારી મટે ત્યારે! અને બીમારી ક્યારે મટશે તે હું કેમ કહી શકું? હું કંઈ જોષી નથી કે વૈદ નથી.’

પરાગને આ જવાબ ગમ્યો નહિ, પણ તે ચૂપ રહ્યો.

વળી કેટલાક દિવસ વીતી ગયા. ભટો દેખાયો નહિ.

પરાગે તપાસ કરી તો એને ખબર પડી કે ભટો ગામમાં જ હતો અને કંઈ ને કંઈ બહાને શાળામાં આવવાનું ટાળતો હતો. જટો જાણી જોઈને એને ખોટા જવાબ આપતો હતો.

એણે હવે ભટાની બરાબર તલાશ કરવા માંડી. એણે જોયું તો ભટો અમુક ચોક્કસ સમયે ચોક્કસ જગાએ જતો હતો. એક દિવસ અચાનક એણે એને પકડી પાડ્યો. એકદમ એની સામે ધસી જઈને એણે કહ્યુંઃ ‘ભટા, મારા પચીસ રૂપિયાનું શું?’

ભટાએ નવાઈ દેખાડી કહ્યુંઃ ‘તારા પચીસ રૂપિયાનું શું તે તું જાણે કે હું જાણું?’

પરાગે કહ્યુંઃ 'પેલે દિવસે તારે જરૂર હતી ને તેં મારી પાસેથી પચીસ રૂપિયા બીજે દિવસે પાછા આપવાનું કહીને ઉછીના લીધેલા અને હજી મને પાછા આપ્યા નથી તેની હું વાત કરું છું.'

જાણે કોઈ અદ્‌ભુત વાત સાંભળતો હોય તેમ ચમકવાનો દેખાવ કરી ભટો બોલ્યોઃ 'શું કહે છે? મેં તારી પાસે પચીસ રૂપિયા ઊછીના માગેલા? અને તેં મને આપેલા? સ્વપ્નું તો નથી આવ્યું ને? ભાંગબાંગ તો નથી પીધી ને? કે પછી પેલા બાવા પાસેથી કોઈને ગળે પડવાની વિદ્યા શીખ્યો છે? વાહ રે, હું તો તને પ્રામાણિક છોકરો સમજતો હતો!'

પરાગને જાણે કોઈએ છાતી પર સાંગ મારી હોય તેવો આઘાત થયો.

તેણે કહ્યુંઃ 'તેં કરગરીને માગ્યા અને પુસ્તકો ખરીદવાનું મોકૂફ રાખી મેં તને પચીસ રૂપિયા આપ્યા— મારા પૈસાની હું ઉઘરાણી ન કરું?'

ભટાએ કહ્યુંઃ 'તે કરને, જેને તેં ધીર્યા હોય તેની પાસે કર! મને એની સાથે શું લાગેવળગે?'

'પણ મેં પૈસા તને આપ્યા છે.' પરાગે 'તને' પર ભાર દઈને કહ્યું.

'મને? ક્યારે આપ્યા? કોઈ સાક્ષી?'

'સાક્ષી તું ને હું!'

'વાહ, સાક્ષી તું ને હું! તું ને હું! આટલું જ કહેવાથી જો રૂપિયા મળી જતા હોય તો હું યે કહું છું કે મેં તને પેલા દિવસે બસો રૂપિયા ઉછીના આપ્યા છે અને તેં હજી તે પાછા વાળ્યા

નથી, તો આજે આપ!' ભટાએ કહ્યું.

પરાગે મરણિયા બની કહ્યું: 'મેં તને રૂપિયા આપ્યા છે ને હું માગું છું.'

ભટો કહે: 'હું પણ એમ જ કહું છું– મેં તને રૂપિયા આપ્યા છે ને હું માગું છું. તારા પચીસ કાપીને મારા પોણા બસો અબઘડી દઈ દે. અત્યારે તારી પાસે ન હોય તો કાલે આપજે. મને તારો વિશ્વાસ છે. અત્યારે હું બહુ કામમાં છું. વધારે રોકાવાનો મને વખત નથી.'

આમ કહી પરાગને મૂંઝાયેલો મૂકી હસતો હસતો એ ચાલી ગયો.

પરાગ જડસડ થઈ ગયો. આવી વાત કહેવી કોને તે ય તેને સૂઝ્યું નહિ. એ પૈસાથી જે પુસ્તકો ખરીદવાનાં હતાં તે હવે નહિ ખરીદાય, અને પુસ્તકો બીજાની પાસેથી કે ગ્રંથાલયમાંથી લાવીને વાંચવાં પડશે. તેનું યે દુઃખ નહોતું, દુઃખ હતું ભટાએ એને જૂઠો અને અપ્રામાણિક કહ્યો તેનું.

આ દુઃખથી એની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં.

એ સીધો સંત હરિભક્તદાસની પાસે ગયો અને વાત કરતાં રડી પડ્યો.

સંતે તેના મસ્તક ઉપર હાથ મૂકી તેને આશ્વાસન આપ્યું. પછી કહ્યું: 'શ્રીજીમહારાજે સમગ્ર ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છમાં સદાચાર અને સદાચરણની એવી ભરતી આણી હતી કે તે વખતની અંગ્રેજ સરકાર પણ તેમના આ પ્રભાવથી પ્રભાવિત થઈ ગઈ હતી. અમદાવાદના અંગ્રેજ હાકેમે સામે ચાલીને શ્રીજીમહારાજનું સામૈયું કર્યું હતું. શ્રીજીમહારાજની ઇચ્છા

અમદાવાદમાં મંદિર બાંધવાની હતી એ જાણ્યા પછી અમદાવાદના ગોરા હાકેમે તેમને જમીન આપવાનું કહ્યું, ત્યારે શ્રીજીમહારાજે લખત કરીને જ તે જમીન સત્સંગ માટે લીધી હતી. શ્રીજીમહારાજની સ્પષ્ટ આજ્ઞા હતી કે પિતા-પુત્ર વચ્ચેનો કે મિત્ર-મિત્ર વચ્ચેનો પૈસાટકા કે માલમિલકતને લગતો વ્યવહાર હોય તો એમાં બેઉ પક્ષે અવશ્ય લખત કરવું જોઈએ અને એ લખતના સાક્ષીઓ પણ હોવા જોઈએ. વેવિશાળ અને લગ્ન વ્યવહારમાં પણ આવું લખત હોવું જોઈએ. કોઈનું આપણે કંઈ દેવું કર્યું હોય અને તે ચૂકતે કર્યું હોય તો તે ચૂક્તે કર્યાની વાત પણ છાની ન રાખવી. દેવું કરીએ તે ય છાનું ન રાખવું અને દેવું ચૂક્તે કરીએ તે ય છાનું ન રાખવું.'

'શ્રીજીમહારાજ માત્ર અગિયાર વર્ષની બાળવયે ઘર છોડી નીકળી ગયા હતા. તેમને સંસાર વ્યવહારની આ આંટીઘૂંટીઓની કેમ કરી સમજ પડી હશે? એવો પ્રશ્ન થાય, પણ જેને હસ્તક આખી સૃષ્ટિનો વ્યવહાર છે તેને કશું અજાણ્યું નથી, તેને કશું શીખવું પડતું નથી.'

આમ કહી સંતે 'શિક્ષાપત્રી' ઉઘાડી કહ્યું: 'આમાંથી આ ત્રણ શ્લોકો વાંચ– ૧૪૩, ૧૪૪, ૧૫૨.'

પરાગે મોટેથી વાંચ્યું:

**સાક્ષીએ સહિત લખત કર્યા વિના તો પોતાના પુત્ર અને મિત્રાદિક સાથે પણ પૃથ્વી અને ધનનાં લેણદેણે કરીને વ્યવહાર, જે તે ક્યારેય ન કરવો. (૧૪૩)**

**અને પોતાનું અથવા બીજાનું જે વિવાહસંબંધી કાર્ય, તેને વિષે આપવા યોગ્ય જે ધન, તેનું સાક્ષીએ સહિત લખત કર્યા**

વિના કેવળ બોલી જ ન કરવી. (૧૪૪)

અને પોતા પાસે કોઈ કરજ માગતો હોય અને તે કરજ દઈ ચૂક્યા હોઈએ, તે વાતને છાની ન રાખવી, તથા પોતાનો વંશ તથા કન્યાદાન તે પણ છાનું ન રાખવું; અને દુષ્ટ એવા જે જન તેમની સાથે વ્યવહાર ન કરવો. (૧૫૨)

## શ્રીજીમહારાજ પ્રત્યે સમર્પણભાવ ૮

એક વાર પરાગે સંત હરિભક્તદાસજીના ચરણમાં મસ્તક મૂકી કહ્યું: 'સ્વામી, આપનો મારા પર એટલો બધો ઉપકાર છે કે જ્યારે હું તેનો વિચાર કરું છું ત્યારે મને તમારા પર ઓળઘોળ થઈ જવાનું મન થાય છે અને આપને માટે હું શું કરું અને શું નહિ એમ થાય છે!'

સંતે તેના ખભા પર હાથ મૂકી કહ્યું: 'સ્વાભાવિક છે, વત્સ! માતાપિતા બાળકનું લાલનપાલન કરી તેને ઉછેરે છે, તેની નાની-મોટી જરૂરિયાતો પૂરી કરે છે, તેને ભણાવે ગણાવે છે; તેનામાં પોતાની રુચિ, આવડત અને શક્તિ પ્રમાણે સંસ્કારનું સિંચન કરે છે. પરંતુ ગુરુ તે કરતાં કંઈ વિશેષ કરે છે. સાધારણ રીતે માબાપ બાળકની સ્થૂળ જરૂરિયાતો જુએ છે, જ્યારે ગુરુ તેની આત્મિક જરૂરિયાતો જુએ છે; ગુરુની નજર કેવળ શિષ્યનાં તનમન પર નહિ, એના સમગ્ર અસ્તિત્વ પર હોય છે. શિષ્ય જ્યારે આ સમજે છે ત્યારે તેનું અંતર ગુરુ પ્રત્યે અત્યંત આદરથી ભરાઈ જાય છે; તેનામાં પૂજ્યભાવ જાગૃત થાય છે અને તે યોગ્ય જ છે. એકલા શિષ્યમાં જ આવો આદરભાવ પેદા થાય છે તેવું નથી, ગુરુમાં પણ આજ્ઞાંકિત અને નિષ્ઠાવાન શિષ્યને જોઈને ભાવ પેદા થાય છે. પરસ્પરના આ ભાવ વગર વિદ્યાનું કે ગુણનું આદાનપ્રદાન શક્ય નથી.'

'ભગવાન જ્યારે શ્રીજીમહારાજ રૂપે પૃથ્વી પર વિચરણ

કરતા હતા, ત્યારે તેમની વાણી સાંભળીને કે તેમનાં દર્શન કરીને તો ઠીક, પણ તેમની નાનકડી એક ચેષ્ટા જોતાં કે તેમની પાદુકા જોતાં કે તેમની જયેષ્ઠિકા (લાકડી)નું દૂરથી દર્શન થતાં સંતો અને હરિભક્તોનાં અંતર ભાવાવેગથી ઊછળી આવતાં, તેમનામાં અપૂર્વ સુખાનુભવની ભરતી ચડતી. ભક્તોને થતું કે શ્રીજીમહારાજ માટે શું કરીએ અને શું નહિ!'

પરાગે હાથ જોડી પ્રાર્થના કરીઃ 'સ્વામી, મને સંતો-હરિભક્તોનાં આવાં કથાનકો સાંભળવાં બહુ ગમે છે.'

સંતે કહ્યુંઃ 'તેનું પણ એક કારણ છે. સંતો-હરિભક્તોની કથાઓ એ નિષ્ઠાની અને સર્વસમર્પણની કથાઓ છે. વળી તે બધી ઘટનાઓ આપણી નજર સમક્ષ જ બની હોય એટલી તાજી છે. આપણી પૌરાણિક કથાઓ જેવી એ દૂરની નથી, પણ અતિ નિકટની, હાથ લાંબો કરીને પકડી લઈએ એટલી બધી નિકટની છે અને તત્કાલીન કવિઓ, લેખકો, સંતો, આચાર્યોએ એ પ્રમાણિત કરેલી છે. આ કથાઓના શ્રવણથી મનુષ્યના આચારવિચાર અને જીવતરનું ઘડતર થાય છે. અત્યારે હું તને એવું એક પાવનકારી કથાનક કહું છું તે સાંભળ!

સૌરાષ્ટ્રમાં બાલા નામે એક નાનકડા ગામમાં એક બાઈ રહેતી હતી. બાઈ વિધવા હતી અને ગૌધનની સેવાચાકરી કરી બે દીકરાઓને મોટા કરતી હતી. બાઈ શ્રીજીમહારાજની ભક્ત હતી અને રાત ને દિવસ કામકાજ કરતી વખતે તેની જીભે મહારાજનું નામ રહેતું અને અંતરમાં મહારાજને પ્રસન્ન કરવાની અભિલાષા રહેતી. જ્યારે ને ત્યારે એ ગાયા કરેઃ

**હાં રે મારે આજ પ્રીતમ ઘેરે આવશે,**
**હાં રે મને હેતે કરીને બોલાવશે જી રે.**
**મારે આજ પ્રીતમ ઘેરે આવશે.**

એક વાર એવું બન્યું કે શ્રીજીમહારાજ એ ગામમાં પધાર્યા અને બાઈની આરજૂનો જવાબ દેતા હોય તેમ બાઈને ઘેર જઈ ઊભા. ઘરઆંગણે શ્રીજીમહારાજ પધાર્યા એ જોઈને બાઈ તો હરખથી ગાંડીઘેલી થઈ ગઈ. એણે દોડીને મહારાજને ફૂલડે વધાવી લીધા અને ઘરમાં બાજઠ ઉપર બિરાજમાન કરી એમની આરતી ઉતારી, પૂજન કર્યું.'

બાઈ એવી ભાવવિભોર બની ગઈ હતી કે એ બોલી ઊઠીઃ 'મહારાજ, મારે તમને કંઈક દેવું છે.'

મહારાજે હસીને કહ્યુંઃ 'તમારે કશું જ દેવાની જરૂર નથી. અમારી સ્પષ્ટ આજ્ઞા છે કે જે ખાધેપીધે સુખી હોય અને જેને પોષાતું હોય તે પોતાની પદરની કમાણીમાંથી ધર્મકાર્ય માટે દશમો ભાગ આપે, નબળો હોય તે વીસમો આપે, પણ વિધવા સ્ત્રીએ પોતાનો દેહનિર્વાહ થાય એટલું જ ધન હોય તો તે ધર્મકાર્ય માટે પણ આપવું નહિ. તમારી સ્થિતિ હું જાણું છું. તમે માંડ તમારું પૂરું કરો છો, વળી તમારે માથે બે દીકરાઓને ઉછેરી મોટા કરવાનો ભાર છે.'

બાઈએ કહ્યુંઃ 'ભાર વળી મારે માથે કેવો? અને હું વળી ક્યાં પૂરું કરું છું? પૂરું તો તમે કરો છો! અને આપે ન દેવાની આજ્ઞા કરી પણ દેવું હોય તેણે ય ન દેવું એવી આજ્ઞા ક્યાં કરી છે?'

શ્રીજીમહારાજ હસ્યા. કહેઃ 'સારું, દેનાર દે, પણ લેનાર ન લે તો?'

બાઈ કહેઃ ‘ન કેમ લે? ભગવાન થઈને ભક્તની ભક્તિ લેવાની ના કહેતો હશે ખરો? ભગવાનનું એવું ભૂંડું મારાથી તો નહિ બોલાય, મા!’

શ્રીજીમહારાજ હસ્યા. તેમણે કહ્યુંઃ ‘ભલે, તો કહો, શું દેવું છે?’

બાઈએ પટ કહ્યુંઃ ‘તમે કહો તે દઉં!’

‘તમે કહો એ દઉં’ સાંભળી ગામના બીજા ભક્તો જે ત્યાં હાજર હતા તે નવાઈ પામ્યા. બધા મનમાં હસીને કહેઃ ‘બાઈ માંડ માંડ પોતાનું ને છોકરાઓનું પૂરું કરે છે તે વળી શ્રીજીમહારાજને શું દેવાની છે? પાછી કહે છે કે તમે કહો તે દઉં! વાહ રે બાઈ, અનંત બ્રહ્માંડોનો જે માલિક છે તેને તું કહે છે કે તમે કહો તે દઉં! ચોખંડ પૃથ્વીના રાજા-મહારાજાઓ જેની આગળ ખોબો ધરીને યાચના કરતા ઊભા રહે છે તેને તું કહે છે કે તમે કહો તે દઉં!’

ત્યાં તો મહારાજનો મધુર સ્વર સંભળાયોઃ ‘તો એમ કરો, મા! તમને જે વહાલામાં વહાલું હોય તે મને આપો!’

બાઈ રાજી રાજી થઈ ગઈ. કહેઃ ‘ભગવાનને તો વહાલામાં વહાલું જ અપાય ને!’

તેણે ઘરમાં ચારે બાજુ નજર કરી. માટીનાં બેચાર હાંલ્લાં અને બેચાર કોઠલા સિવાય બીજું કંઈ હતું નહિ, પણ આવું કંઈ શ્રીજીમહારાજને દેવાય? તેણે આંગણામાં નજર કરી તો ત્યાં ગાય બાંધેલી હતી. આ ગાય એને ખૂબ વહાલી હતી, એના પર જ એના ઘરનો આધાર હતો. એને થયું દઈ દઉં એ ગાય શ્રીજીને?

પણ શ્રીજીએ તો વહાલામાં વહાલું હોય તે દેવાનું

કહ્યું છે.

વિચાર કરતાં એને મરણમૂડી તરીકે જાળવી રાખેલા કેટલાક રૂપિયા અને દાગીના યાદ આવ્યા. તેને થયું કે આ દાબડો જ મહારાજને દઈ દઉં!

એટલામાં બાઈના બે દીકરા બહાર રમવા ગયા હતા તે આવી ગયા. તેમણે માને ઘરમાં કંઈ ખોળંખોળ કરતી જોઈ પૂછ્યું: 'મા, શું ખોળો છો?'

બાઈએ કહ્યું: 'આપણે ઘેર ભગવાન પધાર્યા છે.'

છોકરાઓએ કહ્યું: 'પધાર્યા જ છે તો! અમે એમને પગે લાગીને જ અંદર આવ્યા. મહારાજ અમને બેઉને જોઈને હસ્યા! મા, આવું હસતાં ભગવાનને જ આવડે હોં!'

આ સાંભળી બાઈ વધારે ખુશ થઈ. તેણે કહ્યું: 'દીકરાઓ, મહારાજે મને કહ્યું છે કે તને જે વહાલામાં વહાલું હોય તે મને આપ!'

બંને દીકરાઓએ કહ્યું: 'તો દઈ દેને, મોડું શીદ કરે છે?'

બાઈએ બંને દીકરાઓના મસ્તક પર હાથ ફેરવી કહ્યું: 'પહેલાં મને થયું કે મને ગાય વહાલી છે, પછી થયું કે ના, ધન વહાલું છે; અને હવે થાય છે કે ના, મને–'

'મને શું, મા? તને જે વહાલામાં વહાલું હોય તે ઝટ દઈ દેને! આવો અવસર ફરી નહિ આવે!'

'નહિ જ આવે!' કહી બાઈએ બંને દીકરાઓને સોડમાં લઈ કહ્યું: 'મને વહાલામાં વહાલા છો તમે બે!'

તરત દીકરાઓએ કહ્યું: 'તો અમને બેઉને દઈ દે! અમારાં એવાં ભાયગ (ભાગ્ય) ક્યાંથી કે અમે મહારાજના થઈએ?'

હવે બાઈએ બેય દીકરાઓને એકને જમણે હાથે અને

બીજાને ડાબા હાથે વહાલથી પકડીને મહારાજની સામે ધરી કહ્યુંઃ 'મહારાજ, મને વહાલામાં વહાલા આ બે દીકરા છે, તે હું તમારી સેવામાં સમર્પિત કરું છું. સ્વીકારો!'

આમ કહી એણે બેય દીકરાઓના કપાળમાં કંકુના ચાંલ્લા કરી તેમને મહારાજના ચરણમાં ધરી દીધા. જોનારા સ્તબ્ધ થઈ ગયા. ગજબ કર્યો આ અકિંચન બાઈએ!

મહારાજે હાથ લંબાવી બેયને પોતાના પડખામાં ખેંચી લીધા ને કહ્યુંઃ 'મા, તમારી વહાલામાં વહાલી ચીજ આજથી મારી પણ વહાલામાં વહાલી થઈ! તમારા આ દીકરાઓ સત્સંગના સ્તંભ બની ઝળહળશે અને અસંખ્ય જીવોને કલ્યાણના માર્ગે લઈ જશે.'

મહારાજનો કંઠસ્વર પણ ભક્તો પ્રત્યેની અપાર કરુણાથી ભીનો થયો.

પરાગ એકદમ તાળી પાડી બોલી ઊઠ્યોઃ 'વાહ, કેવું ભવ્ય સમર્પણ!'

તેણે પૂછ્યુંઃ 'સ્વામી, શું નામ એ બાઈનું? આટલી બધી એમની સમજ છે, તો શાસ્ત્રજ્ઞાન પણ હશે ને?'

સંતે કહ્યુંઃ 'કમનસીબે એ બાઈનું નામ ક્યાંય ગ્રંથસ્થ નથી, પણ તેથી શું? નામ વિના સત્સંગમાં બાઈનું જે 'નામ' થયું છે તે અપૂર્વ ઘટના છે અને શાસ્ત્રજ્ઞાનની બાબતમાં કહું તો બાઈ કાંઈ ભણેલીગણેલી નહોતી, પણ એને શ્રીહરિનું જેવું કોઠાજ્ઞાન થયું હતું તેવું જ્ઞાન તો શાસ્ત્રોનો ગઢ જીતનારાઓને ય ભાગ્યે જ થતું હશે. બાઈ એક વાત બરાબર સમજી હતી કે ભગવાનને પૂરા ભાવે ભજવા, જગતમાં જે કંઈ છે તે બધું ભગવાનનું જ સ્વરૂપ છે, ભગવાન જ કર્તાહર્તા, માલિક છે.

એ જ એક માત્ર સત્ય છે, બીજું બધું અસત્ય છે. એક વાર જેણે ભગવાનનું શરણ લીધું એણે પછી પોતાનું કરીને રાખવા જેવું કંઈ રહેતું જ નથી.'

થોડી વાર અટકી સંતે કહ્યુંઃ આવું સમર્પણભાવનું બીજું પણ એક દૃષ્ટાંત કહું. આમાં નામઠામ બરાબર જાણીતાં છે.

રતનપુર કરીને એક ગામમાં જસમત પટેલ કરીને એક ખેડૂત રહેતો હતો. એ શ્રીજીમહારાજનો ભક્ત હતો. ઘેર ગાયો, ભેંશો ને બળદોનો પાર નહોતો. આમ એ ખાધેપીધે સુખી હતો. સંતાનમાં પટેલને માત્ર એક દીકરો હતો. નામ એનું મોહન.

મોહન પચીસ વર્ષનો થયો. બાપને ખેતીના અને ઘરના કામમાં એ ખૂબ મદદરૂપ હતો. બાપની પેઠે એ પણ શ્રીજીનો ભક્ત હતો અને સત્સંગની આજ્ઞાઓનું બરાબર પાલન કરતો હતો.

હવે બન્યું એવું કે મોહનનો આયુષ્યકાળ પૂરો થવા આવ્યો. પટેલને કંઈ ખબર નથી. દીકરાને પણ કંઈ ખબર નથી. એ શરીરે સાજોતાજો ને સ્વસ્થ છે, પણ ભગવાનની ગતિવિધિ ભગવાન સિવાય બીજું કોણ જાણે?

એક રાતે જસમત પટેલ આંગણામાં ઢોલિયો ઢાળી સૂતા હતા ત્યાં મધરાતે શ્રીજીમહારાજ માણકી ઘોડી પર સવાર થઈને પધાર્યા અને ઘોડી પર બેઠાં બેઠાં જ તેમણે હાથમાંની છડી લાંબી કરીને પટેલે માથે ઓઢેલું તે ખેંચી કાઢ્યું.

પટેલ સફાળા જાગી ગયા અને મહારાજને જોઈ એકદમ આનંદ ઉલ્લાસમાં આવી એમના પગે પડ્યા અને બોલવા લાગ્યાઃ 'ધન ભાયગ મારાં! ધન ભાયગ મારાં!'

મહારાજે કહ્યું: 'ભગત, તમારાં ભાયગ તો મોટાં છે. તમારા દીકરા મોહનને અક્ષરધામમાં અમારી સેવામાં લઈ જવાના છે.'

આનો અર્થ એ થયો કે દીકરો દેહ તજી દેવાનો છે.

કોઈ પણ માણસ આવું સાંભળી આઘાત પામે, પણ પટેલે કહ્યું: 'મને ય ભેળો લઈ જાઓને, મહારાજ!'

મહારાજે કહ્યું: 'તમારે હજી વાર છે, પણ એનો સમય થઈ ગયો છે, તેથી તમને પૂછવા આવ્યો છું કે તમે રજા આપો તો લઈ જાઉં, નહિતર નહિ!'

એકનો એક જુવાન દીકરો જેના સહારે ખેતીવાડી, ઘરબાર, ઢોરઢાંખર બધું સંભાળાતું હતું તેને કાયમને માટે જતો કરવાનો હતો, પણ ભગત કહે: 'મહારાજ, જેવી આપની ઇચ્છા! દીકરો કંઈ અવળે મારગે જતો હોય તો રોકું, પણ ભગવાનનો તેડ્યો ભગવાનના ધામમાં જતો હોય તેને કેમ રોકું? ગામનો ઠાકોર એના ઘરના કામે બોલાવે તો ના નથી કહેવાતી, ત્યારે આ તો અનંત કોટિ બ્રહ્માંડનો ધણી જાતે આવી આજ્ઞા કરે છે, તેને ના કેમ કહેવાય? રાજીખુશીથી લઈ જાઓ, મહારાજ! આ તો લક્ષ્મી ચાંલ્લો કરવા આવી હોય એવું મને તો લાગે છે!'

મહારાજ પ્રસન્ન થયા. તેમણે કહ્યું: 'તો તૈયાર રહેજો! કાલે બપોરે ત્રણ વાગે!'

આટલું કહી મહારાજ અંતર્ધાન થઈ ગયા.

પટેલે રાતે ને રાતે દીકરાને જગાડી આ વાત કરી.

છોકરો એ જ વખતે માળા લઈને બેસી ગયો અને ભગવાનના સ્મરણ ચિંતનમાં ડૂબી ગયો ને બીજા દિવસે

શ્રીજીમહારાજે કહેલા સમયે શ્રીજીમહારાજનું નામ જપતાં જપતાં એણે દેહ છોડી દીધો. દેહ છોડતાં પહેલાં એકદમ હરખમાં આવી જઈ એ બોલી ઊઠ્યોઃ 'બાપા, શ્રીજીમહારાજ મને તેડવા આવ્યા છે, હું જાઉં છું.'

દિલ્હીનું રાજપાટ મળે તો ય રાજી ન થાય એટલા પટેલ આજે રાજી હતા. તેમણે ગામમાં ઘેરઘેર ખોબે ખોબે સાકર વહેંચી. દીકરો અક્ષરધામમાં ગયો એ કંઈ જેવી તેવી વાત હતી!

આખું ગામ આ અદ્‌ભુત ઘટના જોઈ આશ્ચર્યમાં પડી ગયું.

સૌએ પ્રત્યક્ષ જોયું કે શ્રીજીમહારાજના ભક્તો જેમ હસતે મોઢે જીવી જાણે છે તેમ હસતે મોઢે મરી પણ જાણે છે– જીવન અને મૃત્યુનું રહસ્ય તેમને સમજાયું છે એમાં શંકા નહિ!

પરાગ રોમેરોમ પ્રસન્ન થઈ ગયો.

સંતે હવે શિક્ષાપત્રી ઉઘાડી તે પરાગના હાથમાં આપી કહ્યુંઃ 'આ વાંચ!'

પરાગે મોટેથી વાંચ્યુંઃ

**અને જે ગૃહસ્થાશ્રમી સત્સંગી, તેમણે પોતાની જે વૃત્તિ અને ઉદ્યમ તે થકી પામ્યું જે ધન ધાન્યાદિક તે થકી દશમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો; અને જે વ્યવહારે દુર્બળ હોય, તેમણે વીસમો ભાગ અર્પણ કરવો. (૧૪૭)**

**અને તે વિધવા સ્ત્રીઓ, તેમણે પોતાના ઘરમાં પોતાના જીવનપર્યંત દેહનિર્વાહ થાય એટલું જ જો ધન હોય, તો તે ધન, જે તે ધર્મકાર્યને વિષે પણ ન આપવું, અને જો તેથી અધિક હોય તો આપવું. (૧૬૭)**

અહીં શ્રીજીમહારાજે દુન્યવી ધનનો દશમો-વીસમો ભાગ આપવાનું કહ્યું છે, પણ એની પાછળની ભાવના સર્વ સમર્પણભાવની છે, જે અંતરંગ ભક્તો બરાબર સમજે છે ને તે પ્રમાણે વર્તે છે તે આપણે ઉપરનાં બે દૃષ્ટાંતોમાં જોયું.

## પાખંડ ધર્મનો વિરોધ

૯

એક વાર પરાગ ગામની એક દૂરની શેરીમાં થઈને જતો હતો ત્યાં તેણે બચાવો! બચાવો!ની ચીસો સાંભળી.

જોયું તો બાજુના ઘરમાંથી એ ચીસો આવતી હતી.

તે ઘર આગળ લોકોનું મોટું ટોળું ભેગું થયેલું હતું.

ટોળામાં ઘૂસીને પરાગે જોયું તો એક માણસ એક બાઈનો ચોટલો ઝાલી તેના ઉઘાડા વાંસા પર ચાબખા મારતો હતો અને ભયાનક ઘોંટાં પાડી બાઈને કહેતો હતોઃ 'બોલ, કોણ છે તું? અહીંથી જાય છે કે નહિ?'

પરાગે બાજુમાં ઊભેલા માણસોને પૂછ્યું તો ખબર પડી કે એ ભૂવો છે અને બાઈને ભૂત વળગ્યું છે તે કાઢે છે!

પરાગે કહ્યુંઃ 'પણ એ બાઈને મારે છે શું કરવા?'

પેલા માણસે કહ્યુંઃ 'એ બાઈને નથી મારતો, ભૂતને મારે છે. ભૂત બાઈના શરીરમાં પેઠું છે તે માર ખાઈ ખાઈને છેવટે ભાગી જશે અને બાઈ સાજી થઈ જશે. જો, સાંભળ, હવે બાઈ શું કહે છે.'

બાઈની પીઠ ચાબખા ખાઈ ખાઈને લોહીલુહાણ થઈ ગઈ હતી. તે હાથ જોડી રોતી કકળતી કહેતી હતીઃ 'બાપજી, તમે કહો એ નામ બોલું, મને છોડો!'

ભૂવાએ ખી ખી ખી હસીને કહ્યુંઃ 'હવે કેવું કબૂલ કર્યું? તું મોનિયાની વહુ મોતલી છે, ખરું ને?'

બાઈએ ડોકું હલાવી હા કહી. ભૂવાએ ભેગા થયેલા

લોકો સામે વિજયની દૃષ્ટિ કરી.

પછી તેણે બાઈને કહ્યુંઃ 'બોલ, હવે તારે આ શરીરમાંથી જાવું છે કે ફરી આ ચાબખો ચલાવું?'

બાઈએ કહ્યુંઃ 'ના, બાપજી, ના, તમે જેમ કહો તેમ કરીશ. કહેશો તો કૂવે પડીશ ને કહેશો તો ઝેર પીશ.'

ભૂવાએ કહ્યુંઃ 'બસ, મોતલી, સાંભળ! હું તને બે મહિનાની મુદત આપું છું. બે મહિના પછી જો તું દેખાઈ છે તો તારાં નાક-કાન કાપી તારી એવી વલે કરીશ–'

વચમાં જ બાઈ બોલીઃ 'ના, બાપજી, ના! તમારો હુકમ હું નહિ ઉથાપું!'

હવે બાઈનાં સગાંએ ભૂવાને કહ્યુંઃ 'બે મહિનાની મુદત શા સારુ આપો છો?'

એમને નહિ ખબર કે ભૂવો પોતાનું ઘરાક એકદમ હાથમાંથી છૂટી જાય એવું ઇચ્છતો નહોતો.

ભૂવાએ હસીને કહ્યુંઃ 'મુદત આપવી પડે. કોરટમાં જજ સાહેબ પણ મુદત આપે છે.'

સામાએ કહ્યુંઃ 'દરમિયાન એ કંઈ આડું-અવળું કરશે તો?'

'તો હું ક્યાં મરી ગયો છું? હર મંગળવાર-શનિવારે હું અહીં ખબર કાઢવા આવીશ. તમે એ વખતે નૈવેદ તૈયાર રાખજો!' ભૂવાએ કહ્યું.

બાઈ મારથી અધમૂઈ થઈ ઢગલો થઈને નીચે પડી હતી. તેને ઊંચકીને કેટલાક માણસોએ ઘરમાં લઈ જઈને સુવાડી.

ભૂવો નૈવેદ અને દક્ષિણા લઈ વિદાય થયો– થોડા રૂપિયા અને એક કૂકડો!

પરાગે ભૂવાઓ અને ભૂતપ્રેત વિષે સાંભળ્યું તો ઘણું

હતું, પણ નજરે જોયું આજે.

તે વિચારમાં પડી ગયો કે ભૂત શું ને ભૂવો શું? માર પડે છે બાઈને અને ભૂવો કહે છે કે હું ભૂતને મારું છું, બાઈને નહિ! વળી ભૂવો ભૂતને બે મહિનાની મુદત આપી પોતાનાં નૈવેદની અને દક્ષિણાની બે મહિનાની જોગવાઈ કરી લે છે! લોકો મૂંગા મોંએ બધું જોઈ રહે છે ને ભૂવો કહે તેમ ડોકી હલાવે છે. મને તો આમાં પાખંડ લાગે છે. લોકો અજ્ઞાન અને વહેમથી પીડાય છે અને પાખંડી એમના અજ્ઞાનનો લાભ લઈ પોતાનો સ્વાર્થ સાધે છે.

સાંજે સંતનાં દર્શને ગયો ત્યારે પરાગે તેમને આ ઘટનાની વાત કરી.

વાત સાંભળી સંત થોડી વાર વિચારમાં પડી ગયા. પછી કહેઃ ભાઈ, આપણો દેશ પરદેશી હકૂમતની પકડમાંથી છૂટ્યો, પણ હજી અજ્ઞાન અને વહેમની પકડમાંથી છૂટ્યો નથી. આજે આપણા દેશની આ હાલત છે, તો બસો વર્ષ પહેલાં કેવી હશે તેની કલ્પના કરો! લોકો ભૂવાનાં ડાકલાં, દોરાધાગા, જંતરમંતર, શૂકન-અપશૂકન, ભૂતપ્રેત, ડાકણશાકણ વગેરેમાં માનતા. માંદા પડે ત્યારે વૈદને છોડી ભૂવાને કે બાવાને બોલાવે. બાવો અષ્ટમ્ફષ્ટમ્ બોલી જંતરમંતર કરી કાળો દોરો મંતરી આપે ને તે દરદીના હાથે, પગે કે ડોકે– છેવટે ખાટલાના પાયે બાંધે, અને માને કે બાવાનો આ દોરો દરદીને સાજો કરી દેશે. મોટા ભાગનો તાવતરિયો ગંભીર પ્રકારનો હોતો નથી, એની મેળાએ તે મટી જાય છે. એવું થાય ને દરદી સાજો થાય તો બાવાને મોં માગ્યું ધન મળે અને જો ભોગજોગે દરદી મરી ગયો તો એમાં બાવાનો

કોઈ દોષ કાઢે જ નહિ, કહેશે કે એનું નસીબ એવું!

આવા બધા બાવા-વૈરાગીઓનાં ઝૂંડનાં ઝૂંડ તે વખતે ફરતાં હતાં. કેવા હતા એ બાવાઓ જાણવું છે? ગાંજો, ભાંગ, અફીણનું સેવન કરવાવાળા, સાથે બાવીઓને લઈને ફરવાવાળા, વિનયવિવેકને દેશનિકાલ કરી ઘમંડનો ટોપ પહેરી ફરવાવાળા, વાતવાતમાં આંખો કાઢનારા, ગાળો દેનારા, ચીપિયો પછાડનારા, ધર્મશાસ્ત્રો અને યોગના નામે જંતરમંતર, દોરાધાગા, કામણટૂમણની વાતો કરી લોકોને ભયભીત કરનારા!

શ્રીજીમહારાજની સ્પષ્ટ આજ્ઞા હતીઃ 'પરમાત્મા સૌથી મોટા છે. પરમાત્માની જ બધે સત્તા છે, માટે દોરાધાગા, જંતરમંતર, બાધાઆખડ બધું છોડો અને એક ભગવાનનું જ શરણ લો! ભગવાનની ઇચ્છા વિરુદ્ધ કોઈને જીવાડવા-મારવાની કોઈ દેવદેવી કે ભૂતભૈરવની તાકાત નથી. મૂએલાંને જીવતાં કરવાં અને જીવતાંને મારી નાખવાં– એ વિષે તો એક પરમેશ્વર નારાયણ જ સમર્થ છે. માટે હરિભક્તોએ એકમાત્ર ભગવાનના જ ભરોસે રહેવું.'

એક વાર એક હરિભક્ત માંદો પડ્યો. બેચાર દિવસ લગી તાવ ઊતર્યો નહિ ત્યારે એનાં સગાંવહાલાંએ કોઈ બાવાવૈરાગીને બોલાવી દોરો મંતરાવી લીધો. હરિભક્તને એની ખબર પડી નહિ.

બનવાકાળ તે બીજે દિવસે તાવ ઊતરી ગયો.

બાવાજી કહેઃ 'જોયો મારો ઇલમ? એક ફૂંકે તાવને તગડી મેલ્યો!'

હરિભક્તે એ સાંભળ્યું ત્યારે તેણે બાવાને કહ્યુંઃ

'બાવાજી, તમારા હુકમથી તાવ આવતો-જતો હોય તો એને પાછો મારા શરીરમાં મોકલો!'

બાવો દાંત કચકચાવી કહેઃ 'મારો મોકલ્યો તાવ તને ખાઈ જશે!'

હરિભક્ત કહેઃ 'ભલે ખાઈ જાય! તમારા મંતરતંતરના નામે સાજા થવા કરતાં હું મરવું પસંદ કરું છું. મને તો એક સ્વામિનારાયણનો જ આશરો છે. તે જેમ રાખે તેમ હું રહીશ.'

બાવાજીએ ફરી ફરી જટા પછાડી શાપ પર શાપ દીધો કે 'તારું ધનોતપનોત નીકળી જશે. હું એવો તાવ મેલીશ કે તું બીજી સવાર જોવા નહિ પામે!'

હરિભક્તે કહ્યુંઃ 'એવું જ કરો, બાવાજી!'

બાવાજીએ જટા છોડી નાખી કંઈ કંઈ ખેલ કર્યા, શાપ પર શાપ દીધા, પણ ભક્તને ફરી તાવ આવ્યો નહિ.

બાવાજીનું પાખંડ ઉઘાડું થઈ ગયું.

એક વાર શ્રીજીમહારાજ એક જણની માંદગીમાં એને જોવા ગયા, પણ જઈને જોયું તો દરદીના ખાટલાના પાયાને એક કાળો દોરો બાંધેલો હતો. તરત જ મહારાજ ત્યાંથી પાછા વળી ગયા.

કહેઃ 'જ્યાં વહેમ, જ્યાં દોરોધાગો, ત્યાં હું કેમ ઊભો રહી શકું? હરિને અને વહેમને એક સાથે ભજી શકાશે નહિ. હરિને ભજવા હશે તો વહેમની પકડમાંથી છૂટવું જ પડશે.'

તે જમાનામાં લગ્ન વખતે ફટાણાં ગાવાનો, ગાળો બોલવાનો રિવાજ હતો. શ્રીજીમહારાજે તે બંધ કરાવી તેની જગાએ નંદ સંતોએ રચેલાં ગરબીનાં કીર્તનો મંગળ ગીતો તરીકે ગવાતાં કર્યાં હતાં. હોળીના તહેવારોમાં પણ

પુષ્કળ એલફેલ બોલવા-ચાલવાનું થતું. તે પણ તેમણે બંધ કરાવ્યું હતું અને શુદ્ધ નીતિનિયમોવાળા ફૂલડોલના ઉત્સવો શરૂ કર્યા હતા.

પરાગ પ્રસન્ન ચિત્તે આ બધું સાંભળી રહ્યો હતો.

તેણે કહ્યુંઃ 'જનજીવન પર એની ખૂબ જ અસર થઈ હશે.'

'થઈ જ. મહારાજે શરૂ કરેલા એ ઉત્સવો, સમૈયાઓ આજે પણ એટલા જ આનંદ ઉલ્લાસથી સંપ્રદાયનાં તીર્થસ્થળોમાં ઉજવાય છે. હજારો હરિભક્તો અને સંતો એમાં ભાગ લે છે.'

હરિભક્તોની શ્રીજીમહારાજ પ્રત્યેની નિષ્ઠા પણ કેવી અખંડ હોય છે!

પરાગે કહ્યુંઃ 'કૃપા કરી એકાદ દૃષ્ટાંત કહો!'

સંતે કહ્યુંઃ 'સૌરાષ્ટ્રમાં દંતડ કરીને એક ગામમાં ગોપાળભાઈ વેકરિયા કરીને એક ખેડૂત હતા. લોકો એમને ગોપાળ ભગત કહેતા. મોટી ઉંમર સુધી તેમને ઘેર પારણું ન બંધાયું ત્યારે તેમનાં પત્નીનું મન સંતાનની ઝંખનાથી ચંચળ બની ગયું.'

તેવામાં ફરતો ફરતો એક બ્રાહ્મણ તેમના આંગણે આવી ચડ્યો. સાદ પાડી કહેઃ 'હું માતાજીનો ચુંદડિયો ભગત છું, અગમનિગમનું દેખું છું અને માતાજીની કૃપાએ ભીખ ભેગું બીજાનું ભલું કરું છું.'

ગોપાળ ભગતનાં પત્ની આ સાંભળી ઘરમાંથી બહાર આવી કહેઃ 'મહારાજ, જોષ જુઓ છો?'

બ્રાહ્મણે કહ્યુંઃ 'જોઉં છું. મારો જોયેલો જોષ કદી ખોટો પડ્યો નથી. પડે તો જનોઈવઢ ડામ દઉં!' આમ કહી

જનોઈ દેખાડી.

બાઈને ખાતરી થઈ ગઈ કે અસલ બ્રાહ્મણ. એણે કહ્યુંઃ ‘તો મારો જોષ જુઓ, મહારાજ! મારા નસીબમાં દીકરો છે કે નહિ તે કહો.’

આટલા પરથી જ બ્રાહ્મણ જે સમજવાનું હતું તે સમજી ગયો. તેણે ટીપણું કાઢ્યું અને પ્રશ્નનો સમય નક્કી કરી આંગળીના વેઢા ગણવા માંડ્યા. પછી ગંભીર મોં કરી કહેઃ ‘બાઈ, તમારો શનિ વક્રી છે અને મંગળની પનોતી છે. માતાજીને ચુંદડી-ચોખા અને નૈવેદ ધરાય તો માતાજીની કૃપા થાય અને રૂડોરૂપાળો કનૈયા જેવો કુંવર ઘરમાં રમતો થાય! થન થન નાચે બાળકનૈયો! આહા!’

બાઈનું મન એકદમ લોભાઈ ગયું. તેણે ખુશ થઈ બ્રાહ્મણે માગ્યા પ્રમાણે રેશમી ચુંદડીના, કંકુ-નાળિયેરના અને નૈવેદના પૈસા આપ્યા. સાથે બ્રાહ્મણને માગી દક્ષિણા પણ આપી.

બ્રાહ્મણ મનમાં કહેઃ ‘આજનો દિવસ સુધરી ગયો.’

‘માતાજી દીકરો દેશે!’ કહી એ ચાલી ગયો.

બન્યું એવું કે વરસ દિવસ પછી બાઈએ દીકરાને જન્મ આપ્યો.

પેલો બ્રાહ્મણ આવી બધી ખબર રાખતો હતો. દીકરો થયાનું જાણ્યું એટલે એ ખુશ થતો થતો વધામણી લેવા આવી પહોંચ્યો.

પણ એના નસીબે આજે ગોપાળ ભગત ઘેર હતા.

‘જે માતાજી! દુઃખડાં હરનારી! દીકરા દેનારી! ચુંદડિયાળી મા!’ કહી એ ભગતની સામે બેઠો.

પટલાણીએ બ્રાહ્મણને ઓળખ્યો. હરખમાં તેઓ

ઘરમાંથી પારણામાં સૂતેલા છોકરાને લઈ આવ્યાં.

બ્રાહ્મણે કહ્યું: ‘બહેન, માતાજીની બાધા ફળીને? માતાજીએ દીકરો દીધો ને? મારાં માતાજી હાજરાહજૂર છે, તમે નૈવેદ-ચૂંદડી ધરો એટલે માતાજી તમારી મનોવાંછના પૂરી કરે જ. હવે તમારે માતાજીને એક કૂકડાનું નૈવેદ ધરવું પડશે— માતાજી તમારી લીલી વાડી કરશે.’

પટલાણી કંઈ બોલે તે પહેલાં ગોપાળ ભગતે કહ્યું: ‘એટલે શું આ દીકરો મને તારાં માતાજીએ દીધો છે? તારાં માતાજીએ દીધો હોય તો લઈ જા એને, મારે એ ન જોઈએ! મારે તો મારો સ્વામિનારાયણ ભગવાન દેનારો બેઠો છે. તેનું જ દીધું હું ખાઉં છું ને પહેરું-ઓઢું છું!’

બ્રાહ્મણ તો આ સાંભળી સડક થઈ ગયો.

તેણે તતપપ કરી કહ્યું: ‘એમ આકળા ન થાઓ, ભગત! તમારાં ઘરવાળાએ માતાજીની બાધા રાખી માતાજીને ચૂંદડી-નૈવેદ ધર્યાં હતાં ને માતાજીએ દીકરો દીધો— દીવા જેવી વાત છે!’

ભગતે કહ્યું: ‘દીવા જેવી વાત તો એ છે કે માતાજી, માતાજી કરી તું પાખંડ રમી ગયો અને મારા ઘરમાં અંધશ્રદ્ધા ઘુસાડી ગયો! મારે નહિ જોઈએ એ પાખંડ! તારાં માતાજીએ દીધેલો દીકરો તું લઈ જા, મને તો દેવાવાળો હજાર હાથવાળો બેઠો છે. મારે તો કોઈ દેવી કે માતાજીનું કામ નથી ને તારું યે નથી.’

બે-ત્રણ માસના ધાવણા બાળકને લઈ જઈને એ શું કરે! બ્રાહ્મણ હવે બરાબરનો સલવાયો.

એણે કહ્યું: ‘મને દક્ષિણા ન આપવી હોય તો ન આપશો, માતાજીને ચૂંદડી-નૈવેદ ન ધરવાં હોય તો ન ધરશો, હું જાઉં છું.’

ત્યાં તો ભગતે પડકાર કર્યો: 'જાય છે ક્યાં? આ ધોકો જોયો છે? એક પડતાં તું લાંબોસોડ થઈ જશે. માટે ભગવાન માથે રાખીને સાચું બોલ– આ દીકરો તારાં માતાજીએ દીધો છે કે મારા ભગવાને?'

બ્રાહ્મણે કહ્યું: 'તમારા ભગવાને!'

ભગતે કહ્યું: 'સાત વખત બોલ કે તમને દીકરો તમારા ભગવાને દીધો છે, મારાં માતાજીએ નહિ!'

બ્રાહ્મણ સાત વખત એ પ્રમાણે બોલ્યો ત્યારે એનો છૂટકો થયો. જતાં જતાં બ્રાહ્મણે કહ્યું: 'માતાજીનો આ પ્રસાદ લો; હું એ તમારા માટે જ લાવ્યો હતો.'

ભગતે એકદમ લાલ આંખ કરી કહ્યું: 'જીવતા જીવનો ભોગ લેતી હોય એવી કોઈ માતાજીનો પ્રસાદ મારે નહિ જોઈએ.'

બ્રાહ્મણ તરત ત્યાંથી વિદાય થઈ ગયો.

આ કથાનક સાંભળી પરાગને ખૂબ હસવું આવ્યું.

પછી સંતે 'શિક્ષાપત્રી' ઉઘાડી તે પરાગના હાથમાં મૂકી કહ્યું: 'આમાંથી આ ત્રણ શ્લોક વાંચ!' પરાગે મોટેથી વાંચ્યું:

**અને જે દેવતાને સુરા અને માંસનું નૈવેદ્ય થતું હોય અને વળી જે દેવતાની આગળ બકરા આદિક જીવની હિંસા થતી હોય તે દેવતાનું નૈવેદ્ય ન ખાવું. (૨૨)**

**સત્સંગીએ પરધર્મનું આચરણ ન કરવું તથા પાખંડ ધર્મનું આચરણ ન કરવું તથા કલ્પિત ધર્મનું આચરણ ન કરવું. (૨૪)**

**અને ચોર, પાપી, વ્યસની, પાખંડી, કામી તથા કીમિયા આદિક ક્રિયાએ કરીને જનનો ઠગનારો– એ છ પ્રકારના જે મનુષ્ય, તેમનો સંગ ન કરવો. (૨૭)**

## પોતે પોતાનાં વખાણ કરવાં નહિ ૧૦

એક વાર પરાગ સ્વામી હરિભક્તદાસજીની સાથે વાર્તાલાપમાં બેઠો હતો. તેવામાં હાથમાં રૂપાની છડીવાળા માણસે આવી જાહેર કર્યું કે મહામંડલેશ્વરજી પધારે છે!

અતિથિનો સત્કાર કરવા માટે સંતજી ઊભા થઈ બહાર આવ્યા ત્યારે સામે શણગારેલા હાથી પર રૂપાની અંબાડીમાં બિરાજમાન એવા મહામંડલેશ્વરની સવારી નિશાન ડંકા સાથે ચાલી આવતી હતી. તેમની ચારે બાજુ તેમના ચેલાઓ વિધવિધ ધજાપતાકાઓ ફરકાવતા તેમનો જયઘોષ કરતા હતા.

મહાવતે હાથીને નીચે બેસાડ્યો, સેવકોએ ચાંદીની નિસરણી ગોઠવી અને મહામંડલેશ્વર એ નિસરણી પર થઈને ધીરે ધીરે નીચે ઊતર્યા.

સંતે પ્રણામ કરી તેમનો સત્કાર કર્યો.

મહામંડલેશ્વર અંદર પધાર્યા. સંતે પોતાના આસન પર તેમને બિરાજવા વિનંતી કરી. મહામંડલેશ્વરના એક સેવકે એ આસન પર વ્યાઘ્રચર્મ પાથર્યું અને મહામંડલેશ્વર એની ઉપર બિરાજ્યા. તેમની બાજુમાં એક બીજા આસન પર સંત બેઠા.

મહામંડલેશ્વરના સેવકો આજુબાજુ ગોઠવાઈ ગયા. દરેકના હાથમાં ચાંદીએ મઢેલાં ત્રિશૂળ હતાં.

પરાગ એક ખૂણે સંકોચાઈને ઊભો.

પછી વાર્તાલાપ ચાલ્યો.

શરૂઆત મહામંડલેશ્વરે કરી. તેમણે કહ્યું: 'સાધુજી, તમને

હોનહાર સમજી તમારા હિતનાં બે વેણ કહેવા હું આવ્યો છું. માત્ર આ માટે જ અમારું અહીં આગમન થયું છે, બાકી, આવી રીતે અમે અહીં આવીએ-જઈએ નહિ, તમને જ ત્યાં બોલાવીએ, પરંતુ લોકોને અમારી સવારીનાં દર્શનનો લાભ મળે અને તમારું કેવું મોટું સદ્‌ભાગ્ય છે તેનો તેમને ખ્યાલ આવે એ હેતુથી અમે અહીં પધારવાનું પસંદ કર્યું છે.'

સંતે નમ્રભાવે કહ્યુંઃ 'આપની ઘણી કૃપા!'

મહામંડલેશ્વરે કહ્યુંઃ 'એ કૃપા પર બીજી વિશેષ કૃપા કરવા ધાર્યું છે. તમે આ વેદવિરુદ્ધ ધર્મ છોડી અમારા શરણે આવી જાઓ, અમારા ચેલા બની જાઓ! અમે તમને ત્રિશૂળાધિપતિ બનાવીશું.'

સંતને તો માથા પર જાણે કોઈએ કુહાડો માર્યો હોય એવી વેદના થઈ.

તે કંઈ બોલ્યા નહિ.

મહામંડલેશ્વરે કહ્યુંઃ 'મેં સાંભળ્યું છે કે તમારામાં વક્તૃત્વશક્તિ છે, પણ એ વક્તૃત્વશક્તિની સાથે તમારામાં સમજશક્તિ છે કે નહિ તેની આ પરીક્ષા છે.'

સંત કંઈ બોલ્યા નહિ.

પોતાના શબ્દોની ધારી અસર થઈ છે એવું સમજી મહામંડલેશ્વર જોરમાં આવ્યા. તેમણે કહ્યુંઃ 'તમારો સ્વામિનારાયણ ધર્મ એ સાચો ધર્મ નથી. તમે સ્વામિનારાયણી સાધુઓ સાચા સાધુઓ નથી. તમારો 'શિક્ષાપત્રી' ગ્રંથ મોં-માથા વિનાનો છે. તમે લોકો સ્ત્રી-પુરુષના ભેદ કરો છો. શાસ્ત્રમાં એવો ભેદ કરવાનું કહ્યું નથી. સ્ત્રી-પુરુષ બંનેને ભગવાને સરજ્યાં છે, બંનેને સંતોનાં દર્શન કરવાનો, તેમને

પગે લાગવાનો અને તેમનો ઉપદેશ સાંભળવાનો સરખો અધિકાર છે. તમે તેમના એ અધિકારનો ઇનકાર કરી સ્વયં ભગવાનનું અપમાન કરો છો. કાંઈ સમજાય છે હું શું કહું છું તે? હું હિમાચલનો મહામંડલેશ્વર છું, કંઈ જે તે નથી! મારો શબ્દ પ્રમાણ છે.'

સેવકોએ ઉત્સાહમાં આવી મહામંડલેશ્વરની જે (જય) બોલાવી.

હવે સંત બોલ્યા. તેમણે કહ્યુંઃ 'આપની કૃપા હું પ્રત્યક્ષ જોઉં છું. આપ મહામંડલેશ્વર છો તે પણ પ્રત્યક્ષ જોઉં છું. મને આપનો ચેલો બનાવવા તત્પર બનેલી આપની જે મહાકૃપા, તેને પણ હું પ્રત્યક્ષ જોઉં છું, પણ હું નમ્રભાવે કહું છું કે હું આપની એવી કૃપા-મહાકૃપાને લાયક નથી. હું એક સામાન્ય સાધુ છું અને શ્રીજીમહારાજનો શરણાપન્ન છું. શ્રીજીમહારાજે સ્ત્રી-પુરુષનો કંઈ ભેદ કર્યો નથી, પણ સ્ત્રી-પુરુષ સંબંધી મર્યાદા આંકી છે. સાધુઓ માટે તેમણે અષ્ટાંગ બ્રહ્મચર્યની આજ્ઞા કરી છે જે શાસ્ત્રવિહિત છે. એથી ઊલટું છે તે શાસ્ત્રવિરુદ્ધ છે. સંસાર નિર્મળ બને, સાધુસમાજ નિષ્કલંક રહે, સ્ત્રી અને પુરુષ પોતપોતાની મર્યાદામાં રહી પોતપોતાનાં નિહિત (ગોઠવાયેલા) કર્મ—ગૃહસ્થ ધર્મ, સાધુ ધર્મ વગેરેનું પાલન કરે એ શ્રીજીમહારાજની આજ્ઞા પાછળનો હેતુ છે. સાધુસંતો અષ્ટાંગ બ્રહ્મચર્ય પાળે તેમાં ખોટું શું છે? તેમાં આપ મહામંડલેશ્વરને શાસ્ત્રવિરુદ્ધ શું દેખાય છે? અનાચાર અને દુરાચાર શાસ્ત્રવિરુદ્ધ છે, સદાચાર અને સંયમ કદી શાસ્ત્રવિરુદ્ધ હોઈ શકે નહિ. અમે તો સદાચાર અને સંયમના પુરસ્કર્તાઓ છીએ.'

મહામંડલેશ્વર દાંતો તળે હોઠ દાબી સાંભળી રહ્યા હતા; અધીરા બની અધવચ્ચે બોલી ઊઠ્યા: 'બહુ થયું! મોટાની આગળ આજ્ઞાંકિત બની રહેવું જોઈએ એટલું પણ તને ભાન નથી? તમારા લોકમાં આવા કુસંસ્કાર હોય તેમાં કંઈ નવાઈ નથી, પણ મારી કૃપા થતાં તારા એ બધા કુસંસ્કારો ધોવાઈ જશે. તારે સમજવું જોઈએ કે મહામંડલેશ્વરની સામે દલીલ કરવી એ અવિવેકની પરાકાષ્ઠા છે.'

બોલતાં બોલતાં તેમણે પોતાના ચેલાઓ સામે નજર કરી. તરત ચેલાઓ આગની જ્વાળાની પેઠે ભભૂકી ઊઠ્યા અને ત્રિશૂળ ઊંચાં કરી બોલી ઊઠ્યા: 'આજ્ઞા, ગુરુદેવ!'

મહામંડલેશ્વરે હસીને ઈશારો કરી તેમને શાંત કર્યા ને પોતાનું વક્તવ્ય આગળ ચલાવ્યું: 'તારે જાણવું જોઈએ કે મહામંડલેશ્વરની કૃપા સાત જન્મોના પુણ્યે કરીને થાય છે, એ કૃપા સીધી શિર પર ઝીલી લેવી જોઈએ. બોલ, હવે તું શું કહે છે? મારે પગે પડ, મારું શરણ સ્વીકાર, હું હમણાં જ મંત્ર ભણી તને મોક્ષનો અધિકારી કરી દઈશ!'

સંત કંઈ બોલ્યા નહિ.

મહામંડલેશ્વરે કઠોર સ્વરે કહ્યું: 'તારા માટે મહામોક્ષની ચિઠ્ઠી લઈને આવ્યો છું. ઝટ કર!'

સેવકોએ ઉત્સાહમાં આવી મહામંડલેશ્વરની જે (જય) પોકારી.

તો યે સંત સળવળ્યા નહિ.

ત્યારે મહામંડલેશ્વરે ગર્જના કરી: 'બોલતો કેમ નથી?'

હવે સંતે કહ્યું: 'આપ અમારા અતિથિ છો. અતિથિ આગળ વિનયવિવેકથી વર્તવાની શ્રીજીમહારાજની આજ્ઞા છે.'

મહામંડલેશ્વરે કહ્યું: 'અમે કોઈના અતિથિ નથી. મહામંડલેશ્વર જ્યાં જાય ત્યાં સર્વાધીશની હેસિયતથી જાય છે. કશું જ એમની હકૂમત બહાર નથી.'

સંતે કહ્યું: 'તો કરો આજ્ઞા! આપના ભોજન-પાણીનો બંદોબસ્ત કરાવું. અહીં પ્રસાદ લઈને જ જજો!'

મહામંડલેશ્વર સમજી ગયા કે અહીં એમની દાળ ગળવાની નથી, એટલે એકદમ ઊભા થઈ બોલી ઊઠ્યા: 'મહામંડલેશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારો તું ઘોર નરકમાં પડવાનો છે.'

કહી તરત જ તેમણે પગ ઉપાડ્યો. તેમની પાછળ તેમની સેના ચાલી.

બહાર હાથી તૈયાર હતો. નિસરણી મુકાઈ ગઈ ને મહામંડલેશ્વર ચાંદીની અંબાડીમાં સવાર થઈ ગયા. સેવકોએ તેમની જે (જય) બોલાવી.

સંતે શ્રીજીમહારાજને યાદ કરી આ મોંઘા અતિથિને વિદાય આપી.

આખી ઘટનાએ પરાગના ચિત્ત પર ઘેરી અસર કરી હતી.

તેનાથી બોલાઈ ગયું: 'ઘમંડની મૂર્તિ!'

સંત તો જાણે કંઈ બન્યું નથી તેવા સ્વસ્થ હતા. એ ફરી પોતાના આસન પર બિરાજ્યા એટલે પરાગે કહ્યું: 'ગુરુદેવ, આજની ઘટના જોઈ મારું ચિત્ત વ્યગ્ર બની ગયું છે. મહામંડલેશ્વર તો મહાન સાધુઓના સાધુ કહેવાય, એમનામાં આવો અહંકાર! આવું માન-અભિમાન! સામા પક્ષની વાત સાંભળવાની જ નહિ અને પોતાનું કહેવું બધાએ કબૂલવું એવો

આગ્રહ રાખવો? પોતે મન ફાવે તેમ બોલે-ચાલે એનું કંઈ નહિ, અને બીજા સદાચારે સંયમે વર્તે તેનો વિરોધ? ગુરુદેવ, તમે આવું કેમ સહી શક્યા એની મને નવાઈ લાગે છે!'

સંતે કહ્યું: 'ભાઈ, સાધુએ સહનશીલ થવું જ જોઈએ. માણસ માત્રનો એ ધર્મ છે– સાધુનો વિશેષ છે.'

પરાગે કહ્યું: 'આપ જેમ વધારે નમ્ર થતા હતા તેમ એ વધારે ઉગ્ર થતા હતા અને આપને તુંકારે બોલાવતા હતા– જાણે આપ એમના સેવક ન હો!'

સંતે હસીને કહ્યું: 'બીજાએ કેમ વર્તવું એ જોવાનું કામ મારું નથી, પણ મારે કેમ વર્તવું એ મારા હાથની વાત છે. શ્રીજીમહારાજે એ બાબતમાં પૂરેપૂરું માર્ગદર્શન આપેલું છે. લે, આ વાંચ!'

આમ કહી તેમણે 'શિક્ષાપત્રી'નું એક પાનું ઉઘાડી પરાગની સામે ધર્યું ને કહ્યું: 'આ ૬૯મો શ્લોક વાંચ.'

પરાગે મોટેથી વાંચ્યું:

**અને વિનયે કરીને યુક્ત એવા જે અમારા આશ્રિત સત્સંગી, તેમણે ગુરુ, રાજા, અતિ વૃદ્ધ, ત્યાગી, વિદ્વાન અને તપસ્વી એ છ જણ આવે ત્યારે સન્મુખ ઊઠવું તથા આસન આપવું તથા મધુર વચને બોલાવવું ઈત્યાદિ ક્રિયાએ કરીને એમનું સન્માન કરવું. (૬૯)**

વાંચ્યા પછી પરાગે કહ્યું: 'સ્વામી, શબ્દે શબ્દે એ પોતાનો મહિમા કહેતા હતા એ મને ન ગમ્યું.'

સંતે તરત જ 'શિક્ષાપત્રી' ઉઘાડી કહ્યું: 'આ ૩૭મો શ્લોક વાંચ.'

પરાગે વાંચ્યું:

**પોતાના મુખે કરીને પોતાનાં વખાણ ન કરવાં! (૩૭)**

સંતે કહ્યુંઃ 'દીવા જેવી વાત છે આ! પણ માણસ જ્યારે સત્તાધીશ બને છે, ધનાધીશ બને છે, યશાધીશ બને છે ત્યારે તે અત્યંત સાવધ ન રહે તો આ વાત ભૂલી જતો હોય છે. માણસની પાસે ધન ન હોય, સત્તા ન હોય અને બીજું કંઈ બળ ન હોય ત્યારે તે ખૂબ નમ્ર હોય છે, પણ પછી હાથમાં ધન, સત્તા કે પ્રશંસાનું બળ આવતાં એનો કસોટીકાળ શરૂ થાય છે. એ વખતે જો એ વિનમ્ર રહે તો એ તરી જાય છે, નહિ તો સ્વચ્છંદી બની જાય છે, સુબુદ્ધિ ખોઈ બેસી કુબુદ્ધિવાળો બની જાય છે અને વિનાશની ખાઈમાં જઈ પડે છે. શ્રીજીમહારાજે 'શિક્ષાપત્રી'ના નવમા શ્લોકમાં આ કહ્યું છે. લે વાંચ!'

પરાગે વાંચ્યુંઃ

**સદાચારનું ઉલ્લંઘન કરીને જે મનુષ્ય પોતાના મનમાં આવે તેમ વર્તે છે, તે તો કુબુદ્ધિવાળો છે અને તે આ લોક તથા પરલોકને વિષે નિશ્ચય મોટા કષ્ટને જ પામે છે. (૯)**

તે પછી સંતે કહ્યુંઃ 'પોતાના મનમાં આવે તેમ વર્તવું એ કોઈના પણ માટે હિતાવહ નથી– પછી તે ગૃહસ્થ હોય કે સાધુ હોય, નાનો સાધુ હોય કે મોટો મહામંડલેશ્વર હોય. આપણા સંપ્રદાયમાં આનાં ઘણાં ઉદાહરણો છે.'

પરાગે કહ્યુંઃ 'કૃપા કરીને એકાદ-બે કહો.'

સંતે કહ્યુંઃ 'શ્રીજીમહારાજ તે વખતે માત્ર ઓગણીસ વર્ષના હતા અને તાજા જ શ્રી રામાનંદ સ્વામીના શિષ્ય થયા હતા, છતાં તેમની દિવ્ય પ્રતિભાને પામી જઈ રામાનંદ સ્વામીએ પોતાની ગાદી પર આચાર્ય તરીકે તેમની પસંદગી કરી, ત્યારે કેટલાકને તે ગમ્યું નહોતું. તેમાં એક હતા સાધુ

રઘુનાથદાસ અને બીજી હતી બે બાઈઓ— હરબાઈ અને વાલબાઈ. આ બાઈઓ ઉંમરમાં ઘણી મોટી હતી અને પ્રવચનો પણ કરતી, તેથી બધા એમને આદર-માન આપતા હતા, પણ તેથી તો એમનું અભિમાન ખૂબ વધી ગયું હતું.

એક વાર શ્રીજીમહારાજ એક ગામમાં સભા ભરીને બેઠા હતા, ત્યાં આ બાઈઓ પોતાની ભાઈઓ-બાઈઓની મંડળી લઈને આવી અને સીધી જ ગાદી-તકિયા પર ચડી બેઠી. આથી આપણા સાધુઓ ઊઠીને ચાલી ગયા.

શ્રીજીમહારાજે આ બાઈઓને કહ્યું કે તમારી આ રીતભાત બરાબર નથી. તમારે સત્સંગના નિયમમાં રહેવું જોઈએ.

બાઈઓએ કહ્યું: 'તમે આજકાલના અમને શું શિખવનારા? અમે તો પરમહંસ છીએ; તમારો સ્ત્રી-પુરુષનો નિયમ અમને લાગુ પડતો નથી.'

શ્રીજીમહારાજે અનેક પ્રકારે સમજાવવા છતાં બાઈઓએ માન્યું નહિ, ત્યારે શ્રીજીએ તેમને સત્સંગમાંથી વિમુખ કરી.

વિમુખ એટલે બહિષ્કૃત.

બાઈઓએ ગુસ્સે થઈ કહ્યું: 'અમે નવો સંપ્રદાય ચાલુ કરીશું.'

તેમણે એવો પ્રયત્ન કર્યો પણ ખરો, પણ તેમનું કંઈ વળ્યું નહિ.

તેઓ સત્સંગમાંથી ભૂંસાઈ ગઈ. તેમનો આ લોક અને પરલોક બેઉ બગડ્યા.

રઘુનાથદાસની પણ એવી જ હાલત થઈ. એમણે તો વળી એવું ડિંડવાણું ચલાવેલું કે રામાનંદ સ્વામી એમનું

બધું તેજ મારામાં મૂકી ગયા છે અને હું જ ગુરુ છું. શ્રીજીમહારાજે તેને વશમાં રહેવાનું કહ્યું ત્યારે એ કહે કે તમે મારા વશમાં રહો!

પરિણામ એ આવ્યું કે શ્રીજીએ એને વિમુખ કર્યો અને એ ક્યાંયનો ન રહ્યો– ન આ લોકનો, ન પરલોકનો!

અહંકાર, આત્મપ્રશંસા આવી બૂરી ચીજ છે.’

## આત્મનિવેદી ભક્તની શ્રદ્ધા ૧૧

હજી પરાગના મનમાં ઘણો ધૂંધવાટ હતો. તેણે કહ્યું: 'કેટલાક કહે છે કે હું જ બ્રહ્મ છું. અહમ્ બ્રહ્માસ્મિ! આ પણ એક જાતનો અહંકાર નહિ?'

સંતે કહ્યું: 'જેને આત્મા-પરમાત્માનું યથાર્થ જ્ઞાન થયું છે તેને પરમાત્મા સાથેના એકાત્મભાવનું દર્શન જરૂર થાય, પણ એવો માણસ હું હું કરે નહિ. જે હું હું કરે છે તે મોટા ભાગે પોતે રચેલાં જાળાં પાછળ ફરતા હોય છે. તેઓ પામવા જેવું કંઈ પામ્યા હોતા નથી અને પામતા પણ નથી. અભિમાન જો કરવું જ હોય તો ભક્તિનું કરો. શરણાગતિનું કરો, સમર્પણનું કરો! એ કરવામાં તમને કશું વળગશે નહિ અને તમે પામવા જેવું પામશો.'

અહીં આપણા બ્રહ્માનંદ સ્વામીનો દાખલો વિચારવા જેવો છે.

'સ્વામી બન્યા એ પહેલાં એ લાડુ બારોટ તરીકે ઓળખાતા હતા. તેઓ શીઘ્ર કવિ હતા. તેમની વાણીમાં એવો જાદુ હતો કે ભલભલા તે સાંભળીને ડોલી ઊઠે. કેટકેટલા રાજામહારાજાઓએ તેમને માન-શરપાવ આપ્યા હતા. શ્રીજીમહારાજના મહિમાની વાતો સાંભળી તેઓ તેમની પરીક્ષા કરવા ગયા હતા, પણ ત્યાં તો એમની જ પરીક્ષા થઈ ગઈ. એમનું અભિમાન ઓગળી ગયું અને એ રાજામહારાજાઓના દરબારોને મૂકી શ્રીજીમહારાજના

દરબારમાં એમના સેવક બની રહી ગયા. તેમણે શ્રીજીનાં ચરણમાં આત્મસમર્પણ કર્યું. માન ભૂલી આવું આત્મસમર્પણ કરનારા વિરલ હોય છે.'

થોડી વાર અટકી સંતે આગળ કહ્યું: 'જેણે ભગવાનને પોતાનું સર્વસ્વ તન-મન-ધન અર્પણ કર્યું છે તેને આત્મનિવેદી ભક્ત કહે છે. આવો આત્મનિવેદી ભક્ત સદાસર્વદા પ્રભુપરાયણ જ રહેવાનો. એ વિચાર કરે તો ય પ્રભુની પ્રીતિ અર્થે, એ કર્મ કરે તો પણ પ્રભુની પ્રીતિ અર્થે– એનું પ્રત્યેક કર્મ, પ્રત્યેક વિચાર અને પ્રત્યેક શબ્દ પ્રભુ સમર્પિત જ હોવાનો. તેનું સમગ્ર અસ્તિત્વ પ્રભુમય હશે. એનું ખાવું-પીવું, સૂવું-બેસવું, બોલવું-ચાલવું, ટૂંકમાં જીવવું-મરવું બધું જ પ્રભુમય! પોતાનું એવું એની પાસે કશું જ નહિ. પ્રભુ જેમ સત્ત્વ, રજસ ને તમસ ત્રણે ગુણોથી પર, તેમ આત્મનિવેદી ભક્ત પણ ત્રણે ગુણથી પર. એ સંસારમાં રહે, છતાં સંસારથી અલિપ્ત– જળકમળવત્! આવો આત્મનિવેદી ભક્ત હાલેચાલે તો ય પ્રભુની ઈચ્છાને આધીન, કર્મ કરે તો ય પ્રભુની ઈચ્છાને આધીન! એનું સમસ્ત જીવન પ્રભુના પ્રસાદ રૂપે! એ જમે તો ય પ્રભુનો પ્રસાદ, શ્વાસ લે તે પણ પ્રભુનો પ્રસાદ અને છેલ્લો શ્વાસ મેલે તે ય પ્રભુનો પ્રસાદ!'

આમ કહી સંતે 'શિક્ષાપત્રી'નું એક પાનું ઉઘાડી પરાગની સામે ધરી કહ્યું: 'આ શ્લોકો વાંચ!'

પરાગે મોટેથી વાંચ્યું:

**અને તે જે આત્મનિવેદી વૈષ્ણવ, તેમણે સર્વકાળને વિષે પ્રીતિએ કરીને, શ્રીકૃષ્ણ ભગવાનની સેવાપરાયણ થવું. (૫૮) અને નિર્ગુણ કહેતાં માયાના જે સત્ત્વાદિક ત્રણ ગુણ તેણે રહિત**

**એવા જે શ્રીકૃષ્ણ ભગવાન, તેના સંબંધ થકી તે આત્મનિવેદી ભક્તની જે સર્વ ક્રિયા તે નિર્ગુણ થાય છે, તે હેતુ માટે તે આત્મનિવેદી ભક્ત, તે જે તે નિર્ગુણ કહ્યા છે. (૫૯) અને જે આત્મનિવેદી ભક્ત, તેમણે શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કર્યા વિનાનું જળ પણ ક્યારેય ન પીવું; અને પત્ર, કંદ, ફળાદિક જે વસ્તુ, તે પણ શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કર્યા વિનાનું ન ખાવું. (૬૦)**

થોડી વાર સહુ શાંત રહ્યા.

પછી પરાગે કહ્યું: 'આવા આત્મનિવેદી ભક્તો અને સંતો વિષે મને વધુ જાણવાનું મન છે. આ મહામંડલેશ્વરની ઘટનાએ મને ક્ષુબ્ધ કરી નાખ્યો છે કે આવા મોટા પૂજાતા માણસો પણ જો વિનયવિવેક ભૂલી એલફેલ બોલતા હોય તો સામાન્ય માણસનું શું કહેવું? સામાન્ય માણસ તો અજ્ઞાન અને વહેમમાં ડૂબેલો જ છે! હજી આજે આ હાલત છે, તો બસો વર્ષ પહેલાં કેવું હશે!'

સંતે કહ્યું: 'બસો વર્ષ પહેલાં, એટલે શ્રીજીમહારાજ પૃથ્વી પર વિચરણ કરતા હતા તે વખતે, ખરું ને? એ કાળે સંતોએ, હરિભક્તોએ જે સહ્યું છે તેની તો કલ્પના યે કરાય તેમ નથી. એક વાર એક બાવો સ્વામી મુક્તાનંદ અને સ્વામી બ્રહ્માનંદનાં નાક-કાન કાપવા તૈયાર થઈ ગયો હતો.'

પરાગે કહ્યું: 'મને જરા વિસ્તારથી એ કથા કહો, સ્વામી!'

સંતે કહ્યું: 'એક વાર મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી બેઉ ક્યાંક જતા હતા. આપણા સાધુઓ હંમેશાં બેની જોડમાં ફરે છે તે તો તું જાણે છે. આમ તો આ બંને સ્વામી સદ્‌ગુરુ હતા અને એમનું દરેકનું નાનું-મોટું શિષ્યમંડળ હતું,

જે હંમેશાં એમની સાથે રહેતું, પણ આજે આ બે સદ્‌ગુરુઓની જોડ બની હતી.

તેઓ શ્રીજીમહારાજનું સ્મરણ કીર્તન કરતા જતા હતા, ત્યાં એક ગામમાં પેસતાં જ તેમને એક બાવો મળ્યો. બાવો કહેઃ 'પધારો, સંતજી! આપનાં દર્શનથી આનંદ થયો!'

શ્રીજીના આ સાધુઓ ચોખ્ખા દિલના, એમનામાં જૂઠ કે કપટનું નામનિશાન નહિ, એટલે અજાણ્યા ગામમાં આવો સત્કાર થતો જોઈ બંને સ્વામી ખુશ થયા. તેમણે નિમંત્રણનો સ્વીકાર કર્યો.

બાવો એમને પોતાની જગ્યામાં લઈ ગયો અને 'અહીં પધારો! અહીં પધારો!' કહી તે બંનેને એક છેવાડેના ઓરડામાં લઈ ગયો. તેણે બંનેને ત્યાં સાદડી પાથરી બેસાડ્યા, પછી 'આવું છું' કહી બારણું બંધ કરી તેણે બહારથી બારણાને સાંકળ ચડાવી દીધી.

પછી ખી ખી ખી ખી કરી જોરથી હસી પડી કહેઃ 'આજે હું તમારા બેયનાં નાક-કાન કાપી લેવાનો છું. સ્વામિનારાયણના સાધુઓ કેવા નાકકટ્ટા હોય છે તે મારે આખી દુનિયાને દેખાડવું છે.'

આમ કહી એ પથરા પર છરાની ધાર કાઢવા બેઠો. છરો ઘસતો જાય, ખી ખી ખી ખી કરી હસતો જાય અને મોટેથી બોલતો જાયઃ 'સ્વામિનારાયણના આ બે જોગટા આજે મારા હાથમાં આવ્યા છે, તો એવાં ઘસીને બેયનાં નાક-કાન કાપું!' – હી હી હી હી!

બેય સ્વામીઓ ઓરડામાં પુરાઈને આ બધું સાંભળે છે.

હવે તેમને ખ્યાલ આવ્યો કે આપણે વેશ જોઈ ભૂલ્યા!

પણ હવે શું થાય? બાવો ભલે નીચ, પણ એનો વેશ તો સાધુનો ખરો કે નહિ? એવા સાધુ વેશનો અવિશ્વાસ કેમ થાય? બીજાથી કદાચ થાય, પણ સાધુથી કેમ થાય?

હવે શું કરવું?

બંને સ્વામી એકબીજાને કહે છેઃ ‘નાક-કાન કપાય એની ચિંતા નથી, પણ દુનિયામાં સ્વામિનારાયણના સાધુઓનું ભૂંડું બોલાય એની ચિંતા છે. લોકો કહેશે કે સ્વામિનારાયણના આ સાધુઓએ કંઈ બૂરાં પાપ કર્યાં હશે ત્યારે એમનાં નાક-કાન કપાયાં હશે ને?

આ તો આપણા લીધે આખો સત્સંગ વગોવાય એવું થયું.’

તો કરવું શું?

મુક્તાનંદ સ્વામી કહેઃ ‘દુનિયા ભલે આપણને નિંદે કે ભાંડે, પણ આપણાં નાક-કાન કપાશે તો ય ભગવાનની ખાતર કપાશે ને? ભગવાનની એવી ઇચ્છા હશે તો તેમ થશે. આપણે આપણામાં આપણું એવું તો કંઈ રાખ્યું નથી. તન-મન-આત્મા બધું ભગવાનને દઈ દીધું છે. બધું પ્રભુસમર્પિત છે. નાક-કાન પણ પ્રભુસમર્પિત છે. આપણો એના પર અધિકાર નથી, અધિકાર કેવળ પ્રભુનો છે. આપણે ખાઈએ-પીએ તે ય પ્રભુ માટે, ઊંઘીએ-જાગીએ તે ય પ્રભુ માટે, જીવીએ-મરીએ તે ય પ્રભુ માટે અને નાક-કાન કપાય તે ય પ્રભુ માટે! રૂડા દેખાઈએ તે ય પ્રભુ માટે અને નાકકટ્ટા દેખાઈએ તે ય પ્રભુ માટે! શ્રીજીની ઇચ્છા વગર તો કાંઈ થતું નથી– જે થાય છે તે શ્રીજીની ઇચ્છાથી જ થાય છે.’

બ્રહ્માનંદ સ્વામી એકદમ તાળી પાડી બોલી ઊઠ્યાઃ ‘શ્રીજીની ઇચ્છાથી જ થાય છે. એ નટખટને હું બરાબર

ઓળખું છું. આ બધી એની જ કરામત છે. આની પાછળ પણ એનો કોઈ ગૂઢ હેતુ હશે, માટે આપણે બધું એના પર છોડી એનું નામસ્મરણ કરીએ!'

બંને જાણે મુક્ત સ્વરે મંત્ર જપવા માંડ્યોઃ 'સ્વામિનારાયણ! સ્વામિનારાયણ!'

ઓરડાની દીવાલોમાંથી જાણે મંત્રના પડઘા પડવા લાગ્યાઃ

સ્વામિનારાયણ! સ્વામિનારાયણ! સ્વામિનારાયણ!

એ વખતે રાઘવજી જત નામનો એક જુવાન તે બાજુ થઈને જતો હતો. તેણે આ મંત્રજાપ સાંભળ્યો. જગ્યાના બાવાને એ ઓળખતો હતો ને જાણતો હતો કે બાવો મહા ભરાડી છે અને સ્વામિનારાયણના સાધુઓનો કટ્ટર દ્વેષી છે. એની જગ્યામાંથી આજે સ્વામિનારાયણનો મંત્રજાપ સંભળાય છે એ કેવું? એને નવાઈ લાગી.

એ ઊભો રહી ગયો અને ધ્યાનથી સાંભળવા લાગ્યો.

ત્યાં અચાનક મંત્રજાપની વચ્ચે એને બાવાના હસવાનો અવાજ સંભળાયોઃ ખી ખી ખી ખી કરી બાવો હસતો હતો અને બોલતો હતોઃ 'સ્વામિનારાયણિયા બાવા આજે બરાબર મારા હાથમાં સપડાયા છે. હમણાં એક ઝાટકે એ બેયનાં નાક-કાન કાપી નાખું છું. હી હી હી હી!'

રાઘવજીને સમજાઈ ગયુંઃ હં.... આ બધું બાવાનું કરતૂત છે. એ કોઈ બે સ્વામિનારાયણના સાધુઓને પકડી લાવ્યો છે અને હવે એમનાં નાક-કાન કાપવાનું કરે છે! કોણ હશે આ બાવા? જે હોય તે! આવા સંકટમાં પણ એ સાધુઓ ભગવાનનું નામ છોડતા નથી, માટે એવાને તો બચાવવા જ જોઈએ. મારા ગામમાં મારી જાણમાં આ સાધુઓનાં નાક-કાન કપાવા જેવું

હીણું કામ થાય તો મારી ને મારા ગામની આબરૂ શી?

એણે જગ્યાનો દરવાજો ખખડાવ્યો, પણ બાવાએ દરવાજો ખોલ્યો નહિ.

રાઘવજીએ બૂમ પાડીઃ 'બાવાજી, હું રાઘવ છું, દરવાજો ખોલો, નહિ તો તોડી નાખીશ!'

બાવો  રાઘવજીને ઓળખતો હતો. એ કેવો બળુકો જુવાન છે તેની એને ખબર હતી.

એ બીન્યો કે વખતે રાઘવજીને લીધે મારી યોજનામાં કંઈ વિક્ષેપ પડે એટલે એ ચૂપ રહ્યો!

હવે રાઘવજીને ખાતરી થઈ ગઈ કે બાવો કંઈ ઊંડી તરકીબમાં છે. એકદમ વંડી ઠેકી એ જગ્યાની અંદર ઊતરી આવ્યો. બાવો તે વખતે હાથમાં છરો પકડી સ્વામીઓવાળા કમરા તરફ જતો હતો. દોડીને રાઘવજીએ એને બોચીમાંથી પકડ્યો અને એના હાથમાંથી છરો પડાવી લઈ ગર્જના કરીઃ 'બોલ, કોનાં નાક કાન કાપવાં છે તારે?'

બાવાએ કહ્યુંઃ 'મેં આ ઓરડામાં પૂર્યા છે એ બે સ્વામિનારાયણી બાવાઓનાં! ઘણે દિવસે મારા હાથમાં આવ્યા છે, આજે હું એમને છોડવાનો નથી.'

રાઘવજીએ કહ્યુંઃ 'તો હું યે તને છોડવાનો નથી. હું આજે તારાં નાક-કાન કાપીશ. ઘણા દિવસે તું હાથમાં આવ્યો છે.'

બાવાએ કહ્યુંઃ 'મેં તારું શું બગાડ્યું છે?'

રાઘવજીએ કહ્યુંઃ 'તેં તો કંઈકે મારું બગાડ્યું છે– આખું ગામ જાણે છે; પણ આ સાધુઓએ તારું શું બગાડ્યું છે એ કહે ને!'

બાવાએ કહ્યુંઃ 'એ સાધુઓ અમારી આખી વૈરાગી

જમાતની બદબોઈ કરે છે. કહે છે કે ત્યાગીથી ગાંજો-ગડાકુ પીવાય નહિ, ભાંગ પીવાય નહિ, આ ખવાય નહિ, તે ખવાય નહિ! અલ્યા ભાઈ, આ ખવાય નહિ, તે ખવાય નહિ તો ઘર છોડી બાવા થવાનું કારણ શું?'

આ સાંભળી રાઘવજી હસી પડ્યોઃ 'ખરું, બાપજી, ખરું! મફતનું ખાવાપીવાનું અને ગાંજો-ગડાકુ લઈ પડી રહેવાનું! પણ હવે આવા ચાળા નહિ ચાલે, બાવાજી! ગામમાં રહેવું હશે તો આવાં નખરાં તમારે છોડવાં પડશે અને શ્રીજીના સાધુઓની પેઠે સાચા સાધુ થઈને રહેવું પડશે. બોલો, શું કરવું છે? હું કહું તે કરવું છે કે પછી નાક-કાન કપાવવાં છે?'

બાવો કરગરી પડ્યો. રાઘવજીનો હુકમ થતાં એણે સાંકળ ખોલી બંને સ્વામીઓને બહાર કાઢ્યા. 'શ્રીજીમહારાજનો જય!' બોલી બંને સ્વામી બહાર આવ્યા.

રાઘવજી એમને પગે પડ્યો. રાઘવજીના હુકમથી બાવો પણ એમને પગે પડ્યો.

તેણે બંને સ્વામીઓની માફી માગી.

બંને સ્વામીઓનાં દિલમાં બાવા પ્રત્યે જરા પણ રોષ નહોતો. હવે ચારે જણે સાથે બેસી ત્યાં સ્વામિનારાયણ મંત્રની ધૂન કરી.

બાવાના આગ્રહથી તેની જગ્યામાં ભોજન કરી બંને સ્વામીઓએ વિદાય લીધી. આત્મનિવેદી ભક્તને ભગવાન કેવી રીતે ઉગારે છે તેનું આ દૃષ્ટાંત છે.

# વહેલા પરોઢિયે જાગવું

## ૧૨

એક વાર પરાગના વર્ગના બે છોકરાઓ કોઈ વાત પર બાઝી પડ્યા અને સામસામે ગાળો દેવા લાગ્યા. પરાગથી આ જોયું ગયું નહિ, તે વચમાં પડ્યો ને બોલી ઊઠ્યો: ‘અરે, તમે લોકો આ શું કરો છો? જીભે ભગવાનનું નામ લેવાને બદલે ગાળો કેમ બોલો છો?’

આ સાંભળી એક છોકરો એને જ મારવા ધસ્યો અને એને ગાળો દઈ કહેવા લાગ્યો: ‘તું કેમ વચમાં પડે છે? અમે ગાળો દઈએ, મારામારી કરીએ કે મરી જઈએ, એમાં તારે શું? અહીં તારા ભગવાનને શું કામ વચમાં લાવે છે?’

પરાગે કહ્યું: ‘ભગવાનને વચમાં લાવું છું, કારણ કે ભગવાન વચમાં છે જ. ભગવાન વિનાનું ક્યાંય કશું નથી અને હું વચમાં આવું છું, કારણ કે તમે મારા વર્ગના વિદ્યાર્થી છો એટલે મારા ભાઈ છો. મારા ભાઈઓ લડે-ઝઘડે, ગાળાગાળી કરે એ મને ગમે નહિ!’

પેલા છોકરાઓએ કહ્યું: ‘ઓહોહો! જોયો ન હોય તો મોટો ભાઈ! તું વળી કોણ અમને શિખામણ દેવાવાળો? પરીક્ષામાં ચોરી કરીને પાસ થયેલો એ જ કે બીજો તું?’

પરાગને માથે આ જૂનું કલંક હજી ઝઝૂમતું હતું, પણ એનો શાંતિથી સામનો કર્યા વિના છૂટકો નહોતો. એક વાર માણસની ભૂલ થઈ જાય, પછી એ માણસ ભૂલ સુધારી લે, તો પણ પેલી ભૂલ તો ભૂલ જ રહે છે અને છિદ્રો જોનારા લોકો

એની ખણખોદ કરતા જ રહે છે પણ જેને સુધરવું છે, સારા માર્ગે ચડવું છે, એણે તો ધીરજથી એવું બધું વેઠી લેવું પડે છે.

પરાગની પણ એ હાલત હતી. પોતાના પરના આક્ષેપથી એ મનમાં સમસમી રહ્યો, પણ શાંતિથી બોલ્યોઃ 'હા, ભાઈ! એક વાર મેં ચોરી કરી હતી, પણ પછી હું રીતસર પરીક્ષા આપી પાસ થયો છું. હું કદી મારી ભૂલનો બચાવ નથી કરતો, પણ પશ્ચાત્તાપ કરું છું.'

આ સાંભળી પેલો છોકરો છોભીલો પડ્યો. તે કંઈ બોલ્યો નહિ.

એ છોકરાનું નામ રમેશ.

હવે ઝઘડો પતી ગયો હતો અને બધા શાંત બેઠા હતા. ત્યાં રમેશે પરાગની પાસે આવી કહ્યુંઃ 'પરાગ, મને આ દાખલો શીખવશે?'

પરાગે કહ્યુંઃ 'વાહ, મને આવડતો હશે તો કેમ નહિ શીખવું?'

આમ કહી પરાગે તરત જ રમેશના હાથમાંથી નોટબુક લઈ દાખલામાં ક્યાં ભૂલ છે તે જોવા માંડ્યું. જોઈને પછી કહ્યુંઃ 'અહીં જરી જેટલી ભૂલ છે– એને લીધે તારો આખો દાખલો ખોટો પડે છે!'

આમ કહી એણે એને ભૂલ બતાવી.

પરાગની મદદથી દાખલો ગણતાં ગણતાં રમેશે કહ્યુંઃ 'શું કરું? મને ઘેર દાખલા ગણવાનો કે પાઠ વાંચવાનો વખત જ મળતો નથી!'

પરાગે કહ્યુંઃ 'એવું કેમ બને? શાળાએ તો અગિયાર વાગે આવવાનું હોય છે. પછી વખત કેમ ન મળે?'

રમેશે કહ્યું: 'કેવી રીતે મળે? હમણાં હમણાં તો મહોલ્લામાં ભવાઈ વેશ ચાલે છે, તે જોવા જાઉં છું– તેમાં જ રાતના બાર વાગી જાય છે. ભવાઈ ન હોય તો ક્યાંક કંઈ નાટકચેટક હોય! અરે, હમણાં તો ઘરમાં જ સિનેમાનો પડદો આવ્યો છે– ટેલિવિઝન! તેમાં મોડી રાત લગી કંઈ ને કંઈ ફિલ્મ ચાલતી હોય છે– જોયા કરીએ! આમ રાતે મોડા ઊંઘવા પડીએ તે સવારે સૂરજ વાંસવા ચડે અને મા કેટલી બૂમો પાડે ત્યારે આંખો ચોળતો ઊઠું છું ને જેમ તેમ કરી નહાઈ-ધોઈ લૂસલૂસ બે કોળિયા પેટમાં નાખી સ્કૂલમાં દોડ્યો આવું છું. સ્કૂલમાં ચાલતા વર્ગે ઘણી વાર મને ઊંઘનું ઝોકું આવી જાય છે અને સાહેબ શું શીખવે છે તે યાદે રહેતું નથી. શાળા છૂટે એટલે રમવા દોડી જાઉં છું. રમીને ઘેર જઈ વાળું કરું છું ને પાછો મહોલ્લામાં દોડી જાઉં છું તે મધરાત લગી–'

પરાગ ધ્યાનપૂર્વક રમેશની દિનચર્યા સાંભળી રહ્યો હતો.

તેણે કહ્યું: 'રમેશ, તું હોંશિયાર છે એ તો હું આ દાખલો ગણવાની તારી રીત પરથી જોઈ શક્યો છું, પણ દાખલો ગણવામાં જેમ તારી જરીક ભૂલ થતી હતી, તેમ તારી દિનચર્યામાં પણ તારી જરીક ભૂલ થાય છે. તું એ ભૂલ સુધારી લે તો પછી તને જોઈએ એટલો વખત મળી રહેશે– આપણી આ વિદ્યાર્થી અવસ્થા વિદ્યાના ઉપાર્જન માટે છે એ તો તું જાણે જ છે.'

'જાણું છું.' રમેશ બોલ્યો, પણ તેના કંઠસ્વરમાં હતાશા હતી.

પરાગે કહ્યું: 'કોઈ આપણને દૂધનો કટોરો પીવા માટે આપે અને આપણે એ દૂધમાં ચપટી ધૂળ નાખી દઈએ તો એ

દૂધ પીવા જેવું રહે ખરું?'

'ના!' ફરી એવો જ હતાશ કંઠસ્વર.

પરાગે કહ્યું: 'વિદ્યાર્થી જીવન એ દૂધનો કટોરો છે, આપણે એ જીવનને હોંશેહોંશે કરીને આત્મસાત કરવાનું છે. તેમ કરવાને બદલે આપણે જો એ કટોરામાં આળસ અને પ્રમાદની ધૂળ નાખીએ– વધારે નહિ, માત્ર ચપટીની પણ ચપટી– તો પણ એ દૂધ પીવા જેવું રહેશે નહિ. ભાઈ, હું તારો દોષ નથી જોતો, તને ઠપકો પણ નથી દેતો, માત્ર આપણા બધાની ક્યાં ભૂલ થાય છે તે મારા ગુરુદેવના પ્રતાપે મને હવે ધીરે ધીરે સમજાવા માંડ્યું છે, એટલે તને આ કહેવાની હિંમત કરું છું. બાકી, મારી શી હેસિયત કે હું કોઈને શિખામણનો બોલ કહું?'

રમેશે ઝટપટ કહ્યું: 'ના, ના, એવું નથી. તું જરૂર કહે. તારી વાત સમજવા જેવી છે. મને એ સાંભળવી ગમે છે!'

પરાગે કહ્યું: 'મારા ગુરુદેવ કહે છે કે માણસને કોઈ એનો દોષ બતાવે અને જો એને એ સાંભળવો ગમે તો સમજવું કે એનો દિવસ ચડતો છે. જો, તું રાતમધરાત લગી જાગે છે, તેથી સવારે વહેલો ઊઠી શક્તો નથી... નાટકચેટક, ભાંડભવાયાના ખેલો જોવાની આ ઉંમર નથી, આ તો વિદ્યોપાર્જનની ઉંમર છે– ટેલિવિઝનનો ડબ્બો કેટલીક સારી વાતો પણ કહેતો-દેખાડતો હોય છે, પણ સારી વાતોની ઓથે તે ખોટી-નઠારી વાતો વધારે કહેતો-દેખાડતો હોય છે. કપાળમાં કોઈ કંકુનો ચાંલ્લો કરે ત્યાં લગી બરાબર છે, પણ પછી આખું કપાળ મેંશથી લીપી નાખે તો એ કંકુના ચાંલ્લાની કાંઈ કિંમત ખરી? તે વખતે મેંશ ભેગું કંકુ યે ભૂંસી નાખવું પડે. માટે તું એક વાર

મનમાં દૃઢ નિશ્ચય કર કે મારે રાતે દશ વાગતાં નિદ્રાધીન થવું જ છે, તો સવારે વહેલા જરૂર ઉઠાશે—શરૂઆતમાં તકલીફ પડશે, પણ એથી ગભરાવું નહિ. કોઈ મોટું કામ તકલીફ વગર સિદ્ધ થતું નથી. આપણા પ્રાચીન ઋષિમુનિઓના આશ્રમોમાં વહેલા પરોઢિયેના ચાર વાગે વેદઘોષ શરૂ થતો અને વિદ્યાર્થીઓ ભણવા બેસતા. આજે પણ આપણાં ગુરુકુલોમાં આ પ્રથા ચાલુ છે અને તે બધી રીતે ઉત્તમ છે. આપણે ગૃહસ્થી ઘરોમાં રહેનારા વહેલા પરોઢિયે ચાર વાગે કદાચ ન ઊઠી શકીએ તો પણ બને એટલા વહેલા તો જરૂર ઊઠીએ, અને સૂર્યોદય થતાં પહેલાં નાહી-ધોઈ પૂજાપાઠ કરી તૈયાર થઈ જઈ વિદ્યાભ્યાસમાં બેસી જઈએ તો વિદ્યા દોડતી-રૂમઝૂમતી આવે. સવારનો પહોર એ વિદ્યાપ્રાપ્તિનો પહોર છે. તે વખતે વાતાવરણમાં શાંતિ હોય છે, શીતળતા હોય છે, તેથી વિદ્યાર્થીનું દિમાગ સારું કામ કરે છે, તેની સ્ફૂર્તિ વધે છે અને તેની સ્મૃતિશક્તિ પણ વધે છે!'

છેલ્લે તેણે કહ્યું: 'બસ, આ જ મારે તને કહેવાનું છે. તને ઠીક લાગે તો આ વિષે વિચારજે!'

રમેશે કહ્યું: 'ઠીક તો લાગે છે, પણ મારાથી એ બનશે? હા, તું મારી પડખે રહે તો બને!'

પરાગે કહ્યું: 'હું પડખે છું જ. તને ગમે તો થોડા દિવસ તું મારી સાથે મારે ઘેર જ રહે!'

એકદમ રમેશ ઉત્સાહમાં આવી બોલી ઊઠ્યો: 'બહુ સરસ! હું માત્ર જમવા પૂરતો જ મારે ઘેર જઈશ.'

થોડી વાર અટકી કહે: 'પણ તારાં માતાપિતાને આ ગમશે?'

પરાગે કહ્યું: 'મારાં માતાપિતા મને સમજે છે, પણ તારાં માતાપિતા તને રજા આપશે?'

રમેશે કહ્યું: 'એ વિષે મને જરી શંકા છે, કારણ કે હું મધરાત લગી રખડું છું ને ખૂબ મોડો ઊઠું છું તેથી અભ્યાસમાં કાચો છું એ મારાં માતાપિતા જાણે છે. એટલે તેમને કદાચ મારી વાત પર વિશ્વાસ નહિ આવે.'

પરાગ વિચારમાં પડી ગયો.

થોડી વાર પછી રમેશે કહ્યું: 'પણ તું મારાં માતાપિતાને વાત કરે તો તેઓ સમજશે.'

'નવાઈની વાત! પોતાના દીકરા પર વિશ્વાસ નહિ, અને પરાયા દીકરા પર વિશ્વાસ!' પરાગે નવાઈ પામી કહ્યું.

રમેશે કહ્યું: 'એનું કારણ છે, તારું પરીક્ષા-પ્રકરણ તેઓ જાણે છે. તેઓ તને સાચાબોલા વિદ્યાર્થી તરીકે ઓળખે છે.'

આજે પરાગને પોતાના પરીક્ષા-પ્રકરણનો ગર્વ થયો. અત્યાર સુધી તેને થતું હતું કે મેં પરીક્ષામાં ચોરી કરી, તેથી બધે હું નિંદાપાત્ર બન્યો છું, પણ હવે તેને લાગ્યું કે આમાંથી પણ કંઈક સુફળ આવ્યું છે– મને એકલાને જ તેથી લાભ થયો છે એવું નથી, બીજા ઘણાઓને તેનો લાભ પહોંચ્યો છે. ભૂલની કબૂલાત કરી તેનું પ્રાયશ્ચિત્ત કર્યું એ મેં સારું જ કર્યું છે, અને જે સારું તે હંમેશ સારું જ છે એ વિશે શંકા નથી.

રમેશના કહેવા પ્રમાણે પરાગ એની સાથે એને ઘેર ગયો. રમેશના પિતા પરાગને જોઈ ખુશ થયા. તેમણે તેની સાથે ખૂબ પ્રેમથી વાત કરી અને રમેશને મદદરૂપ થવાની એની દરખાસ્ત આનંદથી સ્વીકારી લીધી.

પરાગનાં માતાપિતા પણ ખુશ થયાં. પોતાનો પુત્ર,

પોતાનો વિદ્યાભ્યાસ બરાબર કરે છે એ જોઈ એમને ગર્વ થતો હતો. વિપુલને પણ આ ખૂબ ગમ્યું. પરાગ, રમેશ અને વિપુલ– ત્રણની મંડળી બની ગઈ. ત્રણે રોજ સવાર-સાંજ સાથે બેસી અભ્યાસનાં પુસ્તકો વાંચે, અને અભ્યાસ બહારનાં બીજાં પુસ્તકો, બીજા સદ્‌ગ્રંથો પણ વાંચે. મહિનામાસમાં તો રમેશ આ નવી વ્યવસ્થાથી ટેવાઈ ગયો. તે પછી તે પોતાને ઘેર ગયો અને ઘરે પણ આ જ નિયમને અનુસરી તેણે પોતાની દિનચર્યા નક્કી કરી. એનું આ પરિવર્તન અને એની આ અભ્યાસની લગન જોઈ એના ઘરનાં બધાં ખુશ થયાં.

એક નાનકડું સત્કાર્ય કેટલાં બધાં માણસોને સુખી કરી શકે છે!

એક દિવસ રમેશે કહ્યુંઃ ‘ભાઈ પરાગ, હું એક મહિનો તારી સાથે રહ્યો, પણ મેં કદી તારા મોંએથી અપશબ્દ નીકળતો સાંભળ્યો નથી. ખરેખર નવાઈ જેવું છે. વળી આજ લગી હું તો એવું સમજતો હતો કે ખાવાપીવામાં નિયમ શું? ભાવે તે, ફાવે તે ખાવાનું! રમવા ફરવામાં વળી નિયમ શું? ગમે ત્યારે ગમે ત્યાં રખડવાનું! ભણવા ગણવામાં વળી નિયમ શું? ઊંઘવા-જાગવામાં વળી નિયમ શું? બોલવા ચાલવામાં વળી નિયમ શું? પણ હવે મને લાગે છે કે નિયમ વગર તો જીવાય જ નહિ! મને નવાઈ લાગે છે કે તું આ બધું ક્યાંથી શીખ્યો?’

જવાબમાં પરાગે ‘શિક્ષાપત્રી’ ઉઘાડી તેમાંથી એક પાનું તેની સામે ધરી કહ્યુંઃ ‘આ વીસમો શ્લોક વાંચ!’

રમેશે મોટેથી વાંચ્યુંઃ

**અને પોતાના સ્વાર્થની સિદ્ધિને અર્થે પણ કોઈને વિષે**

**મિથ્યા અપવાદ આરોપણ ન કરવો, અને કોઈને ગાળ તો ક્યારેય ન દેવી. (૨૦)**

પરાગે કહ્યુંઃ 'હવે આ ૪૯મો શ્લોક વાંચ!'

રમેશે વાંચ્યુંઃ

**અને અમારા સત્સંગી, તેમણે નિત્ય સૂર્ય ઊગ્યાથી પ્રથમ જ જાગવું અને શ્રીકૃષ્ણ ભગવાનનું સ્મરણ કરીને પછી શૌચવિધિ કરવા જવું. (૪૯)**

પરાગે બીજું પાનું ફેરવી કહ્યુંઃ 'હવે આ પાંસઠમો શ્લોક વાંચ!'

રમેશે વાંચ્યુંઃ

**અને અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે સંસ્કૃત અને પ્રાકૃત એવા જે સદ્‌ગ્રંથ, તેમનો અભ્યાસ પણ પોતાની બુદ્ધિ અનુસારે કરવો. (૬૫)**

પરાગે રમેશને સાચા રસ્તે વાળ્યાનો આ પ્રસંગ જ્યારે સંત હરિભક્તદાસે જાણ્યો ત્યારે એ બહુ પ્રસન્ન થઈ બોલ્યાઃ 'મોટો થઈને પણ આવાં જ સત્કાર્યો કરતો રહેજે!'

પરાગે આશીર્વાદ માથે ચડાવ્યા.

## અવતાર વિરુદ્ધ સાંભળવું નહિ ૧૩

એક વાર મોટા શહેરમાંથી એક વિદ્વાન વક્તા ગામમાં આવ્યા.

તેમના જાહેર ભાષણની મોટી જાહેરાત થઈ.

પરાગને થયું કે વિદ્વાન વક્તા છે તો ચાલો, સાંભળીએ! કંઈ જાણવાનું મળશે.

સભામાં પરાગ એક ખૂણે શાંતિથી બેઠો.

શરૂઆતમાં કેટલાક વક્તાઓએ વિદ્વાનની વિદ્વતાનાં વખાણ કર્યાં. પછી તાળીઓના ગડગડાટ વચ્ચે વિદ્વાન વક્તા ઊભા થયા.

શરૂઆતમાં જ તેમણે કહ્યું: 'તમે તમારા દિમાગનાં બારણાં બંધ કરીને બેઠા છો, હું એ ઉઘાડવા આવ્યો છું. તમે તમારા પુરાણા પૂર્વગ્રહયુક્ત વિચારોની કિલ્લેબંધીમાં પુરાયેલા છો, હું તમને એ દુષ્ટ કિલ્લેબંધીમાંથી મુક્ત કરવા આવ્યો છું. તમે પાંખો વિનાનાં પંખી જેવા છો, હું તમને પાંખો દેવા આવ્યો છું.'

પરાગને આ શબ્દો ગમ્યા.

પછી વક્તાના વક્તવ્યનો પ્રવાહ ધસમસતો આગળ ચાલ્યો.

'આજે આપણે ચારેકોરથી અજ્ઞાનના અંધકારમાં ડૂબેલા છીએ. આપણે જેને જ્ઞાન કહીએ છીએ તે અજ્ઞાન છે. આપણે જેને શ્રદ્ધા કહીએ છીએ તે કેવળ વહેમો છે. આપણે જેને

ચમત્કારો કહીએ છીએ તે કેવળ છેતરપિંડી છે, જાદુગરી છે; આપણે જેને ધર્મ કહીએ છીએ તે કેવળ ગુરુ નામે ઓળખાતા ગોધાઓને ચરી ખાવાનું ખેતર છે.

તમે આ ગુરુ કહેવાતા ગોધાઓને પૂછશો કે તમે ઈશ્વર ઈશ્વર કરો છો, તે ઈશ્વર ક્યાં છે? તો એક જણ આકાશ ભણી આંગળી ઊંચી કરી કહેશે કે ત્યાં મારો આકાશમાંનો બાપ છે. બીજો કહેશે કે ત્યાં ચંદ્રલોક, ગોલોક ને વૈકુંઠ છે, અને મારા ભગવાન ત્યાં આરામથી પોઢ્યા છે! આ સિવાય તેમની પાસે બીજો કોઈ જવાબ નથી, કારણ કે હકીકતે દેવ કે દેવી, ઈશ્વર કે પરમેશ્વર જેવી કોઈ ચીજ નથી, બધી મતલબી આળસુ ભેજાની કલ્પના છે. બસ, આંગળી ઊંચી કરી આકાશ દેખાડી દીધું! કોણ આકાશમાં જઈને તપાસ કરવાનું છે? પણ આ વીસમી સદીમાં અવકાશમાં જઈને તપાસ કરનારા નીકળ્યા! અવકાશયાત્રીઓ હજારો ગાઉ અવકાશમાં ઊડીને ચંદ્રલોકમાં યે જઈ આવ્યા અને આકાશમાં બધે જોઈ વળ્યા.

આ અવકાશયાત્રીઓને ખાસ કહેવામાં આવેલું કે આકાશમાં ક્યાંય ઈશ્વર ભરાઈ બેઠો હોય તો એની ખબર કાઢજો! પાછા આવીને એમણે કહ્યું કે અમે આકાશમાં ઊંચે-નીચે બધે જોયું, પણ ક્યાંય ઈશ્વર નથી! ચંદ્ર તો શું, પણ મંગળ અને ગુરુ જેવા ગ્રહોની ધરતીની પણ રજે રજ માહિતી આજે આપણી પાસે છે, અને ક્યાંય કોઈ દેવલોક નથી, ઈન્દ્રલોક નથી, ગોલોક નથી કે વૈકુંઠ નથી, ક્યાંય દેવો નથી, દેવીઓ નથી કે અપ્સરાઓ નથી! એ બધી કેવળ સ્વાર્થી આળસુ લોકોની મિથ્યા કલ્પનાઓ છે. જે કંઈ ખરેખર છે તે તો આ પૃથ્વી છે; નરલોક, પરલોક કે નાનાલોક (વિવિધ લોક) જે

કહો તે બધું આ પૃથ્વી પર છે. આત્મા- પરમાત્માની વાત ડિંડવાણું છે, નીતિ-અનીતિનું યે એવું ડિંડવાણું છે, નહિ તો એક જગાએ જે નીતિ તે બીજી જગાએ અનીતિ એવું કેમ હોય? ભોળા લોકોના મનમાં ભીતિનું ભૂત પેદા કરવા માટે સ્વાર્થી લોકોએ આ નીતિનું તૂત ઊભું કર્યું છે.

ભગવાન ભગવાન કહી તાળીઓ કૂટનારા બધા જૂઠા છે. જ્યાં ખુદ ઈશ્વરનું જ અસ્તિત્વ નથી ત્યાં ઈશ્વરનો અવતાર કેવો? રામ એક દંભી માણસ હતો, શ્રીકૃષ્ણ એક કુટિલ કાવતરાખોર હતો. દંભી-કુટિલ ગુરુગોધાઓ આવાઓને પૂજવાનું કહે છે! એક આરબનો ગધેડો તોફાની હતો. એણે યજમાનને કહ્યું કે મારો ગધેડો ક્યાં બાંધું? યજમાને કહ્યું કે તમારો ગધેડો જ એનો ભાઈબંધ શોધી કાઢશે. આરબે ગધેડાને છૂટો મૂક્યો તો એ બીજા એવા જ તોફાની ગધેડાની પાસે જઈને ઊભો. જે જેવો હોય, તેને તેવો જ ગમે.

માટે બુદ્ધિથી વિચાર કરો. સૃષ્ટિ કોઈ ઈશ્વરે બનાવી નથી, આપોઆપ પેદા થઈ છે. ઑક્સીજન અને હાઈડ્રોજન મળે ને પાણી બની જાય એમ! માટે સ્વાર્થીઓએ ઊભી કરેલી આ ભ્રમણા-જાળમાંથી છૂટી મુક્ત માનવી બનો અને મુક્તપણે પૃથ્વીનાં સુખોને માણો. જિંદગી મોજ માટે છે, દુઃખ વેઠવા માટે નહિ. તમારું સુખ, તમારો આરામ એ જ દુનિયામાં મોટામાં મોટી ચીજ છે. જીવવાનું એ સુખ માટે છે, માટે ખૂબ કમાઓ, ખૂબ સમૃદ્ધ થાઓ, ખૂબ વાપરો અને ખૂબ મોજ કરો!

તે માટે તમારે પહેલાં તો આ ધર્મના નામે ચાલતા વહેમોમાંથી છૂટા થવાનું છે, આ ગુરુ-ગોધાઓની નાગચૂડમાંથી મુક્ત થવાનું છે; એ માટે હું તમારા દિમાગનાં

બંધ બારણાં ઉઘાડવા આવ્યો છું. હું તમને તમારા જરીપુરાણા જડ વિચારોની કિલ્લેબંધીમાંથી મુક્ત કરવા આવ્યો છું. હું કહું છું, નાખો એ ગુરુ-ગોધાઓને ખાડમાં અને થઈ જાઓ બધા બહાદુર બંકા! વિજય તમારો જ છે! સુખ-સમૃદ્ધિ તમારી જ છે!'

વક્તાનું પ્રવચન પૂરું થયું, પણ આગલી પાટલીઓ સિવાય બીજેથી પહેલાં જેવો તાળીઓનો ગડગડાટ થયો નહિ.

પરાગનું મન વિચારમાં પડી ગયું હતું કે શું જિંદગી માત્ર ખાઈ-પીને મોજ કરવા માટે જ છે? આજ લગી તે જે સમજતો હતો, તેનાથી તદ્દન ઊલટી જ વાતો આજે એણે સાંભળી હતી. તે રાતે તેને ખાવું ભાવ્યું નહિ. એની ભૂખ ઊડી ગઈ હતી. તે વહેલો વહેલો સૂઈ ગયો હતો.

બીજી સવારે એ વહેલો ઊઠી પોતાના નિત્યકર્મમાં પરોવાયો અને તેનું ચિત્ત કંઈક હળવું થયું.

સાંજે શાળામાંથી છૂટ્યા પછી એ સંત હરિભક્તદાસજીનાં દર્શને ગયો.

એનું મોં જોઈ સંતે કહ્યું: 'તું આજે કંઈ ઊંડા વિચારમાં લાગે છે.'

પરાગે કહ્યું: 'એવું જ છે. કાલે મેં એક વિદ્વાનનું વ્યાખ્યાન સાંભળ્યું છે. તેનાથી મારું ચિત્ત ચંચળ બની ગયું છે. મને સમજાતું નથી કે સાચું શું ને ખોટું શું? શું આત્મા-પરમાત્મા જેવું કંઈ છે જ નહિ? નીતિ માત્ર ભીતિ પેદા કરવા માટે છે? પૂજા-પ્રાર્થના માત્ર ભ્રમણા છે? વહેમ છે?'

સંત થોડી વાર ચૂપ રહી બોલ્યા: 'ભાઈ પરાગ, દરેક વિચારશીલ અને સમજદાર માણસના જીવનમાં કોઈ ને કોઈ

વાર આવો વિષમ કાળ આવે છે. તે વખતે તેણે ખૂબ સ્વસ્થ રહેવું જોઈએ. હકીકત એ છે કે કાળક્રમે ઊભા થતા પ્રશ્નનો જવાબ દરેક જણ આપી શક્તો નથી. દરેક જણ પ્રશ્નનું વાસ્તવિક સ્વરૂપ સમજી શક્તો નથી. એવે વખતે જેના પર આપણને વિશ્વાસ હોય તેને નિર્ણયનું કામ સોપવું જોઈએ. બે માણસ વચ્ચેની તકરાર તેના નિવેડા માટે કોઈ ત્રીજા જ ડાહ્યા માણસને સોંપવામાં આવે તેવું આ છે. તે ત્રીજો માણસ જે નિર્ણય આપે તે આપણે સ્વીકારવો જોઈએ અને તે અનુસાર કામ કરવું જોઈએ. જો આવું ન કરીએ તો મતભેદો ગાઢા થતા રહે અને મતભેદોની ચક્કીમાં આપણે પિસાઈ લોટ થઈ જઈએ!'

પરાગ એક ચિત્તે સાંભળી રહ્યો.

સંતે કહ્યું: 'ગુરુઓને ગુરુ-ગોધા કહી નિંદનારો એ વક્તા બીજાઓનો ગુરુ થઈ એમને પોતાના માનેલા રસ્તે વાળવાનું કરે છે, તો એ પોતે પણ એવો ગુરુ-ગોધો જ ઠર્યો ને! પરંતુ કોઈના પણ માટે એવું હલકું વેણ કાઢવું મને પસંદ નથી. શ્રીજીમહારાજે 'શિક્ષાપત્રી'ના વીસમા શ્લોકમાં એવી સ્પષ્ટ આજ્ઞા કરી છે કે, **પોતાના સ્વાર્થની સિદ્ધિને અર્થે પણ કોઈને વિષે મિથ્યા અપવાદ આરોપણ ન કરવો.** એ વિદ્વાને ધર્મ, નીતિ, અવતાર, ગુરુ વગેરે વિષે મિથ્યા અપવાદનું આરોપણ કરી જે કહ્યું તે તેમને મુબારક! જે ગંદી સાવરણી એ સજ્જન હાથમાં ઝાલી શકે છે તેને અમારાથી અડકી પણ નહિ શકાય! 'એ ખાડમાં પડો!' એવું અમારાથી નહિ બોલાય. અમે તો એમનું કલ્યાણ જ વાંછીશું અને પરમાત્મા પાસે એમનું ભલું જ માગીશું.'

થોડી વાર રહી તેમણે આગળ કહ્યું: 'શ્રીજીમહારાજના સંતોએ આવાં અનેક અપમાનો સહ્યાં છે, અનેક ટીકાઓ ખમી છે, પણ કદી તેમણે પોતાના ચિત્તને ચંચળ થવા દીધું નથી. તેમને શ્રીજીમહારાજ પર અચળ શ્રદ્ધા હતી. તકરારી બે જણા ત્રીજા જ ડાહ્યા જણનો ચુકાદો જરા પણ અનાકાની વગર માન્ય કરે, તેમ તેમણે આવા બધા પ્રશ્નો વિષે પોતાનું ચિત્ત શ્રીજીમહારાજની વાણી પર સ્થિર કર્યું હતું અને તેમાંથી તેમને ઉત્તર મળતો હતો, આશ્વાસન મળતું હતું અને બળ મળતું હતું. આપણે પણ શ્રીજીમહારાજની વાણીમાંથી આ વિષમ પરિસ્થિતિમાં બળ મેળવવું જોઈએ.

એક દૃષ્ટાંતથી આ વાત સ્પષ્ટ થશે.

શ્રીજીમહારાજના સંત સદાનંદ સ્વામી મોટા યોગી પુરુષ હતા. એક વાર ફરતા ફરતા તેઓ બાવળી નામે ગામમાં આવ્યા અને ગામના ચોરામાં ખીંટીએ ઝોળી ટીંગાડી એકાસને બેસી સ્વામિનારાયણ મંત્રનો જાપ કરવા લાગ્યા. એમની નિર્મોહી પવિત્ર મુખમુદ્રા જોઈ ગામના લોકો તેમના પ્રત્યે આકર્ષાયા અને એમનાં દર્શન કરવા ટોળે વળ્યા. સ્વામીએ એમને શ્રીજીમહારાજના મહિમાની વાતો કરી. લોકો રાજી થયા.

પણ ત્યાં રહેતા એક બાવાને આ ગમ્યું નહિ. એ બાવાનું નામ ભાણદાસ. એને બીક લાગી કે આ સાધુ અહીં રહેશે તો મારો ભાવ કોઈ નહિ પૂછે.

આ ભયે એને ગાંડો કર્યો. એણે સ્વામીને ગામમાંથી કાઢી મૂકવાનો ત્રાગડો કર્યો.

એણે સંતને કહ્યું: 'સાધુરામ, ચાલો, જરી સત્સંગ

કરીએ!'

સ્વામી તો ભોળા, વિશ્વાસુ, સત્સંગના પ્યાસી. તરત બાવાની સાથે ચાલી નીકળ્યા.

બાવો એમને ગામથી દૂર નિર્જન જગાએ લઈ ગયો. પછી એકાએક હાથમાંની લાકડી સ્વામીના બરડા પર ફટકારી કહેઃ 'આજે હું તને છોડવાનો નથી.'

સંતે કહ્યુંઃ 'ભલે ના છોડશો, પણ મેં એવો શો ગુનો કર્યો છે એ કહેશો?'

બાવાએ કહ્યુંઃ 'ગુનો મોટો! તું સ્વામિનારાયણિયો છે. 'સ્વામિનારાયણ ખોટો છે' એવું તું ત્રણ વાર બોલે અને ગામ છોડી જતો રહે તો તને છોડું!'

સંતે કહ્યુંઃ 'ગામ છોડી જવાનું તો સહેલું છે. આજે નહિ તો કાલે હું ગામ છોડી જવાનો જ હતો, પણ સ્વામિનારાયણ ખોટા છે એવું મારાથી નહિ બોલાય.'

'તો અહીં અત્યારે આ ઘડીએ તારું મોત થશે.' બાવાએ કહ્યું.

સંતે કહ્યુંઃ 'ભલે થાય!'

આ સાંભળતાં જ બાવાએ જેમ ધોકા વડે લુગડાં ધુએ તેમ સંતને લાકડીથી પીટવા માંડ્યા અને મોટેથી બોલવા માંડ્યુંઃ 'બોલ, સ્વામિનારાયણ ખોટો છે! બોલ, સ્વામિનારાયણ ખોટો છે.'

માર પડતો જાય એમ સ્વામી વધારે જોરથી બોલેઃ 'શ્રીજી સત્ય છે! સ્વામિનારાયણ સત્ય છે! શ્રીજી સત્ય છે! સ્વામિનારાયણ સત્ય છે!'

સ્વામીનો આ પોકાર થોડે દૂર એક ખેતરની ખળાવાડમાં

કામ કરતા બે ખેડૂતના કાને પડ્યો. સૂંડા પડતા મૂકી એ બંને ત્યાં દોડી આવ્યા. જુએ તો બાવો સંતને મારે અને સંત બચાવમાં હાથ પણ ઊંચો કર્યા વિના માર ખાધા કરે અને 'શ્રીજી સત્ય છે!' બોલ્યા કરે! બાવાએ સંતને એટલા મારેલા કે તેના હાથમાંની લાકડીના કકડા થઈ ગયેલા!

એકદમ બંને જણે દોડીને બાવાને પકડી લીધો ને કહ્યું: 'ખબરદાર, આ સાધુ પર હવે હાથ ઉગામ્યો છે તો!'

બાવો એકદમ મિયાંની મિંદડી જેવો થઈ ગયો.

ખેડૂતોએ જોયું તો સંતનો આખો બરડો ચિરાઈ ગયો હતો, અને આખું શરીર લોહીલુહાણ હતું. તેમણે સંતને કહ્યું: 'મહારાજ, આટલો બધો માર પડ્યો, ત્યારે બોલી દેવું હતું ને કે સ્વામિનારાયણ ખોટા છે! એમ બોલવાથી સ્વામિનારાયણ થોડા જ ખોટા થઈ જવાના હતા? કથીર કહેવાથી સોનું કંઈ કથીર થઈ જતું નથી.'

સંતે કહ્યું: 'હું જાણું છું કે સ્વામિનારાયણનું સાચાપણું મારા કે કોઈના કહેવા પર આધાર રાખતું નથી, પણ તલતલ કરીને મને કાપે તો ય હું સ્વામિનારાયણ ખોટા છે એમ નહિ કહું. મારો અટલ વિશ્વાસ છે કે શ્રીજી સાચા છે, શ્રીજી જ સત્ય છે. મારનું મને દુઃખ નથી, પણ મને મારતાં એ બિચારાની લાકડી ભાંગી ગઈ એનું મને દુઃખ છે. હું ધાતુને સ્પર્શ કરતો નથી, એટલે મારી પાસે પૈસા નથી, નહિ તો હું એને નવી લાકડી લાવી આપત!'

સંતની આ વાણી સાંભળી ખેડૂતો તેમના પગમાં પડ્યા.

કથાનક પૂરું કરી સંતે કહ્યું: 'આનું નામ શ્રદ્ધા! ગમે એટલું બિવડાવીને, દુઃખ દઈને પણ એના મનમાં શ્રીજીના

સર્વોપરીપણા વિષે દ્વિધા ઉત્પન્ન કરી શકાઈ નહિ.'

પરાગે કહ્યુંઃ 'સંતની સહિષ્ણુતા પણ કેવી!'

સંતે કહ્યુંઃ 'સંતો શું, પણ શ્રીજીમહારાજના સાધારણ હરિભક્તમાં ય આવી શ્રદ્ધાના અને સહનશીલતાના દાખલા જોવા મળે છે.'

અમરેલી પાસે પીઠવાજાલ નામે ગામમાં ખીમો ડોબરિયો કરીને શ્રીજીમહારાજનો એક ભક્ત થઈ ગયો. ગામનો તે પહેલો જ સત્સંગી હતો.

ગામમાં એક જૂનું મંદિર હતું અને તેમાં એક બાવો રહેતો હતો.

બાવો ઊંચો, તગડો ને સ્વભાવે ક્રૂર હતો.

તેણે વિચાર કર્યો કે ખીમા પાસે સ્વામિનારાયણ ધર્મ છોડાવવો, નહિ તો આખું ગામ એની પેઠે સત્સંગી થઈ જશે અને મને હડધૂત કરશે.

એણે ખીમાને બોલાવી હુકમ કર્યોઃ 'કંઠી તોડી નાખ, નહિ તો આ ચીપિયો જોયો છે?'

ખીમો કહેઃ 'બાવાજી, ચીપિયાની બીકે કંઠી ના છૂટે!'

બાવાએ ફડાક કરતો ચીપિયો ખીમાના ખભા પર ફટકાર્યો.

ખીમો કહેઃ 'જય સ્વામિનારાયણ!'

બાવો વધારે ખિજાયો. એણે એલફેલ બોલવા માંડ્યું. ખીમાને અને સ્વામિનારાયણને ગાળો ભાંડવા માંડી.

ખીમો કહેઃ 'બાવાજી, મને ગમે એટલી ગાળો દો, પણ મારા સ્વામિનારાયણનું નામ ન લેશો.'

બાવો કહેઃ 'હું કંઈ એનાથી બીતો નથી.'

ખીમાએ કહ્યુંઃ 'બીતો નથી તો બી! બીતાં શીખ!'

બાવાએ કહ્યુંઃ 'અત્યારે તો હું તને શિખવાડું છું. કંઠી તોડ ને બોલ કે સ્વામિનારાયણ પાખંડી છે!'

ખીમાએ કહ્યુંઃ 'જય સ્વામિનારાયણ!'

બાવો કદાવર હતો. એણે ખીમાને ભોંય પછાડી એના હાથ-પગ અવળા બાંધ્યા, પછી એની છાતી પર પોતાના ઢોલિયાનો પાયો રાખ્યો ને બીજા ત્રણ પાયા હેઠળ પથરા મેલ્યા અને પછી માતેલા સાંઢ જેવો એ ઢોલિયા પર ચડી બેઠો ને ઊંચો-નીચો થઈ હીંચકા ખાવા લાગ્યો.

ખીમા ભગતની વેદનાનો કંઈ પાર ન રહ્યો, પણ એના મુખમાં સ્વામિનારાયણનો મંત્રજાપ અટક્યો નહિ.

હવે બન્યું એવું કે એક જીવડું ઊડતું ઊડતું આવ્યું અને એકદમ બાવાના કાનમાં પેસી ગયું. બાવાએ તેને કાઢવા પ્રયત્ન કર્યો, પણ જીવડું અંદર ચટકા ભરતું રહ્યું.

બાવો ચીસ પાડી ઊઠ્યો.

એની ચીસો સાંભળી લોકો દોડી આવ્યા. જોયું તો ખીમો ખાટલાના પાયા નીચે ચંપાયેલો અને ખાટલા પર બાવો માથાં પછાડે!

લોકોએ ખીમાને છૂટો કર્યો, પણ બાવાને કોઈ છૂટો કરી શક્યું નહિ. જીવડાની પીડાથી માથાં કૂટી કૂટીને એ મરી ગયો.

લોકોનાં મનમાં હવે સત્સંગનો ગુણ વસ્યો.

આ કથાનકોથી પરાગે ચિત્તમાં એકદમ શાંતિનો અનુભવ કર્યો. જાણે કોઈએ ભભૂકતી આગ ઠારી દીધી હોય એવી શાંતિ!

હવે સંતે 'શિક્ષાપત્રી'નું એક પાનું ઉઘાડી તે પરાગના

હાથમાં મૂકી કહ્યુંઃ '૨૧ અને ૨૯ બે શ્લોક વાંચ!'

પરાગે વાંચ્યુંઃ

**દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા, સાધુ અને વેદ-એમની નિંદા ક્યારેય ન કરવી, અને ન સાંભળવી. (૨૧)**

**અને જે શાસ્ત્રને વિષે શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના વરાહાદિક અવતાર, તેમનું યુક્તિએ કરીને ખંડન કર્યું હોય, એવાં જે શાસ્ત્ર, તે ક્યારેય ન માનવાં અને ન સાંભળવાં. (૨૯)**

# ૧૪

# રૂડા અક્ષરે નામું લખવું અને કરજ કદી કરવું નહિ

પરાગના એક કાકા સપરિવાર મુંબઈ રહેતા હતા. મુંબઈમાં તેમનો મોટો વેપારધંધો હતો. એ કાકાનો એક દીકરો જિમુત પરાગની જ ઉંમરનો હતો અને મુંબઈની શાળામાં દશમા ધોરણમાં ભણતો હતો.

તેનો પરાગ પર કાગળ આવ્યો કે હું અઠવાડિયું તારી સાથે રહેવા માટે આવું છું. તું શનિવારે મને સ્ટેશને લેવા આવજે!

પરાગ ખુશ થઈ ગયો.

શનિવારે રેલગાડીના ટાઈમે તે સ્ટેશને જઈ ઊભો. ગાડી આવી, પણ જિમુત દેખાયો નહિ. 'જિમુત! જિમુત!' કહી બૂમો પાડતો પરાગ એકેએક ડબો જોઈ વળ્યો, પણ ક્યાંય જિમુત દેખાયો નહિ. તેણે નક્કી કર્યું કે જિમુતે કોઈ કારણસર છેલ્લી ઘડીએ આવવાનું માંડી વાળ્યું હશે. એણે મને એ મતલબનો કાગળ લખ્યો પણ હશે, જે હવે પછી મને મળશે.

પણ બીજે દિવસે એ જ ટાઈમે એક ઘોડાગાડી એના ઘર આગળ આવી ઊભી, અને એમાંથી જિમુત ઊતર્યો. પરાગને આશ્ચર્ય સાથે આનંદ થયો. એ દોડીને જિમુતને ભેટી પડ્યો.

જિમુત તરત બોલ્યોઃ 'મેં કાગળ લખ્યો તો ય તું સ્ટેશને ન આવ્યો ને?'

પરાગે કહ્યું: 'કોણે કહ્યું નહિ આવ્યો? ગઈ કાલે બે કલાક મેં સ્ટેશને તારી રાહ જોવામાં બગાડ્યા છે!'

નવાઈ પામી જિમુતે કહ્યું: 'ગઈ કાલે? મેં લખ્યું તો હતું કે હું રવિવારે આવવાનો છું.'

પરાગે કહ્યું: 'નહિ, તેં શનિવારે આવવાનું લખ્યું હતું. જો, આ રહ્યો તારો કાગળ!'

જિમુતે કાગળ હાથમાં લઈ કહ્યું: 'આમાં રવિવારે આવવાનું જ લખ્યું છે.'

પરાગે કહ્યું: 'રવિવારે નહિ, શનિવારે લખ્યું છે.'

એટલામાં જિમુત આવ્યો છે જાણી પરાગના પિતા ત્યાં આવ્યા. પરાગે પેલો કાગળ તેમના હાથમાં મૂકી કહ્યું: 'પિતાજી, આ વાંચોને, આમાં કયો વાર લખ્યો છે?'

પરાગના પિતા કાગળ હાથમાં લઈ કેટલીય વાર સુધી તેની સામે જોઈ રહ્યા. પછી કહે: 'મને તો કંઈ ઉકલતું નથી, પણ શનિવાર લખ્યું લાગે છે.'

પરાગ અને જિમુત બે ય હસી પડ્યા.

થોડી વાર પછી બેઉ ભાઈ એકલા પડ્યા એટલે પરાગે જિમુતને કહ્યું: 'ભાઈ, તું તારા અક્ષર કેમ સુધારતો નથી? વંચાય એવું તો લખવું જોઈએ ને?'

જિમુતે કહ્યું: 'આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના અક્ષર ખરાબ હતા, અને દુનિયામાં કેટલાય મોટા મોટા માણસોના અક્ષર ખરાબ હતા. ખરાબ અક્ષર હોવા એ કંઈ ખરાબ નથી. વળી હું ભણીને દાક્તર થવાનો છું અને દાક્તરના અક્ષર તો ખરાબ હોવા જ જોઈએ.'

પરાગ હસ્યો. તેણે કહ્યું: 'વાહ, મહાપુરુષ થવાનો બહુ

સહેલો રસ્તો તને જડી ગયો! તું દાક્તર થવાનો અને તું મહાપુરુષ પણ થવાનો, પણ મને એક નાનકડો ડર છે. જેમ તારા કાગળમાં તેં રવિવાર લખ્યું અને અમે બધાએ શનિવાર વાંચ્યું તેમ યુનિવર્સિટીના પ્રશ્નપત્રોના તારા જવાબોમાં અવળું વંચાશે તો તું પાસ થતાં થતાં નાપાસ થઈ જશે અને તારી ભવિષ્યની ઉન્નતિનું તારું આખું સ્વપ્ન રોળાઈ જશે એનો કંઈ વિચાર કર્યો?'

જિમુત કંઈ બોલ્યો નહિ.

એને શાંત જોઈ પરાગે આગળ ચલાવ્યું: 'આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના અક્ષર ખરાબ હતા એ સાચું છે, પણ એ ખરેખર એટલા ખરાબ નહોતા. પણ તેઓ મહાપુરુષ થયા તે એમના ખરાબ અક્ષરને લીધે નહિ, પણ સત્ય અને અહિંસા પરની એમની અચળ શ્રદ્ધાને લીધે થયા છે. પોતાના ખરાબ અક્ષર બાબત તેમણે ઊંડું દુઃખ પ્રગટ કર્યું છે અને ચોખ્ખું કહ્યું છે કે ખરાબ અક્ષર એ અધૂરા ભણતરની નિશાની છે. આપણા મનની વાત બીજા લોકો નિઃશકપણે સાફ સાફ સમજી શકે તેવી રીતે ચોખ્ખા અક્ષરે આપણે કાગળ પર લખી ન શકીએ તો એ અધૂરું જ ભણતર કહેવાય. તારા કાગળમાં જેમ રવિવારનું શનિવાર વંચાયું તેમ કોઈ વાર ખરાબ અક્ષરને લીધે અર્થનો અનર્થ પણ થઈ જાય; ધંધામાં કે નોકરીમાં ક્યાંય આવું પોસાય નહિ!'

જિમુતે કહ્યું: 'તું ગામડામાં રહે એટલે તને ખબર નથી, પણ ધંધામાં ને નોકરીમાં આજે ઘણી પ્રગતિ થઈ ગઈ છે. હાથે લખવાનું કદી આવતું જ નથી. મારા એક મિત્રના પિતા મોટી કંપનીના ચીફ છે. તેઓ કહે છે કે દસ વર્ષ થયાં મેં કદી મારા

હાથે કાગળ પર એક લીટી લખી નથી– મોઢે બોલવાનું અને શૉર્ટ હેન્ડવાળો તે લખી ટાઈપ કરે! હિસાબ ગણવા માટે કેલક્યુલેટર અને મુદ્દાઓના નિકાલ માટે કૉમ્પ્યુટર! વિજ્ઞાને આજે એટલી પ્રગતિ કરી છે કે હાથે લખવાની તકલીફ લેવી જ ન પડે.'

મુંબઈગરા વિદ્યાર્થીની આ દલીલ સામે પરાગ ચૂપ થઈ ગયો.

સાંજે જિમુતે કહ્યુંઃ 'પરાગ, મારે થોડા પૈસા જોઈશે.'

'કેટલા?'

'પચાસ રૂપિયા!'

'એટલા બધા? શા સારુ? ગાડીની વળતાંની ટિકિટ લઈને જ તો તું આવ્યો છે. ઘેરથી તને કાકાએ બીજા પૈસા પણ આપેલા છે અને અહીં તું અમારો મહેમાન છે. તારે ફાલતુ ખર્ચ શા સારુ કરવો પડે?'

જિમુતે કહ્યુંઃ 'જો ભાઈ, ખર્ચ શા સારુ કરવું જોઈએ અને શા સારુ નહિ એ બાબતમાં હું કોઈને સલાહ આપતો નથી અને કોઈની સલાહ લેતો નથી. હું માત્ર એટલું જાણું છું કે મારે પૈસા જોઈએ છે અને તારે તે આપવાના છે.'

પરાગે કહ્યુંઃ 'આપવાની ના નથી, પણ મારી પાસે જે પૈસા છે તે મારા નથી, કોઈ જનહિતના કાર્યમાં વાપરવા માટેના છે.'

જિમુતે હસીને કહ્યુંઃ 'જે પૈસા તારા હાથમાં છે એ તારા જ કહેવાય. તું તે મને ઉછીના દઈ શકે છે અને હું તને તેની પાવતી લખી આપી શકું છું. પાવતી લખી દીધા પછી એ પૈસા મારા થાય છે અને હું એનું ગમે તે કરી શકું છું. સાવ સ્પષ્ટ

વાત છે.’

પરાગ પહેલી જ વાર આવું તત્ત્વજ્ઞાન સાંભળતો હતો.

અતિથિ બનીને આવેલા પિતરાઈ ભાઈને એ ના કહી શક્યો નહિ. એણે એને પચાસ રૂપિયા આપ્યા અને શાહસોદાગરની પેઠે જિમુતે વટથી એની પાવતી લખી આપી!

આમ ત્રણ-ચાર દિવસ વીત્યા. પછી જિમુતે એકાએક પરાગને કહ્યુંઃ ‘દોસ્ત, બીજા સો રૂપિયા જોઈએ. બે-ત્રણ દિવસ પછી મુંબઈ જવાનું છે. નાના ભાઈ તથા બહેન માટે તથા કેટલાક મિત્રો માટે અહીંથી કંઈ લઈ જવું છે.’

પરાગે કહ્યુંઃ ‘તે માટે કાકાએ પૈસા આપેલા છે ને?’

જિમુતે હસીને કહ્યુંઃ ‘એ તો ક્યારનાયે વપરાઈ ગયા. કોઈ રીતે તું મને બીજા સો રૂપિયા આપ!’

પરાગે કહ્યુંઃ ‘ભાઈ-બહેન અને મિત્રો માટે એવી કિંમતી ભેટો લઈ જઈને શું કામ છે? એ લોકો જાણે જ છે કે તું વિદ્યાર્થી છે અને વિદ્યાર્થી પાસે એવી મોંઘી ભેટો આપવાના પૈસા હોય નહિ.’

જિમુતે કહ્યુંઃ ‘ભાઈ-બહેન માટે કશું ન લઈ જાઉં તો ચાલે, પણ મિત્રો-દોસ્તારો માટે તો લઈ જવું જ પડે. એ લોકો જાણે છે કે મારી પાસે પૈસા હોય જ છે અને હું એમને માટે કંઈક લાવીશ. હું એમના એ વિશ્વાસને ખોટો પાડવા ઈચ્છતો નથી!’

પરાગે કહ્યુંઃ ‘એ ખરું, પણ મિત્રોને રાજી રાખવા આવો ગજા બહારનો ખોટો ખર્ચો કરવાનો?’

જિમુતે કહ્યુંઃ ‘ગજા બહારનો ક્યાં છે? અને તે ખોટો ય ક્યાં છે ? આ તો કેવળ મિત્રધર્મ છે. એમાં રૂપિયા આના પાઈનો હિસાબ ન કરાય!’

પરાગે કહ્યુંઃ 'મૈત્રીમાં એવો હિસાબ ન ગણાય એ તારું કહેવું સાચું છે. તો ય તું વિદ્યાર્થી છે. તું જાતે કંઈ કમાતો નથી, તું શા સારુ આટલું ખર્ચ કરે છે? કાકાએ તને જે હાથખરચી દીધી હોય તેમાંથી જ તારે તારા બધા ખર્ચની જોગવાઈ કરવી જોઈએ.'

હવે જિમુતને ખોટું લાગ્યું. તેણે કહ્યુંઃ 'તું આવો ઉપદેશ દેતો ક્યારથી થઈ ગયો? વિપુલ કહે છે કે તું કો'ક સાધુનો ચેલો થયો છે, એનું તો આ પરિણામ નથી ને?'

પરાગે કહ્યુંઃ 'એનું પરિણામ હોય તો ય શું ખોટું છે? માણસે પછેડી પ્રમાણે સોડ તાણવી જોઈએ. દેવું તો કોઈ કાળે ન કરવું જોઈએ.'

જિમુતે કહ્યુંઃ 'હું દેવું કરતો જ નથી. હું મુંબઈ જઈને તરત જ તારા પૈસા તને પાછા મોકલવાનો છું. સોના સવાસો યે મોકલું. પછી એને દેવું કેમ કહેવાય?'

છેવટે પરાગને નમતું આપવું પડ્યું. તેણે જિમુતને સો રૂપિયા આપ્યા.

આ વખતે પણ જિમુતે વટથી પાવતી લખી આપી.

આવી રીતે અઠવાડિયું મોજ કરીને જિમુત પાછો મુંબઈ ગયો.

પરાગ જિમુત પાસેથી પૈસા પાછા આવવાની રાહ જોઈ રહ્યો. દિવસો પર દિવસો વીત્યા, પણ પૈસા આવ્યા નહિ ત્યારે નાછૂટકે પરાગે તેને એક કાગળ લખ્યો. તેમાં લખ્યુંઃ 'પૈસા પારકા છે, એટલે આ ઉઘરાણી કરું છું. તને કાયમ પૈસાની તકલીફ રહેતી હશે એવું લાગે છે. સ્નેહભાવે તને ફરી કહું છું કે કાકા તને જે કંઈ હાથખરચી આપે તેમાં જ તારે તારા

ખર્ચની મર્યાદા જાળવવી જોઈએ. દેવું કોઈનું પણ કોઈ હિસાબે નહિ કરવું જોઈએ.'

આ કાગળના જવાબમાં જિમુતના કાગળને બદલે જિમુતના પિતાનો પત્ર આવ્યો. તેમાં લખ્યું હતુંઃ

ચિ. ભાઈ પરાગ,

તારો જિમુત પરનો પત્ર મારા હાથમાં આવ્યો. આમ તો હું એના કાગળ ના ફોડું કે ન વાંચું, પણ આજે અસાધારણ પરિસ્થિતિમાં મારે તેમ કરવું પડ્યું છે. આજે ત્રણ-ચાર દિવસથી જિમુત ઘેર નથી અને એ ક્યાં છે તેની અમને કોઈને ખબર નથી; તેના માથે ઘણું દેવું થઈ ગયું છે તેથી તે છુપાતો ફરે છે એવું તેના દોસ્તારો કહે છે. એ બધા દોસ્તારો તેના મોટા ભાગના લેણદારો છે અને તેમની પાસેથી નાની-મોટી રકમો તેણે લીધી છે અને એ લઈને એ દોસ્તારો સાથે જલસા કર્યા છે. કોની પાસેથી કેટલી રકમ લીધી છે એની એણે ક્યાંય નોંધ રાખી નથી અને જેણે જેમ કહ્યું તેમ પહોંચો લખી આપી છે. સો લઈને સવાસો યે લખ્યા હશે. હવે તારા આ પત્રે મારી આંખો ઉઘાડી નાખી છે. છોકરો કેવા દોસ્તો કરે છે, ક્યાં જાય-આવે છે, શું કરે છે, પૈસા ક્યાંથી લાવે છે તે બાબત આજ સુધી હું અજાણ રહ્યો એ મારી ભૂલ મને આજે સમજાઈ છે. તારી પાસે તારા પૈસા હતા નહિ, જે હતા તે ધર્માદાના હતા અને તે અનિચ્છાએ તારે જિમુતને આપવા પડ્યા એ જાણી મને દુઃખ થયું. એ પૈસા આ સાથે હું તને મોકલી આપું છું. એના મિત્રોની બાકી રકમોની પણ મારે જોગવાઈ કરવી પડશે, એ રકમો ચૂકતે નહિ થાય ત્યાં લગી એ દોસ્તો એને ઘેર આવવા નહિ દે એવું લાગે છે. આ મિત્રો કેવા? આવા મિત્રોની મૈત્રી

કરી જિમુતે શું મેળવ્યું? લાચારી ને બદનામી કે બીજું કંઈ?

આ પત્ર વાંચી પરાગની આંખોમાં આંસુ આવી ગયાં. તેને જિમુત માટે ખૂબ લાગણી થઈ આવી.

તે સાંજે તે સંતનાં દર્શન કરવા ગયો ત્યારે કાકાનો પત્ર તેણે તેમને વંચાવ્યો.

સંતે કહ્યુંઃ અસાધુનો સમાગમ કરવાનું આ ફળ છે, ભાઈ! શ્રીજીમહારાજે 'શિક્ષાપત્રી'ના ૧૨૫મા શ્લોકમાં સત્સંગના શિરોમણિ આચાર્યશ્રીને પણ એવી સ્પષ્ટ આજ્ઞા કરી છે કે-

**કોઈ આપત્કાળ આવી પડે તો ભિક્ષા માગીને પોતાનો નિર્વાહ કરવો, પણ કોઈનું કરજ તો ક્યારેય ન કરવું. (૧૨૫)**

પછી 'શિક્ષાપત્રી' ઉઘાડી પરાગના હાથમાં આપતા કહ્યુંઃ 'આ બે શ્લોક વાંચ!'

પરાગે મોટેથી વાંચ્યુંઃ

**અને પોતાની ઉપજનું જે દ્રવ્ય, તેને અનુસારે નિરંતર ખર્ચ કરવો, પણ તે ઉપરાંત ન કરવો. અને જે ઉપજ કરતાં વધારે ખર્ચ કરે તેને મોટું દુઃખ થાય છે, એમ સર્વે ગૃહસ્થોએ મનમાં જાણવું. (૧૪૫)**

**અને પોતાના વ્યવહારકાર્યને વિષે જેટલા ધનની ઉપજ હોય તથા જેટલો ખર્ચ હોય, તે બેયને સંભારીને નિત્ય પ્રત્યે રૂડા અક્ષરે કરીને પોતે તેનું નામું લખવું. (૧૪૬)**

## ઘરનાં પશુડાં અને ઘરનું મનેખ ૧૫

આસપાસનાં ગામોમાંથી ઘણી વાર ખેડૂતો સંત હરિભક્તદાસના દર્શન કરવા આવતા. દરેક વખતે પરાગ જોતો તો કોઈ ખાલી હાથે આવતા નહિ, મૂઠી બાજરો ય સંતનાં ચરણમાં ધરતા.

આ ખેડૂતોમાં એક વેજલપુરના કેશવ ભગત હતા. તેમણે એક વાર સંતને પોતાને ઘેર પગલાં કરવા વિનંતી કરી. સંતે એ વિનંતીનો સ્વીકાર કર્યો. તેમણે પરાગને પણ પોતાની સાથે ચાલવા કહ્યું.

શાળામાં રજાઓ હતી. સંત એમના જોડીદાર સાધુ તથા પરાગની સાથે ચાલતા કેશવ ભગતના ગામમાં આવ્યા. તેમણે ગામના હરિમંદિરમાં મુકામ કર્યો.

ગામના ખેડૂતો તેમની અનુકૂળતાએ કોઈ એકલા તો કોઈ જૂથમાં સંતનાં દર્શને આવતા, પણ રોજ સાંજે સંત પ્રવચન કરતા તે સાંભળવા ઘણા ભેગા થતા. ગામની સ્ત્રીઓ પણ સંતની દૃષ્ટિ ન પડે તેમ ઓઝલ બેસતી અને કથામૃત સાંભળતી.

સંત આ ખેડૂતોને શ્રીજીમહારાજના મહિમાની વાતો કરતા અને ખેડૂતો સંત સમક્ષ પોતાના ઘરના કે ખેતીના પ્રશ્નો રજૂ કરી તેમનું માર્ગદર્શન માંગતા.

એક વાર એક માણસ આવી સંત સમક્ષ રડી પડ્યો. કહેઃ 'હું કરસન ભગતનો નોકર છું. હું દશ વર્ષનો હતો ત્યારથી તેમને ત્યાં છું. વહેલી સવારથી તે રાત લગી ટાઢ-

તડકો ને વરસાદ વેઠી તન તોડી કામ કરું છું, પણ હજી બે પૈસા ભગવાનની પાળે મૂકું એટલી મારી હેસિયત નથી. મારા બાપા ય એમને ત્યાં વૈતરું કરી કરીને મરી ગયા અને હું યે એમ વૈતરું કરતો કરતો મરી જઈશ. ત્રીસ વર્ષનો થયો છું, હવે હું ઘરડો ગણાઉં, કેટલું જીવવાનો છું? આ ગોલાપો છોડી બીજે જાઉં તો સારો પગાર મળે, પણ મારા બાપા કહી ગયા છે કે શેઠને છોડતો નહિ— મને પરણાવતી વખતે શેઠની પાસેથી રૂપિયા લીધેલા, તે હજી ચૂક્તે નથી થયા. હવે મારા દીકરાને પરણાવવાનો થશે, એટલે એનું દેવું થશે અને એમાં દીકરાની યે આખી જિંદગી શેઠને ત્યાં લખાઈ જશે! જાનવર કરતાં યે અમારી દશા ભૂંડી છે!'

સંત આ સાંભળી વિચારમાં પડી ગયા. તેમણે એને આશ્વાસન આપી શાંત કર્યો.

કરસન ભગત રોજ સાંજે સંતની કથામાં આવતા.

એક વાર સંતે તેમને પાસે બોલાવી કહ્યું: 'ભગત, શ્રીજીમહારાજ પર તમને કેવો ભાવ?'

કરસન ભગત કહે: 'પૂરેપૂરો!'

સંત કહે: 'શ્રીજીમહારાજની આજ્ઞા પાળો ખરા?'

ભગતે કહ્યું: 'કેમ ન પાળું? પણ શ્રીજીમહારાજ પોતે આજ્ઞા કરવા આજે ક્યાં હાજર છે? મહારાજ હાજર હોય તો દોડતો જઈને એમના પગમાં પડું અને કહું કે મને તમારી સેવામાં રાખો!'

સંતે પ્રસન્ન ભાવે કહ્યું: 'પછી મહારાજ કહે કે ભગત, તમે જેમ છો તેમ રહો, પ્રેમથી ખેતી કરો અને અમારું નામસ્મરણ કરો, તો?'

ભગતે કહ્યુંઃ 'તો પ્રેમથી ખેતી કરું અને હેતથી નામસ્મરણ કરું.'

સંતે કહ્યુંઃ 'અને ભગવાન કહે કે ભગત, ગમે તેવી ભીડમાં યે કરજ કરતા નહિ, કરજ કરશો તો ફસાશો, તો?'

ભગતે કહ્યુંઃ 'દેવું કોઈ કાળે ન કરું!'

સંતે કહ્યુંઃ 'બહુ સરસ! અને ભગત, ભગવાન કહે કે સમય પ્રમાણે અને તમારી શક્તિ પ્રમાણે તમારે ઘરનો વરો રાખવો અને તે વરા હિસાબે અન્નદ્રવ્યનો જોગ રાખવો, તો?'

ભગતે કહ્યુંઃ 'તો શ્રીજીની આજ્ઞા માથા પર! શ્રીજી કહે તે આપણા ભલા માટે જ કહે ને!'

સંતે કહ્યુંઃ 'ખૂબ સરસ! અને ભગત, શ્રીજી કહે કે ગાય-બળદ કે ઘોડો ઘરમાં રાખતાં હો તો એના માટે ઘાસપાણીનો પહેલેથી વિચાર કરી લેવો જોઈએ અને જેટલાં પશુ રાખવાં આપણાથી સંભાળાય તેમ હોય તેટલાં જ રાખવાં, વધારે નહિ. ને રાખવાં એટલાં બરાબર પાળવાં, તો?'

ભગતે કહ્યુંઃ 'તો જેવી શ્રીજીની આજ્ઞા! ઘરમાં ગાય, ભેંશ, બળદ, ઘોડું રાખવાં તો રાખી જાણવાં! તેમની બરોબર ખાતર બરદાસ્ત કરવી; તેમના માટે ઘાસચારાની પૂરી જોગવાઈ કરવી; તેમને ચંદીખોળ પણ આપવાં પડે– એમાં જરીકે આળસ કે બેદરકારી ન ચાલે. બાપડાં મૂંગાં પશુડાં કંઈ બોલે છે? એમને જરા ય દુઃખી ન કરાય. જેવાં આપણે તેવાં એ!'

સંતે કહ્યુંઃ 'ભગત, તમારી સમજ બિલકુલ સાચી છે. ભગત, એ પશુડાંને તમે ઘરમાં રાખો કે ઘર બહાર રઝળતાં મેલો?'

ભગતે કહ્યું: 'ઘરમાં વળી! ઘરનાં અન્નથી પોષાય એ બધાં ઘરનાં જ કહેવાય!'

'કોઈ પશુ માંદુંસાજું થાય તો?'

'તો એની તરત સંભાળ લેવી પડે! ઘરનું માણસ માંદુ પડે તો શું કરીએ છીએ? તેવું પશુનું! શ્રીજીમહારાજ સાચું જ કહે છે: 'પશુડાં સંભાળાય એટલાં જ રાખવાં અને રાખવાં તેને બરાબર સંભાળવાં!' એમાં મીનમેખ નહિ!'

સંતે કહ્યું: 'અને ભગત, સંભાળાય તો જ પશુડાંને રાખો, તેમ સંભાળાય તો જ માણસને રાખો એવું શ્રીજીમહારાજ કહે, તો?'

ભગતે કહ્યું: 'તો વળી શું? રાખ્યો તો સંભાળવો જ પડે! ઘરનું માણસ ગણીને જ તો!'

સંતે કહ્યું: 'ખરું કહ્યું, ભગત! તમે શ્રીજીમહારાજને બરાબર સમજ્યા છો... હવે કહો તો શ્રીજીમહારાજની આજ્ઞા વાંચી સંભળાવું. શ્રીજીમહારાજ પોતે આજે અત્યારે અહીં હાજરાહજૂર છે.'

ભગતે આશ્ચર્ય સાથે કહ્યું: 'અહીં, અત્યારે?'

'હા, આ શ્રીજીમહારાજ પોતે!'

આમ કહી સંતે ભગત સામે 'શિક્ષાપત્રી' ધરી કહ્યું: 'આ શ્રીજીમહારાજ પોતે! આ એમની વાણી! શ્રીજીમહારાજે પોતે કહ્યું છે કે: **'આ જે અમારી વાણી, તે અમારું સ્વરૂપ છે.' (૨૦૯)'**

ભગત 'શિક્ષાપત્રી'ને માથું અડાડી બોલી ઊઠ્યા: 'હાજરાહજૂર! હાજરાહજૂર! એમાં ના નહિ!'

હવે 'શિક્ષાપત્રી'નું એક પાનું ઉઘાડી તે પરાગના હાથમાં આપી સંતે કહ્યું: 'આ બે શ્લોક મોટેથી વાંચ!'

પરાગે વાંચ્યુંઃ

**અને તે ગૃહસ્થ સત્સંગી, તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે, સમયને અનુસરીને, જેટલો પોતાના ઘરનો વરો હોય તેટલાં અન્નદ્રવ્યનો સંગ્રહ, જે તે કરવો, અને જેના ઘરમાં પશુ હોય એવા જે ગૃહસ્થ, તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે ચાર્ય પૂળાનો સંગ્રહ કરવો. (૧૪૧)**

**અને ગાય, બળદ, ભેંશ, ઘોડા આદિક જે પશુ, તેમની તૃણ જળાદિકે કરીને પોતાવતે જો સંભાવના થાય, તો તે પશુને રાખવાં અને જો સંભાવના ન થાય તો ન રાખવાં. (૧૪૨)**

આટલું વાંચ્યું એટલે સંતે કહ્યુંઃ 'હવે, ૧૫૨મો શ્લોક વાંચ!'

પરાગે વાંચ્યુંઃ

**અને પોતાનાં કામકાજ કરવા તેડ્યા જે મજૂર, તેમને જેટલું ધન અથવા ધાન્ય દીધાનું કહ્યું હોય, તે પ્રમાણે જ આપવું, પણ તેમાંથી ઓછું ન આપવું. (૧૫૨)**

સૌ સાંભળી રહ્યા.

પછી સંતે કહ્યુંઃ 'ભગત, આ કોની વાત છે?'

ભગતે કહ્યુંઃ 'થોડા કલાક માટે દહાડિયો રાખ્યો હોય તેની વાત છે. તેને નક્કી કરેલા પૈસા આપવા, ઓછું આપી છેતરવો નહિ, સાવ સાચી આજ્ઞા છે!'

સંતે કહ્યુંઃ 'ભગત, એ દહાડિયો એક-બે દિવસ માટે નહિ, પણ કાયમનો રાખ્યો હોય તો?'

ભગતે કહ્યુંઃ 'કાયમનો એ તો ઘરનું જ મનેખ કહેવાય! હું જેમ મારા ઘરનો કાયમનો દહાડિયો—કાયમનું મનેખ, મારો દીકરો કાયમનો દહાડિયો— કાયમનું મનેખ, તેમ—'

એકાએક ભગત કંઈ વિચારમાં પડી અટકી ગયા.

ભગતનું અધૂરું વાક્ય સંતે પૂરું કર્યુંઃ 'તેમ તમારા ઘરનો કાયમનો દહાડિયો લવજી, તમારા ઘરનું જ મનેખ ને?'

ભગતને ગળામાં કંઈ ખટક્યું, તે બોલ્યા નહિ.

સંતે કહ્યુંઃ 'ભગત, શ્રીજીમહારાજની આજ્ઞા તો જાણો છો, એ આજ્ઞા તમે શિર સાટે પાળો છો, પછી મારે તમને કંઈ કહેવાનું હોય નહિ.'

હવે ભગતને પોતાની ભૂલનું ભાન થયું. તેમણે ઉત્સાહમાં આવી બૂમ પાડીઃ 'અલ્યા એ લવજી! કોકડું વળી ત્યાં શું બેઠો છે? અહીં આવ, અને સંતજીને પગે પડ! મારા ઘરનું મનેખ થઈને હજી લગી તેં કંઠી કેમ નથી બાંધી?'

પછી સંતને કહેઃ 'મહારાજ, ત્રણ પેઢીથી આ અમારી જોડે રહે છે, એ અમારા ઘરનું મનેખ છે. જેવો મારો રામજી, તેવો મારો આ લવજી! બોલ અલ્યા, જે સ્વામિનારાયણ! જે સ્વામિનારાયણ!'

લવજીની આંખો નવા તેજે ચમકી. તેના ખોળિયામાં જાણે નવો જીવ આવ્યો.

તે ઉત્સાહથી બોલ્યોઃ 'જે સ્વામિનારાયણ! જે સ્વામિનારાયણ!'

સંતે કરસન ભગત અને લવજીના માથા પર એકેક હાથ મૂકી આશીર્વાદ આપ્યા!

---

## અહિંસક યજ્ઞ ૧૬

પરાગના ગામમાં એક માતાજીનું મંદિર હતું. તેમાં એક બાવો રહેતો હતો. લોકો તેને બજરંગ બાવો કહેતા અને તેને મોટો મહાત્મા ગણતા.

આ બજરંગ બાવાએ ગામમાં એક યજ્ઞ કરવાનું જાહેર કર્યું હતું અને તે માટે તેણે ઘણી બધી તૈયારીઓ પણ કરી દીધી હતી, તેમાં એક તૈયારી યજ્ઞમાં પશુનું બલિદાન દેવાની હતી.

સંતના જાણવામાં આ વાત આવી ત્યારે તેમણે પોતાના વાર્તાલાપમાં કહ્યું કે 'સારામાં સારો યજ્ઞ એ જપયજ્ઞ છે. તે સિવાયના જે યજ્ઞો તે પણ અહિંસક યજ્ઞો હોવા જોઈએ. કરવો હોય તો ભગવાન વિષ્ણુ સંબંધી અહિંસક યજ્ઞ કરો. યજ્ઞ પવિત્ર ચીજ છે, તેમાં હિંસા કરાય નહિ. ભગવાનના નામે ભગવાનના સરજેલા જીવતા જાનવરનો વધ કરવો એ ભગવાનનો દ્રોહ કર્યા બરાબર છે. યજ્ઞમાં મૂક નિર્દોષ જીવની આવી હત્યા કરવાથી ભગવાન પ્રસન્ન થશે એવું માનવું એ ભૂલ છે. તમે જ કહો, માબાપની આગળ એમના દીકરાનો વધ કરીએ અને માબાપ ખુશ થાય એવું કદી બને ખરું? ઊલટું, ગુસ્સે થઈ સામો ઘા કરે! માટે આવા હિંસક યજ્ઞો કોઈ કાળે કરવા નહિ, કોઈ કરતો હોય તો એમાં ભાગ લેવો નહિ, એને મદદ કરવી નહિ! એવા હિંસક યજ્ઞમાં જારનો એક દાણો દેવો એ પણ પાપ છે!'

બજરંગ બાવાના કાને આ વાત પહોંચી. એ એકદમ

લાલપીળો થઈ ગયો. તે બોલ્યોઃ 'માતાજીના યજ્ઞમાં પશુનો વધ થવો જ જોઈએ. માતાજીને મદ્ય ને માંસ ધરવાં જ જોઈએ અને ભક્તે એનો પ્રસાદ લેવો જ જોઈએ. તે વિના માતાજી પ્રસન્ન થાય નહિ અને ગામ સુખી થાય નહિ!'

સંતે આ સાંભળ્યું ત્યારે કહ્યુંઃ 'દારૂ પીએ અને રક્તમાંસ ખાય એ માતાજી કેવાં? એને માતાજી નહિ, રાક્ષસી જ કહેવી જોઈએ. એવી રાક્ષસીની પૂજા કરવી એ પાપ છે, પાખંડ છે. હિંસક યજ્ઞ ધર્મવિરુદ્ધ છે, શાસ્ત્રવિરુદ્ધ છે.'

જવાબમાં બજરંગ બાવાએ ગામ ભેગું કરી કહ્યુંઃ 'એ સ્વામિનારાયણિયો બાવલો શાસ્ત્રમાં શું સમજે? હું તો ચારે વેદ અને અઢારે પુરાણ પચાવી ચૂક્યો છું– વેદપુરાણનો એક એક અક્ષર મારો જાણીતો છે. કહો એ બાવલાને કે આ ગામમાં રહેવું હશે તો તારે આ યજ્ઞનો પ્રસાદ લેવો પડશે, નહિ તો ચીપિયાથી તારું મોઢું ફાડી હું એમાં માતાજીનો પ્રસાદ નાખીશ! માતાજી કોનું નામ!'

લોકો બાવાથી બીતા હતા. બાવો હતો પણ એવો બિહામણો. ઊંચો ને કદાવર. છાતી પર સાંકળો બાંધે. લાંબી જટાની ટોચે ત્રિશૂળ ખોસે! એક હાથમાં ચીપિયો અને બીજા હાથમાં અધમણિયો મગદળ ગદાની પેઠે ફેરવે! એની આંખો અંગારા જેવી લાલચોળ તગતગે! દાંત પણ ભૂંડની પેઠે થોડા બહાર આવેલા– કડડડ કરી દાંત ભીંસે ત્યારે લોકો ફફડી ઊઠે.

ગામના ડાહ્યા માણસોએ આવી સંતને કહ્યુંઃ 'બાપજી, ગામ છોડી ચાલી જાઓ! આ બાવો ભરાડી છે, તમને કંઈ કરી બેસશે તો અમારા ગામને માથે કાળી ટીલી ચોંટશે.'

સંતે હસીને કહ્યું: 'તમારી લાગણી હું સમજું છું, પણ શ્રીજીમહારાજની એવી સ્પષ્ટ આજ્ઞા છે કે **કરવો તો હિંસાએ રહિત એવો વિષ્ણુ સંબંધી યજ્ઞ કરવો, બીજો નહિ.** (શિક્ષાપત્રી ૧૫૫) મારી જાણે હું એ આજ્ઞાનો ભંગ કેમ થવા દઉં?'

લોકોએ કહ્યું: 'પણ અહીં તમારી સલામતી—'

હસીને સંતે કહ્યું: 'સલામતી શ્રીજીના હાથમાં! મહારાજે સ્પષ્ટ કહ્યું છે કે અગવડો દેખો ત્યાં રહેજો! દુઃખ-સંકટ જોઈને પાછી પાની કરશો નહિ! એટલે બીને ભાગી જવાનું મારાથી નહિ બને!'

એક માણસ જે પોતાને ખૂબ ડાહ્યો સમજતો હતો તેણે કહ્યું: 'તો મહારાજ, બાવાની સાથે સમાધાન કરી લો!'

સંતે કહ્યું: 'એટલે?'

ડાહ્યાએ કહ્યું: 'એટલે એમ કે એ દશ પશુનો વધ કરતો હોય તો એકનો કરે અને પ્રસાદ તમે આરોગો નહિ, માત્ર જરી ચાખો એટલે પત્યું!'

આ સાંભળી સંત હસ્યા. પછી કહે: 'તમારી વાત ખૂબ ડહાપણ ભરેલી છે, ભાઈ! પણ આ કંઈ રૂપિયા-પૈસાનો હિસાબ સમજવાનો નથી, આ તો હિંસા-અહિંસાનો પ્રશ્ન છે, શુભ-અશુભનો પ્રશ્ન છે, સત્કર્મ-દુષ્કર્મનો પ્રશ્ન છે. આમાં કાં તો સત્ય હોય કે અસત્ય હોય, શુભ હોય કે અશુભ હોય, હિંસા હોય કે અહિંસા હોય— બેમાંથી એક હોય, બે સાથે ન હોઈ શકે. હિંસા પણ હોય અને અહિંસા પણ હોય, અંધારું પણ હોય અને અજવાળું પણ હોય, તૃપ્તિ પણ હોય અને ભૂખ પણ હોય એવું ન બની શકે.'

લોકોએ કહ્યું: 'તો શું કરવું?'

સંતે કહ્યું: 'નિશ્ચય કરવો.'

'કેમ કરી નિશ્ચય કરવો?'

સંતે કહ્યું: 'તમે ગામનાં માબાપો બધાં ભેગાં થઈને વિચાર કરો– જે પિતાઓ છે તેમને પૂછો કે તમારી આગળ તમારા દીકરાનો ભોગ ધરીએ તો તમે ખુશ થશો? તેનાં રક્તમાંસનો પ્રસાદ તમે ખાશો? તેવી રીતે માતાઓને પૂછો કે તમારા દીકરાઓનો ભોગ તમારી આગળ ધરીએ તો તમે રાજી થશો ને? તેનાં રક્તમાંસનો પ્રસાદ તમે ખાશોને?'

જરા અટકી સંતે કહ્યું: 'જો આ પિતાઓ ને માતાઓ હા કહે તો આ હિંસક યજ્ઞ કરો!'

સભામાંથી એક જણે કહ્યું: 'પણ મહારાજ, અમે તો પશુના બલિદાનની વાત કરીએ છીએ, માણસની નહિ! વાતને તમે અવળે પાટે ચડાવો છો!'

સંતે કહ્યું: 'વાતને હું અવળે પાટે નથી ચડાવતો, મારી વાત તો એના પાટા પર જ છે. અવળો પાટો તો બીજે છે, હું તેને સવળા પાટે કરવા કહું છું. હું પશુની કે માણસની નહિ, જીવના બલિદાનની વાત કરું છું. જગતમાં જીવમાત્ર ભગવાનની સૃષ્ટિ છે; ભગવાને તેને જીવન આપ્યું છે તે જીવવા માટે જ આપ્યું છે તે વાત દીવા જેવી સ્પષ્ટ છે. જે જન્મ્યું છે તેને જીવવું ગમે જ છે. ભગવાને પ્રસન્ન થઈ તેને જે આપ્યું તે યજ્ઞના નામે તમારે લઈ લેવું છે. રાજાએ બ્રાહ્મણને દીધેલું ઇનામ કોઈ છેતરીને લઈ લેવાનું કહે તો તમે એનાં વખાણ કરશો કે એને ઠગ, ધૂતારો કહેશો? હિંસક યજ્ઞ કરનારો આવી ઠગાઈ, ધૂતારાઈ કરે છે. એને કોઈ હિસાબે ટેકો અપાય નહિ!'

હવે વાત લોકોના ગળે ઊતરી.

યજ્ઞનો વિરોધ કરવામાં ગામની સ્ત્રીઓએ હવે પહેલ કરી.

સ્ત્રીઓ ભેગી થઈને માતાજીના મંદિરમાં ગઈ. બજરંગ બાવાને તેમણે સાફ શબ્દોમાં કહી દીધું કે યજ્ઞમાં તમને અમારો સાથ નહિ મળે!

છેવટે બજરંગ બાવાએ યજ્ઞની યોજના પડતી મૂકવી પડી.

તે સાંજે ભેગા થયેલા લોકો સમક્ષ સંતે આ દૃષ્ટાંત કહ્યું:

શ્રીજીમહારાજ યજ્ઞના વિરોધી નહોતા. તેમણે પોતે અનેક યજ્ઞો કરાવ્યા છે, અને એ યજ્ઞોમાં સૌને નાનું-મોટું કામ સોંપી પુણ્યના ભાગી કર્યા છે. આ યજ્ઞો શુદ્ધ અહિંસક યજ્ઞો હતા. યજ્ઞ એ ત્યાગ અને સમર્પણનું પ્રતીક છે. યજ્ઞ દ્વારા આપણે ભગવાનને આપણાં તન-મન-ધન સમર્પીએ છીએ. આપણને દેહ પ્રત્યે મમતા છે, દેહને લાડ કરવાં આપણને ગમે છે. આપણને ધન પ્રત્યે મમતા છે, ધન સંઘરવું આપણને ગમે છે. આ લાડ અને આ સંઘરાનો ત્યાગ કરવાનું યજ્ઞ આપણને શીખવે છે. યજ્ઞ કહે છે કે તમે જેને તમારું ગણો છો તે તમારું નથી, પણ પ્રભુનું છે. એ વાત સતત તમારા ચિત્તમાં રહેવી જોઈએ. તેથી શ્રીજીમહારાજ આવા હિંસા રહિત યજ્ઞો કરાવતા.

એક વાર શ્રીજીમહારાજ કચ્છ-ભૂજમાં હતા. ભૂજમાં તે વખતે જગજીવન નામનો રાજાનો એક મંત્રી હતો. તેણે એક યજ્ઞનું મંડાણ કર્યું અને એવી વાત ચલાવી કે આ યજ્ઞથી રાજાનું અને પ્રજાનું બેઉનું કલ્યાણ થશે. યજ્ઞ માટે દેશદેશથી બ્રાહ્મણો આવ્યા અને યજ્ઞમાં વધેરવા માટે ઘણાં પશુઓ ભેગાં કરવામાં આવ્યાં.

જગજીવને આ યજ્ઞમાં પધારવા શ્રીજીમહારાજને નિમંત્રણ આપ્યું. મહારાજ પધાર્યા. ચારે બાજુ યજ્ઞનો ઘોંઘાટ હતો, એ ઘોંઘાટમાં પણ યજ્ઞ માટે રખાયેલાં પશુઓનો ચિત્કાર મહારાજને કાને પડ્યો. તેમણે પૂછ્યું તો ખબર પડી કે યજ્ઞમાં પશુઓની હત્યા થવાની છે.

બ્રાહ્મણો કહેઃ 'એ હત્યા ન કહેવાય, એ તો બલિદાન કહેવાય! બલિદાનથી માતાજી પ્રસન્ન થાય છે અને બલિ બનેલા પશુનો મોક્ષ થાય છે.'

મહારાજે કહ્યુંઃ 'ઓહોહો, મોક્ષનો રસ્તો આટલો સહેલો છે, તો તમે પોતે બલિ બનીને મોક્ષ કેમ નથી લેતા?'

બ્રાહ્મણો કહેઃ 'બલિ થવાની અમારે જરૂર નથી. અમારો મોક્ષ નિશ્ચિત છે. અમે માતાજીના ભક્તો છીએ અને માતાજીને ધરાવેલાં માંસમદ્યનો અમે પ્રસાદ લઈએ છીએ અને એથી માતાજી અમારા પર સદા પ્રસન્ન રહે છે. શાસ્ત્રમાં બકરાના બલિદાનનું લખ્યું જ છે.'

શ્રીજીમહારાજે કહ્યુંઃ 'લખ્યું છે પણ એ બકરાનું નહિ, અજનું. અજ એટલે ત્રણ વર્ષ જૂની ડાંગર, જે વાવીએ તો ઊગે નહિ એવી. ઊગે એવી તાજી નહિ, પણ ન ઊગે એવી જૂની ડાંગરને યજ્ઞમાં હોમવાનું કહેલું છે. તમે અજનો અર્થ બકરો કરો છો એ ભૂલ છે.'

પણ બ્રાહ્મણોને માંસમદિરાનો ચસકો અને મોટી દક્ષિણાની લાલચ, એટલે તેમણે માન્યું નહિ. સામેથી તેમણે શ્રીજીમહારાજ પર આક્ષેપ કર્યો કે તમે વળી ભગવાન શાના? તમારું એ પાખંડ છે!

શ્રીજીમહારાજે કહ્યુંઃ 'પાખંડ તો જે જૂઠું બોલે તેનું કહેવાય.

રાજા કહે કે હું રાજા છું, તો એ ખોટું બોલ્યો કેમ કહેવાય?'

આટલું કહી શ્રીજીમહારાજ ત્યાંથી ચાલી ગયા.

જગજીવને યજ્ઞ એની ઇચ્છા મુજબ પૂરો કર્યો.

બન્યું એવું કે થોડા વખત પછી રાજાની જગજીવન પર ખફામરજી થઈ અને રાજાના સિપાઈઓએ ભરબજારમાં જગજીવનની હત્યા કરી નાખી! રાજા-પ્રજાના કલ્યાણ માટે કરેલા યજ્ઞનું આ ફળ! એથી રાજા-પ્રજાનું કલ્યાણ થયું એની ના નહિ.

શ્રીજીમહારાજનો આવો બીજો પ્રસંગ અમદાવાદ નજીકના ગામ જેતલપુરના યજ્ઞનો છે. તે વખતે અમદાવાદમાં મરાઠા પેશ્વાઓનું રાજ્ય હતું. પેશ્વાનો સૂબો અમદાવાદમાં રહેતો હતો. પેશ્વા બ્રાહ્મણ હતા, આ સૂબો પણ બ્રાહ્મણ હતો.

શ્રીજીમહારાજે જેતલપુરમાં અહિંસક યજ્ઞ કર્યો. તે પછી સૂબાના વૃદ્ધ બાપનું મરણ થયું. એટલે મહારાજના દ્વેષીઓએ સૂબાના કાન ભંભેર્યા કે સહજાનંદ સ્વામીએ બલિદાન વિનાનો યજ્ઞ કર્યો અને તમે એમને રોક્યા નહિ, તેથી મા કાળકા ગુસ્સે થઈ તમારા બાપને ભરખી ગઈ! હજી પણ તમે જો એમને સજા નહિ કરો તો મા કાળકા શું કરશે તે કહેવાય નહિ!

સૂબાના દિમાગમાં આ વાત ચોંટી ગઈ. તેણે છળથી શ્રીજીમહારાજની હત્યા કરવાનું કાવતરું ગોઠવ્યું. તેણે શ્રીજીમહારાજને પોતાને ત્યાં પધારવા વિનંતી કરી. મહારાજ પધાર્યા એટલે એણે એમને એક ભપકાદાર ગાદી પર બિરાજવાનું કહ્યું, પણ શ્રીજીમહારાજે કહ્યું કે 'આવી ગાદી પર તમે શોભો, અમે નહિ! માટે તમે બિરાજો!'

આમ કહી તેમણે પોતાના હાથમાંની છડી વડે એ ગાદી પર દાબ દીધો. ત્યાં તો આખી ગાદી નીચે ઊકળતા તેલના

ટાંકામાં જઈને પડી! સૂબાનું કાવતરું ઉઘાડું પડી ગયું, શ્રીજીને સપડાવવા જતાં એ પોતે સપડાઈ ગયો.

આ ઘટના પછી થોડા વખતમાં અમદાવાદમાંથી પેશ્વાઈ ઊખડી ગઈ.

કથા પૂરી કરી સંતે 'શિક્ષાપત્રી'નું એક પાનું ઉઘાડી પરાગને કહ્યું: 'આ વાંચ!'

પરાગે વાંચ્યું:

**અને ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી, તેમણે હિંસાએ રહિત એવા જે વિષ્ણુ સંબંધી યજ્ઞ, તે કરવા. (૧૫૫)**

સંતે કહ્યું: 'હવે બારમો, પંદરમો અને બાવીસમો શ્લોક વાંચ!'

પરાગે વાંચ્યું:

**અને દેવતા અને પિતૃ તેમના યજ્ઞને અર્થે પણ બકરા, મૃગલા, સસલા, માછલા આદિક કોઈ જીવની હિંસા ન કરવી, કેમ જે અહિંસા છે તે જ મોટો ધર્મ છે એમ સર્વ શાસ્ત્રમાં કહ્યું છે. (૧૨)**

**અને જે માંસ છે તે તો, યજ્ઞનું શેષ હોય તો પણ આપત્કાળમાં પણ ક્યારેય ન ખાવું અને ત્રણ પ્રકારની સુરા અને અગિયાર પ્રકારનું મદ્ય (દારૂ) તે દેવતાનું નૈવેદ્ય હોય તો પણ ન પીવું. (૧૫)**

**અને જે દેવતાને સુરા અને માંસનું નૈવેદ્ય થતું હોય અને વળી જે દેવતાની આગળ બકરા આદિક જીવની હિંસા થતી હોય, તે દેવતાનું નૈવેદ્ય ન ખાવું. (૨૨)**

---

## સાધુની સાધુતા

## ૧૭

બજરંગ બાવો યજ્ઞ કરવામાં નિષ્ફળ ગયો, એ હાર એને બહુ વસમી લાગી.

એક રાતે એ ગુસ્સાથી પાગલ બની હરિમંદિરમાં આવ્યો અને ત્રિશૂળ ઉગામી સંતને કેટલીય ગાળો દઈ ગયો. ગાળો સાથે એણે દાટી આપીઃ 'આજે ને આજે તું ગામ છોડી જતો રહે, નહિ તો તારી ખેર નથી!'

સંત હરિભક્તદાસજી બીજી જ સવારે ગામ છોડી જવાના હતા, પણ આ દમદાટી મળી એટલે એમણે વિચાર બદલ્યો. એ રહી ગયા.

તેમણે કહ્યુંઃ 'બીને ગામ છોડાય નહિ! સત્સંગનું ભૂંડું દેખાય!'

પરાગ તથા અન્ય ગ્રામજનોએ કહ્યુંઃ 'સ્વામી, ભૂંડાને કંઈ ભાન નથી, વખતે તમને કંઈ મારી બેસે—'

સંતે હસીને કહ્યુંઃ 'તો શું? મારશે તો યે એ સાધુ છે. સાધુના હાથનો માર ખાવાનો મળ્યો તેને હું મારું સદ્‌ભાગ્ય સમજીશ. અને એનું કલ્યાણ વાંછીશ.'

આમ કહી એમણે એક દૃષ્ટાંત કહ્યુંઃ

એક વાર સ્વામી ગુણાતીતાનંદ પોતાની મંડળી સાથે એક ગામમાં જઈ ચડ્યા. આ ગામમાં સત્સંગના દ્વેષીઓ ઘણા હતા. તેમણે ગામના ઠાકોરના કાન ભંભેર્યા કે આ સ્વામિનારાયણનું પાખંડ નીકળ્યું છે. એને આપણા ગામમાં કેમ

પેસવા દીધું? આ પાપ કોના માથે? ગામધણીના જ માથે તો!

ઠાકોરે કહ્યું: 'મેં તો સાંભળ્યું છે કે એ લોકો શુદ્ધ નીતિરીતિએ ચાલનારા છે; ધનને અડતા નથી, ભાંગગાંજો કશું પીતા નથી, એલફેલ બોલતા નથી, ભજનો કર્યા કરે છે. એમાં પાપ ક્યાં આવ્યું?'

દ્વેષીઓ કહે: 'એ લોકો સ્વામિનારાયણને ભગવાન કહે છે એ પાપ ઓછું છે? પાખંડ છે પાખંડ બધું! આ કળિયુગમાં ભગવાન કેવો? હા હા હા!'

ઠાકોરે કહ્યું: 'તો શું કરવું છે એ કહો!'

'શું તે હાંકી મેલો આ પાખંડી જમાતને ગામમાંથી!'

ઠાકોરે સિપાઈઓને હુકમ કરી દીધો: 'અબઘડી સ્વામિનારાયણના આ મૂંડિયાઓને ગામમાંથી તગડી મૂકો!'

સાધુઓએ ખીચડું રાંધવા મેલ્યું હતું, ત્યાં માર માર કરતા સિપાઈઓ આવ્યા. તેમણે લાત મારી ખીચડીનું હાંલ્લું ફોડી નાખ્યું અને ધક્કા મારી મારીને બધા સાધુઓને ગામ બહાર તગડી મૂક્યા.

ભૂખ્યા સાધુઓ ગામ બહાર એક તળબાવળના ઝાડ હેઠળ જઈને બેઠા.

તે વખતે ગામનો એક હરિભક્ત તેમની સાથે હતો. સાધુસેવાની હાથમાં આવેલી વિરલ તક ગઈ તેથી તેની આંખોમાં આંસુ આવી ગયાં હતાં. તેનાથી બોલાઈ ગયું: 'આવાં કાળાં કામો કરે તેને ઘેર દીકરો કેમ કરીને હોય?'

ગુણાતીતાનંદ સ્વામી આ સાંભળી ગયા. તેમણે કહ્યું: 'કોની વાત કરો છો, ભગત?'

ભગતે કહ્યું: 'આ ઠાકોરની! સાઠ વરસનો થયો, તો યે

એને ઘેર પારણું બંધાયું નથી!'

તરત સ્વામીએ કહ્યું: 'તો આપણે એ બંધાવવું! શ્રીજીમહારાજની આજ્ઞા છે કે મારા સંતોને કોઈ દુઃખ દે તો એનું સારું થાય એવો સંતોએ સંકલ્પ કરવો. માટે શ્રીજીમહારાજનું નામ લઈ કરો સૌ સંકલ્પ કે ભગવાન એને રૂપવાન, ગુણવાન દીકરો આપે અને એના આંગણામાં આપણી ઝોળીઓ ટીંગાય!'

પરાગ બોલી ઊઠ્યો: 'વાહ, કેવો ઉમદા સંકલ્પ! સાધુ જેનું નામ!'

સંતે વાત આગળ ચલાવી.

સંતોના આ આશીર્વાદની વાત ઠાકોરના કાને પહોંચી. એને નવાઈ લાગી કે જેમનું ખીચડું મેં ધૂળભેગું કર્યું તે સાધુઓ આવા સહિષ્ણુ? આવા દયાળુ?

વરસ દિવસમાં તો સાધુઓના આશીર્વાદ ફળ્યા. ઠાકોરને ઘેર પુત્રનો જન્મ થયો.

વર્ષો પછી ફરી સ્વામી ગુણાતીતાનંદ ને સંતમંડળી સાથે આ ગામની ભાગોળે થઈને જવાનું થયું. તેમણે ગામ બહાર મુકામ કર્યો.

ત્યાં એક દશ-અગિયાર વર્ષનો છોકરો આવી કહે: 'મહારાજ, અહીં ગામ બહાર કેમ પડ્યા છો? ગામમાં ચાલો!'

સ્વામીએ કહ્યું: 'ભાઈ, ગામમાં પગ દેવાની અમને મનાઈ છે.'

'કોણે કરી મનાઈ?' છોકરાએ ભોળાભાવે પૂછ્યું.

'ગામના ઠાકોરે! બાર વર્ષ પહેલાં અમારું ખીચડીનું હાંલ્લું ફોડી નાખી અમને ભૂખે પેટે ગામમાંથી કાઢી મૂક્યા

હતા. હવે એ પોતે બોલાવે નહિ ત્યાં લગી અમારાથી ગામમાં પગ ન દેવાય!'

છોકરો આ સાંભળી દોડતો ગામમાં ગયો. સંતોનું અપમાન કરી તેમને કાઢી મૂકનાર ઠાકોરનો જ એ દીકરો હતો. તેના મનમાં સાધુસંતોનો ગુણ વસ્યો હતો. તેણે ઘેર જઈ બાપને કહ્યું: 'ગામ બહાર કેવા રૂડા સંતો પધાર્યા છે. ચાલોને, આપણે બધા એમનાં દર્શન કરવા જઈએ.'

સાત ખોટના દીકરાના આગ્રહથી ઠાકોર લાવલશ્કર સાથે સંતોનાં દર્શને આવ્યો.

આવીને જુએ તો સ્વામિનારાયણના સંતો! તેને યાદ આવ્યું કે આ જ પેલા સાધુઓ જેમને મેં ધક્કા મરાવી કાઢી મેલ્યા હતા! ઠાકોરને પોતે કરેલ દુષ્કૃત્ય બદલ ખૂબ પશ્ચાત્તાપ થયો ને ગળગળા થઈ સ્વામીની માફી માગી. હવે ઠાકોરને ખાતરી થઈ ગઈ કે આ સંતોના આશીર્વાદ જ તેને ફળ્યા છે.

પછી ઠાકોરે હાથ જોડી સ્વામીને કહ્યું: 'મહારાજ, કૃપા કરી ગામમાં પધારો!'

કુંવર બોલ્યો: 'હા, હા, મહારાજ! અમારે ઘરે જ પધારો!'

ઠાકોરે ધામધૂમપૂર્વક સંતમંડળીનો સત્કાર કર્યો. ઠાકોરના ઘરના આંગણામાં સાધુઓની ઝોળીઓ ટીંગાઈ! ચારે બાજુ ભગવી પાઘડીઓ અને ભગવાં વસ્ત્રો!

અને આખું ગામ આ સાધુઓનાં દર્શન કરવા અને એમની વાણી સાંભળવા ભેગું થઈ ગયું. પરિણામે ભગવાન શ્રી સ્વામિનારાયણ સૌને ઓળખાયા.

ગ્રામજનોને આ દૃષ્ટાંત સાંભળી અત્યંત આનંદ થયો.

તેમણે કહ્યુંઃ 'સ્વામી, સંતસાધુના સંકલ્પમાં આટલું બળ કેમ કરીને?'

સંતે કહ્યુંઃ 'શ્રીજીમહારાજની કૃપા! એ કૃપાએ ઘડાયેલા સંતોની વાણી સત્યવતી બની હોય છે. એ વાણીમાં શ્રીજીમહારાજનું સામર્થ્ય વર્તાય છે.'

આમ કહી 'શિક્ષાપત્રી' ઉઘાડી તેમણે કહ્યુંઃ આ શ્લોકોમાં શ્રીજીમહારાજે સાધુના ધર્મો કહ્યા છે. હું ટૂંકમાં તમને એ કહું. શ્રીજીમહારાજ કહે છેઃ

**અમારા આશ્રિત જે સર્વે સાધુ તેમણે નૈષ્ઠિક બ્રહ્મચારીની પેઠે સ્ત્રીઓનાં દર્શન-ભાષણાદિક પ્રસંગનો ત્યાગ કરવો તથા અંતઃશત્રુ જે કામ, ક્રોધ, લોભ અને માન આદિક તેમને જીતવા. (૧૮૮)**

**અને સર્વે ઇંદ્રિયોને જીતવી અને રસના ઇંદ્રિયને તો વિશેષ કરીને જીતવી. અને દ્રવ્યનો સંગ્રહ પોતે કરવો નહિ, અને કોઈ બીજા પાસે પણ કરાવવો નહિ. (૧૮૯)**

**સાધુએ ક્યારેય પણ ધીરજનો ત્યાગ ન કરવો. (૧૯૦)**

**સાધુએ ભિક્ષા તથા સભાપ્રસંગ એ બે કાર્ય વિના ગૃહસ્થના ઘર પ્રત્યે જવું નહિ, અને ભગવાનની જે નવ પ્રકારની ભક્તિ– તે વિના વ્યર્થ કાળ નિર્ગમવો નહિ, નિરંતર ભક્તિ કરીને જ કાળ નિર્ગમન કરવો. (૧૯૩)**

**અને અમારા સાધુ તેમણે જડભરતની જેમ વર્તવું. (૧૯૬)**

**તાંબુલ, અફીણ તથા તમાકુ ઇત્યાદિકનું જે ભક્ષણ તે જતને કરીને વર્જવું. (૧૯૭)**

**અમારા સાધુએ રોગાદિક આપત્કાળ પડ્યા વિના દિવસે સૂવું નહિ અને ગ્રામ વાર્તા કરવી નહિ ને જાણીને**

**સાંભળવી નહિ. (૧૯૯)**

**અમારા સાધુએ રોગાદિક આપત્કાળ પડ્યા વિના ખાટલા ઉપર સૂવું નહિ અને સાધુની આગળ નિરંતર નિષ્કપટપણે વર્તવું. (૨૦૦)**

**અને તે સાધુ ને બ્રહ્મચારી, તેમણે કોઈક કુમતિવાળા દુષ્ટજન હોય ને તે પોતાને ગાળ દે અથવા મારે, તો તે સહન જ કરવું, પણ તેને સામી ગાળ ન દેવી, ને મારવો નહિ, અને તેનું જેમ હિત થાય તેમ જ મનમાં ચિંતવન કરવું, પણ તેનું ભૂંડું થાય એવો તો સંકલ્પ પણ ન કરવો. (૨૦૧)**

**અમારા સાધુએ કોઈનું દૂતપણું ન કરવું તથા ચાડિયાપણું ન કરવું, અને કોઈનાં ચાર ચક્ષુ ન થવું અને દેહને વિષે અહંબુદ્ધિ ન કરવી, ને સ્વજનાદિકને વિષે મમતા ન કરવી. (૨૦૨)**

આટલું વાંચી સંભળાવી સંતે કહ્યું: ‘આમાં ક્યાંય ઢીલાપણું કે પોચાપણું છે? ક્યાંય છિદ્ર છે? છટકબારી છે? માર ખાવો અને તે પ્રેમથી ખાવો; મનથી પણ મારનારનું હિત થાય એવું જ ચિંતવવું, એ આજ્ઞાની સાથે બીજી આજ્ઞા કે કામ, ક્રોધ, લોભમાં ફસાવું નહિ, માન-અભિમાન જીતવાં, સર્વ ઇંદ્રિયો જીતવી અને તેમાંય રસના અર્થાત્ જીભ તો વિશેષે કરીને જીતવી– આ આજ્ઞાઓ જેના રગેરગમાં ઊતરી ગઈ છે એવા સંત, મનથી સંકલ્પ કરે અને વાણીથી વચન વદે તો એ ફળ્યા વિના રહે ખરું? સ્વામિનારાયણના સંતોની આ વિશેષતા છે.’

બધા બોલી ઊઠ્યા: ‘વાહ સંતો! માર ખાવાનો અને તે ય પાછો પ્રેમથી ખાવાનો!’

પ્રેમથી માર ખાવાની આ વાતે ગ્રામજનોના અંતરને

અહોભાવથી ભરી દીધું. હવે તેમને સાધુ-અસાધુના લક્ષણ સમજાયાં. હવે તેમને થયું કે જો સાચા રસ્તે ચાલી પોતાનો ને ગામનો ઉદ્ધાર કરવો હશે તો સંત હરિભક્તદાસજીને ગામમાંથી જવાનું કહેવાને બદલે બજરંગ બાવાને ગામમાંથી તગડવો પડશે જેથી બધા સંત હરિભક્તદાસજીના માર્ગદર્શન હેઠળ પ્રભુ ચિંધ્યા માર્ગે નિર્વિઘ્ને આગળ વધી શકે. આમ નક્કી કરી બધાએ ભેગા થઈ બજરંગ બાવાને જ ગામ બહાર કાઢી મૂક્યો અને સંત હરિભક્તદાસજીનું શરણ સ્વીકાર્યું.

---

## યાત્રા અવશ્ય કરવી, પણ કેવી રીતે? ૧૮

એક દિવસ પરાગે ગઢપુરની યાત્રા કરીને આવેલા કેટલાક યાત્રાળુઓને જોયા. તેમને મળીને તેને ખૂબ આનંદ થયો. ગઢપુર વિષે તેણે પુસ્તકોમાં ઘણું વાંચ્યું હતું. સ્વામિનારાયણ ભગવાન સત્સંગ અર્થે પોતાના દિવ્ય વિચરણ દરમિયાન ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં પોતાનું ઘર માનીને હંમેશાં રહેતા. શ્રીજીમહારાજે ત્યાં મંદિર બંધાવી ત્યાં ગોપીનાથજી નામે પોતાનું સ્વરૂપ પધરાવ્યું છે તેની તેને ખબર હતી. આવી જે ભૂમિ, જ્યાં ભગવાન સ્વામિનારાયણનાં પગલાં પડ્યાં હતાં તેનાં દર્શન કરવાનું કોને મન ન થાય? પરાગને પણ મન થઈ ગયું.

એણે સંત હરિભક્તદાસજીને કહ્યુંઃ ‘સ્વામી, આપની આજ્ઞા હોય તો હું એક વાર ગોપીનાથજીનાં દર્શન કરવા જાઉં!’

સંતે પ્રસન્ન થઈ કહ્યુંઃ ‘ખુશીથી જા, ભાઈ! ગઢપુર વગેરે તીર્થોની યાત્રા કરવાનું તો શ્રીજીમહારાજે કહ્યું જ છે. તને મન હોય અને વખત હોય તો બીજાં પણ તીર્થોની યાત્રા તું કરશે તો તને અવશ્ય લાભ થશે.’

પરાગે કહ્યુંઃ ‘એ બીજાં તીર્થો વિષે મને કંઈક કહો!’

સંતે કહ્યુંઃ ‘શ્રીજીમહારાજના પ્રાગટ્ય પહેલાં સેંકડો વર્ષોથી આપણા દેશમાં શિખરબંધી મંદિરો કોઈ બાંધતું જ નહોતું એમ કહીએ તો ખોટું નથી. ખાસ કરીને ઉત્તર અને મધ્ય ભારતની આ વાત છે. શ્રીજીમહારાજે પહેલું

અમદાવાદમાં શિખરબંધી મંદિર બંધાવ્યું, અને ત્યાં શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી. તે પછી તેમણે ભૂજમાં મંદિર બંધાવ્યું ત્યાં પણ શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરેલી છે. શ્રીજીમહારાજે પોતે કહ્યું છે કે શ્રી નરનારાયણદેવ એ અમારું જ સ્વરૂપ છે. અમારામાં અને શ્રી નરનારાયણદેવમાં કંઈ જ ભેદ સમજવો નહિ.'

તે પછી વડતાલનું મંદિર થયું. તે મંદિર બાંધવા માટે શ્રીજીમહારાજે બ્રહ્માનંદ સ્વામીને માત્ર બાર રૂપિયા આપ્યા હતા. બાર રૂપિયામાં મંદિર બાંધવાનું હતું. આપણને આ મશ્કરી જેવું લાગે, પણ એ બાર રૂપિયા તો એક પ્રતીક હતું. પ્રતીક કોનું? અનંત બ્રહ્માંડોના અધિપતિની ઇચ્છાનું! બ્રહ્માનંદ સ્વામી મોટા મનના, મોટા સાધુ! ભગવાનની ઇચ્છાનું સામર્થ્ય જાણવાવાળા, એટલે કરકસર શું કરવા કરે? મંદિરનું કામ એમણે મોટા પાયે ઉપાડ્યું. ત્રણ શિખરવાળું ભવ્ય મંદિર બંધાયું અને પેલા બાર રૂપિયા સ્વામીએ જેવા ને તેવા શ્રીજીમહારાજના ચરણમાં પાછાં ધર્યા! કહેઃ 'વૃત્તાલયધામનું આ મંદિર આપની પ્રસન્નતાર્થે લક્ષ્મીદેવીએ પોતે રાજી થઈ બાંધ્યું છે!'

થોડી વાર અટકી સંતે કહ્યુંઃ 'તે પછી શ્રીજીમહારાજની આજ્ઞાથી અમદાવાદ નજીક જેતલપુરમાં મંદિર બંધાયું, તથા ધોલેરા, ધોળકા અને જૂનાગઢમાં મંદિરો બંધાયાં.

સૌથી છેલ્લે ગઢડામાં મંદિર બંધાયું.

ગઢડામાં તો શ્રીજીમહારાજ સ્વયં બિરાજતા હતા, તેથી પોતે જ મંદિર રૂપ હતા, બીજા મંદિરની તાત્કાલિક જરૂર નહોતી, તેથી એ મોડું બંધાયું. એ મંદિરના પહાણા

શ્રીજીમહારાજે પોતે માથે ઊંચક્યા છે, એટલે એ મંદિરનું માહાત્મ્ય અતિ ઘણું છે.

ગઢડામાં શ્રીજીમહારાજનું બિરાજવાનું સ્થાન, એમની અક્ષરઓરડી, આજે પણ એનાં દર્શન કરીએ તો ત્યાં શ્રીજીમહારાજના પ્રભાવનો અનુભવ થયા વિના ન રહે— એ અનુભવથી રોમરોમ આનંદથી નાચી ઊઠે, રૂંવેરૂંવે મહારાજના તેજનો સ્પર્શ થાય, કાનમાં મહારાજની વાણીનો મિષ્ટમધુર ગુંજારવ ઊઠે અને સંતો હરિભક્તોની હાજરીથી હવા મઘમઘતી લાગે! ત્યાંની રજમાં શ્રીજીમહારાજનાં પગલાં પડ્યાં છે, ત્યાંની હવામાં શ્રીજીમહારાજની વાણીનો મિષ્ટમધુર રવ છે, ત્યાંની ઘેલા નદીનાં નીરમાં શ્રીજીમહારાજની લીલાના તરંગો છે.

'પરાગ, તીર્થયાત્રા કરવી એટલે હળુહળુ કરી જરી જોઈને પાછા ફરી જવું એ નહિ. પણ રોમરોમથી, ચિત્તથી, અંતરથી ત્યાંના ભક્તિભાવભર્યા વાતાવરણને આત્મસાત્ કરવાનું છે. તીર્થમાં જઈને ગૃહસ્થે કંઈક ત્યાગવાનું હોય છે, ધનલોભ છોડવાનો હોય છે, સંસારની મમતા ઓછી કરવાની હોય છે. એ ત્યાગના પ્રતીકરૂપે દાન-દક્ષિણાની પ્રથા ઊભી થઈ છે.

તીર્થદર્શનને આપણે યાત્રા એવું નામ આપેલું છે. 'યા' એટલે જે અને 'ત્રા' એટલે તારે— ટૂંકમાં જે તારે તે યાત્રા! યાત્રાનો હેતુ તરવાનો છે. યાત્રા તારે છે, પણ જે તરવા માગતો હશે તે તરશે, જેને તરવું નહિ હોય તેને કોઈ તારી નહિ શકે. યાત્રામાં આવી તરવાની ભાવનાથી જવાનું છે, અને પ્રભુસ્મરણમાં લીન રહેવાનું છે.'

થોડી વાર અટકી સંતે આગળ ચલાવ્યું: 'આવી

ભગવદ્ભાવના સાથે તીર્થયાત્રા કરવાની છે. એવી ભાવના હશે તો યાત્રિકને અવશ્ય કંઈક ને કંઈક ઊંડો આધ્યાત્મિક લાભ થશે જ. તીર્થમાં પગ દીધા પછી તીર્થના તીર્થ સ્વરૂપની સાથે યાત્રિક કેટલો આત્મસાત થાય છે તેના ઉપર યાત્રાથી તે કેટલો લાભ પામે છે તેનો આધાર છે. તીર્થના પ્રાણ સાથે જો તે જરીકે એકરૂપ ન થઈ શકે તો એનાં પગલાં પારોઠનાં પગલાં બની જાય એવું યે બને! કડવી તુંબડી જેવું– સો વાર ગંગામાં નહાય, તો ય કડવો સ્વભાવ ન છોડે.

એક દૃષ્ટાંત કહું તે સાંભળઃ

શ્રીજીમહારાજના એક સંત હતા. નામ સ્વામી સચ્ચિદાનંદ. તેઓ મહાત્યાગી ને તપસ્વી હતા.

એક વાર શ્રીજીમહારાજે તેમને આજ્ઞા કરી કે દ્વારકા જઈ દ્વારકાધીશનાં દર્શન કરી આવો!'

સ્વામી કહેઃ 'મહારાજ, મારે તો અડસઠે તીરથ અને તીરથના દેવો અહીં તમારા ચરણમાં છે, પણ તમારી આજ્ઞા છે તો હું જાઉં છું.'

સ્વામી દ્વારકા ગયા. મંદિરમાં દર્શન કરવા જતાં પહેલાં ગોમતીમાં નહાવા ગયા.

પણ પાણીમાં પગ દે એ પહેલાં પંડાઓએ કહ્યુંઃ 'પહેલાં અમને દક્ષિણા આપો, પછી પાણીમાં પગ દો!'

સ્વામી કહેઃ 'હું સાધુ છું, હું પૈસા રાખતો નથી, પૈસાને સ્પર્શ પણ કરતો નથી.'

આ સાંભળી પંડાઓ હસ્યા. કહેઃ 'તું કેવો સાધુ છે તેની અમને ખબર છે.'

સાધુઓ પ્રત્યેનો આ અનાદર જોઈ સ્વામીને બહુ દુઃખ

થયું. તેમણે મનમાં શ્રીજીમહારાજને સંભાર્યા ને કહ્યુંઃ 'મહારાજ, તમારી આજ્ઞાથી આવ્યો છું, તમે સંભાળજો!'

આમ કહી એ આંખો મીંચી ત્યાં જ બેસી પડ્યા. બેઠા એવા ઊંડા ધ્યાનમાં ડૂબી ગયા, તે બીજે દિવસે જાગ્યા. જાગ્યા એવા ફરી ગોમતીમાં સ્નાન કરવા ગયા, ફરી પંડાઓએ રોક્યાઃ 'પૈસા આપો, પછી પાણીમાં પગ દો!'

આમ ત્રણ દિવસ વીતી ગયા. સ્વામીને પૂરા ત્રણ ઉપવાસ થયા. ગોમતીમાં સ્નાન કર્યા વિના દ્વારકાધીશનાં દર્શન કેમ કરાય, અને દર્શન કર્યા વિના મોંમાં અન્નનો દાણો કેમ નખાય?

તે જમાનામાં દ્વારકાની જાત્રા કરનારાઓ શરીર પર તપ્ત મુદ્રાથી દ્વારકાની છાપ લેતા. સ્વામીએ તેવી છાપ લેવાનો વિચાર કર્યો, પણ છાપ મારવાવાળા મુદ્રાધિકારીઓ કહેઃ 'પૈસા લાવો, પછી છાપ!'

સ્વામીએ કહ્યુંઃ 'હું અકિંચન સાધુ છું.'

પણ મુદ્રાધિકારી કહેઃ 'સાધુઓની પાસે તો પૈસા નહિ, મહોરો હોય છે, દેખ આ!'

આમ કહી તેણે એક જટાધારી બાવાની જટા વીંખી નાખી તો એમાંથી ચાર-પાંચ સોનામહોરો નીકળી પડી.

ત્રણ દિવસ સુધી સ્વામી અહીં લાંઘ્યા પણ એમને તપ્ત મુદ્રા મળી નહિ.

છ દિવસના ઉપવાસ થયા. હવે એ પાછા મંદિરમાં આવ્યા અને અન્નજળનો ત્યાગ કરી 'શ્રીજી તારે ખોળે!' કહી એકાંત સ્થળે આસન વાળીને બેઠા.

મનમાં દૃઢ નિશ્ચય કે શ્રીજીમહારાજે મને દ્વારકાધીશનાં

દર્શન કરવા મોકલ્યો છે, દર્શન કર્યા વિના પાછો જાઉં તો મહારાજની આજ્ઞાનો ભંગ થાય, એના કરતાં ઉપવાસ કરી શ્રીજીના ધ્યાનમાં દેહ પાડવો સારો!

બીજા ત્રણ દિવસ વીતી ગયા.

એ દિવસે એકાદશી હતી. સ્વામીના રોમેરોમમાંથી 'શ્રીહરિ! શ્રીહરિ!'નો પોકાર ઊઠતો હતો. મધરાતે સ્વામીના અંતરમાં ભગવાન પ્રગટ થયા. સ્વામીના આનંદનો પાર ન રહ્યો. તેમની ભૂખ-તરસની બધી વેદના અદૃશ્ય થઈ ગઈ.

ભગવાન કહેઃ 'માગ, માગે તે આપું!'

સ્વામી કહેઃ 'ભગવાન, આપનાં દર્શને આવનાર કોઈ સાધુને કે ગૃહસ્થને મને પડ્યું એવું કષ્ટ ન પડજો!'

ભગવાને કહ્યુંઃ 'તથાસ્તુ! આજથી મારા સાધુઓની અને હરિભક્તોની દ્વારકાની યાત્રા વડતાલમાં સિદ્ધ થશે!'

સ્વામીની પ્રસન્નતાનો પાર ન રહ્યો. શ્રીજીમહારાજની યાત્રાની આજ્ઞા કેવી અદ્‌ભુત રીતે પૂર્ણ થઈ?

સ્વામી પાછા ગઢડા આવ્યા. તેમના મુખે આ વૃત્તાંત સાંભળી સંતો અને હરિભક્તો ધન્ય! ધન્ય! પોકારી ઊઠ્યા.

શ્રીજીમહારાજે મંદ મધુર સ્મિત કરી કહ્યુંઃ 'આ વર્ષે ફૂલદોલનો ઉત્સવ આપણે વડતાલમાં કરશું.'

એ વર્ષે વડતાલમાં ફૂલદોલનો ઉત્સવ ખૂબ સુંદર રીતે થયો. આમ શ્રીજીમહારાજે 'તથાસ્તુ'! વચન સાર્થક કર્યું.

કથા પૂરી કરી સંતે કહ્યુંઃ 'યાત્રિકમાં આ સ્વામી જેવી લગન હોય તો એની યાત્રા સફળ થયા વિના રહે જ નહિ!'

પછી તેમણે 'શિક્ષાપત્રી'નું એક પાનું ઉઘાડી પરાગને કહ્યુંઃ 'આ શ્લોકો વાંચ!'

પરાગે મોટેથી વાંચ્યું:

**અને અમારા જે સર્વે સત્સંગી, તેમણે ચાતુર્માસને વિષે વિશેષ નિયમ ધારવો, અને જે મનુષ્ય અસમર્થ હોય, તેમણે તો એક શ્રાવણ માસને વિષે વિશેષ નિયમ ધારવો. (૭૬)**

**અને તે વિશેષ નિયમ, તે ક્રિયા તો ભગવાનની કથાનું શ્રવણ કરવું, તથા કથા વાંચવી તથા ભગવાનના ગુણનું કીર્તન કરવું તથા પંચામૃત સ્નાને કરીને ભગવાનની મહાપૂજા કરવી તથા ભગવાનના મંત્રનો જાપ કરવો તથા સ્તોત્રનો પાઠ કરવો તથા ભગવાનની પ્રદક્ષિણાઓ કરવી તથા ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરવા– એ જે આઠ પ્રકારના નિયમ, તે અમે ઉત્તમ માન્યા છે. તે માટે એ નિયમમાંથી કોઈ એક નિયમ, જે તે ચોમાસાને વિશે વિશેષપણે ભક્તિએ કરીને ધારવો. (૭૭, ૭૮)**

**અને સર્વ જે એકાદશીઓ, તેમનું વ્રત જે તે આદર થકી કરવું તથા તે વ્રતના દિવસને વિષે મોટા ઉત્સવ કરવા. અને જે દિવસે વ્રતનો ઉપવાસ કર્યો હોય, તે દિવસે અતિશય યત્ને કરીને, દિવસની નિદ્રાનો ત્યાગ કરવો, કેમ જે દિવસની નિદ્રાએ કરીને મનુષ્યના ઉપવાસનો નાશ થઈ જાય છે. (૭૯, ૮૦)**

**અને સર્વે જે અમારા આશ્રિત, તેમણે દ્વારિકા* આદિક જે તીર્થ, તેમની યાત્રા જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાવિધિએ કરીને કરવી અને વળી પોતાના સામર્થ્ય પ્રમાણે દીનજનને વિષે દયાવાન થવું. (૮૩)**

---

* દ્વારિકા એટલે મોક્ષનું દ્વાર ઉઘાડે એવા સંત, અને એવા સંતનો જોગ-સમાગમ એટલે દ્વારિકાની યાત્રા.

# ક્ષુદ્ર દેવોનો આશ્રય લેવો નહિ ૧૯

પરાગ એક દિવસ ગામની સીમમાં ફરતો હતો, ત્યાં અચાનક એક પીપળાના ઝાડ હેઠળ એણે સિંદૂર ચોપડેલો એક મોટો પથરો જોયો. એને નવાઈ લાગી, કારણ કે એ આ રસ્તે થઈને ઘણી વાર જતો-આવતો હતો, ગઈ કાલે પણ એ રસ્તે થઈને એ ગયો હતો અને ત્યારે ત્યાં આવો કોઈ સિંદુરિયો પથ્થર એના જોવામાં આવ્યો નહોતો.

એક માણસ એ પથ્થર આગળ બેઠો હતો. પરાગે તેને પૂછ્યુંઃ 'આ શાનો પહાણો છે?'

પેલાએ આશ્ચર્યથી આંખો પહોળી કરી કહ્યુંઃ 'ભણેલા લાગો છો, એટલે આવો અક્કલ વગરનો સવાલ કરો છો! આ ઘૈડિયા માતાજી છે, ઘૈડિયા માતાજીનું આ થાનક છે અને હું માતાજીનો પૂજારી છું.'

પરાગે કહ્યુંઃ 'પણ કાલે તો અહીં કશું નહોતું!'

પેલાએ કહ્યુંઃ 'ક્યાંથી હોય! માતાજીએ આજે રાતે મને શમણું દીધું અને શમણામાં કહ્યું કે હું અહીં છું. અહીં મારું થાનક કરી મારું પૂજન કર! જે ભાવથી મારી પૂજા-ભક્તિ કરશે તેના સકળ મનોરથ હું પૂરા કરીશ. એટલે મેં અહીં માતાજીની સ્થાપના કરી છે. જે આ ઘૈડિયા માતાજીની પૂજા-પ્રાર્થના કરશે તેના બધા કોડ માતાજી પૂરા કરશે.'

'બધા એટલે?'

'બધા એટલે બધા— લાડીના, ગાડીના ને વાડીના!

વિદ્યાર્થી જો માતાજીની બાધા રાખશે તો પરીક્ષામાં પાસ થશે, કન્યા નથી મળતી એવો વાંઢો જો માતાજીની બાધા રાખશે તો એને કન્યા મળશે, અને વર નથી મળતો એવી કન્યા બાધા રાખશે તો એને વર મળશે, સંતાન વિનાનાને સંતાન મળશે અને ધન વિનાનાને ધન મળશે, નોકરી વિનાનાને નોકરી મળશે અને કોરટે ચડેલાને કેસમાં જીત મળશે.... માતાજીની કૃપા થતાં રંક હશે તે રાય થશે અને રાય હશે તે મહારાય થશે. સમજ પડી?'

પરાગે કહ્યું: 'વાહ, અને તમે આમાં કયા વર્ગમાં છો? તમે માતાજીના પહેલા નંબરના ભગત છો, એટલે માતાજી તરફથી તમારી કઈ ઇચ્છા પૂરી થવાની તમે આશા રાખો છો?'

પૂજારીએ કહ્યું: 'હું તો માનો સેવક છું. માનો સેવક માત્ર એક જ ઇચ્છા રાખે કે સૌ માની સેવાપૂજા કરે ને સુખી થાય!'

પરાગે કહ્યું: 'માની સેવા પૂજામાં કંઈ ધરવાનું ખરું?'

'એ તો જેવી જેની શ્રદ્ધા! કોઈ પાઈપૈસો ધરે ને કોઈ લાખ રૂપિયા ધરે– માને મન બધું સરખું! હું તો એટલું જાણું કે માને ભજશે તે ન્યાલ થઈ જશે!'

પરાગે કહ્યું: 'તમને આ બધું જ્ઞાન સ્વપ્નમાં થઈ ગયું?'

પૂજારીએ કહ્યું: 'સ્વપ્નમાં માએ પોતે દર્શન દઈને મને જ્ઞાન આપ્યું! માને પગે લાગો, માને ભેટ ધરો, માની બાધાઆખડી રાખો ને પછી જુઓ માનો પરચો!'

વાતચીત અહીં પૂરી થઈ ગઈ.

સાંજે પરાગ સંત હરિભક્તદાસજીનાં દર્શને ગયો ત્યારે એને વિચારવશ જોઈ સંતે જ સામેથી પૂછ્યું: 'કેમ, આજે તું કંઈ વિચારમાં લાગે છે!'

પરાગે બનેલો પ્રસંગ કહી સંભળાવ્યો.

એ સાંભળી સંત હસ્યા. પછી કહેઃ 'રોજ અંતરીક્ષમાંથી એક ગાય આવી એ પથરા પર દૂધની ધારા કરી જતી એવું ન કહ્યું એણે? એટલો એ કાચો! એટલું એનું શમણું કાચું!'

પછી કહેઃ શ્રીજીમહારાજનો આવો એક પ્રસંગ મને અત્યારે યાદ આવે છે.

કચ્છમાં માનપુરા નામે ગામમાં લવજી કરીને એક બ્રાહ્મણ રહેતો હતો. એ માતાજીનો અઠંગ પૂજારી હતો. માથે લાંબા વાળ રાખે અને કપાળમાં સિંદૂરનો મોટો ચાંલ્લો કરે! ઘરમાં લાકડાનાં અને લોઢાનાં અનેક દેવદેવીઓ! બધાને હારબંધ ઊભાં રાખેલાં! બધાંની ડોકમાં લાલ ફૂલની માળાઓ પહેરાવેલી અને હાથે-કપાળે સિંદૂર ચોપડેલું!

હવે બન્યું એવું કે શ્રીજીમહારાજની એ ગામમાં પધરામણી થઈ.

ગામનાં સત્સંગી નરનારીઓ જોડે આ લવજીની પત્ની પણ શ્રીજીમહારાજનાં દર્શને ગઈ.

ગામનાં બીજાં સ્ત્રીપુરુષો શ્રીજીમહારાજને પોતાને ત્યાં પધારવા નિમંત્રણ આપે, એ જોઈને લવજીની પત્નીએ પણ મહારાજને પોતાને ત્યાં પધારવા વિનંતી કરી.

નવાઈની વાત કે મહારાજે એ વિનંતીનો સ્વીકાર કર્યો.

ઘેર જઈ લવજીની પત્નીએ શ્રીજીમહારાજના સત્કારની અને પ્રસાદની વ્યવસ્થા કરી.

લવજીને એનો વાંધો નહોતો, કારણ શ્રીજીમહારાજ એને ઘેર પધારે તો એની પ્રતિષ્ઠામાં વધારો જ થવાનો હતો એ વિશે શંકા નહોતી. એણે ખૂબ ભાવથી એમનો સત્કાર કર્યો.

મહારાજ ઢોલિયા પર બિરાજ્યા.

શ્રીજીમહારાજે લવજીને જોયો, એના લાંબા વાળ અને સિંદૂરનું તિલક જોયું.

ઢોલિયા પર બેઠાં બેઠાં ઘરમાં નજર કરી તો ત્યાં હારબંધ ઊભાં કરેલાં લાકડા લોઢાનાં દેવલાં જોયા. દેવલાંની ડોકમાં લાલ ફૂલની માળાઓ જોઈ અને કપાળે સિંદૂર જોયું.

મહારાજ સમજી ગયા કે લવજી જંતરમંતર કરતો હશે અને ધૂણતો ધુણાવતો પણ હશે. તેમણે પૂછ્યુંઃ ‘લવજી, આ શું છે?’

લવજીએ હસીને કહ્યુંઃ ‘એ મારાં દેવલાં છે, મહારાજ! એમની કૃપાએ મારું નભે છે.’

મહારાજે ગંભીર સ્વરે કહ્યુંઃ ‘લવજી, તમારે પસંદગી કરવી પડશે - કાં આ દેવલાં, કાં અમે! જ્યાં આવાં જંતરમંતર, ઢોંગધતૂરા અને પાખંડ હોય ત્યાં અમે ઊભા રહેતા નથી. અમે આ ચાલ્યા!’

લવજીને જિંદગીમાં પહેલી જ વાર આવો અનુભવ થતો હતો. જે આવે તે એના ઘરનાં દેવલાંને પગે લાગે ને ભેટ ધરે; શ્રીજીમહારાજે તો એ દેવલાંની સામે યે જોયું નહિ– કહી દીધું કે કાં એ નહિ, કાં હું નહિ!

મહારાજે ઊભા થઈ ચાલવા માંડ્યું.

શ્રીજીમહારાજના અલૌકિક પ્રભાવથી એકાએક લવજીનો અંતરાત્મા જાગી ગયો. તે બોલી ઊઠ્યોઃ ‘ન જશો, મહારાજ! મારો ત્યાગ ન કરશો, મહારાજ! તમારા આશરે છું.’

મહારાજે કહ્યુંઃ ‘તો તમારે આ દેવલાંનો ત્યાગ કરવો પડશે.’

તરત લવજી બોલ્યોઃ 'તે કરીશ, પણ તમારો ત્યાગ મારાથી નહિ ખમાય.'

મહારાજે કહ્યુંઃ 'તો આ બધાં દેવલાંનું પોટલું કરી નદીના ઊંડા ધરામાં નાંખી આવો!'

'હમણાં જ!' કહી લવજીએ બધાં દેવલાંને એક પછેડીમાં બાંધ્યાં, અને દોડતો ગામની નદીના ઊંડા ધરામાં એ બધાને નાખી આવ્યો.

પછી કહેઃ 'કરો આજ્ઞા, મહારાજ!'

મહારાજે કહ્યુંઃ 'હવે આ સિંદૂરનો લેપ ભૂંસી નાખો અને લાંબા વાળ કાપી નાખો!'

લવજીએ એ પણ કર્યું. પછી કહેઃ 'કરો આજ્ઞા, મહારાજ!'

મહારાજે કહ્યુંઃ 'હવે હાથમાં લો આ માળા અને બોલો જય સ્વામિનારાયણ!'

લવજીએ હાથમાં માળા લઈ સ્વામિનારાયણ મંત્રનો જાપ શરૂ કરી દીધો.

થોડી વાર પછી મહારાજે કહ્યુંઃ 'બોલો, હવે કેમ લાગે છે?'

લવજીએ કહ્યુંઃ 'મહારાજ, ટાઢું! કોઈ ઉચાટ નહિ, કોઈ ભય નહિ!'

બોલતાં બોલતાં તેણે મહારાજના પગમાં માથું મૂક્યું. તેની આંખો ભરાઈ આવી.

શ્રીજીમહારાજે તેના મસ્તક પર હાથ મૂકી કહ્યુંઃ 'લવજી, સાંભળો. ધર્મ-નિયમે યુક્ત અને પ્રકટ શ્રી હરિકૃષ્ણ મહાપ્રભુના દૃઢ આશ્રયવાળા ભક્તજનોને ભૂત, પ્રેત, પિશાચ,

બ્રહ્મરાક્ષસ આદિ કોઈ કાંઈ પણ ઉપદ્રવ કરી શકતા નથી; પણ જેને આશ્રયમાં પોલ હોય તથા 'શિક્ષાપત્રી'ના નિયમ પ્રમાણે વર્તવામાં-પાળવામાં શિથિલતા રહેલી હોય તેવાને ભૂત બ્રહ્મરાક્ષસાદિ વળગે છે. તેમણે ભૂતપ્રેતાદિકની નિવૃત્તિ માટે વિશેષ દૈવતવાળા અમારા નંદ સંતોએ રચેલાં 'જનમંગલ', 'સર્વમંગલ', 'પુરુષોત્તમ કવચ' વગેરે સ્તોત્રોનો પાઠ કરવો, ભૂત-પ્રેત ભાગી જશે. આ સિવાય બીજા ક્ષુદ્ર દેવોનો કદી આશ્રય લેવો નહિ. તમે બ્રાહ્મણ છો, માન-અભિમાન છોડી લોકોને ધર્મને રસ્તે, નીતિને રસ્તે દોરવાનું તમારું કામ છે. તમે એ કરો!'

લવજી હાથ જોડી ભક્તિભાવે સાંભળી રહ્યો. તેણે કહ્યુંઃ 'મહારાજ, આજ્ઞા!'

મહારાજે કહ્યુંઃ 'તમે બ્રાહ્મણ છો. સત્શાસ્ત્ર ભણવું-ભણાવવું એ તમારો બ્રાહ્મણનો ધર્મ છે. તમે એ ધર્મનું પાલન કરો. લ્યો આ 'શિક્ષાપત્રી'. તે અનુસાર સદાય વર્તજો-વર્તાવજો.'

## સાધુએ કિંમતી વસ્ત્ર ઓઢવું-પહેરવું નહિ ૨૦

શિયાળાની સખત ઠંડીના દિવસો હતા. હાડ વીંધી નાખે તેવો ઠંડો પવન વાતો હતો, પણ સંત હરિભક્તદાસજીના પહેરવેશમાં એ જ ભગવું વસ્ત્ર, એ જ પાઘડી, એ જ ઉપરણો.

એક હરિભક્તને થયું કે અમે આટલું ગરમ પહેરીએ-ઓઢીએ છીએ, તો યે ટાઢે ફફડીએ છીએ, તો સાધુઓને ટાઢ નહિ વાતી હોય? બહુ વિચાર કરી એણે બે કિંમતી શાલ ખરીદી અને એક સાંજે સંત એમના હંમેશના નિયમ મુજબ પાટ પર બિરાજ્યા હતા, ત્યાં આવી તેમને પ્રણામ કરીને એક શાલ સંતના ચરણમાં ધરી દીધી અને બીજી તેમના સાથીદાર સંતના ચરણમાં ધરી.

તરત સંતે કહ્યું: 'ભગત, આ શું લાવ્યા?'

હરિભક્તે હાથ જોડી કહ્યું: 'ટાઢના દિવસોમાં આપને ઓઢવા થાય એ હેતુથી લાવ્યો છું. કૃપા કરી સ્વીકારો!'

સંત થોડી વાર વિચારમાં પડી ગયા.

પછી કહે: 'ભગત, તમારો ભાવ અમે સમજીએ છીએ, પણ અમારાથી આ ન લેવાય, ન ઓઢાય, ન પહેરાય!'

હરિભક્તે કહ્યું: 'મહારાજ, આપે ઇચ્છા કરી આ મંગાવ્યું નથી, હું મારી ઇચ્છાએ લાવ્યો છું. મને એટલી સાધુ-સેવા નહિ કરવા દો?'

સંતે કહ્યું: 'પળેપળ તમારી જ સૌની સેવા સ્વીકારીને તો હું અહીં આવ્યો છું. બાકી, આ બાબતમાં તો શ્રીજીમહારાજની

સ્પષ્ટ આજ્ઞા છે કે રંગબેરંગી વસ્ત્ર કે કિંમતી વસ્ત્ર કે શાલદુશાલા કોઈ વણમાગ્યા દે તો પણ તે પહેરવા-ઓઢવા નહિ! સાધુને ટાઢે મારવા માટે શ્રીજીમહારાજે આ આજ્ઞા નથી કરી, પણ સર્વે મનુષ્યના કલ્યાણ ને સમાસ અર્થે કરેલી છે. કલ્યાણનો ખપ હોય એનાથી શ્રીજીમહારાજની આજ્ઞાના પાલનમાં ઢીલું કેમ મુકાય?'

એ હરિભક્ત ખૂબ ગૌરવ સાથે બોલી ઊઠ્યાઃ 'પોતાના ને અન્યના કલ્યાણ અર્થે સાધુઓ ટાઢ વેઠે, તડકો વેઠે, વરસાદ વેઠે, ભૂખ પણ વેઠે અને વખત આવ્યે તરસ વેઠે– ધન્ય છે એમની સાધુતાને!'

સંતે હસીને કહ્યુંઃ 'આપણા દેશમાં તો લાખો-કરોડો માણસો ટાઢ-તડકો, ભૂખ-દુઃખ વેઠે જ છે ને? એ લોકો અનિચ્છાએ વેઠે છે, સાધુ-સંતો પ્રભુની આજ્ઞાથી સ્વેચ્છાએ અન્યના આત્માના શ્રેય માટે વેઠે છે. પણ એ વેઠવામાં એમનું આત્મબળ સામેલ હોય છે, તેથી તે સહ્ય બને છે. સાધુ-સંત માટે આ એક પારમાર્થિક તાલીમ પણ છે.'

આ સાંભળી કોઈ હરિભક્ત બોલ્યાઃ કોટી વંદન એવા એ સાધુ-સંતોને !!!

થોડીવાર રહી સંતે કહ્યુંઃ 'આ તે શું ટાઢ છે અને અમે તે શું વેઠીએ છીએ! અમને ચાર દીવાલોની તો હૂંફ છે, પણ શ્રીજીમહારાજના સંતોને તો નીચે ધરતી ને ચારેકોર ઉઘાડું આકાશ! આ સંતો જીવોના શ્રેય-પ્રેય માટે દેશમાં ચારેકોર ફરતા. શ્રીજીમહારાજની એમને આજ્ઞા હતી કે દિવસમાં એક વાર ભિક્ષા લેવા વસ્તીમાં જવું, તે સિવાય ટાઢ-તડકો સહન કરી, જપતપમાં લીન રહ્યા થકા લોકોને ભગવાન

સન્મુખ કરવા.'

શ્રીજીમહારાજના આવા બે સંતો નિત્યાનંદ સ્વામી અને મહાનુભાવાનંદ સ્વામી આ રીતે ફરતા ફરતા એક સ્થળે આવ્યા. રાતનો વખત હતો. શિયાળવાં હુકો હુકો કરી લાળી કરતાં હતાં. હાડ થીજી જાય એવી ટાઢ પડતી હતી. ટાઢે આ બે સંતો ઠુંઠવાતા હતા.

પણ ગામમાં જવું નથી અને કોઈ ગૃહસ્થનો આશ્રય લેવો નથી.

જોયું તો બાજુમાં એક ખેતર હતું. ખેતરમાં એક ખૂણે ચારના પૂળાઓનો ઢગલો કરેલો હતો. એક સંતે કહ્યું: 'આપણે આ પૂળાઓમાં ભરાઈ જઈએ તો ટાઢથી રક્ષણ થશે અને શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન પણ થશે.'

બીજા સંતને આ વાત ઠીક લાગી. એટલે બંને સંતો ઘાસના ઓઘલામાં ભરાઈ ગયા. ચારે બાજુ ઘાસના પૂળાથી ઢંકાઈને તેઓ સ્વામિનારાયણ મંત્રનો જપ કરવા લાગ્યા.

હવે બન્યું એવું કે ખેડૂતના બે દીકરાઓ આ ઘાસના પૂળાઓને ઘરભેગા કરવા માટે ઘેરથી ગાડું લઈને આવ્યા. પૂળાના ઓઘલા નજીક આવતાં એક ભાઈએ અંદરથી કંઈક અવાજ આવતો સાંભળ્યો.

તેણે બીજા ભાઈને કહ્યું: 'ભાઈ, આમાં કોઈ જાનવર ભરાયું લાગે છે. કેમ કરશું?'

બીજા ભાઈએ કહ્યું: 'ખેડૂતને કાયમ જાનવર સાથે કામ—ડરવાની જરૂર નથી. લે હાથમાં કુહાડી ને કર ઘા! હું યે લઉં છું.'

બંને ભાઈઓ હાથમાં કુહાડીઓ લઈ ઓઘલા તરફ

આગળ વધ્યા.

પછી ઘાસનો એક પૂળો જરી ખસેડી જાનવરને ઉઘાડું કરવા જાય છે ત્યાં તો અંદરથી સ્વામિનારાયણ! સ્વામિનારાયણ! એવો સ્પષ્ટ શબ્દ સંભળાયો, અને બે સંતપુરુષો ધ્યાનમગ્ન બેઠેલા દેખાયા!

બંને ભાઈ ચમક્યા ને બોલી ઊઠ્યાઃ 'અરે, આ તો સાધુઓ છે. હમણાં આપણા હાથે ગજબ થઈ જાત!'

બંને સંતોને ઉદ્દેશીને તેમણે કહ્યુંઃ 'મહારાજ, ક્ષમા કરો!'

હવે સંતોએ આંખો ઉઘાડી.

પોતાની સામે બે જુવાનોને હાથમાં કુહાડીઓ લઈને ઊભેલા જોઈ તેમની નવાઈનો પાર ન રહ્યો. તેમણે કહ્યુંઃ 'શી બાબત ક્ષમા?'

બંને ભાઈઓએ કહ્યુંઃ 'અમે સમજ્યા કે ઓઘલામાં કોઈ જાનવર ભરાયું છે, એટલે અમે એના પર કુહાડીઓ ઝીંકવા જતા હતા, ત્યાં તમે સાધુઓ નીકળ્યા! એક પળ મોડું થયું હોત તો અમારે હાથે ભયાનક હત્યા થઈ જાત અને અમે કયા ભવે એમાંથી છૂટત? ભગવાને દયા કરી અમારા પર! અમે બચી ગયા!'

બચી ગયા છે સાધુઓ, પણ ખેડૂતો કહે છે અમે બચી ગયા! આપણી ભારતીય સંસ્કૃતિનું આ એક ઉત્તમ લક્ષણ છે– સાધુ પ્રત્યે ભક્તિભાવ, પૂજ્યભાવ!

સંતોએ કહ્યુંઃ 'ભગવાન દયાળુ છે. શ્રીજી દયાળુ છે! એની ઈચ્છા વગર તણખલું યે હાલતું નથી, પછી કુહાડી કેમ હાલે?'

હવે બંને ભાઈઓએ પૂછ્યુંઃ 'મહારાજ, તમે અહીં પૂળામાં કેમ ભરાયા?'

સંતોએ હસીને કહ્યુંઃ ‘ટાઢે થથરતા હતા, તેથી પૂળાનું શરણું લીધું.’

ભાઈઓએ કહ્યુંઃ ‘તો અમારી સાથે ચાલો! અમે તમારી સેવા કરીશું.’

સંતોએ કહ્યુંઃ ‘સેવા લેવા અમે સાધુ નથી થયા ભાઈ, સેવા દેવા થયા છીએ. જે વિદ્યા ભણ્યા છીએ, જ્ઞાન નામે જે કંઈ મેળવ્યું છે તેનું છૂટે હાથે બધે વિતરણ કરતા ફરીએ છીએ અને શ્રીજીમહારાજનું નામસ્મરણ કરીએ છીએ.’

બંને ભાઈઓનો ઘણો આગ્રહ, છતાં એ સાધુઓ ગામમાં ગયા નહિ. એ રાત એમણે એ પૂળાના ઢગલામાં જ વિતાવી.

આનું નામ શ્રીજીમહારાજના સાધુ! અમે તો શું છીએ, ભાઈ!

સૌ સ્તબ્ધ બની સાંભળી રહ્યા.

થોડી વાર રહી સંતે વાત આગળ ચલાવી. તેમણે કહ્યુંઃ ‘બીજું પણ એક દૃષ્ટાંત સૌએ જાણવા જેવું છે. શ્રીજીમહારાજ નીલકંઠ વર્ણી વેશે ફરતા ફરતા લૉજ ગામમાં મુક્તાનંદ સ્વામી પાસે આવ્યા તે વખતની વાત છે.

એક વાર મુક્તાનંદ સ્વામીને કોઈએ પાણી પીવાની ફક્કડ તૂંબડી આપી. તૂંબડીને રંગ કરી સુશોભિત બનાવેલી હતી, પણ રંગ હજી તાજો હતો, તેથી સ્વામીએ તે તડકામાં સુકાવા મૂકી અને પછી પોતે નીલકંઠ વર્ણીની સાથે ધ્યાનમાં બેઠા. બેઠા તો ખરા, પણ એ ધ્યાનમાં એકાગ્ર થઈ શક્યા નહિ. એમનું મન પેલી તૂંબડીમાં ભરાયું હતું. નીલકંઠ વર્ણી આ સમજી ગયા. તેમણે કહ્યુંઃ ‘સ્વામી, તૂંબડીમાં શીદને ચિત્ત રાખો છો? હરિમાં રાખો ને! હરિમાં સુખ છે તેવું તૂંબડીમાં નથી!’

મુક્તાનંદ સ્વામીએ તરત ભૂલ કબૂલ કરી કહ્યું: 'તમારી વાત સાચી છે. સાધુને વળી આવી રંગબેરંગી તૂંબડીના શા ચાળા?'

તે જ વખતે એમણે એ નવી ને નવી તૂંબડી ફોડી નાખી! બીજા સાધુઓએ પણ એનું અનુકરણ કર્યું.'

દૃષ્ટાંત પૂરું કરી સંતે કહ્યું: 'સાધુજીવન આવું કઠોર હોય છે, ભાઈ! એમાં ક્યાંય ભગવાનના ચરણ સિવાયનું કંઈ ઘૂસે નહિ એની સાવચેતી રાખવી પડે છે, પળેપળ સાવધ રહેવું પડે છે. એ સાવધાનીમાં મદદરૂપ થાય તે માટે શ્રીજીમહારાજે આવી બધી આજ્ઞાઓ કરેલી છે. એ આજ્ઞાઓ પાળવામાં જ સૌનું કલ્યાણ છે.'

આમ કહી એમણે 'શિક્ષાપત્રી'નું એક પાનું ઉઘાડી પરાગને કહ્યું: 'આ ૧૯૨મો શ્લોક વાંચ!'

પરાગે મોટેથી વાંચ્યું:

**અને જે વસ્ત્ર બહુ મૂલ્યવાળું હોય તથા ચિત્રવિચિત્ર ભાતનું હોય તથા કસુંબાદિક જે રંગ, તેણે કરીને રંગેલું હોય તથા શાલદુશાલા હોય, ને તે જો બીજાની ઈચ્છાએ કરીને પોતાને પ્રાપ્ત થયું હોય તો પણ તે વસ્ત્ર પોતે પહેરવું-ઓઢવું નહિ! (૧૯૨)**

## ફળના લોભે ધર્મ તજવો નહિ ૨૧

પરાગના પિતાજીનું નામ રાજમોહનલાલ હતું, પણ એમને સૌ રાજુ ભૈયા કહી બોલાવતા.

એક વાર પરાગ અને વિપુલ ઘરમાં પિતાની સાથે વાતો કરતા બેઠા હતા, એવામાં ગામના બે પ્રતિષ્ઠિત ગૃહસ્થો ત્યાં આવ્યા. એકનું નામ નરોત્તમ શેઠ અને બીજા હતા પારસી પેસ્તનજી બાવા.

રાજુ ભૈયાએ તેમનો હર્ષથી સત્કાર કર્યો.

વાતની શરૂઆત કરી નરોત્તમ શેઠે. તેમણે કહ્યું: 'રાજુ ભૈયા, આપણે અહીં માથાનો પરસેવો પગે ઉતારીએ તો યે કદી માલદાર થવાના નહિ! ગામડું તે ગામડું અને શહેર તે શહેર!'

પેસ્તનજીએ કહ્યું: 'આવું કાં બોલો, શેઠ? હવે તો શહેર ઊડીને ગામડામાં આવી રહ્યું છે. બે કલાકમાં અહીંથી સાઠ ગાઉ દૂર શહેરમાં પહોંચી જવાય છે અને ટેલિફોન પર તર્તઘડી વાત કરી શકાય છે. અહીં ઘેર બેઠા લાખોનો ધંધો કરી શકાય છે. એ જેવી તેવી વાત છે! એવી જ એક વાત લઈને તો આપણે અત્યારે રાજુ ભૈયાની સાથે વાત કરવા આવ્યા છીએ.'

રાજુ ભૈયાએ કહ્યું: 'બોલો, શી વાત છે?'

નરોત્તમ શેઠે કહ્યું: 'હમણાં હમણાં આખી દુનિયાની નજર આપણા દેશ પર પડી છે. અહીં વસ્તી મોટી છે અને વસ્તીની જરૂરિયાતો એથી યે મોટી છે. એટલે રોજ અબજો રૂપિયાની હેરફેર કરતી મોટી મોટી કંપનીઓ આપણા દેશમાં

કારખાનાં નાખી રહી છે અને આપણને તેના ભાગીદાર થવા નોતરી રહી છે. આજે તો જેમ મોટી થાપણ, તેમ મોટું કારખાનું, અને જેમ મોટું કારખાનું તેમ મોટી કમાણી! પરસેવો પાડી કમાવાની વાત હવે ખોટી! પરસેવો પાડનારો કમાઈ કમાઈને શું કમાવાનો? માંડ ઘરનો ખરચો કાઢી શકે, પણ બુદ્ધિ ચલાવનારો ગાદીતકિયે આળોટતો, પેટ પર હાથ ફેરવતો લાખો લાખો કમાઈ લે છે એ આપણે નજરે જોઈએ છીએ!'

રાજુ ભૈયાએ કહ્યું: 'જોઈએ જ છીએ તો! પણ હજી તમારી  વાતનો મુદ્દો મારા હાથમાં આવ્યો નહિ.'

પેસ્તનજીએ કહ્યું: 'મુદ્દો બહુ સ્પષ્ટ છે. આપણે આ અબજો અબજોની કંપનીઓમાં ભાગીદાર થઈ જઈએ!'

રાજુ ભૈયાના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેમણે કહ્યું: 'ભાગીદાર થઈ જઈએ? કાંઈ ગાંડા થયા છો? આપણી પાસે એટલા પૈસા ક્યાં છે?'

પેસ્તનજીએ કહ્યું: 'પૈસા જે છે તે! આ કંપનીઓ કંઈ આપણી પાસે લાખો કરોડો નથી માગતી, માત્ર રૂપિયા દશ આપીએ તો યે તેઓ આપણો ભાગ રાખે છે. એ ભાગને એ લોકો શૅર કહે છે. આપણે એવા સો-બસો-હજાર શૅર લઈ લઈએ. તો બહુ રૂપિયા આપવા ન પડે અને આપણને આપણા રૂપિયાના પ્રમાણમાં કંપનીના નફામાંથી ભાગ મળે, કંપનીની કુલ મિલકતમાં યે આપણો ભાગ ગણાય. હું આવા એક હજાર શૅર લેવા વિચારું છું; તમે પણ એમાં જોડાઓ તો સારું એ કહેવા આવ્યો છું. બસ, લાભ લાભ ને લાભ જ છે. તગડો નફો થવાનો જ છે. આજે જે શૅર તમને દશ રૂપિયામાં મળે છે તે થોડા મહિનામાં વીસ-ત્રીસ ને ચાલીસ રૂપિયાનો થઈ

જશે. પરસેવો પાડ્યા વિના કમાવાનો આ કીમિયો છે.'

નરોત્તમ શેઠે હસીને કહ્યુંઃ 'ચાલીસ નહિ, ચારસો! પાંચસો!! હજાર પણ થઈ જાય!!! કારણ કે વિદેશી કંપની છે, એ લોકો ટૂંકા નફામાં ને ટૂંકા આંકડામાં માનતા નથી— એમને બધું વિરાટ જોઈએ. કારખાનું વિરાટ, નફો પણ વિરાટ! શૅરના ભાવ વધે એટલે તે વેચી નફો ગાંઠે કરી લેવાનો! હું છાતી ઠોકીને કહું છું કે વરસમાં લાખના બે લાખ થઈ જશે.'

રાજુ ભૈયાએ વિચારવશ થઈ કહ્યુંઃ 'આ તો જુગાર જેવું લાગે છે.'

પેસ્તનજીએ કહ્યુંઃ 'આને જુગાર ન કહેવાય, આ તો કાયદેસરનો ધંધો છે, સરકારી ધારાધોરણ પ્રમાણે ચાલે છે. કોઈ કંપની લૂલીલંગડી હોય કે કોઈનો વહીવટ ખોટો હોય તો એનો દશ રૂપિયાનો શૅર કોઈ દશ પૈસામાં યે ન લે! પણ આ તો અસલ અમેરિકન કંપની છે. એ કંપની હજારો ગાઉની ખેપ કરી અહીં આવી છે તે શું પૈસા ખોવા આવી છે? કંપનીના અડધોઅડધ પૈસા તો એ લોકોના પોતાના છે.'

રાજુ ભૈયાએ કહ્યુંઃ 'એ ખરું, પણ એ કંપની ધંધો શો કરે છે એ કહેશો?'

પેસ્તનજીએ કહ્યુંઃ 'ધંધો ગમે તે કરે, આપણે શું?'

'તો ય?'

'એ ચામડાંની ચીજો બનાવે છે— ખાસ કરીને જૂતાં! પહેલે જ વર્ષે દશ કરોડ જૂતાં બનાવવાની એની ક્ષમતા છે— વર્ષે વર્ષે એ વધતી જશે!'

રાજુ ભૈયાએ કહ્યુંઃ 'આવડી એક કંપની કરોડો કરોડો જૂતાં બનાવશે, તો પછી ગામડાંમાં જૂતાં બનાવતા આપણા

મોચી તો ધંધા વગરના થઈ ભૂખે જ મરવાના ને? વળી કંપની એટલું ચામડું ક્યાંથી લાવશે? આપણા દેશનાં બધાં જ મરેલાં ઢોર એ ખેંચશે?'

પેસ્તનજીએ કહ્યું: 'ના, મરેલાં ઢોરનું ચામડું એટલું મુલાયમ નથી હોતું. એ માટે જીવતાં ઢોર કાપવાં પડે છે. આપણા દેશનાં કતલખાનાંને ધૂમ કામ મળશે!'

આ સાંભળી રાજુ ભૈયા ખુરશીમાં ઊંચા થઈ ગયા. કહેઃ 'હેં, તે આપણે આ કંપનીના ભાગીદાર બની આ ઢોર કાપવાના ધંધામાં ભાગીદાર થવાનું છે? એ ન બને, શેઠ! એવું ધન મારે નથી કમાવું! ધન માટે જીવતાં જાનવરો કાપવાનાં? નર્યો અધર્મ કહેવાય, આ!'

પેસ્તનજીએ કહ્યું: 'અરે રાજુ ભૈયા, આમાં અધર્મ ક્યાં જોયો તમે? આપણે કંઈ જાનવર મારવા જવાના નથી, આપણે એ આંખે દેખવાના યે નથી! અને ધર્મ-અધર્મની વાત તો ધન ઘરમાં આવ્યું નથી ત્યાં લગી. પછી બધું કોઠે પડી જશે. તમે જાણો છો કે હું આફ્રિકામાં ઘણાં વરસ રહ્યો છું. ત્યાં મેં નજરે જોયું છે કે આપણા દેશના ચોટલીબંધા અને જનોઈબંધા બ્રાહ્મણો ત્યાં ગાયના માંસના ડબ્બા પરદેશથી મગાવી વેચતા હતા! કેમ, તો કહે, અહીં એનું વેચાણ સારું છે અને એમાં નફાનો અંશ વધારે છે. એવા ગોમાંસ વેચનારાઓએ પરદેશમાં કમાઈને અહીં દેશમાં બંગલા બંધાવ્યા છે અને અહીંની ધરમાદા સંસ્થાઓમાં લાખોનું દાન કરી વાહ વાહ લીધી છે. માટે ધંધાની એવી સૂગ રાખવી નહિ! મુદ્દો સમજવો કે આપણે ક્યાં જાતે કોઈ જાનવરની કતલ કરીએ છીએ? કતલ કરનારો કરે છે, વેચનારો વેચે છે ને નફો આપણને મળે છે!'

રાજુ ભૈયાએ કહ્યું: 'પેસ્તનજી બાવા, તમે કહો છો એવું બધે છે એ હું માનું છું, પણ મને આ વાત ગળે ઊતરતી નથી. નરોત્તમ શેઠ, તમે કેમ કંઈ બોલતા નથી?'

નરોત્તમ શેઠે કહ્યું: 'મને ય ડંખે તો છે!'

રાજુ ભૈયાએ કહ્યું: 'તો એમ ખોંખારીને બોલો ને! પેસ્તનજી બાવા—'

નરોત્તમ શેઠે કહ્યું: 'પેસ્તનજી બાવાને ય ડંખે છે— મારા તમારા કરતાં વધારે! પણ તમારું મન જાણવા એ આવી અવળી દલીલ કરે છે. પેસ્તનજી તો એટલે સુધી કહે છે કે મૂંગા ઢોરની કતલ, તેમાં યે ખાસ કરીને ખેતી ઉપયોગી ગાય-બળદની કતલ સરકારે આપણા દેશમાં સદંતર બંધ કરાવવી જોઈએ અને આપણે કોઈએ આવાં જીવતાં કપાયેલાં જાનવરોનાં ચામડાંના જોડા કોઈ કાળે પહેરવા નહિ જોઈએ; એવા ચામડાની કોઈ ચીજ નહિ વાપરવી જોઈએ. એ વાપરીને આપણે એ કતલને ઉત્તેજન આપીએ છીએ અને એના પાપના ભાગીદાર બનીએ છીએ. એના નફામાં જેમ આપણે ભાગીદાર થતા નથી, તેમ એના ક્રૂર કર્મમાં પણ આપણે ભાગીદાર થવું ન જોઈએ!'

રાજુ ભૈયાએ કહ્યું: 'બિલકુલ બરાબર! પેસ્તનજીને શોભે એવું જ પેસ્તનજી બોલે છે!'

દરમિયાન પેસ્તનજી મરક મરક હસતા હતા. હવે તેમણે કહ્યું: 'અને રાજુ ભૈયા, મારે આ જ મતલબની એક બીજી વાત તમને કહેવાની છે. ઝટઝટ ધન કમાવા માટે આપણા લોકો કેટલાંક ન કરવાનાં કામો કરે છે તે પણ આપણે નહિ ચલાવી લેવું જોઈએ. કેટલાક લોકો દવાઓમાં ભેળસેળ કરે છે, તો

કેટલાક ખાધાખોરાકીની ચીજોમાં, ઘી, તેલ, હળદર, મીઠું, મરચું, લોટ જેવી અસંખ્ય ચીજોમાં અખાદ્ય ચીજો ભેળવે છે અને અસંખ્ય નિર્દોષ માણસોના સ્વાસ્થ્યનો ભોગ લે છે. બધાને ઝટપટ પૈસાદાર થઈ જવું છે. બધાને લોભ વળગ્યો છે. શું વાત કરું, રાજુ ભૈયા! ભેળસેળવાળી દવાઓ ખાઈ દરદીઓને રિબાતા અને મરી જતા મેં જોયા છે! ભેળસેળવાળો ખોરાક ખાઈ માંદા પડે અને ભેળસેળવાળી દવા ખાઈ મરે!'

રાજુ ભૈયાએ કહ્યુંઃ 'આવા બે-ચાર કિસ્સા આપણા ગામમાં યે મારા ધ્યાનમાં આવ્યા છે. મને લાગે છે કે આપણે આ વિષે કંઈ કરવું જોઈએ.'

પેસ્તનજીએ કહ્યુંઃ 'બિલકુલ સહી વાત કહી! પણ હજુ થોડું વધુ વિચારવા જેવું છે. હું માનું છું કે જે માણસ પોતાનો વ્યવસાય પ્રામાણિકપણે નથી કરતો તે પણ આવો લોકદ્રોહી જ છે.'

'એટલે?' રાજુ ભૈયાએ પૂછ્યું.

પેસ્તનજીએ કહ્યુંઃ 'દાખલા તરીકે– વેપારી પેઢીનો, શાળાનો, બૅન્કનો, વીમાનો કે સરકારના કોઈ ખાતાનો નાનો કે મોટો કર્મચારી જો પ્રામાણિકપણે એનું કામ ન કરે અને લાગતાવળગતાને હેરાન કરે કે લાંચ-રૂશવત લે, તો એ પણ મૂંગા જાનવરની હત્યા કરનારા જેટલો જ હત્યારો છે. આજે આવા હત્યારાઓ બહુ વધી પડ્યા છે અને એવું બોલવાની ફેશન થઈ ગઈ છે કે દુનિયામાં તો આવું જ ચાલે; પણ દુનિયામાં આવું ચાલે એ માનવું ભૂલ ભરેલું છે. સવાલ તો તમારે દુનિયામાં કેવું ચલાવવું છે તે છે. તમારે તમારા પછીની પેઢીને તમારાં સંતાનને કેવી દુનિયા સુપરત કરવી છે

તે છે. તમારે તેમને ધર્મપરાયણ, નીતિપરાયણ દુનિયાનાં નાગરિક કરવાં છે કે લોભ અને દ્વેષના રવાડે ચડેલાં મનુષ્ય નામને લાયક નહિ એવાં દંભી જંતુ બનાવવાં છે?'

નરોત્તમ શેઠે કહ્યું: 'રાજુ ભૈયા, મને લાગે છે કે આપણે આ વિષે વિચારવાનો સમય પાકી ગયો છે.'

રાજુ ભૈયાએ કહ્યું: 'તમારી વાત સાચી છે. આપણે આ વિષે કોઈ સંતનું માર્ગદર્શન લઈશું?'

પેસ્તનજીએ એકદમ ઉત્સાહમાં આવી કહ્યું: 'એવા સંત તમારી જાણમાં હોય તો જરૂર કહો. સેવક તૈયાર છે.'

હવે રાજુ ભૈયાએ સીધું પરાગને કહ્યું: 'પરાગ, તું લઈ જશે અમને તારા સ્વામી પાસે?'

પરાગે કહ્યું: 'હમણાં જ! મારો એમને મળવાનો આ વખત છે.'

ત્રણે મિત્રો પરાગની સાથે સંત હરિભક્તદાસની પાસે આવ્યા અને પ્રણામ કરી બેઠા.

પેસ્તનજીએ માંડીને વાત કરી. પછી કહ્યું: 'આવા હત્યારાની કંપનીમાં ભાગીદારી કરાય? આ એક પ્રશ્ન છે. બીજો પ્રશ્ન છે– જે પ્રામાણિકપણે કામધંધો ન કરતો હોય, માલમાં ભેળસેળ કરતો હોય, લાંચ-રૂશવત લેતો હોય તેની સાથે કેવો વ્યવહાર રાખવો?'

સંતે કહ્યું: 'હું મારો અભિપ્રાય આપું એ કરતાં પરમ પુરુષ શ્રીજીમહારાજે સ્વહસ્તે લખેલી આજ્ઞા બતાવું તો?'

પેસ્તનજીએ ઉત્સાહમાં આવી કહ્યું: 'ઉત્તમ.'

સંતે 'શિક્ષાપત્રી' ઉઘાડી પરાગના હાથમાં મૂકી કહ્યું: '૭૩મો શ્લોક વાંચ.'

પરાગે મોટેથી વાંચ્યું:

**અને ઘણુંક છે ફળ જેને વિષે એવું પણ જે કર્મ, તે જો ધર્મે રહિત હોય, તો તેનું આચરણ ન જ કરવું, કેમ જે ધર્મ છે તે જ સર્વ પુરુષાર્થનો આપનારો છે, માટે કોઈક ફળના લોભે કરીને ધર્મનો ત્યાગ ન કરવો. (૭૩)**

સંતે બીજું પાનું બતાવી કહ્યું: 'હવે આ વાંચ!'

પરાગે વાંચ્યું:

**જે અહિંસા આદિક સદાચાર તેમને જે પાળે છે, તે મનુષ્ય જે તે, આ લોકને વિષે ને પરલોકને વિષે મહાસુખિયો થાય છે. (૮)**

**અહિંસા છે એ જ મોટો ધર્મ છે એમ સર્વ શાસ્ત્રમાં કહ્યું છે. (૧૨)**

પેસ્તનજી ખુશ થઈ બોલી ઊઠ્યા: 'બિલકુલ સહી આજ્ઞા છે. હવે વ્યવહારાદિક વિષે કંઈ આજ્ઞા હોય તો બતાવો.'

સંતે પરાગને કહ્યું: 'આ વાંચ!'

પરાગે વાંચ્યું:

**અને વ્યવહાર કાર્યને વિષે કોઈની લાંચ ન લેવી. (૨૬)**

**અને ચોર, પાપી, વ્યસની, પાખંડી, કામી તથા કીમિયા આદિક ક્રિયાએ કરીને જનનો ઠગનારો, એ છ પ્રકારના જે મનુષ્ય તેમનો સંગ ન કરવો. (૨૭) અને જે મનુષ્ય સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદને વિષે અતિશય લોલુપ થકો પાપને વિષે પ્રવર્તતો હોય તે મનુષ્યનો સમાગમ ન કરવો. (૨૮)**

પેસ્તનજી થોડીવાર વિચારમાં પડી ગયા.

પછી કહે: 'બહુ સ્પષ્ટ આજ્ઞા છે: દ્રવ્યના લોભે પાપકર્મ આચરનારાનો સમાગમ ન કરવો, અને જનનો ઠગનારો જે

મનુષ્ય તેનો સંગ ન કરવો. જનનો ઠગનારો એ ચોર પણ ખરો, પાપી પણ ખરો, પાખંડી પણ ખરો અને દવા તથા ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરનારો એટલે કીમિયાવાળો પણ કહેવાય. ખૂબ સ્પષ્ટ વાત છે– એનો સંગ ન કરવો, એટલે કે એનાથી દૂર રહેવું, એનો બહિષ્કાર કરવો. બિલકુલ સહી! ખૂબ સચોટ આજ્ઞા ફરમાવી છે, શ્રીજીમહારાજે!'

નરોત્તમ શેઠે કહ્યું: 'તો ઉત્સાહથી આપણે આ કામની શરૂઆત કરીએ. કોઈ મહાપુરુષના જન્મદિનથી શરૂ કરશું?'

પેસ્તનજીએ કહ્યું: 'વિચારવાનું વિચારાઈ ગયું. મારા મત પ્રમાણે આ ધર્મકાર્ય છે. ધર્મકાર્ય માટે મુહૂર્ત જોવાનું ન હોય!'

આ સાંભળી સંતે કહ્યું: 'પેસ્તન બાવા, તમે બિલકુલ આપ્તવચન બોલ્યા.'

આમ કહી 'શિક્ષાપત્રી'નું એક પાનું ઉઘાડી તેમણે પરાગને કહ્યું: 'આ વાંચ!'

પરાગે મોટેથી વાંચ્યું:

**અને વિચાર્યા વિના તત્કાળ કોઈ કાર્ય ન કરવું, અને ધર્મ સંબંધી જે કાર્ય તે તો તત્કાળ કરવું. (૩૬)**

પેસ્તનજી ખુશ થઈ બોલી ઊઠ્યો: 'બહુ મજેની વાત કરી શ્રીજીમહારાજે. મારે આ ગ્રંથ નિત્ય વાંચવો પડશે, કયો ગ્રંથ છે એ?'

સંતે કહ્યું: 'શિક્ષાપત્રી! શ્રીજીમહારાજે સ્વહસ્તે લખેલી છે. શ્રીજીમહારાજે પોતે એમાં કહ્યું છે કે **સર્વે જે સત્શાસ્ત્રો તેનો આ સાર છે. (૨૦૪) અને આ શિક્ષાપત્રી પ્રમાણે જે વર્તશે તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ– આ ચારે પુરુષાર્થની**

**સિદ્ધિને નિશ્ચે પામશે. (૨૦૬)'**

પેસ્તનજીએ કહ્યું: 'આ ગ્રંથની આજ્ઞા પ્રમાણે વર્તવું એ જ સાચો પુરુષાર્થ છે, બાબા!'

સંતને પ્રણામ કરી તેમનો આભાર માની સૌ વિદાય થયા.

---

## સાધુએ દ્રવ્ય સંઘરવું-સંઘરાવવું નહિ ૨૨

ગામથી દૂર નદી કિનારે સ્મશાનની નજીક 'ત્યાગી બાવાનો ટીંબો' નામે એક જગા હતી. તેમાં એક પ્રાચીન શિવાલય હતું. ત્યાગી બાવા તરીકે ઓળખાતો એક સાધુ અહીં રહેતો, તે શિવજીની પૂજા-આરતી કરતો અને ભજનો ગાતો. ગામનું એક શિવભક્તમંડળ પણ હતું. તે પણ પૂજા-આરતી ભજન વગેરેમાં ભાગ લેતું.

શિવરાત્રિ પર અહીં મોટો ઉત્સવ થતો અને આજુબાજુનાં ગામડાંમાંથી પણ લોકો એ ઉત્સવમાં ભાગ લેવા માટે આવતા. આવે વખતે ત્યાગી બાવાને ભેટમાં ઘણું દ્રવ્ય મળતું. બાવો એ દ્રવ્યનો પોતાની ઈચ્છા પ્રમાણે ઉપયોગ કરતો.

એવા એક ઉત્સવ વખતે લોકોએ ભેટ ધરેલી રકમોનો મોટો ઢગલો થઈ ગયો.

શિવભક્તમંડળે કહ્યુંઃ 'આ ધનમાંથી અમે અહીં એક ચોતરો બંધાવીશું.'

બાવાએ કહ્યુંઃ 'આ ધન પર તમારો કોઈ અધિકાર નથી, અધિકાર મારો છે. ચોતરો બંધાવવો હશે તો હું બંધાવીશ.'

ભક્તોએ કહ્યુંઃ 'ભલે તમે બંધાવજો! ક્યારે બંધાવશો?'

બાવાએ કહ્યુંઃ 'મારી ઈચ્છા થશે ત્યારે! મને આ રકમ પૂરતી નથી લાગતી, એટલે હાલ તો હું તે વ્યાજે મૂકી વધારવા માગું છું. રકમ બમણી-તમણી થશે પછી વાત!'

ભક્તોએ કહ્યુંઃ 'અગાઉનાં વર્ષોની રકમો પણ એવી રીતે

તમે વ્યાજે મૂક્યાનું કહેલું જેનો આજે પત્તો નથી. આ તો ભક્તોની ભેટ છે, એ વ્યાજ ઉપજાવવા માટે નથી.'

પણ બાવાએ મચક આપી નહિ. એણે એ રકમ પોતાના મળતિયા લોકો મારફત ક્યાંક વ્યાજે મૂકી દીધી.

આથી શિવભક્તમંડળે અદાલતનો આશરો લીધો. તેમની મુખ્ય દલીલ એ હતી કે એ રકમ ભક્તોની છે અને ભક્તો માટે વાપરવી જોઈએ, વ્યાજે મુકાવી ન જોઈએ.

બાવાએ બચાવમાં વકીલ કર્યો ને સામી દલીલ કરી કે રકમ મને ભેટ મળેલી છે, માટે મારી છે.

આખા ગામમાં ઘેર ઘેર આની ચર્ચા થવા લાગી. આમાંથી બે મોટા પક્ષ પડી ગયા. બાવાએ શિવભક્તમંડળનો પૂજા-આરતી કરવાનો હક્ક લઈ લીધો અને પોતાના જ માણસોને તે કામે ગોઠવી દીધા, પણ મંડળે એની પરવા ન કરતાં પૂજા-આરતી ચાલુ રાખી. આમાંથી ઘણીવાર બોલાચાલી થતી, ગાળાગાળી થતી અને ગાળાગાળીમાંથી મારામારી પણ થઈ જતી. બંને પક્ષે સામા પક્ષ પર કોર્ટમાં મારામારીની ફરિયાદ નોંધાવી. મામલો વધારે બિચક્યો. બંને પક્ષને વકીલો મળી રહ્યા અને બંને પક્ષના વકીલો પોતાનો જ અસીલ જીતશે એવું છાતી ઠોકીને કહેવા લાગ્યા.

પરાગના ઘરમાં પણ આ બાબત ચર્ચાતી હતી. પરાગને નવાઈ લાગતી હતી કે જેને ભસ્મનું ભૂષણ, સર્પનું આભૂષણ અને સ્મશાનમાં વાસ એ શિવજીના નામે ધનનો આવો કજિયો? આ જગ્યા જેના નામે ઓળખાય છે એ અસલ ત્યાગી બાવો તો ખરેખર ત્યાગી બાવો જ હતો. એક તૂંબડી અને બે લંગોટી સિવાય એની બીજી કોઈ મિલકત નહોતી. એના મરણ

પછી એનો ચેલો ગાદીપતિ બની ગયો અને પછી ઠાઠ વધતો ગયો; અને ત્યાગની જગાએ વૈભવ આવી ગયો!

પરાગને મનમાં ખૂબ ક્લેશ થયો.

એ સાંજે એ સંતનાં દર્શને ગયો. ત્યારે સંતે જ એને પૂછ્યું: 'આજે તું ખિન્ન કેમ દેખાય છે?'

પરાગે સંતને ત્યાગી બાવાનો આ કિસ્સો કહ્યો.

એ સાંભળી સંત પણ વિચારમાં પડી ગયા. તેમણે કહ્યું: 'ભાઈ, શ્રીજીમહારાજે સાધુનાં લક્ષણ કહ્યાં છે તેમાં એક આજ્ઞા એવી છે કે સાધુ તો અકિંચન જ હોય!'

આમ કહી તેમણે 'શિક્ષાપત્રી'નું એક પાનું ઉઘાડી તે પરાગના હાથમાં આપી કહ્યું: 'આ વાંચ!'

પરાગે વાંચ્યું:

**'અને સાધુએ દ્રવ્યનો સંગ્રહ પોતે કરવો નહિ અને બીજા કોઈ પાસે પણ કરાવવો નહિ.' (૧૮૯)**

પરાગથી બોલાઈ ગયું: 'શ્રીજીમહારાજની આટલી એક આજ્ઞા પળાય તો દેવમંદિરોના આવા કેટકેટલા કજિયા પતી જાય અને સાધુજીવનનું સાચું ખમીર પ્રગટ થાય!'

---

## મંદિરનું કરજ કરવું નહિ ૨૩

થોડા વખત પછી એક અજબ વાત બહાર આવી.

ત્યાગી બાવાએ પોતાની જગ્યામાં એક ઓરડી એક માણસને વગર ભાડે રહેવા આપી હતી. એ માણસ કોણ છે, ક્યાંનો છે, એનું અસલ નામ શું એની કોઈને જ કંઈ ખબર નહોતી. બાવો એને 'બુવા' કહીને બોલાવતો અને બધા એને એ જ નામે ઓળખતા.

આ બુવો બાવાનો ખાસ વિશ્વાસુ માણસ હતો. જગ્યાની માલિકીની કોઈ પણ ચીજ વાપરવાની એને છૂટ હતી. બાવાની પાસેથી એ ઘણીવાર કંઈ ને કંઈ બહાને પૈસા પણ ઉછીના લઈ જતો અને કદી પાછા આપતો નહિ. બાવો તેની ઉઘરાણી પણ કરતો નહિ.

આ જગ્યા ગામથી દૂર અને સુંદર નદી કિનારે હતી, તેથી ગામમાંથી ઘણા ભાવિકો ઉજાણી, જનોઈ, બાધાઆખડી જેવા પ્રસંગો ઊજવવા અહીં આવતા. તે માટે જગ્યામાં જરૂરી વાસણ વગેરેની સોઈ રાખેલી હતી. આ વહીવટ પણ બુવાના હાથમાં હતો. જે એને મનમાની દક્ષિણા દઈ ખુશ કરે એને એ બધી સગવડ આપતો અને જેના પર એ નારાજ હોય તેનું અપમાન કરતાં યે એને વાર લાગતી નહિ.

હવે બન્યું એવું કે મુંબઈના એક શેઠે અહીં મોટો ઉજાણીનો કાર્યક્રમ ગોઠવ્યો. એ માટે ઘણાં મોટાં મોટાં વાસણોની જરૂર પડી, પણ તપાસ કરતાં એવું એકે મોટું

વાસણ હાથ લાગ્યું નહિ. ત્યારે બાવાએ બુવાને કહ્યુંઃ 'બુવા, મોટાં વાસણો તો ઘણાં હતાં, આમ કેમ?'

બુવાએ કહ્યુંઃ 'જે છે તે આ છે.'

બાવાએ કહ્યુંઃ 'તો બીજાં ક્યાં ગયાં? થોડા મહિના પહેલાં તો હતાં.'

બુવાને આમાં પોતાનું અપમાન લાગ્યું. તેણે કહ્યુંઃ 'થોડા મહિના પહેલાં પણ એ હતાં જ નહિ.'

શિવભક્તમંડળે આમાં બાવાને સાથ આપ્યો. તે સૌએ કહ્યું કે, 'વાસણો હતાં જ. તપાસ કરો!'

તપાસ કરતાં તેમને ખબર પડી કે બુવાએ એ વાસણો વેચી માર્યાં હતાં અને એના પૈસામાંથી એક ઘોડો લીધો હતો. છેલ્લા કેટલાક મહિનાથી એ ઘોડા પર બેસી રૂઆબથી બધે હરતોફરતો હતો. તે જોઈ બાવાએ એક વાર એને પૂછ્યું હતું કે તું આ ઘોડો ક્યાંથી લાવ્યો? ત્યારે બુવાએ કહ્યું હતું કે એક ખેડૂત ભગતે મને ભેટ આપ્યો છે.

બાવાએ નવાઈ પામી પૂછ્યું હતુંઃ 'ખેડૂત ભગત તને શું કરવા આપે?'

બુવાએ સામું કહ્યું હતુંઃ 'તો તમને શું કરવા આપે? જેમ તમને આપે તેમ મને પણ આપે!'

બુવાની બરછટ બોલીથી બાવાએ આગળ પૂછપરછ કરી નહોતી, પણ આજે એ વાતનો ભેદ ખૂલ્યો.

બાવો એના કમરામાં પલંગ પર પોઢ્યો હતો અને દિવાનિદ્રા લેતો હતો. એવામાં બહાર શોરબકોર થતો સાંભળી એ કૂદીને બહાર દોડી આવ્યો.

જોયું તો શિવભક્તમંડળના ભક્તોએ બુવાને બોચીમાંથી

પકડ્યો હતો અને એને કહેતા હતા કે તેં જગ્યાનાં વાસણો વેચી માર્યાં છે અને એ પૈસામાંથી ઘોડો લીધો છે. બોલ, સાચું કે નહિ?

હવે બાવાને પણ બધી વાત સમજાઈ ગઈ.

એકદમ ગુસ્સે થઈ તેણે બુવાને એક લાત ઠોકી દઈ કહ્યુંઃ ‘બુવા, તેં મારી સાથે ઠગાઈ કરી છે, હું તને છોડવાનો નથી.’

એકાએક બુવાનો પણ સીનો બદલાઈ ગયો. તે બોલ્યોઃ ‘એ વિદ્યા હું તમારી પાસેથી શીખ્યો છું.’

બાવાએ ચીસ પાડીઃ ‘શું હું ઠગ છું?’

બુવાએ કહ્યુંઃ ‘એ સવાલ તમે તમને જ પૂછો. તમે જેમ ત્યાગી બાવાની આ જગ્યાના ધણી થયા, તેમ હું જગ્યાનાં થોડાં વાસણોનો અને થોડા રૂપિયાનો ધણી થયો! થોડાં વરસ હેમખેમ ગયાં હોત તો હું જ જગ્યાનો ધણી બની જાત!’

લોકોનું મોટું ટોળું ભેગું થઈ ગયું હતું અને આ સાંભળતું હતું.

એ જોઈ બાવો ગિન્નાયો. એણે બુવાને કહ્યુંઃ ‘મેં તને અહીં બટકું નાખ્યું ન હોત તો તું ક્યારનો યે મરી ગયો હોત! જેનું ખાય છે એનું ખોદે છે!’

હવે બુવાએ બધી મર્યાદા છોડી દીધી. તેણે કહ્યુંઃ ‘એ હું નહિ, તું! તેં જ જગ્યાના મોટા ગુરુને ઝેર દઈ મારી નાખ્યા છે એ કોઈ ન જાણે, પણ હું જાણું છું. તું ઠગ છે, બદમાશ છે, જૂઠ્ઠો છે– લોકોની નિંદાચુગલી કરવા સિવાય તને કંઈ આવડતું નથી! તારું મોં ગાળોનું ઘર છે!’

બંને હવે તું-તા પર આવી ગયા; જંગલી જાનવરની પેઠે સામસામા ઘૂરકવા લાગ્યા ને ગાળાગાળી કરવા લાગ્યા.

લોકો સ્તબ્ધ બની આ જોઈ રહ્યા. ઘણી વાતો જે અત્યાર સુધી તેમને નહોતી સમજાતી, તે હવે દીવા જેવી સ્પષ્ટ થઈ ગઈ હતી.

ત્યાગી બાવો ખરેખર કોઈ ત્યાગી નહોતો અને બાવો પણ નહોતો. એ ધંધાધાપા વિના રખડતો ઠગ હતો; વગર મહેનતે વૈભવ ભોગવવા મળે એવો એક જ રસ્તો એને દેખાયો હતો– બાવા થવાનો, અને એણે એ વેશ અપનાવી આ ટીંબાના બાવાનો વિશ્વાસ જીતી લીધો હતો; તે પછી ટીંબાના બાવાનું અચાનક સમાધિમાં અવસાન થતાં એ પોતે ટીંબાનો બાવો બની ગયો હતો!

ટીંબાના એ બાવાના અકાળ અવસાનની વાત પણ હવે ચગી. 'સમાધિમાં પ્રાણ તાળવે ચડાવી દઈ સ્વેચ્છાએ દેહ છોડી દીધો!' એવું કહી ચેલાએ એમનો એવો મહિમા વધારી દીધો હતો કે કોઈને કશી શંકા કરવાનો વખત જ મળ્યો નહોતો! પણ હવે સૌને જ્ઞાન લાધ્યું કે એ સમાધિ-મરણ નહોતું, એ અકુદરતી મૃત્યુ હતું.

આજે એ વાતને વર્ષો વીતી ગયાં હતાં, તેથી પાછલી વાત ઉખેડવામાં કંઈ સાર નહોતો,પણ લોકોએ બાવાને એવો લબડધક્કે લીધો કે એ ગામ છોડી ભાગી ગયો. બુવો તો એના પહેલાં જ ગાયબ થઈ ગયો હતો.

ત્યાગી બાવાની આ ઘટનાએ ગામમાં ખૂબ ચકચાર ઊભી કરી હતી.

પરાગનું મન ખૂબ વ્યથિત થયું.

સાંજે સંતનાં દર્શને ગયો ત્યારે તેણે કહ્યું: 'સ્વામી, ધર્મસ્થાન પર રહી માણસ જગ્યાનો માલસામાન વેચી ખાય,

જગ્યાના પૈસા વાપરી ખાય એવું બને ખરું?'

સંતે કહ્યું: 'ભાઈ, માન્યામાં ન આવે એવું ઘણું જગતમાં બને છે. ભગવાનના પવિત્ર ધામમાં આવી અશુદ્ધિ ન પેસે એટલા માટે તો શ્રીજીમહારાજે ખાસ આજ્ઞાઓ કરી છે. તેમણે કહ્યું છે કે મંદિર પાસેથી કે મહંત પાસેથી, ગુરુ પાસેથી કે આચાર્ય પાસેથી કોઈએ પૈસા ઉછીના લેવા નહિ, કોઈ કાળે કોઈ પણ સંજોગોમાં મંદિરનું કરજ કરવું નહિ. મંદિરનાં વાસણો, વસ્ત્રો કે ઘરેણાં કે એવી કોઈ ચીજ, થોડા વખત માટે ઉપયોગમાં લેવા સારુ પણ માગવી નહિ. વળી શ્રીજીમહારાજે સાધુ માટે ખાસ આજ્ઞા કરી છે કે સાધુએ માંદગી સિવાય ખાટલામાં કદી સૂવું નહિ, અને કદી ગ્રામ્ય એટલે કે અસંસ્કારી વાર્તા કરવી નહિ કે સાંભળવી નહિ. કેટલાક માણસો વાતચીતમાં સભ્યતાને નેવે મૂકી નિંદાકૂથલી કરતા હોય છે. સત્સંગીએ એવી વાતોથી દૂર રહેવાનું છે. એટલું જ નહિ, એવી વાતો કરનારાઓથી પણ દૂર રહેવાનું છે.'

આમ કહી 'શિક્ષાપત્રી' ઉઘાડી તે પરાગના હાથમાં મૂકી સંતે કહ્યું: 'આ વાંચ!' પરાગે મોટેથી વાંચ્યું:

**અને પોતાના જે આચાર્ય, તે થકી તથા શ્રીકૃષ્ણ ભગવાનનાં જે મંદિર તે થકી કરજ ન કાઢવું, અને વળી તે પોતાના આચાર્ય થકી અને શ્રીકૃષ્ણના મંદિર થકી પોતાના વ્યવહારને અર્થે પાત્ર, ઘરેણાં અને વસ્ત્રાદિક જે વસ્તુ તે માગી લાવવી નહિ. (૧૫૦)**

**સાધુએ રોગાદિક આપત્કાળ પડ્યા વિના દિવસે સૂવું નહિ, અને ગ્રામ્ય વાર્તા કરવી નહિ, ને જાણીને સાંભળવી નહિ. (૧૯૯)**

---

## માતાપિતા, ગુરુ, બીમારની સેવા કરવી ૨૪

એક વાર પરાગ સંત હરિભક્તદાસજીની સાથે નજીકના એક નાના ગામમાં હતો. સંત પરનો એનો ભક્તિભાવ દિવસે દિવસે વધતો જતો હતો; એ જ રીતે એના પરની સંતની કૃપા પણ વધતી જતી હતી. સંતના વાર્તાલાપોમાં એને ખૂબ રસ પડતો હતો, એમાંથી એના જીવનનું ભાથું બંધાતું હતું. સંત પણ એને સમજપૂર્વક અને ટકોરાબંધ ઘડી રહ્યા હતા.

એક દિવસ બાજુના ગામમાં ગયા હશે ત્યાં અચાનક એના પર ઘેરથી વિપુલનો તાકીદનો સંદેશો આવ્યો કે પિતાજી અચાનક બીમાર થઈ ગયા છે અને તને યાદ કરે છે.

પરાગે સંતની સામે જોયું. સંતે કહ્યું: 'પરાગ, ઝટ જા અને કહેજે કે હું પણ મારું અહીંનું કામ આટોપી બે દિવસમાં તમને આવી મળું છું.'

પરાગે કહ્યું: 'શું આપ મારે ઘેર પધારશો?'

સંતે કહ્યું: 'આમ તો ભિક્ષાપ્રસંગ સિવાય ગૃહસ્થને ત્યાં જવાનું સાધુને કંઈ કારણ નથી, પણ સત્સંગ મોટી ચીજ છે. તારા પિતા કોઈ મામૂલી માણસ નથી, મોટા મનના ઉદારચિત્ત પુરુષ છે. તેમની માંદગી વખતની વિચારધારા ધર્માનુરાગી જ હશે. મને તેમની સાથે વાર્તાલાપ કરવો ગમશે. આવા સજ્જનોનો સભાપ્રસંગ સાધુઓ માટે પણ આવકાર્ય છે, તેથી તો શ્રીજીમહારાજે 'શિક્ષાપત્રી'ના ૧૯૩મા શ્લોકમાં કહ્યું છે કે: **ભિક્ષા અને સભાપ્રસંગ– એ બે કાર્ય વિના સાધુએ**

**ગૃહસ્થના ઘર પ્રત્યે જવું નહિ.** (૧૯૩) અર્થાત્ એ બે પ્રસંગે જવામાં વાંધો નથી.'

પરાગ ખુશ થયો. ઘેર આવી એણે ખૂબ ભાવથી પિતાની સેવાચાકરી કરવા માંડી. પિતાએ એની સેવાથી પ્રસન્ન થઈ કહ્યુંઃ 'બેટા, વિપુલ પણ એની સેવામાં કંઈ કચાશ રાખતો નહોતો, પણ તારી સેવાની મને ભૂખ હતી, એટલે મેં તને તેડાવ્યો. સંતની સેવામાં એથી વિક્ષેપ પડ્યો હશે, નહિ?'

પરાગે કહ્યુંઃ 'સંત તો સંત છે, બાપુજી, હું ઘણું કહું છું, પણ કદી મને તેમની કંઈ પણ અંગત સેવા કરવા દેતા નથી. તેમનાં વસ્ત્રો તેઓ જાતે ધૂએ-સૂકવે-વાળે છે, તેમનાં અજીઠાં પાત્ર તેઓ પોતે જ સાફ કરે છે, પાથરણું પણ પોતે જ પાથરે છે ને ઉપાડે છે, તેઓ તો કહે છે કે અમારામાં તો જે હલકી ટહેલ કરે તે મોટો!'

તેના પિતાના મુખમાંથી ઉદ્‌ગાર નીકળી પડ્યાઃ 'આવા સાધુસમાજની સાથે એવો જ ગૃહસ્થસમાજ હશે ત્યારે સંસાર અસાર હશે અને જીવનમાં સુવાસ હશે.'

બે દિવસ પછી સંત પણ ગામમાં પાછા આવી ગયા. પરાગના પિતાને માંદગીમાંથી સાજા થતા જોઈ એ રાજી થયા. તેમણે તેમની સાથે સાધુધર્મની, ગૃહસ્થધર્મની અને સામાન્ય ધર્મની ઘણી વાતો કરી.

થોડા દિવસમાં પરાગના પિતા તો સાજા થઈ ગયા, પણ હવે ઘરનો નોકર માંદો પડ્યો. તેની પણ પરાગે ખૂબ હેતપ્રીતથી સેવાચાકરી કરી. નોકર શરમાઈ-સંકોચાઈને કહેઃ 'બાપુ, અમે તમારી સેવાચાકરી કરવા માટે છીએ, તમે અમારી સેવાચાકરી કરો એ શોભે નહિ.'

પરાગે કહ્યુંઃ 'કેમ ન શોભે? સેવાચાકરી તો જે કરે તે સૌને શોભે!'

નોકરે કહ્યુંઃ 'હું નોકર, તમે શેઠ. મારાથી તમારી સેવાચાકરી લેવાય નહિ!'

પરાગે કહ્યુંઃ 'આમાં લેવાની કે દેવાની વાત ક્યાં છે? એક જણ માંદુ છે, બીજું સાજું-નરવું છે. સાજું છે તે માંદાને સંભાળે છે. બસ, આટલું જ છે. આમાં નોકર-શેઠ ક્યાં છે?'

નોકરની આંખો લાગણીથી ભરાઈ આવી.

નોકર પણ થોડા દિવસમાં સાજો થઈ ગયો.

***

આ ઘટનાને મહિનો બે મહિના વીતી ગયા.

એક દિવસ પરાગના પિતાએ ઘરનાં બધાંને પોતાના કમરામાં બોલાવ્યાં.

પરાગ, વિપુલ, પરાગની માતા, પરાગની વિધવા ફોઈ— જે એમના ઘરના આશ્રયે રહેતાં હતાં, તે બધાં જ ભેગાં થયાં. બધાં રાજુ ભૈયાની સામે જોઈ રહ્યાં હતાં.

રાજુ ભૈયા એકદમ ગંભીર મુખમુદ્રા કરી બેઠા હતા.

ફોઈએ પહેલ કરી પૂછ્યુંઃ 'રાજુ ભૈયા, શી વાત છે?'

રાજુ ભૈયાએ ગજવામાંથી એક કાગળ કાઢી કહ્યુંઃ 'આપણા એક દૂરના સંબંધી સંતુદાદાનો પત્ર છે. લખે છે કે— ના, હું એમનો પત્ર જ વાંચી સંભળાવું. તમે સૌ સાંભળો!

સ્વસ્તિ શ્રી મંગલપુર ગામ મધ્યે સર્વ શુભોપમાલાયક ભાઈ રાજુ ભૈયાને તથા ઘરનાં બધાંને ઘણા માનથી જે ભગવાન! બાદ લખવાનું કે હું હવે ઘણો જ ઘરડો થયો છું— એકાશી વર્ષનો થયો. બીજા લોકોને મરતા જોઉં છું તે હિસાબે

તો મારે ઘણું વહેલું મરી જવું જોઈતું હતું; ભગવાનને એવી પ્રાર્થના પણ મેં ઓછી નથી કરી, પણ એને એ સાંભળવાની ફૂરસદ મળી નહિ. હવે વાત કંઈક એના ધ્યાન પર આવી લાગે છે, પણ સીધુ ને સટ મોત મોકલે એવો એ સીધો સરળ થોડો છે? એણે જમરાજાને હુકમ કર્યો કે આ બુઢ્ઢાને રોવડાવે તો તું ખરો? એટલે જમરાજાએ કાળોતરા નાગ જેવા રોગ કેન્સરને મોકલ્યો છે અને તેણે આવી મને બોચીમાંથી પકડ્યો છે. એના મનથી કે હવે હું ભગવાનનું નામ લઈ રહ્યો! પણ એ હજી આ સંતુડોસાને ઓળખતો નથી. હું નથી હરિને છોડવાનો કે નથી હરિનું નામ છોડવાનો! પીડાથી હું ડરવાનો નથી. ધ્રુવજી મોતના માથા પર પગ દઈને આ લોક છોડી ગયા હતા, તેમ હું યે મોતના માથા પર પગ દેવા ટાંપીને બેઠો છું! બાળકના હાથમાંથી જૂનું રમકડું લઈ મા તેને નવું રમકડું આપે તેવી આ ઘટના છે. જૂનું રમકડું છૂટવાની આ પળ તે મૃત્યુ! જૂનું રમકડું જતાં બાળક રડે છે, કારણ કે તેને ખબર નથી કે નવું રમકડું મળવાનું છે, પણ મને તો ખબર છે કે જૂના રમકડા જેવું આ જૂનું શરીર છૂટ્યા પછી નવું દિવ્ય શરીર મળવાનું જ છે. એટલે હું શું કરવા રડું? જમરાજા જખ મારે છે અને એનો સિપાઈ કેન્સર પણ જખ મારે છે! બંદો સંતુદાદો મોજથી ઘરમાં એકલો બેઠો છે– જમરાજાને મોઢામોઢ ચેલેન્જ આપીને!'

કાગળ વાંચવાનું પૂરું કરી રાજુ ભૈયાએ આંખો લૂછી.

બધાં સ્તબ્ધ બની જોઈ રહ્યાં.

થોડી વાર પછી રાજુ ભૈયાએ કહ્યું: 'કહો, આપણે આમાં કંઈ કરી શકીએ ખરા, એ જાણવા મેં તમને બધાંને અહીં ભેગાં કર્યાં છે.'

'આપણે શું કરી શકીએ એ તમે જ કહો!' પરાગની માતાએ કહ્યું.

રાજુ ભૈયાએ કહ્યું: 'બંદો સંતુદાદો મોજથી ઘરમાં એકલો બેઠો છે- આ છેલ્લું વાક્ય હૃદયદ્રાવક છે. સંતુદાદા એકાશી વર્ષે ઘરમાં એકલા છે અને કેન્સરની પીડાથી પથારીવશ છે. તેમણે પત્રમાં કંઈ મદદ માગી નથી કે પોતાની હાલત પ્રત્યે દયા પ્રેરે એવો એક અક્ષરે લખ્યો નથી. આજ લગી જે ખુમારીથી એ જીવ્યા છે એ ખુમારી હજી એવી ને એવી અકબંધ છે. કેન્સર સામે એકલે હાથે લડી રહેલો એ એકલવીર કોઈની સેવાચાકરી માગતો નથી, પણ મને થાય છે કે આપણે સામેથી એમની સેવાચાકરી માગવી જોઈએ. જે થોડો સમય, મહિનો બે મહિના કે વરસ બે વરસ એમને હવે જીવવાનાં હોય એ આપણા ઘરની સેવાચાકરી હેઠળ વીતે એવી મારી ઇચ્છા છે. પણ આમાં મારો નિર્ણય ન ચાલે, કારણ કે એમની સેવાચાકરીનો ભાર મારા કરતાં તમારા સૌ પર વધારે રહેવાનો છે. થાકી જવાય એવી આ સેવાચાકરી છે. હવે તમે કહો તેમ કરીએ.'

તરત ફોઈ બોલી ઊઠ્યાં: 'એ સેવાચાકરીનો ભાર મારે માથે. આવા ભગત જીવની સેવાચાકરી કરવા મળે ક્યાંથી?'

પરાગે કહ્યું: 'હું પણ એવું માનું છું. હું સેવાચાકરીમાં ફોઈની પડખે રહીશ.'

બીજાં બધાંએ પણ તેવું જ કહ્યું.

સંતુદાદાને સમજાવીને ગામડેથી અહીં લઈ આવવાનો ભાર પરાગ અને વિપુલને શિરે મૂકવામાં આવ્યો. બીજે જ દિવસે તેઓ વાહન ભાડે કરીને ઊપડી ગયા. સંતુ દાદાએ

પોતાની સેવાચાકરીનો ભાર બીજાને માથે નાખવાની અનિચ્છા દર્શાવી, પણ સૌનો ભાવ જોઈ તેમણે તેનો સ્વીકાર કર્યો.

આ થોડા દિવસ પરાગ સંતનાં દર્શને જઈ શક્યો નહોતો. તેથી જ્યારે તે ગયો ત્યારે સંતે તેને ગેરહાજરીનું કારણ પૂછ્યું. જવાબમાં પરાગે બધી ઘટના કહી.

એ સાંભળી સંત ખૂબ જ પ્રસન્ન થયા. તેમણે પરાગનો ખભો થાબડી કહ્યું: 'વાહ, તેં શ્રીજીની આજ્ઞાનું પાલન કરી કુળ ઉજાળ્યું અને વિદ્યા પણ ઉજાળી!'

પછી 'શિક્ષાપત્રી'નું એક પાનું ઉઘાડી તેમણે કહ્યું: 'આ શ્લોક વાંચ.'

પરાગે મોટેથી વાંચ્યું:

**અને અમારા આશ્રિત જે ગૃહસ્થ, તેમણે માતાપિતા અને ગુરુ તથા રોગાતુર એવા જે કોઈ મનુષ્ય, તેમની જે સેવા તે જીવનપર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી. (૧૩૯)**

## આત્મહત્યા ન કરવી

# ૨૫

ધોરણ બારમાની પરીક્ષાનું પરિણામ બહાર પડ્યું. હર્ષદ અને પરાગ ખૂબ સારા ગુણે પાસ થયા હતા. તેમનો મિત્ર જટો પણ ઠીક ઠીક સારા ગુણ મેળવી શક્યો હતો.

પરાગના ઘરનાં ખૂબ આનંદમાં હતાં. સંતુ દાદાએ એને પાસે બોલાવીને આશીર્વાદ આપ્યા હતા. સૌએ આ પ્રસંગ ઉજવવા પરાગના મિત્રોની મંડળીને આમંત્રી હતી. બધાં ખૂબ આનંદ ઉલ્લાસમાં હતાં.

તેવામાં પોસ્ટમેન તાર લઈને આવ્યો. તાર પરાગના નામનો હતો. અભિનંદનનો તાર સમજી પરાગે તે હોંશે હોંશે હાથમાં લીધો ને ફોડ્યો.

પણ તારના શબ્દો પર નજર પડતાં જ તે ચમક્યો. તાર મુંબઈથી જિમુતના પિતાએ કર્યો હતો, અને એમાં માત્ર આટલા શબ્દો હતાઃ ‘પરાગ, તું એકદમ આવ!’

પરાગે તાર પોતાના પિતાના હાથમાં મૂક્યો. પિતાને કંઈક અનિષ્ટની આશંકા થઈ, પણ શું અનિષ્ટ હશે તે તેમની કલ્પનામાં આવ્યું નહિ. તેમણે કહ્યુંઃ ‘ભાઈ, વહેલી તકે જા, તારા કાકા કંઈ તકલીફમાં લાગે છે ને તને ખાસ બોલાવે છે એટલે જિમુતને લગતી જ કંઈ વાત હશે.’

એ જ દિવસે નીકળીને પરાગ મુંબઈ પહોંચી ગયો. કાકાને ઘેર પહોંચ્યો ત્યારે તેનું હૃદય અજાણ્યા ભયે ફફડતું હતું. જોયું તો કાકા એની જ રાહ જોતા બેઠા હતા. પરાગને

જોઈ તે ખુશ થયા. તેઓ તરત જ પરાગને પોતાના ખાસ કમરામાં લઈ ગયા.

પરાગને ખેંચીને તેમણે પોતાની જોડે જ સોફા પર બેસાડી દીધો અને એ સાથે જ એમનો સંયમનો બંધ તૂટી ગયોઃ 'પરાગ, આ જિમુત–' કહેતાં કહેતાં એ રડી પડ્યા.

પરાગ વિહ્વળ બની ગયો. તે બોલ્યોઃ 'કાકા, શું છે જિમુતનું? વળી પાછું એણે કંઈ દેવું કર્યું છે? હજી કુસંગમાંથી એ છૂટ્યો નથી?'

કાકાએ આંખો લૂછી નાખી સ્વસ્થ થઈ કહ્યુંઃ 'પૈસા બગડ્યા તે તો બીજા કમાઈ લેશું. નહિ તો ઓછું ખાશું-પીશું, ઓછું પહેરશું-ઓઢશું, પણ જીવતર બગડ્યું એ કેમ સુધરશે...? જિમુત પરીક્ષામાં નાપાસ થયો, તે તો થવાનો જ હતો, પણ એ જાણે જિંદગી હારી બેઠો છે! કહે છે કે આપઘાત કરીને મરી જઈશ. હું કોઈને મારું મોં દેખાડવા માગતો નથી. બે વાર ઝેરી દવા પી મરી જવાનો એણે પ્રયાસ કર્યો અને અમે એને ઉગાર્યો. અમે એને ઘરમાંથી ક્યાંય બહાર જવા દેતા નથી– વખતે દરિયામાં જઈને પડે કે કોઈ ઊંચા મકાન પર ચડીને ભૂસકો મારે તો? ઘરનાં બધાં એની ચિંતામાં બહાવરાં રહે છે.'

આમ કાકા સાથે વાતચીત કરી લઈ પરાગે ધીમેથી જિમુતવાળા કમરામાં પ્રવેશ કર્યો. જિમુત મેજ પર માથું ઢાળી ખુરશીમાં કોકડું વળી બેઠો હતો.

પરાગે દાખલ થતાં જ કહ્યુંઃ 'અરે, દોસ્ત જિમુત! આજે આવો ફક્કડ દિવસ છે, ને તું આમ ઘરમાં કેમ ભરાઈ રહ્યો છે? ચાલ, જરા બહાર ફરી આવીએ.'

જિમુત બાઘાની જેમ પરાગની સામે જોઈ રહ્યો.

પરાગે વહાલનો ધબ્બો મારી કહ્યું: 'ભાઈ, કેમ કંઈ બોલતો નથી?'

'મારે કોઈની સાથે બોલવું નથી. બધાં મારાં દુશ્મનો છે. દુશ્મનોની દુનિયામાં મારે રહેવું નથી. હું ચાલી જઈશ, ભાગી જઈશ, મરી જઈશ!' જિમુત બરાડ્યો.

એકદમ પરાગ હસી પડ્યો. તેણે કહ્યું: 'દુશ્મનોની દુનિયામાં તો હું પણ રહેવા નથી ઇચ્છતો.'

'તું?'

'હા, હું!'

'પણ તું મારો દુશ્મન છે, તું મને ફોસલાવવા આવ્યો છું, પણ હું એમ ફોસલાવાનો નથી. હું બધું સમજું છું, હું મૂર્ખ નથી.'

પરાગે કહ્યું: 'કોણે તને મૂર્ખ કહ્યો? તને મૂર્ખ કહેનારો જ મૂર્ખ હોવો જોઈએ! બીજાના સુખનો વિચાર કરનારો કદી મૂર્ખ હોઈ જ શકે નહિ. મેં તને હંમેશાં બીજાના સુખનો વિચાર કરતો જોયો છે. તારી પાસે પૈસા નહોતા ત્યારે પણ મેં જોયું છે કે તું બીજાના સુખ ખાતર પૈસા ઉછીના લેતો હતો. સાધારણ માણસથી આ ન બને. બીજો માણસ ત્યાં સ્વાર્થનો જ વિચાર કરે. તું એવો ક્ષુદ્ર સ્વાર્થી નથી, નથી જ, હું જાણું છું.'

'જાણે છે? એને લીધે જ તો હું આ મુસીબતમાં આવી પડ્યો છું એ તું જાણે છે?'

'જાણું છું અને એ પણ જાણું છું કે તારે તારા એ ગુણનું ગળુ ઘોંટી દેવાનું નથી, પણ એ ગુણને વિકસાવવાનો છે. તારા જેવા મોટા મનવાળો માણસ જ મોટાં કામ કરી શકે છે. તું

જરૂર મોટું કામ કરશે અને જગતમાં નામ કાઢશે.'

'હું?'

'હા, તું! તું મોટાં કામ કરશે અને મોટો માણસ થશે. તારે માત્ર એવો નિર્ધાર કરવાનો છે!'

જિમુત વિચારમાં પડી ગયો. આ પહેલાં કોઈએ તેને આવી વાત કરી નહોતી.

થોડી વાર રહી જિમુતે કહ્યું: 'પરાગ, તું તો સારા ગુણે પાસ થયો છે ને? હું તો સાવ નાપાસ છું.'

એના કંઠસ્વરમાં હતાશા હતી.

પરાગે કહ્યું: 'નાપાસ ક્યાં છે? શાળાની પરીક્ષામાં ને? એ જ શું છેવટની પરીક્ષા છે? એ જ શું તારું સમગ્ર સ્વરૂપ છે? એ જ શું તારું સંપૂર્ણ કૌવત છે? અરે, આ તો દરિયામાં તરતા બરફના પહાડ જેવું છે, બહાર તો એનો જરીક જ ભાગ દેખાય. માત્ર ટોચ! આખો પહાડ તો અદશ્ય રહે છે. તારું કૌવત અદશ્ય છે, એ તું ચાહીને બહાર પ્રગટ કરશે ત્યારે જ પ્રગટ થશે. હું કહું છું, તું તારું કૌવત છુપાવીને બેઠો છે, હવે એ પ્રગટ કર! શાળાની આ પરીક્ષામાં એ ન પ્રગટ થયું તો શું થઈ ગયું? એથી શું તું આખો માણસ નંદવાઈ ગયો?'

જિમુતે કહ્યું: 'કોણ એ માનશે?'

પરાગે કહ્યું: 'કોણ નહિ માને? દુનિયા હંમેશાં કૌવતની સરાહના કરતી આવી છે, ને કરશે. તું સંકલ્પ કર કે તારે તારું કૌવત પ્રગટ કરવું છે અને એની આડે જે કંઈ વિઘ્ન આવે તેને ઓળંગી જવું છે.'

'મારામાં એટલું બળ નથી.' પરાણે બોલતો હોય તેમ જિમુતે કહ્યું.

'કોણે કહ્યું નથી? તું કંઈ સાધારણ જીવ નથી, પરમાત્માનો અંશ છે. પરમાત્માની શક્તિ એ તારી શક્તિ છે. તું એ શક્તિનો આશ્રય લે!'

જિમુતે અધીર બની કહ્યુંઃ 'તું મારી પડખે રહેશે?'

'હું શું, પરમાત્મા તારી પડખે રહેશે!'

'તો મને તારી સાથે લઈ જા! મને અહીં ગોઠતું નથી. હું અહીંની હવાથી અકળાઈ ગયો છું.'

'ખુશીથી! એના આનંદમાં, ચાલ, આપણે બેઉ આજે સાથે જમીએ!'

એ દિવસે પરાગ ને જિમુત સાથે જમ્યા.

કાકાની રજા લઈ બીજા દિવસે પરાગ જિમુતને લઈને પોતાના ગામમાં પાછો આવી ગયો.

ફરી પાછાં પરાગના મિત્રો ને સગાંવહાલાં ઉત્સાહમાં આવી ગયાં! તેમણે પરાગના સન્માનમાં એક ઉત્સવનું આયોજન કર્યું. પરાગને તેની ખબર પડતાં તેણે તેનો વિરોધ કર્યો. તેણે કહ્યુંઃ 'હું પાસ થયો તેનો આવો ઉત્સવ થાય તેથી જિમુતને એનું નાપાસ થયાનું દુઃખ ઊભરી આવે અને એને શરમાવા જેવું લાગે. આજે એ મારો અતિથિ છે, અતિથિના મનમાં જરા પણ ક્લેશ થાય એ ઠીક નહિ. માટે તમારે આવું કંઈ કરવું નહિ!'

પણ જિમુતે જ્યારે આ જાણ્યું ત્યારે તેણે સામેથી કહ્યું કેઃ 'આનંદ ઉલ્લાસ કરવો જ જોઈએ. પરાગે પરીક્ષામાં મેળવેલી સિદ્ધિ અસાધારણ છે અને અસાધારણ ઘટનાને અસાધારણ ઉત્સાહથી વધાવી લેવી જોઈએ.'

એણે પોતે જ તેની આગેવાની લીધી અને ખૂબ ઉમંગ

ઉત્સાહથી સૌએ આ પ્રસંગ માણ્યો.

સૌએ જોયું કે જિમુત હવે બિલકુલ સ્વાભાવિક ભાવે વર્તતો હતો.

એકવાર એને આવા ખુશ મિજાજમાં જોઈ પરાગે કહ્યુંઃ 'ભાઈ, આવશે આજે મારી સાથે સંતનાં દર્શન કરવા?'

જિમુતે હસીને કહ્યુંઃ 'કેમ નહિ? કુસંગનો મહિમા જોયો, હવે થોડો સત્સંગનો જોઈએ.'

બંને જણ સાંજે સંતનાં દર્શને ગયા.

સંતને પગે લાગ્યા પછી જિમુતે જ પહેલો પ્રશ્ન કર્યોઃ 'સ્વામી, અમારા મુંબઈમાં એક વાર વિજ્ઞાનીઓની પરિષદ થઈ હતી. તેમાં દેશ-પરદેશથી ઘણા જાણીતા વિજ્ઞાનીઓ આવ્યા હતા. તેમાં ઘણાં જોરદાર ભાષણો થયાં હતાં. તેમાં અમેરિકાથી આવેલા એક વિજ્ઞાનીએ ભારે ઊહાપોહ મચાવ્યો હતો!'

સંતે કહ્યુંઃ 'એવું એણે શું કહ્યું હતું?'

જિમુતે કહ્યુંઃ 'કહે કે માણસના શરીર પર માણસનો પોતાનો જ હક છે, એ શરીરને જીવતું રાખવું કે મારી નાખવું એ એની મુનસફીની વાત છે. બીજાં જાનવરો આત્મહત્યા કરી શકતાં નથી, વાઘ-સિંહ ગમે એટલા જોરાવર હોય, પણ પોતે પોતાને મારી શકતા નથી, પણ માણસ પોતાને મારી શકે છે, માટે જ એ સૃષ્ટિનાં બધાં પ્રાણીઓમાં શ્રેષ્ઠ છે!'

સંતે કહ્યુંઃ 'વાહ, શી ફક્કડ દલીલ છે. જિવાડી શકે તે શ્રેષ્ઠ નહિ, પણ મારી શકે તે શ્રેષ્ઠ અને તેમાં યે જે પોતાને મારી શકે તે સર્વશ્રેષ્ઠ!'

જિમુતે કહ્યુંઃ 'આ વિષે છાપામાં પણ લાંબી ચર્ચાઓ

ચાલી હતી. કેટલાકોએ તો લેખો લખ્યા હતા કે માંદગીના કારણે કે બીજા કારણે માણસને જીવવાની ઇચ્છા ન હોય તો એને ખુશીથી આપઘાત કરવા દેવો જોઈએ; તે માટે કાયદો સુધારી માણસના જન્મજાત અધિકારોમાં આપઘાત કરવાના તેના અધિકારનો પણ સમાવેશ કરવો જોઈએ. હું જ્યારે પરીક્ષામાં નાપાસ થયો ત્યારે આવા બધા વિચારોએ મારો કબજો લીધો હતો, તેથી મારો દોષ મને દેખાયો નહિ– મેં ભણવામાં ધ્યાન આપ્યું નહિ, અને કુસંગમાં પડી બાપના પૈસે મોજ કરતો રહ્યો એ મારો દોષ મને દેખાયો નહિ, પણ મને એ જ દેખાયું કે માબાપ મને ખોટી રીતે અપરાધી ગણે છે અને દુષ્ટ દુનિયા ખોટી રીતે મને વગોવે છે. બસ, આમાંથી છૂટવાનો એક જ ઉપાય છે– મરી જવું. સારું થયું કે માબાપે અને ભાઈબહેને મારા પર ચાંપતી નજર રાખી–' બોલતાં બોલતાં એની આંખોમાં આંસુ આવી ગયાં.

આંસુ લૂછી નાખી એણે કહ્યું: 'અને મારા સારા નસીબે મને પરાગ જેવો ભાઈ મળ્યો. એણે મારા મરેલા ખોળિયામાં નવો પ્રાણ પૂર્યો છે.'

હવે સંતે જિમુતના મસ્તક પર હાથ મૂકી કહ્યું: 'ભાઈ, સન્મિત્રનો સંગ અને સદ્‌ગ્રંથોનો સંગ એ પણ સત્સંગ છે. કુસંગ ડુબાડે છે, પણ સત્સંગ ડૂબતાને તરણું બનીને તારે છે. જે માણસ બીજાની હત્યા કરે છે તે આતતાયી છે, તે દુષ્ટ છે, પણ જે પોતાની હત્યા કરે છે તે તો મહાદુષ્ટ છે. માણસને પોતાનો જીવ સૌથી વધારે વહાલો હોય છે, તેવા સૌથી વહાલા જીવને જે હણે તે કેવો દુષ્ટ કહેવાય?

આપણે ત્યાં કેટલાક માણસો એવું માનતા હોય છે કે

ભૈરવના પહાડ પરથી ભૂસકો મારી પડીએ ને મરીએ તો આપણો મોક્ષ થઈ જાય! કાશીએ જઈને બોચી પર કરવત મુકાવી મરીએ તો રાજાને ઘેર જન્મવા મળે; કાશી જેવા તીર્થ સ્થળે જઈ આત્મહત્યા કરીએ તો સીધું ભગવાનનાં ધામમાં જવાય— આવી બધી માન્યતાઓ ખોટી છે. માણસને જે કંઈ પ્રાપ્ત થવાનું છે, તે સદાચારથી જ, ધર્મથી જ પ્રાપ્ત થવાનું છે. પારકાની હત્યા કરવી એ જેમ પાપ છે, તેમ આત્મહત્યા પણ પાપ છે— પછી તે તીર્થમાં કરો કે બીજે કરો, કૂવે પડીને મરો કે છાપરા પરથી પડીને મરો, ઝેર ખાઈને મરો કે ફાંસો ખાઈને મરો, પેટમાં છૂરી ખાઈને મરો કે બંદૂકની ગોળી ખાઈને મરો! માણસથી ભૂલ થાય, દોષ થાય, કોઈ અયોગ્ય આચરણ થઈ જાય તો એને જાત ઉપર એવો ક્રોધ ચડે, પણ દુરાચરણ કર્યું ન કર્યું થતું નથી, ઊલટું વધારે પાકું થાય છે. એ દોષ કે દુરાચરણ મિટાવવાનો રસ્તો સદાચાર કે સત્સંગ છે. માણસ ગમે તેવો દુષ્ટ હોય, દુરાચારી હોય, પણ એક વાર જો એ સંકલ્પ કરે અને સત્પુરુષનો આશ્રય લે તો અવશ્ય એમાંથી છૂટી શકે છે. આથી તો શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્પષ્ટ કહ્યું છે કે ગમે તેવો અધમ જીવ હોય, પણ જો તે 'શિક્ષાપત્રી' પ્રમાણે વર્તે તો એને સદાચારી થયો જ સમજવો!'

આટલું કહી સંતે 'શિક્ષાપત્રી'નું એક પાનું ઉઘાડી તે પરાગના હાથમાં આપી કહ્યું: 'આ વાંચ!'

પરાગે મોટેથી વાંચ્યું:

**અને સ્ત્રી, ધન અને રાજ્ય— તેની પ્રાપ્તિને અર્થે પણ કોઈ મનુષ્યની હિંસા તો કોઈ પ્રકારે ક્યારેય ન જ કરવી. (૧૩)**

**અને આત્મઘાત તો તીર્થને વિષે પણ ન કરવો, અને ક્રોધે**

**કરીને ન કરવો. અને ક્યારેક કોઈ અયોગ્ય આચરણ થઈ જાય તે થકી મૂંઝાઈને પણ આત્મઘાત ન કરવો, અને ઝેર ખાઈને તથા ગળે ટૂંપો દઈને તથા કૂવે પડીને તથા પર્વત ઉપરથી પડીને ઈત્યાદિક કોઈ રીતે આત્મઘાત ન કરવો. (૧૪)**

વંચાઈ રહ્યા પછી સંતે કહ્યું: 'તેરમા શ્લોકમાં શ્રીજીમહારાજે શબ્દે શબ્દ પર કેવો ભાર દીધો છે એ જુઓ: **કોઈ મનુષ્યની હિંસા તો કોઈ પ્રકારે ક્યારેય પણ ન જ કરવી.'**

## સદાચારે વર્તવું

## ૨૬

જટાએ પરાગની દોસ્તી કરી, તે પછી ભટા સાથેનો તેનો સંબંધ તૂટી ગયો અને ભટો એકલો પડી ગયો. હવે તે શાળામાં હાજરી આપતો નહોતો, એટલે શાળાના દફ્તરેથી તેનું નામ નીકળી ગયું હતું. એના પિતા દૂરના ગામમાં ટૂંકા પગારની નોકરી કરતા હતા, અને માતાના કહ્યામાં તે હતો નહિ. એ ફાવે તેમ રખડી ખાતો. એને એના જેવા બીજા દોસ્તારો પણ મળી ગયા હતા. આમ ભટાનો અડ્ડો જામ્યો હતો.

અડ્ડામાં રોજ પૈસાની જ વાતો થતી. પૈસા ક્યાંથી મેળવવા તેની રોજ નવી નવી તરકીબો વિચારાતી અને એ પ્રમાણે કામ થતું. કોઈ વાર માતાને પજવીને તેની પાસેથી પૈસા પડાવાય, તો કોઈ વાર કોઈ બીજાને છેતરીને કે ક્યાંક ધાપ મારીને પૈસા હાથ કરાય. આ થાય અને આ ન થાય એવું વિચારવાનું હવે રહ્યું નહોતું. બસ, પૈસા હાથમાં આવવા જોઈએ, અને એક વાર પૈસા હાથમાં આવ્યા એટલે બાદશાહ!

આ માટે એમણે એક સરસ દલીલ શોધી કાઢી. પંડિતોનાં પ્રવચનોમાંથી એમને એ જડી હતી. એ દલીલ હતીઃ પરસેવો પાડીને કોઈ પૈસાદાર થઈ શકતું નથી, પરસેવો પાડનારો તો માંડ રોટલો પામે છે, પણ જે પરસેવો નથી પાડતો તે પૈસાવાળો છે; એણે એ પૈસો યુક્તિ-પ્રયુક્તિથી મેળવેલો હોય છે. અણસમજુ લોકોને છેતરીને, લૂંટીને એ મેળવેલો હોય છે. એ લૂંટનો પૈસો છે, પણ આજે રાજ્ય એવા

લૂંટારાઓના  હાથમાં છે કે એને કોઈ પકડતું નથી ને સજા કરતું નથી. ચાર પૈસાની ચોરી કરનારને સજા થાય છે, પણ આવા લાખોના લૂંટારાને કોઈ આંગળી અડાડતું નથી એવી આજની અર્થવ્યવસ્થા છે. માટે આપણે પણ એ ચોર ભેગા ચોર થઈ જવું, આપણે પણ આપણી અક્કલ લડાવી પરસેવો પાડ્યા વિના ધન કમાવું ને મોજ કરવી.

આમ ભટો છેતરપિંડી દ્વારા ધન ભેગું કરવાના રસ્તે ચડી ગયો.

અને એમ કરતાં એક દિવસ પોલીસના હાથમાં સપડાઈ ગયો.

હવે એને વાસ્તવિક્તાનું ભાન થયું. એ ગભરાયો. એણે પોતાનો ગુનો કબૂલ કર્યો અને ફરી આવું નહિ કરવાની કબૂલાત આપી.

કોર્ટે જોયું કે છોકરો હજી પુખ્ત ઉંમરનો નથી અને કુસંગને લીધે અવળે રસ્તે ચડી ગયો છે, એટલે એના પર રહેમ કરી એને 'બાળ સુધાર ગૃહ'માં મોકલી આપ્યો.

'બાળ સુધાર ગૃહ' એ છોકરાઓને સુધારી કામ-ધંધો શીખવવા માટેની સંસ્થા હતી. તેમાં બધું નિયમ પ્રમાણે ટકોરાબંધ ચાલતું હતું. ભટાએ આ નિયંત્રણ સ્વીકારવું પડ્યું. પૂરા કલાક એણે કામ પણ કરવું પડતું. કામનો એને કંટાળો હતો, પણ અહીં તો કામ ન કરે તો ખાવાનું ન મળે! અહીંનો મુદ્રાલેખ હતોઃ 'કામ કરે તે ખાય!'

ભટાને ધીરે ધીરે થયું કે આના કરતાં તો શાળામાં ભણવું સારું!

હવે એને પરાગ યાદ આવ્યો.

એણે સંસ્થાના સંચાલકને કહ્યું: 'મારે પરાગને મળવું છે.'

કેટલી કાકલૂદીઓ કરી ત્યારે એની આ અરજ મંજૂર થઈ.

પરાગ એને મળવા આવ્યો. ત્યારે એને જોઈ ભટો રડી પડ્યો. રડતાં રડતાં કહે: 'મેં મારી જાતે જ મારી ખરાબી કરી છે. મેં તને પણ છેતર્યો છે ને હેરાન કર્યો છે, પણ એ બધું ભૂલી તું હવે મને મદદ કર. તેં જટાને તારી ઓથમાં લીધો તેમ મને લે. હવે હું સીધે રસ્તે ચાલી રીતસર શાળામાં ભણવા માગું છું.'

પરાગનું હૃદય પીગળી ગયું. ભૂતકાળનો કડવો અનુભવ ભૂલી જઈ તેણે તેને મદદ કરવાનું સ્વીકાર્યું. પરાગના એક દૂરના સગા વકીલ હતા. તેમની મદદથી પરાગે ભટાને કોર્ટનો હુકમ મેળવી છોડાવ્યો.

ભટો હવે પરાગને આધીન બની રહેવા લાગ્યો.

આ દિવસોમાં જિમુત પણ પરાગને ત્યાં જ હતો. બધા જ એક બીજાના મિત્ર બની ગયા. તેમની ઉંમરના બીજા પણ ઘણા છોકરાઓ તેમની સાથે હતા. આમ 'શિક્ષાપત્રી' પ્રમાણે વર્તનારી પરાગની એક વિદ્યા-વ્યાસંગી મંડળી અસ્તિત્વમાં આવી.

એક દિવસ ભટાએ કહ્યું: 'પરાગ! આજે તો અમને બધાને તું તારા પેલા સંત પાસે લઈ જા! અમારે એમના મુખે કંઈક સાંભળવું છે!'

પરાગ ખુશ થયો. તેણે સંતને વાત કરી. સંતે કહ્યું: 'ખુશીથી એ બધાને લઈને આવ! આપણે શ્રીજીમહારાજના મહિમાની વાત કરશું.'

બીજે દિવસે નક્કી કરેલા સમયે પરાગની મંડળી સંતની પાસે હાજર થઈ ગઈ.

પરસ્પર અભિવાદન થયા પછી સંતે કહ્યું: 'આપણે સૌએ પહેલી વાત જે સમજવાની છે તે સદાચાર છે. સદાચારી માણસ જ અહીં કે તહીં એટલે આ લોકમાં કે પરલોકમાં સુખી થાય છે, અને કુબુદ્ધિવાળો દુરાચારી અહીં કે તહીં એટલે આ લોકમાં કે પરલોકમાં હંમેશાં કષ્ટને જ પામે છે.'

ભટો એકદમ તાળી પાડી બોલી ઊઠ્યો: 'બિલકુલ સાચી વાત! મારા અનુભવ પરથી હું કહું છું કે કોઈને એક વાર છેતરવા કરતાં આપણે જાતે સો વાર છેતરાવું સારું! હું સો વાર છેતરનારો હારી ગયો ને એક વાર છેતરાયેલો પરાગ જીતી ગયો!'

સંતે તેની સામે જોઈ કહ્યું: 'તું ખરું સમજ્યો છે.'

પછી તેમણે 'શિક્ષાપત્રી' ઉઘાડી તે પરાગના હાથમાં આપી કહ્યું: 'આ બે શ્લોક વાંચ!'

પરાગે મોટેથી વાંચ્યું:

**અને સત્શાસ્ત્રોમાં જીવના કલ્યાણને અર્થે પ્રતિપાદન કર્યા એવા જે અહિંસા આદિક સદાચાર– તેમને જે મનુષ્ય પાળે છે, તે મનુષ્ય જે તે, આ લોકને વિષે અને પરલોકને વિષે મહાસુખિયા થાય છે. (૮)**

**અને તે સદાચારનું ઉલ્લંઘન કરીને જે મનુષ્ય પોતાના મનમાં આવે તેમ વર્તે છે, તે તો કુબુદ્ધિવાળો છે અને તે આ લોક ને પરલોકને વિષે નિશ્ચે મોટા કષ્ટને જ પામે છે. (૯)**

---

## પતિત પાવન શ્રીજી નામ (૧) ૨૭

તે પછી સંત શ્રી હરિભક્તદાસજીએ પોતાની સામે વિનયપૂર્વક બેઠેલા છોકરાઓને સંબોધીને કહ્યુંઃ ભગવાને માણસને જન્મ દીધો છે તે સુખી થવા માટે, પણ માણસ એ સુખને અવળું સમજ્યો. એણે ઢોકળા જેવા આ શરીરને અછો અછો વાનાં કરવામાં સુખ માન્યું, અને સુખિયો થવાને બદલે દુખિયો થયો. એને સવળે રસ્તે વાળવા શ્રીજીમહારાજ મનુષ્યરૂપે પૃથ્વી પર પધાર્યા અને એમણે સુખના દ્વાર સમી ત્રણ વાતો લોક સમક્ષ મૂકી– સદ્ગ્રંથોનું સેવન કરો, સદાચારનું સેવન કરો, સત્સંગનું સેવન કરો.

શ્રીજીમહારાજ 'શિક્ષાપત્રી' રૂપે આજે આપણી સમક્ષ હાજરાહજૂર છે. ત્રણ મહિના પુણ્યધામ વડતાલમાં રહી શ્રીજીમહારાજે સ્વહસ્તે આ 'શિક્ષાપત્રી' લખી છે. વિશ્વભરમાં અવતારી પુરુષના હાથે લખાયેલો એક માત્ર ગ્રંથ આ છે. સમગ્ર માનવજાતને અવતારી પુરુષની એ સીધી ભેટ છે. એનો એક એક શબ્દ શ્રીજીમહારાજની વાણી છે, શ્રીજીમહારાજનું પ્રત્યક્ષ સ્વરૂપ છે. શ્રીજીમહારાજે પોતે થઈને કહ્યું છે કેઃ **'આ જે અમારી વાણી, તે અમારું સ્વરૂપ છે.'** (૨૦૯)

ઘણી વાર માણસને એવું થાય છે કે હું જો રામાવતાર વખતે જન્મ્યો હોત તો ભગવાનની વાનરસેનામાં જોડાઈ એમની સેવા કરત, કૃષ્ણાવતારમાં જન્મ્યો હોત તો ગોકુલનો ગોપ બની ભગવાનની જોડે ગોધન ચરાવત! અરે, બસો વર્ષ

પહેલાં જન્મ્યો હોત તો શ્રીજીમહારાજનો પાર્ષદ બની એમનો પડ્યો બોલ ઝીલી લેત! પણ હજી ક્યાં વેળા વહી ગઈ છે? શ્રીજીમહારાજ સ્વયં 'શિક્ષાપત્રી' રૂપે અહીં હાજર છે અને મોઢામોઢ આપણી સાથે વાત કરે છે– ઝીલી લો એ પડ્યો બોલ! શ્રીજીમહારાજનો કોલ છે કે તમે મહાસુખિયા થઈ જશો.

આવા એક મહાસુખિયા ભક્તની આજે મારે તમને વાત કરવી છે.

એ ભક્તનું નામ જોબન ભગત.

બસો વર્ષ પહેલાં વડતાલ નાનું ગામડું હતું. એ ચોરોનું ગામ ગણાતું.

એ ચોરોનો સરદાર હતો જોબન પગી.

એને જોબન વડતાલો પણ કહે છે.

જોબન વડતાલો કાળ જેવો ભયંકર. પાપનો પર્વત! એના દિલમાં દયાનો છાંટો નહિ. ચીભડું ચીરવું અને માણસ મારવો એ એને મન સરખાં!

મલકમાં એની હાક વાગે એવી કે એનું નામ સાંભળી ઘરોનાં બારણાં એકાએક બંધ થઈ જાય, સરકારી કચેરીઓ સુદ્ધાંને તાળાં લાગી જાય!

વડતાલમાં બધાં ઘરને કાચી માટીનાં છાપરાં, માત્ર એક જોબન પગીનું ઘર મેડીબંધ ઈંટેરી! ગામમાં જોબન પગીથી મોટું તો શું, એના જેવું ઘર બાંધવાની પણ કોઈની હિંમત નહિ!

ખેડા જિલ્લાનો આ પ્રદેશ ચરોતર નામે ઓળખાય છે. ચરોતરના વનવગડામાં, ઝાડીઓમાં, ટેકરીઓ પર અને નદીનાં કોતરોમાં જોબન પગીની ચોસઠ જગ્યાઓ હતી– ચોસઠ જોગણીઓના નામે એ ઓળખાતી. એ જગ્યાએ જઈને

લાળી કરે કે ઝાડ પર ચડી લૂગડું વાંસડે બાંધી હલાવે, એટલે આસપાસ રહેતા એના માણસો ત્યાં આવી મળે અને લૂંટફાટની યોજનાઓ ઘડાય. આ યોજનાઓ એવી સચોટ બનતી કે નક્કી કરેલા દિવસે ને સમયે, નક્કી કરેલા સ્થળે, નક્કી કરેલા માણસો ધાડ પાડે જ પાડે– અને એવી યુક્તિથી કામ કરે કે કોઈ એમને પકડી શકે નહિ.

ઠેર ઠેર જોબન પગીના જાસૂસો ગોઠવાયેલા હતા– ઉત્તરે પાલનપુર સુધી, પશ્ચિમે દ્વારકા સુધી ને દક્ષિણે સૂરત-ધરમપુર સુધી! લૂંટનો માલ છેક મુંબઈ અને પૂના સુધી પહોંચતો!

વડોદરાની ગાયકવાડ સરકારે એને જીવતો કે મરેલો પકડવા મોટું ઈનામ જાહેર કર્યું હતું, પણ પકડવા ગયેલા કેટલાયે જીવ ખોઈ બેઠા હતા, અને જોબન વડતાલો છૂટો ફરતો હતો!

પોતાના જાસૂસો દ્વારા એક વાર જોબનને ખબર મળ્યા કે અમરેલીથી આઠ લાખ રૂપિયા રોકડા લઈને વડોદરા સરકારનાં ગાડાં વડોદરા આવી રહ્યાં છે. તરત જોબને પોતાની યોજના ઘડી કાઢી. એ ગાડાંની આગળ-પાછળ બંને બાજુ, પણ ગાડાંથી છેટે, એણે પોતાના માણસો ગોઠવી દીધા, જે ગાડાંને બરાબર નજરમાં રાખીને ચાલે અને થોડા થોડા કલાકે જોબનને ગાડાંની મજલથી વાકેફ કરતા રહે.

એમ કરતાં ગાડાં વાત્રકનાં કોતરોમાં દાખલ થયાં. આ ખબર મળતાં જોબને એક ઊંડા કોતરમાં થોડા થોડા અંતરે પોતાના માણસોને ગોઠવી દીધા. કોઈ કોતરોમાં સંતાયા, તો કોઈ ઝાડ પર! કોતરની વચ્ચે થઈને એક નાનકડું ઝરણું વહેતું હતું. બીજાં ગાડાં એમાંથી પસાર થઈ ગયાં, પણ એક ગાડું

રેતીમાં ફસાયું. આથી કેટલાક માણસો એ ગાડાને ઘાંચમાંથી બહાર કાઢવા રોકાયા. જોબને જોયું કે લાગ બરાબર છે, એટલે એના ઈશારે એક જણે લાળી કરી. તરત ઝાડો પર સંતાયેલા જોબનના માણસોએ તીરનો મારો ચલાવ્યો અને ગાડાની સાથે જે ઘોડેસવારો હતા તેમને વીંધી નાખ્યા. ગાડા સાથે બે મશાલચી હતા, તેમાંનો એક મરી ગયો અને બીજો ભાગી ગયો. હવે ઝાડ પરથી ને કોતરોમાંથી જોબનના માણસો દોડી આવ્યા. તેમણે ગાડાવાળાને તથા બીજા જે હતા તેમને બળદોની રાશ છોડી બાંધ્યા અને ગાડામાંથી રૂપિયાની થેલીઓ ઉપાડી લીધી! એ જ વખતે જોબનના ઊંટવાળાઓ એમની સંતાવાની જગ્યાએથી નીકળી આવ્યા અને થેલાઓ ઊંટ પર નાખી ઘડીકમાં ક્યાં ના ક્યાં છૂ થઈ ગયા! ગાયકવાડની પોલીસે આ લૂંટારાઓને પકડવા ઘણી દોડધામ કરી, પણ પત્તો લાગ્યો નહિ.

મહિના પછી જોબને બીજી આથી મોટી લૂંટ કરી. દ્વારકા-ઓખામંડળથી ગાયકવાડની તિજોરી વડોદરા જતી હતી. એની સાથે સો તો ઘોડેસવારો હતા. ખેડા મેલ્યા પછી બેચાર ગાઉ જતાં એક ગાડાની ધરી ભાંગી જતાં પૈડું નીકળી ગયું અને પડવાથી એક બળદનો ટાંટિયો ભાંગ્યો. અમરેલીવાળા અનુભવને યાદ કરી આ વખતે બધાં જ ગાડાં ત્યાં રોકાઈ ગયાં, અને ભાંગેલા ગાડાને સમુ કરવા ખેડા મોકલ્યું. આ બિનાની જોબનને ખબર પડતાં એ પોતાના માણસોને લઈને છૂટ્યો ને આસપાસનાં કોતરોમાં સંતાયો.

જોબનની જાસૂસી એવી જબરી કે ગાયકવાડની ટુકડીમાં પણ એના માણસો હતા. સંકેત પ્રમાણે એવા એક જાસૂસે

ગાયકવાડી ફોજનાં ઊંટ-ઘોડાં માટે રાખેલું ઘાસ સળગાવ્યું. એટલે બધા એ હોલવવા દોડ્યા, ત્યાં બીજા જાસૂસે ગાયકવાડી ફોજના દારૂગોળામાં આગ ચાંપી! અંધારી રાત હતી. ગાયકવાડી ફોજે આગ હોલવવા દોડાદોડી કરી મૂકી. આગ અને ધડાકાનો સંકેત પામી જઈ જોબનના માણસો એમની સંતાવાની જગ્યાએથી દોડી આવ્યા અને તિજોરી લૂંટી ભાગી ગયા. કોઈએ એક કોથળી લીધી, તો કોઈએ બે!

તે વખતે જોબન જંગલમાં એક ઝૂંપડામાં બેઠો હતો. બેઠો બેઠો એક નનામી (ઠાઠડી) બાંધતો હતો! એટલામાં એના માણસો લૂંટેલી થેલીઓ લઈને આવ્યા. જોબને ઠાઠડીમાં ગોદડાંના ગાભા નાખી એના પર થેલીઓ પાથરી દીધી, અને ઉપર રાતું કપડું ઓઢાડી દીધું! ઠાઠડી તૈયાર!

પછી ઠાઠડી ખભે ઉપાડી બધા ઓ ઓ ઓની પોક મૂકતા સ્મશાન તરફ ચાલી નીકળ્યા. ત્યાં કોતરમાં ઊંટ તૈયાર હતાં. રૂપિયાની કોથળીઓ ઊંટ પર નાખી કોતરના ભોંયરામાં સંતાડી દઈ જોબન વડતાલ ભેગો થઈ ગયો અને એના માણસો સ્મશાનમાં લાકડાંની ચિતા ઊભી કરી પેલી નનામી બાળવા બેઠા!

બીજી તરફ ગાયકવાડી ફોજમાં દેકારો મચી ગયો. પગેરું કાઢતા કાઢતા સિપાઈઓ પેલા ઝૂંપડા પાસે આવ્યા, પણ ત્યાં બાઈઓ જુવાનડો ફાટી પડ્યો હોય ને રુવે એમ છાતીફાટ રોતી કૂટતી હતી! એ તો છાજિયાં લે કે સિપાઈઓના હાકોટા સાંભળે? સિપાઈઓએ ઘણી દોડધામ કરી, કેટલાયને પકડ્યા, બાંધ્યા ને માર્યા, પણ કંઈ કરતાં કંઈ જ બાતમી મળી નહિ!

દરમિયાન વડોદરા સરકારનો એક અમલદાર જોબનને

પકડવા મોટી પલટણ લઈને આવ્યો હતો. ખેડામાં એક રાતે એ તંબૂમાં સૂતો હતો, ત્યાં જોબનનો એક માણસ આખા શરીરે રીંછનું ચામડું ઓઢી અસલ રીંછ જેવો બનીને આવ્યો અને તંબૂ ચીરીને અંદર પેઠો અને પેલા અમલદારના એક ઘાએ બે કટકા કરી રીંછની પેઠે કૂદતો કૂદતો જંગલનાં કોતરોમાં અદશ્ય થઈ ગયો! બૂમ પડી કે અમલદારને જંગલી રીંછે મારી નાખ્યો!

ગાયકવાડ સરકારે મોટાં ઈનામ કાઢ્યાં, પણ કોઈએ જોબનને જીવતો કે મરેલો પકડવા બીડું ઝડપ્યું નહિ. હવે તો ચારે બાજુ એવી વાતો વહેતી થઈ હતી કે જોબનને માથે કોઈ પીરનો હાથ છે. કોઈ કહે, જોબનને માતાજીએ કાળો પછેડો આપ્યો છે, એટલે એને કોઈ દેખી શક્તું નથી. કોઈ કહે, એની પાસે એવો મંતર છે કે બંદૂક ફોડો તો ય એ મરે નહિ, ગોળી એને લાગે જ નહિ! એના મંતરથી દુશ્મનનાં હથિયાર બુઠ્ઠાં થઈ જાય છે, એના માથામાં કોઈ બંદૂકની ગોળી મારે, તો ય એ મરે નહિ, ગોળી એને વાગે જ નહિ! કોઈ કહે, એ છ ફૂટ ઊંચો છે અને વજનમાં સાત મણ છે. કોઈ કહે, એ બે હાથે બે બંદૂકો ફોડે છે ને તીર છોડે છે. એ નિશાનબાજ તો એવો છે કે ઝાડની ડાળે લવિંગ બાંધ્યું હોય તેને યે વીંધી નાખે!

આવા આ જોબન વડતાલાએ સાંભળ્યું કે શ્રીજીમહારાજ ડભાણમાં મોટો યજ્ઞ કરે છે અને યજ્ઞનાં દર્શન કરવા હજારો માણસો આવવાના છે. કાઠિયાવાડથી કાઠી દરબારો ફક્કડ ઘોડાં લાવશે અને શ્રીજીમહારાજની માણકી ઘોડીની તો વાત જ ઓર છે! પવનને યે પાછળ પાડી દે એવી!

જોબને મનથી નક્કી કર્યું: ‘મારે એ માણકી ઘોડી લેવી!’

જોબનના ભાઈઓ, ભત્રીજાઓ બધા આ યોજનામાં

જોડાયા. જોબને સૌને કહ્યુંઃ ‘આકડે મધ અને માખીઓ વિનાનું! હજારો પૈસાદારો આવશે. બહાર જંગલમાં ઉતારા થશે. ઘરેણાં, રૂપિયા, ઘોડાં જે મળે તે ઉઠાવી ભાગી જાઓ!’

યજ્ઞ શરૂ થતાં હજારો સ્ત્રીપુરુષો આવ્યાં. ગામ નાનું, એટલે ગામ બહાર વગડામાં ડેરાતંબૂ નંખાયા. યજ્ઞશાળાની એક તરફ ઘોડાંની ઘોડશાળ હતી. પહેલા જ ખીલે મહારાજની સવારીની માણકી ઘોડી, ને પછી કાઠી દરબારોનાં ઘોડાં બાંધેલાં હતાં. પાછળ આંબાવાડિયું હતું. ત્યાં જોબન પગી સંતાયો હતો. મધરાત વીત્યે એ ઘોડશાળમાં પેઠો. એની નજર માણકી ઘોડી પર હતી. જુએ તો શ્રીજીમહારાજ માણકી ઘોડીના બરડા પર હાથ ફેરવે છે અને પગેથી નીરણાં સંકોરે છે! એ પાછો ફરી ગયો. ફરી કલાક રહીને આવ્યો. જુએ તો શ્રીજીમહારાજ માણકી ઘોડીને ખરેરો કરે છે!

જોબન પગીને થયું કે આટલી રાતે પણ મહારાજ સૂતા નથી એ કેવું? એટલે એ લપાતો-છુપાતો મહારાજના મુકામે તપાસ કરવા ગયો, તો મહારાજ પલંગ ઉપર શ્વેત વસ્ત્ર ઓઢી પોઢેલા હતા અને બે પાળાઓ આંખનું મટકું યે માર્યા વિના ચોકી પર ખડા હતા! એ પાછો આવ્યો ને ફરી ઘોડારમાં પેઠો. જુએ છે તો મહારાજ માણકીને તોબરો ચડાવતા હતા! આમ સાત વખત એ ઘોડારમાં ગયો અને સાતે વખતે એણે મહારાજને ત્યાં જોયા! એમ કરતાં સવાર થઈ ગયું.

જોબન કહેઃ ‘કંઈ વાંધો નહિ, હજી બે રાત છે.’

બીજી રાતે એણે ખૂબ જ કાળજી રાખી, પણ આજે ય પહેલા દિવસ જેવું જ થયું– જેટલી વાર એ ઘોડારમાં પેઠો એટલી વાર એને ઘોડીની પાસે મહારાજ દેખાયા! મહારાજને

જોઈ એનું ચિત્ત ખેંચાયું, પણ જોર કરી એણે મનને માર્યું.

ત્રીજી રાતે એણે નક્કી કર્યું કે માણકી રહી, બીજાં ઘોડાંમાંથી બે-ત્રણ છોડી જાઉં. એ ઘોડારમાં પેઠો, પણ ઘોડે ઘોડે એને મહારાજનાં દર્શન થયાં. જેટલાં ઘોડાં એટલા મહારાજ!

હવે એ વિચારમાં પડી ગયો કે આંખમાંથી કણું કાઢે તેમ પરાયું ધન લઈ લઉં એવો હું જોબન, આજે ત્રણ ત્રણ રાતના ઉજાગરા કરીને ય એક ઘોડું નથી છોડી શકતો એ શું કહેવાય? નક્કી, આમાં કંઈક મોટો ભેદ છે. મહારાજ પાસે ગયા વિના એ નહિ ઊકલે!

એણે મનોમન મહારાજ પાસે જવાનું નક્કી કર્યું. સાથે વિચાર્યું કે મહારાજ મને નામ લઈ બોલાવે, અને મારા મનની વાત કહી આપે તો જાણું કે એ સમર્થ છે!

સવારે સ્નાન કરી સાકર-શ્રીફળ લઈ એ મહારાજનાં દર્શને ગયો. શ્રીજીમહારાજ તે વખતે સભામાં બિરાજ્યા હતા. માથેથી પાઘડી ઉતારી મહારાજના ચરણમાં મૂકી એ બોલ્યોઃ 'જ્યાં ગુનો છૂટવો જોઈએ ત્યાં મેં ગુનો કર્યો છે, મને માફ કરો!'

મહારાજ મરક મરક હસતા એની સામે જોઈ રહ્યા. પછી બોલ્યાઃ 'જોબન પગી, ઉજાગરો બહુ કર્યો, પણ ઘોડી ન લેવાણી?'

જોબનનું નામ સાંભળી સભામાં સન્નાટો છવાઈ ગયો. કાઠી દરબારોના હાથ તલવાર પર પડ્યા. મહારાજે તેમને શાંત કર્યા.

જોબન મનમાં કહેઃ 'મહારાજના સામર્થ્યની હું કોણ

પરીક્ષા કરનારો? મહારાજના ચરણમાં માથું મૂકી એ કહેઃ 'મહારાજ, શરણે લ્યો! હવે આપ ધણી, હું ચાકર!'

ગઈ કાલનો લૂંટારો જોબન વડતાલો જોબન ભગત બની ગયો. જોબન ભગતે પોતે આ ઘટનાનો વૃત્તાંત પોતાના વંશના વહી વંચા બારોટને બોલાવી તેના ચોપડામાં લખાવેલો છે.

મહારાજ એની આંખોમાં એવા વસી ગયા કે જ્યાં નજર કરે ત્યાં એને મહારાજની મૂર્તિ દેખાય. ઘેર ગયો તો ઘરની મેડીના ગોખમાં મહારાજ બિરાજેલા દેખાયા.

બીજે વરસે જોબન પગીએ મહારાજને વડતાલમાં ફૂલડોલનો ઉત્સવ કરવા નિમંત્રણ આપ્યું. મહારાજે તેનો સ્વીકાર કર્યો. નિષ્કુળાનંદ સ્વામીએ આ પ્રસંગ માટે ખાસ બાર બારણાંનો હિંડોળો બનાવ્યો અને મુક્તાનંદ સ્વામીએ મહારાજને હીરની દોરીએ ઝુલાવ્યા; અને નિત્યાનંદ સ્વામીએ ચોસઠ જ્યોતની આરતી ઉતારી.

આજે વડતાલ એક મહાન તીર્થ બની ગયું છે તેનો મોટો યશ જોબન ભગતને છે. મંદિર માટે તેમણે આખુંયે ખેતર દઈ દીધું હતું. શ્રીજીમહારાજને જોબન ભગત પર એવી પ્રીતિ હતી કે એક વાર એક આખો મહિનો જોબન ભગતના ઘરમાં રહ્યા હતા.

જોબન વડતાલો ભગત થઈ ગયો એ વાત વડોદરાના મહારાજાના કાને આવી ત્યારે શું થયું તે આવતી કાલે કહેશું.'

# પતિત પાવન શ્રીજી નામ (૨) ૨૮

બીજે દિવસે સમયસર સંત હરિભક્તદાસજીએ ગઈ કાલની અધૂરી રહેલી કથાનો તંતુ સાંધતાં કહ્યુંઃ 'વડોદરાના ગાયકવાડ મહારાજાને ખબર પડી કે ભયાનક લૂંટારો જોબન પગી, જેને આટલું લાવલશ્કર છતાં આપણે મહાત કરી શક્યા નથી, તેને સહજાનંદ સ્વામીએ ચપટીમાં વશ કરી લીધો છે. હવે એણે ચોરી-લૂંટ છોડી દીધી છે, માંસ-મદિરાનો ત્યાગ કર્યો છે, ગાંજો-અફીણ અને હૂકો-તમાકુ યે છોડ્યાં છે, અને હાથમાં માળા લીધી છે. માણસ મારવાની વાત તો રહી, પણ જૂ–માકણને યે એ મારતો નથી! બસ, ભગવાનનું નામ જપે છે અને સંતો-હરિભક્તોની સેવા કરે છે!'

આ સાંભળી મહારાજાને નવાઈ લાગી. તેમને થયું કે જોબન વડતાલો એવો કેવો સાધુ થઈ ગયો છે એ મારે જોવું છે. જો એ સાચેસાચ સાધુજન થઈ ગયો હશે તો હું એના ગુના માફ કરી દઈશ. તેમણે ભગતને વડોદરા તેડાવ્યા.

ભગત આવ્યા અને મહારાજાને મળ્યા. ભગતની પ્રસન્ન મુખમુદ્રા જોઈ તથા તેમની વાતો સાંભળી મહારાજાએ પ્રસન્ન થઈ કહ્યુંઃ 'વાહ ભગત! તમારી ચોરી-લૂંટફાટની બહાદુરી જોઈ હું દંગ થતો હતો, પણ તમે હિંસા છોડી, દારૂઅફીણ છોડ્યાં, હૂકોતમાકુ છોડ્યાં અને હાથમાં માળા અને મુખે ભગવાનનું નામ ધારણ કર્યાં. એ તમારી બહાદુરીની આગળ તમારી એ લૂંટફાટની બહાદુરી તો કંઈ જ વિસાતમાં નથી– ખરેખર, તમે

બહાદુર પુરુષ છો.'

આમ કહી મહારાજાએ તેમને 'બહાદુર પુરુષ'નો ખિતાબ આપ્યો અને એ ખિતાબનો સોનાનો કંઠો તેમની ડોકમાં પહેરાવ્યો.

રોજ મહારાજા જોબન ભગતને મળવા બોલાવે અને રોજ એમની અવનવી વાતો સાંભળે. એક વાર એમણે કહ્યુંઃ 'જોબન ભગત, એક વાર તમારી આ ચૌર્યકલા મને દેખાડો!'

જોબન ભગતે કહ્યુંઃ 'મહારાજ, કેમ કરી દેખાડું? ચોરી નહિ કરવાનું મેં હવે વ્રત લીધું છે.'

મહારાજાએ કહ્યુંઃ 'બદદાનતથી કરીએ તે ચોરી કહેવાય, આ કંઈ ચોરી ન કહેવાય!'

મહારાજાનો બહુ આગ્રહ થયો, ત્યારે ભગતે કહ્યુંઃ 'ભલે, તો મને તમારા દરબાર ગૃહમાં જ રહેવાની સગવડ આપો અને એક મહિનાની મુદત આપો!'

'આપી!' મહારાજાએ કહ્યું.

હવે જોબન ભગત રાજમહેલમાં રહેવા લાગ્યા. રોજ તેઓ મહારાજાને છૂટથી મળે. મહારાજા પણ તેમને ઘરનો માણસ ગણી પોતાનો રત્નભંડાર, શસ્ત્રભંડાર, હાથીખાનું, ઘોડાર વગેરે બધું બતાવે.

એમ કરતાં એક વાર વહેલા પરોઢિયે ડાબલાનો અવાજ સાંભળી જોબન ભગત જાગી ગયા. જોયું તો મહારાજા ઘોડેસવાર થઈને નીકળ્યા હતા. દરબાર ગઢના દરવાજે દરવાન સૂતો હતો, તેને મહારાજાએ સોટી અડાડી જગાડ્યો. દરવાને દરવાજો ઉઘાડ્યો અને મહારાજા બહાર ચાલી ગયા. દરવાજો ઉઘાડો જ રહ્યો.

તે પછી દોઢ-બે કલાકે મહારાજા પાછા આવ્યા. તેમણે ઘોડી પોતાના હાથે ઘોડારમાં બાંધી, પછી અગાશીએ ચડી સૂઈ ગયા. જોબને જોયું તો અઠવાડિયામાં બે વાર મહારાજા આવી રીતે ઘોડી પર સવાર થઈને બહાર જતા હતા. આ ઘોડી મહારાજાની ખાસ માનીતી ઘોડી હતી. મહારાજા સિવાય કોઈ તેની પાસે ફરકી સુદ્ધાં શકતું નહિ. પસીનાની ગંધથી એ પોતાના માલિકને ઓળખતી અને તેમના સિવાય બીજો કોઈ એની પાસે જાય તો બચકું ભરતી! ઘાસચંદી દેનારા અને પાણી પાનારા માણસો પણ દૂરથી ગમાણમાં ઘાસચંદી નાખતા અને ભૂંગળા વાટે કૂંડીમાં પાણી રેડતા. સાફ કરવાવાળા લાંબા હાથાવાળા પાવડા રાખતા અને દૂર રહી તે વડે લાદ વગેરે સાફ કરતા. આવી ઘોડીને ગંધીલી ઘોડી કહે છે. જોબન ભગતે કેટલાક દિવસ સુધી આ બધું બારીકાઈથી જોયું. તેણે મનોમન નક્કી કર્યું કે મહારાજાને મારી કળા જોવી છે, તો આ ગંધીલીને જ ગૂમ કરીને એ દેખાડું!

દિવસે કે રાત્રે ગમે ત્યારે મહારાજા જોબન ભગતને યાદ કરતા અને વાતોમાં બેસાડતા, પણ બપોરે જમીને મહારાજા આરામ કરતા તે પાંચ વાગે કચેરીમાં આવતા. ત્યાં સુધીનો ગાળો એવો હતો, જ્યારે જોબન ભગત ક્યાંય જવું હોય તો જઈ શક્તા.

મહિનો પૂરો થવામાં હવે માત્ર છ-સાત દિવસ બાકી હતા. તેથી હવે બપોરના સમયે ભગતે બહાર જવા માંડ્યું— ચાલીને તેઓ પોતાના જૂના ઉતારે જતા. પછી ત્યાંથી ઘોડેસવાર થઈ નીકળી પડતા અને શહેરથી દૂર વિશ્વામિત્રી નદીનાં કોતરોમાં ફરતા. એમ ફરતાં ફરતાં એમણે એક

ભયાનક કોતર શોધી કાઢ્યું. ત્યાં જવાનો કોઈ રસ્તો નહોતો કે આસપાસ દૂર દૂર સુધી ક્યાંય માણસનો પદસંચાર નહોતો. વાંકાચૂંકા ઉતરાણ ચઢાવવાળી ઊંડી ખીણનું આ કોતર હતું. ત્યાં ઝાડમાં માત્ર એક ખીજડાનું નાનું ઝાડ હતું. ભગતે એ જગા પસંદ કરી. બે-ત્રણ દિવસ આગળપાછળ ફરીને તેઓ એ સ્થળના બરાબર ભોમિયા થઈ ગયા.

પછી એક દિવસ રાતના બે વાગે ભગત ઊઠ્યા. અંધારી રાત હતી. પાછલી રાતનો ચંદ્રમા હજી ઊગ્યો નહોતો. મહારાજા અગાશીમાં પલંગ ઉપર મચ્છરદાની બાંધી પોઢ્યા હતા. જોબન ભગતે અગાશીની બરાબર નીચે આવી કેડે બાંધેલી ડાબલી કાઢી. ડાબલીમાં હીરની દોરીથી બાંધેલી ચંદન ઘો હતી. નિશાન લઈને પથરો ફેંકે તેમ ભગતે ઘોને અગાશીના કઠેડા પર ફેંકી. ઘો કઠેડાને બરાબર ચોંટી. ઘોની સાથે બાંધેલી હીરની દોરી નીચે લટકી પડી. તેનો છેડો ખેંચીને ભગતે બારણાના કડા સાથે તાણીને બાંધ્યો. પછી નટ થાંભલા પર ચડે તેમ ભગત એ દોરી પકડીને ઉપર ચડ્યા અને અગાશીમાં પહોંચી ગયા. મહારાજા ઊંઘતા હતા. ભગતે ભેટમાં છુપાવેલો નાનકડો વીંઝણો કાઢ્યો અને મહારાજાના નાક આગળ ત્રણ-ચાર વાર એનાથી પવન નાખ્યો. આ વીંઝણા પર એવો સુગંધીદાર લેપ લગાડેલો હતો કે એની હવા નાકમાં જતાં માણસ ગાઢ નિદ્રામાં પડી જાય. મહારાજાને આમ ગાઢ ઊંઘમાં નાખી ભગતે એક ખીંટીએ લટકતો મહારાજાનો ઝભ્ભો ઉતારી પહેરી લીધો. બીજી ખીંટી પર મહારાજાની પાઘડી હતી તે ય ઉતારીને પહેરી લીધી. પછી ઉપાડી મહારાજાની સોટી! આટલાં વાનાં કબ્જે કરીને ભગત જેમ ચડ્યા હતા તેમ પાછા

નીચે ઊતરી આવ્યા.

પછી જોબન ભગત સીધા ઘોડારમાં ગયા અને હિંમત કરીને ઘોડીની પાસે ગયા. ઘોડીએ એમનાં વસ્ત્ર સૂંઘ્યાં અને એણે ભગતને પાસે આવવા દીધા. ભગત ઘોડીને છોડી, લગામ અને જીન ચડાવી, ખીલેથી છોડી ધીરેથી બહાર લઈ આવ્યા અને એના પર સવાર થઈ ગયા. દરવાન ઊંઘતો હતો, તેને સોટી અડકાડી જગાડ્યો. આંખો ચોળતો ચોળતો એ જાગ્યો, અને મહારાજાને સલામ મારી, મૂજરો કરી, તરત જ તેણે દરવાજો ખોલી દીધો. ભગત બહાર નીકળી ગયા. દરવાજો નિયમ મુજબ ખુલ્લો રહ્યો.

હવે ભગત સીધા પેલા ભયાનક કોતરમાં પહોંચી ગયા. ત્યાં ઘોડીને પેલા ખીજડાના ઝાડ સાથે બાંધી દઈ તેને પાણી પાયું. જીન-લગામ ઉતારી નાખ્યાં અને ઘોડીને ઘાસચારો નાખી તેના બરડે હાથ ફેરવ્યો. અગાઉથી ગોઠવ્યા પ્રમાણે ત્યાં બીજી ઘોડી હાજર હતી. તેના પર સવાર થઈ ભગત મારતે ઘોડે પાછા શહેરમાં આવ્યા અને ઘોડી પોતાના માણસને સોંપી દઈ, ચાલતા દરબારગઢમાં દાખલ થઈ ગયા. દરવાજો ઉઘાડો હતો તેથી કંઈ તકલીફ પડી નહિ.

ફરીને ભગત ચંદન ઘો બાંધેલી રસ્સીની મદદથી અગાશીએ ચડી ગયા ને મહારાજાનો ઝબ્બો, પાઘડી તથા સોટી જેમ હતાં તેમ મૂકી દઈ, પાછા નીચે ઊતરી આવ્યા. હવે તેમણે કડી સાથે બાંધેલી રસ્સી ઢીલી કરી કે તરત ઘો નીચે પડી. તેને સંકેલી ફરી ડબલામાં પૂરી દઈ, ભગત પોતાના મુકામે જઈ પથારીમાં સૂઈ ગયા.

તે પછી બે કલાકે સૂરજ ઊગતી વેળાએ તબેલાવાળો

તબેલો સાફ કરવા આવ્યો, એણે ઘોડી જોઈ નહિ ત્યારે ધાર્યું કે મહારાજા ફરવા પધાર્યા છે તે હજી આવ્યા નથી, એટલે જગા સાફ કરી પોતાની ફરજ પૂરી કરી એ ચાલી ગયો. ઘોડીને ઘાસચંદી કરવાવાળો પણ એ જ રીતે પોતાનું કામ પૂરું કરીને ચાલી ગયો.

સવારે નાહી-ધોઈ પૂજાપાઠ કરી, તિલક ચાંલ્લો કરી, હાથમાં માળા લઈ જોબન ભગત રોજના નિયમ પ્રમાણે મહારાજાને સલામ ભરવા ગયા, ત્યારે મહારાજાએ કહ્યુંઃ 'ભગત, સવારની ઠંડકમાં આજે તો મને ખૂબ જ ઊંઘ આવી ગઈ, તેથી નાસ્તાપાણીનું મોડું થયું!'

એ સાંભળી ભગત મનમાં હસ્યા, કંઈ બોલ્યા નહિ. આમ વાતો ચાલતી હતી ત્યાં ઘોડારના ઉપરીએ આવી જાહેર કર્યુંઃ 'મહારાજ, ઘોડી ઠાણમાં નથી, તો આજે એને ક્યાં બાંધી છે?'

'ઘોડી નથી!' સાંભળી મહારાજાને ફાળ પડી. એ તરત ઊભા થઈ ઘોડારમાં તપાસ કરવા ગયા. પાછળ ભગત પણ ગયા. જોયું તો ઘોડી નથી, ઘોડીની સરક નથી, જીન નથી, લગામે નથી! ઘોડી ગઈ ક્યાં?

દરવાનને પૂછ્યું તો એણે કહ્યુંઃ 'અન્નદાતા, આપ સવાર થઈને નીકળ્યા હતા અને લાકડી અડાડી મારી પાસે દરવાજો ઉઘડાવ્યો હતો. આપ પાછા ક્યારે પધાર્યા તેની મને ખબર નથી!'

મહારાજા કહેઃ 'આજે હું બહાર ગયો જ નથી, તને સ્વપ્નું આવ્યું હશે!'

દરવાન બાપડો હવે શું બોલે?

પગેરું જોવાવાળા પગેરું જોવા આવ્યા, પણ કાળી

માટીની ભોંયમાં એમને કંઈ પગેરું હાથ લાગ્યું નહિ. સિપાઈઓ આવ્યા, સિપાહસાલારો આવ્યા, દીવાન આવ્યા, સૂબા અને સરસૂબા આવ્યા, શહેરના શેઠિયાઓ આવ્યા, જોષીઓ આવ્યા અને શાસ્ત્રપંડિતો આવ્યા. બધાને એક વાતની ખાતરી હતી કે ગંધીલી ઘોડી જે મહારાજા સિવાય કોઈને પોતાની પાસે ગરવા ન દે એને જીન-લગામ ચડાવી સવાર થઈને કોઈ ઉપાડી જાય એ સંભવિત જ નથી!

ગંભીર મુખમુદ્રા કરી શાસ્ત્રીઓએ કહ્યુંઃ 'કોઈ લઈ ગયું નથી! દેવલોકની દેવાંશી ઘોડી હતી, દેવઈચ્છાથી આવી હતી અને દેવઈચ્છાથી પાછી દેવલોકમાં ચાલી ગઈ! માટે એનો હર્ષશોક કરવો નહિ!'

રાજાના બારોટે ઘોડીની દૈવી નિશાનીઓનું ચટાપટ પટાપટ વર્ણન કરી કહ્યુંઃ 'બાપજી, એ ઘોડી નહોતી, પણ ઈન્દ્રના ઘરની અપસરા હતી. શાપવશ અવતાર લઈ એ પૃથ્વી પર આપની સેવા કરવા આવી હતી. સેવા પૂરી થઈ, એટલે એ પાછી ઈન્દ્રલોકમાં ચાલી ગઈ!'

રાજગોરે કહ્યુંઃ 'બધી પ્રભુની માયા છે, સરકાર! માટે ભગવાન જેમ રાખે તેમ રહેવું!'

હવે રાજના જોષી કંઈ ચૂપ રહે? એમણે ટીપણું કાઢી કુંડળી માંડી ધનમકર ગણીને કહ્યુંઃ 'દેવતાઈ કામધેનુ, પૃથ્વી પર રહેવું હતું ત્યાં લગી રહી ને અદશ્ય થઈ ગઈ. ઉચ્ચૈઃશ્રવા ઘોડો સમુદ્રમાંથી પેદા થઈ સ્વર્ગલોકમાં અદશ્ય થઈ ગયો, ગંગામૈયા પૃથ્વી પર નારી રૂપે પ્રગટ થઈ, રહેવું હતું એટલું રહીને અદશ્ય થઈ ગયાં, તેમ દેવલોકની આ દેવાંશી ઘોડી શાપમુક્ત થતાં પૃથ્વી પરથી અદશ્ય થઈ ગઈ! બાકી એને

જીનલગામ ચડાવી એના પર સવાર થઈ કોઈ એને ઉઠાવી જઈ શકે એ વાત ખોટી! સરાસર ખોટી!'

શહેરના શેઠિયાઓએ કહ્યુંઃ 'મહારાજ, દેશપરદેશ સોદાગરોને સંદેશો મોકલી અમે બીજી ઘોડી મગાવી દઈએ! એનો ખર્ચ પ્રજા આપશે.'

અમલદારોએ પણ એ વાતને  ટેકો આપ્યો.

પરંતુ મહારાજા કહેઃ 'આટલો પહેરો, આટલો જાપતો, આટલી પલટણ, છતાં મારા જ ઘરમાંથી મારી ઘોડીની ચોરી થાય? મારે તો ચોરનો પત્તો જોઈએ!'

સૌએ કહ્યુંઃ 'એટલે તો, મહારાજ, અમે કહીએ છીએ કે આ ચોરી નથી, દેવાંશી ઘોડી આપમરજીથી પૃથ્વી પર આવી અને આપમરજીથી દેવલોકમાં ચાલી ગઈ છે.'

મહારાજાએ કઠોર સ્વરે કહ્યુંઃ 'જાતે જીનલગામ ચડાવીને?'

હવે કોઈ કંઈ બોલ્યું નહિ.

મહારાજાએ કહ્યુંઃ 'આટલું બધું લાવલશ્કર અહીં શા સારુ રાખ્યું છે? તમને મોટા લોકોને હજાર હજારના દરમાયા હું શા સારુ આપું છું? જાઓ, ઘોડીના ચોરને શોધી કાઢો અને ઘોડી લઈ આવો! ઘોડી નહિ જડે ત્યાં સુધી હું અન્ન લેવાનો નથી!'

ભારે થઈ! બધે સોપો પડી ગયો. અમલદારો ઘાંઘલા બની દોડાદોડ કરવા લાગ્યા, પણ ક્યાં દોડવું ને ક્યાં ગોતવું તેની કોઈને ખબર નથી. કોઈ કહે, સૂરત તરફના લૂંટારા બાહોશ છે, એટલે એક પલટણ સૂરત તરફ દોડી અને બીજી એની ઊલટી દિશાએ દોડી!

મહારાજા ભૂખ્યા, એટલે દરબારગઢમાં બધા યે ભૂખ્યા

રહ્યા. જોબન ભગત પણ ભૂખ્યા.

એમ કરતાં ચાર વાગ્યા. મહારાજા જોબન ભગતને કહેઃ ‘ભગત, કહે છે કે મોટા જોષી યે ન જોઈ શકે એવી તમારી પાસે શુકન જોવાની વિદ્યા છે, તો મને એટલું કહો કે મારી ઘોડી મને પાછી મળશે ખરી?’

આ વાત ચાલતી હતી એટલામાં દરબારગઢના દેવઘરની ધજા પર એક કાગડો આવીને બેઠો અને બોલ્યોઃ ‘કા કા કા!’

જોબન ભગતે કાગડા સામે જોઈ બે પળ આંખો મીંચી ભગવાનનું ધ્યાન ધરી કહ્યુંઃ ‘સરકાર, કાગઋષિ કહે છે કે તમારી ઘોડી વડોદરાની સીમ મેલીને ગઈ નથી, એ તમને જરૂર પાછી મળશે!’

એટલામાં ફરી કાગડો બોલ્યોઃ ‘કા કા કા કા!’

ભગત કહેઃ ‘સરકાર, કાગઋષિ કહે છે કે આ પળ છે, આપણા મોટા મોટા અમલદારોને બોલાવી પૂછો કે શું તપાસ કરી? જો ઘોડીનો પત્તો લાગ્યો ન હોય તો એ બધાયને અહીં નજરકેદ કરી આપ મારી સાથે ચાલી નીકળો!’

મહારાજાએ તરત જ પાયદળ, હયદળ વગેરે ફોજના ઉપરીઓને બોલાવી પૂછ્યુંઃ ‘બોલો, શું તપાસ કરી?’

બધાએ કહ્યુંઃ ‘ચારે દિશાએ માણસો દોડાવ્યા છે, પણ ઘોડીનો હજી કંઈ પત્તો લાગ્યો નથી.’

તરત જ મહારાજાએ એ બધાંયને પોતાના રાજમહેલના કમરામાં પૂરી દઈ બહાર તાળું લટકાવી દીધું; પછી તેમણે બે ઘોડા મંગાવ્યા. એક ઘોડા પર એ પોતે સવાર થયા, અને બીજા પર ભગત. સાથે ત્રીજા કોઈને લીધો નહિ.

જોબન ભગત મહારાજાને ઊંચાંનીચાં કોતરોમાં થઈને

બે-ચાર ગાઉ આડાઅવળા ફેરવીને પેલા કોતર તરફ લઈ ગયા. ત્યાં ઘોડાના ડાબલાનો અવાજ સાંભળી ગંધીલી ઘોડી હાવળ પર હાવળ દેવા લાગી. એ સાંભળી મહારાજા કહેઃ 'ભગત, આ હાવળ મારી ઘોડીની જ છે. આટલામાં જ એ હોવી જોઈએ.'

છેવટે તેઓ મોટા સાંઢિયા ગારત થાય એવાં પેલાં ઊંડાં કોતરોમાં આવી પહોંચ્યા. ઘોડા પરથી ઊતરી ભગત ઘોડીની નજીક જવા લાગ્યા ત્યાં તો ઘોડી ચારે પગે કૂદીને એમને કરડવાનું કરવા લાગી. એ જોઈ મહારાજાએ એમને રોકતાં કહ્યુંઃ 'જતા નહિ, જતા નહિ, તમને લાત દઈ મારી નાખશે. એ ગંધીલીને હું જ ઓળખું!'

આમ કહી મહારાજા પોતે ઘોડા પરથી ઊતરી 'બાપો! બાપો! ગંધીલી! ગંધીલી! બેટા, બેટા, બેટા!' કરતા તેની પાસે ગયા. ઘોડીએ મહારાજાને સૂંઘી ઓળખ્યા અને એકદમ ગેલમાં આવી નાચવા લાગી. પછી મહારાજાએ બાજુમાં પડેલ લગામ-જીન ચડાવ્યાં, પણ ખીજડા સાથે બાંધેલી હીરની ગાંઠ છૂટી નહિ. ભૂખી તરસી હીઝરાતી ઘોડીએ ધમપછાડા મારી જમીનમાં વેંત વેંતના ખાડા પાડી દીધા હતા અને હીરની ગાંઠને છૂટે નહિ એવી કરી દીધી હતી. દૂરથી જોબન ભગતે છરી ફેંકી કહ્યુંઃ 'સરકાર, સરક કાપી નાખી ઘોડીને છૂટી કરો!'

મહારાજાએ છરીથી સરક કાપી નાખી. પછી તેઓ ગંધીલી પર સવાર થઈ ગયા. જોબન ભગત પણ પોતાના ઘોડા પર સવાર થયા અને બીજા ઘોડાને સાથે દોરતા ચાલ્યા.

આમ બેઉની સવારી ગામમાં આવી.

ચારે તરફ વાત ફેલાઈ ગઈઃ 'જડી! ગંધીલી જડી!

જોબન ભગતે શોધી કાઢી! ભગત પંખીઓની બોલી સમજે છે. કાગઋષિએ એમને ઘોડી દેખાડી!'

લોકોનાં ટોળેટોળાં રાજમહેલ આગળ જમા થઈ ગયાં.

શાસ્ત્રીઓ, પંડિતો, જોષીઓ, અમલદારો અને શેઠિયાઓ બધા દોડી આવ્યા અને ઝૂકી ઝૂકીને મહારાજાને સલામો ભરવા લાગ્યા.

મહારાજાએ ઘોડારમાં ઘોડીને બાંધી, એને ચંદીઘાસ નાખી એના બરડે હાથ ફેરવ્યો. તે પછી એ બહાર આવ્યા. હવે એમના મોં પર સુખની ઝલક હતી. હવે તેઓ સમજી ગયા હતા કે મેં ભગતની ચૌર્યવિદ્યા જોવા માગી હતી તે ભગતે આ રીતે દેખાડી!

અટકમાં રાખેલા અફસરોને છૂટા કરવામાં આવ્યા. નિશાળોમાં છોકરાંઓને મિઠાઈ વહેંચવામાં આવી. મંદિરોમાં દીપમાળાઓ થઈ, ગાયોને લીલું ઘાસ નખાયું, હજારો ગરીબગુરબાંને ભોજન અને દક્ષિણાઓ અપાઈ.

બીજે દિવસે મહારાજાએ કહ્યુંઃ 'ભગત, તમે તમારી કળા તો દેખાડી, પણ આ બન્યું કેવી રીતે તે મને સમજાતું નથી. કોતરમાં મેં નજરે જોયું કે ગંધીલી તમને પાસે ઢૂંકવા દેતી નહોતી, તો એ ગંધીલી પર સવાર થઈ તમે તેને કેવી રીતે આટલા ચોકી પહેરામાંથી ઉપાડી ગયા તે મને કહો!'

હવે ભગતે શરૂઆતથી માંડીને બધી વાત મહારાજાને કરી. એ સાંભળી મહારાજા રાજી રાજી થઈ ગયા. તેમણે કચેરી ભરી ભગતને ખૂબ માનપાન આપ્યું.

બીજે દિવસે ભગતે મહારાજાની રજા માગી.

મહારાજાએ કહ્યુંઃ 'ખુશીથી જાઓ! તમારા જેવા ભગત

છે, તે મારી ભૂમિનું પુણ્ય છે.'

ભગત કહેઃ 'સરકાર, એ બધો પરતાપ મારા શ્રીજીમહારાજનો છે. પારસમણિ અડકીને લોઢાનું સોનું કરે છે એવું સાંભળ્યું છે, પણ શ્રીજીમહારાજ તો દૃષ્ટિમાત્રે વગર અડક્યે મારા જેવા ગધેડાની ગાય કરે છે! જુઓને, હું કેવો પાપનો પહાડ હતો, અને આજે શ્રીજીમહારાજના પ્રતાપે મહિનો મહિનો રાજદરબારનો અતિથિ થઈને રહું છું. પારસમણિ લોઢાની તલવારને સોનાની કરે, પણ તલવાર તો તલવાર જ રહે, એનો ગુણ મારવાનો ને ચીરવાનો તે ન જાય, એની વંકાઈ ન જાય, પણ શ્રીજીમહારાજનું દર્શન તો આખા યે માણસને સમૂળો બદલી નાખે છે!'

કથાનક પૂરું કરી સંતે કહ્યુંઃ 'શ્રીજીમહારાજે સત્સંગની સ્થાપના કરી જે કુશળ ટાંકણે હરિભક્તોને અને સંતોને ઘડ્યા તેનું પ્રત્યક્ષ સ્વરૂપ તે આ 'શિક્ષાપત્રી.' શ્રીજીમહારાજે સર્વ જીવના રૂડા વાસ્તે પોતે પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કર્યું છે કે જે જન શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચે પામશે. માટે સૌ સત્સંગીએ નિત્ય પ્રત્યે આ શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તવું. રોજ તેનો પાઠ કરવો, તેનું શ્રવણ કરવું.'

આ પુનિત કથાશ્રવણથી છોકરાઓનાં દિલ એવાં ભક્તિભરપૂર થઈ ગયાં કે સૌ હર્ષવિભોર થઈ બોલી ઊઠ્યાઃ

'જય સ્વામિનારાયણ!'

---

## શ્રીજીની સર્વોપરીતા

## ૨૯

જય ઘોષ શમ્યા બાદ પરાગે વિનમ્ર ભાવે કહ્યું: 'સ્વામી, મારા મનમાં કેટલાક પ્રશ્નો જાગે છે. આજ્ઞા હોય તો પૂછું'

સંતે હસીને કહ્યું: 'ખુશીથી પૂછ. પ્રશ્નો પૂછવા એ જ્ઞાન પ્રાપ્તિનું પ્રથમ પગથિયું છે.'

પરાગે પૂછ્યું: 'સ્વામી, ભક્તિ શું? વૈરાગ્ય શું? જ્ઞાન શું? જીવ શું ને માયા શું? હું કંઈ સમજતો નથી.'

સંતે પ્રસન્નતા જણાવી કહ્યું: 'પરાગ, સદાચાર તે ધર્મ અને ભગવાન પ્રત્યે માહાત્મ્યજ્ઞાનપૂર્વકનો ગાઢ સ્નેહ તે ભક્તિ. ભગવાન સિવાય બીજા કોઈ પદાર્થ પ્રતિ પ્રીતિ નહિ તે વૈરાગ્ય! જીવ, માયા ને ઈશ્વરના સ્વરૂપને રૂડી રીતે જાણવું તે જ્ઞાન! જે નખથી શિખા પર્યંત દેહમાં વ્યાપીને રહેલો છે અને જે નથી ઘવાતો, કપાતો કે નથી ઘરડો થતો કે નથી મરતો એ જીવ, અને સત્ત્વ, રજસ ને તમસ એવા ત્રણ ગુણવાળી અને દેહનું મમત્વ કરાવનારી ભગવાનની જે શક્તિ તે માયા!'

પરાગે પૂછ્યું: 'સ્વામી! ઈશ્વર કોણ, આપણા ઇષ્ટદેવ કોણ?'

સંતે કહ્યું: 'જે ઈશ્વર છે તે જેમ હૃદયને વિષે જીવ રહ્યો છે તેમ તે જીવને વિષે અંતર્યામીપણે કરીને રહ્યા છે ને સ્વતંત્ર છે ને સર્વ જીવને કર્મફળને આપનારા છે. તે ઈશ્વર ક્યા તો પરાત્પર પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન. તે જ આપણા ઈષ્ટદેવ. તે જ સર્વ અવતારનું કારણ. તે

ભગવાનની ભક્તિ જેવું બીજું કોઈ કલ્યાણનું સાધન નથી.'

પરાગે આગળ પૂછ્યું: 'સ્વામી, 'શિક્ષાપત્રી' મને રહસ્યગર્ભ ગ્રંથ લાગે છે. મને એનું રહસ્ય કહો.'

સંતે કહ્યું: 'તો સાવધાન થઈ સાંભળ:

'शिक्षार्थी पत्रीति शिक्षापत्री'

'શિક્ષા' એટલે શ્રીજીમહારાજનાં વચનરૂપી હિતોપદેશ અને 'પત્રી' કહેતાં પોતાનો અભિપ્રેત અર્થ જેમાં સમાયેલો છે તે– સર્વજનોનું હિત કરવા માટે લખેલ ઉપદેશામૃતરૂપી પત્રી. मद्रुपमिति मद्वाणी मान्येयं परमादरात् ।'

'શિક્ષાપત્રીરૂપ આ જે મારી વાણી છે તે મારું સ્વરૂપ છે એ રીતે પરમ આદરથકી માનવી.' આ ઉપરથી એવું ફલિત થાય છે કે 'શિક્ષાપત્રી' એ શ્રીજીના તેજરૂપ પરાવાણી હોઈ એનું પાલન કરનારના **'કર્મની રેખ પર મેખ'** વાગી, તેનું પ્રારબ્ધ પણ અન્યથા થાય છે; એ વાણીને ધારણ કરનારનું પ્રારબ્ધ પણ શ્રીજીમહારાજ પોતે સ્વીકારી લે છે. તેથી શ્રીહરિએ પોતાના આશ્રિત માત્રને સર્વજીવહિતાવહ 'શિક્ષાપત્રી'નું પાલન સાવધાનપણે, પ્રીતિપૂર્વક કરવાનું કહ્યું છે. જેમ શ્રીજીમહારાજે પોતાના સર્વોપરી પુરુષોત્તમ સ્વરૂપની ઉપાસના પ્રવર્તાવી છે તેમ 'શિક્ષાપત્રી' સ્વયં લખીને પોતાના વાણી સ્વરૂપની પણ ઉપાસના પ્રવર્તાવી છે. શ્રીજી તો કહે છે:

**'શિક્ષાપત્રી માંહિ અમે રેશું રે;**
**રહી એમાં સહુને સુખ દેશું રે.'**

પરાગે જિજ્ઞાસાવૃત્તિથી વળી પ્રશ્ન પૂછ્યો: 'સ્વામી, 'શિક્ષાપત્રી'માં શ્રીજીમહારાજે શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા-સેવા-ભક્તિ કરવાનું કહ્યું છે અને આપણે તો શ્રીજીમહારાજની

જ પૂજા-સેવા-ભક્તિ કરીએ છીએ, એમ કેમ?'

સંતે હસીને કહ્યું: 'ઓહ, સુંદર પ્રશ્ન! આ વિશે મારે જરા વિસ્તારથી કહેવું પડશે, પણ હું કંઈ કહું એ કરતાં શ્રીજીમહારાજના બીજા એક સમર્થ સંત શું કહે છે તે તું જો.' આમ કહી એમણે સ. ગુ. મુનિ સ્વામી શ્રી કેશવપ્રિયદાસજી કૃત **'શિક્ષાપત્રી રહસ્યાર્થ'*** ગ્રંથ ઉઘાડી કહ્યું: 'હું મોટેથી વાંચું છું, તું એકચિત્તે સાંભળ.'

શ્રીજીમહારાજે શિક્ષાપત્રીના મંગળાચરણમાં જ: **જેના ડાબા પડખાને વિશે રાધિકાજી અને વક્ષઃસ્થળને વિશે લક્ષ્મીજી રહ્યાં છે એવા વૃંદાવન વિહારી શ્રીકૃષ્ણ ભગવાનનું હું ધ્યાન ધરું છું** –એમ કહ્યું છે. શ્રીજીમહારાજની આ નિગૂઢ ભાષા છે. શબ્દોના બાહ્ય લૌકિક અર્થની પાછળ બીજો ગૂઢ અલૌકિક અર્થ રહેલો છે. જેમ કે, શ્રીકૃષ્ણ, નરનારાયણાદિ સકળ નામો સર્વ અવતારના અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં છે, પણ એ સર્વે અવતારોને વિશે શ્રીજીમહારાજના ગુણ-ઐશ્વર્યનો આવિર્ભાવ થાય છે એટલે તેમને શ્રીકૃષ્ણાદિક નામની ઉપમા દેવાઈ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ તો શ્રી રામકૃષ્ણાદિક સર્વ અવતારના અવતારી, પરબ્રહ્મ પુરુષોત્તમ એવા અનાદિ શ્રીકૃષ્ણ પરમાત્મા છે. પરમાત્મા હંમેશાં ભક્ત/સેવક સહિત જ હોય છે. એ રીતે રાધિકાજી એટલે શ્રીજીમહારાજના દિવ્ય સ્વરૂપની ચારે તરફ દાસભાવે દિવ્યાનંદ અનુભવી રહેલ પરમ એકાંતિક મુક્તમંડળ અને લક્ષ્મીજી એટલે શ્રીજીના દિવ્ય સ્વરૂપમાં

* પ્રસ્તુત ગ્રંથને પ્રકાશક સંસ્થા **શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશને** બે ભાગમાં પ્રસિદ્ધ કરેલ છે એ વાંચવા વિનંતી.

રસબસ ભાવે લીન રહી સુખ ભોગવતા અનંત અનાદિમુક્તો. વૃંદાવન એટલે છપૈયા, ગઢપુર (ગઢડા), હરિતીર્થ (વડતાલ), નારાયણક્ષેત્ર (જેતલપુર) વગેરે તીર્થસ્થળ જ્યાં શ્રીજીમહારાજે પોતાના સંતહરિભક્તોને પોતાના દિવ્ય લીલાચરિત્ર દ્વારા નિઃસીમ સુખ આપ્યાં છે તે. વૃંદ એટલે મુક્તોનો સમૂહ, એ રૂપ 'વૃંદાવન'માં વિહાર કરનારા તે શ્રીજીમહારાજ. શિક્ષાપત્રીમાં જ્યાં શ્રીકૃષ્ણના નામનો ઉલ્લેખ આવે છે ત્યાં કૃષ્ણ શબ્દ પરાત્પર પરબ્રહ્મ શ્રીજીમહારાજને જ લાગુ પડે છે; તે દેવકીનંદન શ્રીકૃષ્ણના અર્થમાં વપરાયેલ નથી.

આના અનુસંધાનમાં સ. ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ હરિસ્મૃતિચિંતામણિમાં ગાયું છે કે :

''અલૌકિક મૂર્તિ આજની, ધરી ધર્મકુમાર;
જોતા ના'વે જોડ્યમાં, આ સમ અન્ય અવતાર.
સમર્થ મૂર્તિ સુખભરી, ધરી ન ધરશે કોઈ;
સર્વોપરી છે શ્રીહરિ, સહજાનંદ પ્રભુ સોય.
કોટી અવતારના કારણ કહી, કોટી કૃષ્ણ કરજોડ;
નિષ્કુળાનંદ રહે ચરણમેં, મેરે ઈષ્ટકી હજૂર.''

આ સાંભળી પરાગ બોલ્યોઃ 'હવે મને સમજાયું કે શ્રી સ્વામિનારાયણ ભગવાનનું શ્રીકૃષ્ણ નામ અનાદિનું છે તે યથાર્થ છે. તેમાં લેશ પણ શંકા રહી નહિ. પણ સ્વામી, જેમ ગોલોકાદિ ધામને વિષે સ્ત્રી આકારે રાધિકા તથા રમા આદિ મુક્ત છે તેમ અક્ષરધામને વિષે સ્ત્રી આકારે કોઈ મુક્ત હશે?'

સંત બોલ્યાઃ 'અક્ષરધામને વિષે સ્ત્રી આકારે કોઈ મુક્ત નથી; સર્વે મુક્ત પુરુષાકાર જ છે અને તે સર્વે મુક્ત ભગવાનના સાધર્મ્યને પામેલા છે. તે મુક્ત અતિ પ્રકાશમય છે

ને દાસભાવે નિરતિશય આનંદસ્વરૂપ પરબ્રહ્મ પરમાત્મા જે શ્રીજીમહારાજ તેમના સુખનો આનંદ અનુભવે છે.'

'સ્વામી, સાધર્મ્ય એટલે શું?' પરાગે આગળ પૂછ્યું.

સંતે કહ્યુંઃ 'ભગવાનનું સ્વામીપણું, સુખદાતાપણું ને નિયંતાપણું તે વિના તેમના અન્ય રૂપ, ગુણ, ઐશ્વર્ય, પ્રતાપ, સામર્થ્ય ઇત્યાદિ દિવ્ય ને કલ્યાણકારી ગુણે કરીને સરખાપણું એવા તુલ્યભાવને મુક્ત પામે છે તેને સાધર્મ્ય કહેવાય. જેના ગુણ-રૂપ ભગવાનના સમાન છે એવા મુક્તો પરબ્રહ્મ પરમાત્માની સેવામાં રહ્યા થકા પરબ્રહ્મનું સુખ અનુભવે છે. ક્યારેક અતિ પ્રેમે કરીને પરબ્રહ્મમાં લીન થઈ એકાત્મપણે પરબ્રહ્મના સુખને ભોગવે છે.'

જિજ્ઞાસુ પરાગે વિનમ્રપણે છેલ્લો પ્રશ્ન પૂછ્યોઃ 'સ્વામી, આપણાં મંદિરોમાં શ્રી નરનારાયણ, શ્રી રાધાકૃષ્ણ, શ્રી લક્ષ્મીનારાયણ, શ્રી ગોપીનાથ આદિક અવતારોની મૂર્તિઓ પધરાવી છે તે પધરાવવાનું શું કારણ હશે?'

સંત બોલ્યાઃ 'શ્રીજીમહારાજે માંગરોળ આદિક ગામોમાં મતવાદીઓને તથા બીજા અવતારોના ઉપાસકોને એમના ઈષ્ટદેવરૂપે દર્શન આપેલાં તથા શ્રી વ્યાપકાનંદ સ્વામીને ચોવીસ અવતારરૂપે દેખાયા હતા તે પોતાનાં સ્વરૂપોને જ આપણાં મંદિરોમાં પધરાવ્યાં છે. બીજા અવતારો જે વૈકુંઠ, ગોલોક, બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ આદિક ધામોમાં રહ્યા છે તેમની કોઈની પ્રતિષ્ઠા કરી નથી, માટે બીજા અવતારોની મૂર્તિઓ છે એમ ન સમજવું. આપણાં મંદિરોમાં તો શ્રીજીમહારાજ પોતે ઘણા જીવોના સમાસ અર્થે વેષાન્તર કરીને દર્શન આપે છે.'

પરાગ બોલી ઊઠ્યોઃ ‘વાહ, ખૂબ સરસ! હવે મને શ્રીજીમહારાજના સર્વોપરીપણાની વાત બરાબર સમજાઈ. આજથી હું આ ‘શિક્ષાપત્રી રહસ્યાર્થ’ ગ્રંથ મેળવીને તેનો અભ્યાસ શરૂ કરી દઈશ ને મને ન સમજાય તેવી બાબતો આપની પાસે આવીને પૂછતો રહીશ.’

સંતે સહર્ષ કહ્યુંઃ ‘પરાગ, જરૂર આવજે. તું શ્રીજી-પ્રસાદ જમ્યો તે તારા સંપર્કમાં આવે તે સૌને જમાડી, શ્રીજીમહારાજની પ્રસન્નતા સદાય મેળવતો રહેજે.

**જય શ્રી સ્વામિનારાયણ...**

# શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન શાને માટે?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે –

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈ-બહેનને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધન કેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય તેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્‌ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય તેવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

દરેક કામ ભગવાનનું સોંપેલું છે તેમ માની કરવું.

- પૂજ્યશ્રી નારાયણભાઈ

Website: www.shriswaminarayandivinemission.org

Email: info@shriswaminarayandivinemission.com